नाणस्स सव्वस्स पगासणाए ।

# જૈન તત્ત્વ-પૃચ્છા

(નવતત્ત્વનાં મનનીય પ્રશ્નોત્તર)

卐

—: સંગ્રાહક અને સંપાદક :—

શ્રી પારસમલ ચંડાલિયા

B. Sc.

—: અનુવાદક :—

ધીરજકુમાર પી. મણિઆર

જશાપુર (સૌરાષ્ટ્ર)

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
જ્ઞાન ભંડાર કોબા
(જિ. ગાંધીનગર)

卐

—: પ્રકાશક :—

શ્રી શામજી વેલજી વિરાણી સ્થા.

જૈન ધાર્મિક શિક્ષણ સંઘ.

૧, દિવાનપરા. [illegible] રાજકોટ-૩૬૦૦૦૧.

# જૈન તત્ત્વ-પૃચ્છા

* પ્રકાશન સ્મૃતિ *

વીર સંવત : ૨૫૦૮

વિક્રમ સંવત : ૨૦૩૮ તા. ૫-૧૧-૮૧

卐

પ્રથમ આવૃતિ : પ્રત : ૨૦૦૦

પડતર કિંમત

રૂા. ૧૨-૦૦

જ્ઞાન પ્રચારાર્થે

(અર્ધમૂલ્ય)

રૂા. ૬-૦૦

મુદ્રક : શ્રી જયંતિલાલ મણિલાલ શાહ.

ધી નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ, ઘીકાંટા રોડ.

અમદાવાદ-૩૮૦ ૦૦૧.

રાજકોટ નિવાસી ધર્માનુરાગી સુશ્રાવિકા
પૂ. માતુશ્રી સમરતબેન રામજીભાઈ વીરાણી



દેહ વિલય :

શ્રાવણ વદ ૮ : : સંવત ૨૦૩૭

તા. ૨૨-૮-૮૧ શનિવાર (રાજકોટ)

પ્રથમાવૃત્તિ (હિન્દી-પ્રકાશન) પ્રસંગે—

# સંપાદકીય વક્તવ્ય

જ્યારે આત્મામાં જ્ઞાનની નિર્મળ જ્યોતિ પ્રગટ થાય છે, ત્યારે અજ્ઞાનનો અંધકાર નાશ પામે છે અને હિતાહિતનું વિવેકજ્ઞાન પ્રગટે છે. તે હેય, જ્ઞેય અને ઉપાદેયને સમજી શકે છે. જે રીતે વિષમ ખાડામાં પડી ગયેલી વ્યક્તિ લત્તા આદિનો સહારો-મદદ પામીને બહાર નીકળી શકે છે, તે રીતે સંસારરૂપી ખાડામાં પડેલી વ્યકિત પણ જ્ઞાનાદિની મદદ લઈને મોક્ષસુખને પ્રાપ્ત કરી શકે છે. જ્યાં સુધી જીવ નવતત્ત્વોનું યથાર્થ જ્ઞાન પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી સત્યશ્રદ્ધારૂપ સમ્યક્ત્વ ગુણ ખીલતો નથી. એટલે કે જે જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ નવતત્ત્વના યથાર્થ સ્વરૂપને જાણે છે, તે જ સમ્યગ્દૃષ્ટિ બને છે. સમકિત મોક્ષરૂપી મહેલની સીડીનું પ્રથમ સોપાન છે. સમકિત વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. માટે અક્ષય, અવ્યાબાધ સુખના ઈચ્છુક મુમુક્ષુ આત્માઓએ જીવાદિ નવતત્ત્વનું જ્ઞાન મેળવીને તેના યથાર્થ સ્વરૂપને સમજી તેના પર દૃઢ શ્રદ્ધા કરવી પરમાવશ્યક છે.

સ્થાનકવાસી જૈન સમાજના ચિર પરિચિત સુલેખક, તત્ત્વમનીષી, આગમવેત્તા, સુશ્રાવક શ્રીમાન રતનલાલજી ડોશીના સાનિધ્યમાં રહીને કાર્ય કરવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું.

પ્રસ્તુત પુસ્તકના સંકલનમાં આપે અમૂલ્ય સમયનો ભોગ આપીને પણ તેનું સાંગોપાંગ અવલોકન કર્યું, તે રીતે પણ આપ માર્ગદર્શક અને પ્રેરક બન્યા. મારા માટે લેખનનો પ્રથમ જ પ્રયાસ હતો. તેથી આપે જે ભૂલો વગેરે તરફ મારું ધ્યાન કેન્દ્રિત કરીને આવશ્યક સંશોધન, પરિવર્ધન તથા પરિવર્તન પણ કર્યું. તે રીતે આ પુસ્તક પ્રકાશિત કરવાનું સંપૂર્ણ શ્રેય પરમ ઉપકારી, પરમ શ્રદ્ધેય શ્રી ડોશી સાહેબને ફાળે જાય છે.

આશા છે....તત્ત્વજ્ઞાન રસિક ધર્મપ્રેમી ભાઈ–બહેનોને આ પુસ્તક લાભદાયક બનશે. ધાર્મિક ક્ષેત્રમાં પણ સ્વાધ્યાયી તથા શિબિરાર્થીઓને માટે પણ આ પુસ્તક પ્રામાણિક તથા મનનીય સિદ્ધ થશે.

આ પુસ્તકના સંકલનમાં જૈનાગમ–તત્ત્વ દીપિકા, જૈનતત્ત્વ પ્રશ્નોત્તર (ગુજરાતી), જૈન પ્રશ્નોત્તર કુસુમાવલી, શાળોપયોગી જૈન પ્રશ્નોત્તર, જૈન શિશુબોધ, સુબોધ જૈન પાઠમાળા ભાગ ૧–૨, નંદી સૂત્ર, ઉવવાઈ સૂત્ર આદિ પુસ્તકોની સહાયતા લેવામાં આવેલી છે. તે બધાના લેખકો તથા પ્રકાશકોનો હું હૃદયથી આભાર માનું છું.

આજના વિલાસમય, ભૌતિક વાતાવરણમાં આ પુસ્તક તત્ત્વપ્રેમી આત્માઓને માટે જૈનધર્મ પર દૃઢશ્રદ્ધા કરાવી, જ્ઞાન આરાધનાની રૂચિ જાગૃત કરાવવામાં વિશેષ ઉપયોગી બની રહે એજ શુભેચ્છા.

સૈલાના (મ. પ્ર.) — વિનીત–

તા. ૧–૧૧–૧૯૭૯ — **પારસમલ ચંડાલિયા**

# अपनी बात

**સ**માજમાં ધાર્મિક-શિક્ષા-પ્રચારના પ્રયત્નો થઈ રહ્યા છે. શિક્ષણ-શાળાઓમાં તાત્ત્વિક વિષયો ભણાવવામાં આવે છે. થોડા વર્ષોથી શિક્ષણ-શિબિરોનું આયોજન કરીને વિશેષ પ્રકારે વિદ્યાર્થીઓને પ્રશિક્ષિત કરવામાં આવે છે. આ બધામાં ધાર્મિક સાહિત્યની આવશ્યકતા તો હતી જ અને તેની વ્યવસ્થા પણ થાય છે. અધ્યાપકો તત્ત્વોના અર્થ અને મર્મ સમજાવે છે. જીવાદિ તત્ત્વોના અર્થના પ્રતિપાદક પુસ્તકો પણ ઘણા સ્થાનોથી પ્રકાશિત થયેલ છે અને તેમાંથી કેટલાય અપ્રાપ્ય છે. એટલા માટે આવા પુસ્તકની આવશ્યકતા હતી જેમાં તત્ત્વોને વિશદરૂપથી સમજાવવામાં આવ્યા હોય.

મારા મનમાં કેટલીયે વાર તાત્ત્વિક પ્રશ્નોત્તર વિશેષ રૂપથી સ્પષ્ટીકરણ સહિત લખવાનો વિચાર ઉત્પન્ન થયેલ અને તેમાં શ્રી પારસમલજી ચંડાલિયાનો સહયોગ મળવાથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું. ત્યારબાદ સંશોધન માટે પં. શ્રી મહેશચંદ્રજી શાસ્ત્રી તથા તત્ત્વાનુભવી, સુશ્રાવક શ્રીમાન્ ધીંગડમલજી સા. પાસે પણ મોકલાવવામાં આવ્યું.

મારી સમક્ષ અનેક ઉલઝનો આવી, જેને પોતાની બુદ્ધિ અનુસાર સુલઝાવતા થકા આ પુસ્તકનું સંશોધન કરેલ છે. આમાં પણ કોઈ ભૂલ હોઈ શકે છે. વાચક પ્રબુદ્ધજન આવી ભૂલોની જાણકારી કરાવશે તો આભાર સાથે તેનાં પર યોગ્ય વિચાર કરવામાં આવશે.

શ્રી પારસમલજીને માટે આ નવું કાર્ય છે, છતાં પણ તેમણે નિષ્ઠાપૂર્વક પૂરું કરેલ છે. આશા છે કે આવા કાર્યમાં તેઓ રૂચિ રાખીને આગળ વધશે તો સમાજ અને ધર્મ-સાહિત્યની સારી સેવા કરી શકશે.

સૈલાના તા. ૩૧-૧૦-૭૯ —રતનલાલ ડોશી

# પ્રકાશકીય સંસ્થાનું

# નમ્ર...નિવેદન

જૈન દર્શન એટલે પરિપૂર્ણ દર્શન. જૈનદર્શનનાં તત્ત્વો એટલે સર્વજ્ઞ ભગવંતોના જ્ઞાનમાં પ્રતિબિંબિત પૂર્ણ સત્ય. પ્રભુએ કેવલજ્ઞાન દ્વારા જાણી જગત સમક્ષ આત્મ-તત્ત્વની ઓળખાણ કરાવવા માટે અને મનુષ્ય જીવનની સાર્થકતા માટે જીવ અને અજીવ તત્ત્વનું અમૃત પીરસી દીધું. જીવનમાં તત્ત્વજ્ઞાનની સમજ આવ્યેથી જ જીવાત્મા હેય-જ્ઞેય અને ઉપાદેયના યથાર્થ સ્વરૂપને જાણી શકે છે. જીવનમાં દુઃખ ત્યાં સુધી જ છે, જ્યાં સુધી જ્ઞાનનો દિપક પ્રગટયો નથી ! આધ્યાત્મિક મહર્ષિઓએ ઠીક જ કહ્યું છે.

**अज्झप सुज्जे पसरंत तेए, मणपुराए परिभासमाणे। कत्तो तमो सुसइ पंक भोए, सीग्घं पलायंति कषाय चोरा ॥**

અધ્યાત્મ જ્ઞાનરૂપી સૂર્યનું તેજ પ્રસરતાં મનરૂપી નગરી પ્રકાશિત થઈ જાય છે, પછી ત્યાં અંધકાર તો કયાંથી હોઈ શકે ? ભોગરૂપી કાદવ સૂકાઈ જાય છે અને કષાય રૂપી ચોરો શીઘ્ર પલાયન થઈ જાય છે.

સમાજમાં તત્ત્વજ્ઞાનને લગતાં ઘણાં પુસ્તકોનું પ્રકાશન થયેલ છે, પરંતુ જૈનોએ જેનું જ્ઞાન કરવું અતિ

આવશ્યક છે તેવા સમ્યક્ત્વ રત્ન પ્રાપ્તિનાં પાયા રૂપ જીવાદિ નવ તત્ત્વોનાં પ્રશ્નોત્તરોનો સરળ અને સુંદર રીતે સંગ્રહ કરવા બદલ ઉત્સાહી, નવયુવક શ્રી પારસમલજી ચંડાલિયાને ધન્યવાદ ઘટે છે. સાથે-સાથે તેમના ઉત્સાહને વેગવંતો બનાવવા "અ. ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ-રક્ષક સંઘ" સૈલાનાએ હિન્દીમાં પ્રકાશિત કરેલ છે તે માટે **સંસ્કૃતિ-રક્ષક સંઘ** અને તેના કાર્યકર્તાઓનો આભાર માનવો અસ્થાને નહિ જ ગણાય.

શ્રી. શા. વે. વિરાણી શિક્ષણ સંઘ-રાજકોટ તરફથી છેલ્લાં ૨૫ વર્ષથી જ્ઞાન પ્રચારાર્થે સર્વોપયોગી ઘણાં પુસ્તકોનું પ્રકાશન થયેલ છે. અને ભવિષ્યમાં પણ થતુ રહેશે તેવી ભાવના છે. સંસ્થાનું મુખ્ય ધ્યેય સારાયે જૈન સમાજમાં જ્ઞાનની રૂચિ વર્ધમાન બને એ જ છે. અને સમ્યક્જ્ઞાનની વૃદ્ધિ કરનારા પુસ્તક-પ્રકાશનનો સુઅવસર સંસ્થાને મળતો રહે તેવી શુભાભિલાષા છે. સંસ્થાના બંધારણ મુજબ પ્રાયઃ કરીને બધા પુસ્તકો જ્ઞાન પ્રચારાર્થે અર્ધમૂલ્યથી જ વેચવામાં આવે છે.

આશા છે કે સંસ્થાનું પ્રસ્તુત નવ્ય સંસ્કરણ પણ જ્ઞાનપિપાસુ ભાઈ-બહેનોને માટે ઉપયોગી બની રહેશે.

પુસ્તક પ્રકાશનના મંગલકાર્યને જૈફ ઉંમરે પણ **"સ્થા. જૈન"** પાક્ષિક પત્રના **તંત્રી શ્રી જીવણલાલભાઇ સંઘવીએ** તમામ જવાબદારી લઇને પૂર્ણ કરેલ છે તે બદલ

તેઓનો તથા પ્રુફ વંચાવવામાં અભ્યાસી કુ. પ્રવીણાબહેન સી. શાહ (અમદાવાદ)નાં સક્રિય સહકાર બદલ આભારી છીએ.

વાચક વર્ગને મુદ્રણદોષ સુધારીને વાંચવા વિનંતિ છે. ક્ષતિઓ રહી જવા પામી હોય તો અમારૂં ધ્યાન કેન્દ્રિત કરવા નમ્ર વિનંતિ કરીએ છીએ.

લિ. સંચાલકો

શ્રી કાંતિલાલ ખીમચંદ મહેતા
શ્રી ભુપતલાલ વૃજલાલ શાહ
શ્રી ચંપકલાલ છોટાલાલ મહેતા
માનદ મંત્રીઓ

શ્રી નગીનદાસ રામજીભાઇ વિરાણી
પ્રમુખ
શ્રી મોહનલાલ કસ્તુરચંદ શાહ
શ્રી નરભેરામ પાનાચંદ મહેતા
શ્રી મગનલાલ પોપટલાલ કામદાર
ઉપ પ્રમુખો

શ્રી શા. વે. વિરાણી સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ–

# અનુવાદકની કલમે....

**સ્થા**નકવાસી જૈન સમાજમાં છેલ્લાં કેટલાક વર્ષોથી ધાર્મિક શિક્ષણ શિબિરોનું વિવિધ ક્ષેત્રોમાં આયોજન થઈ રહેલ છે. જ્ઞાનરૂચિ પ્રગટ કરાવવા માટે આવા પ્રયાસો પ્રશંસનીય જ નહિ, પરંતુ અનુકરણીય છે. શિબિરોમાં પ્રાથમિક અભ્યાસને અનુરૂપ સાહિત્ય તો મળી જ રહે છે. પરંતુ જ્યારથી **'સ્વાધ્યાયી પ્રશિક્ષણ શિબિર'** દ્વારા વ્યાખ્યાતાઓને પ્રશિક્ષિત કરીને પર્યુષણ મહાપર્વના દિવસોમાં ધર્મારાધના માટે બહારના ક્ષેત્રોમાં મોકલાવવાની વ્યવસ્થા 'સુધર્મ પ્રચાર મંડળ' તરફથી શરૂ કરવામાં આવી. ત્યારથી એવી એક વિચારણા બની કે–નવતત્ત્વ સંબંધી વિશેષ જાણકારી સરલ રીતે મળી રહે, તેવું પુસ્તક તૈયાર કરાવવું જોઈએ, પરંતુ તે કાર્ય ગતિમાન બન્યું નહિ.

ઉનાળુ વેકેશનમાં **સુધર્મ પ્રચાર મંડળ** ગુજરાત શાખા દ્વારા સરદારનગર–રાજકોટમાં પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવાની વિચારણા ચાલી રહેલ હતી. તે સમયે ધર્મપ્રિય, પરમસ્નેહી **શ્રી પ્રદીપભાઈ શેઠ** તરફથી સૂચન મળ્યું કે સંસ્કૃતિ–રક્ષક સંઘ–સૈલાના તરફથી પ્રકાશિત **"તત્ત્વ પૃચ્છા"** પુસ્તકમાં 'નવતત્ત્વ' સંબંધી સરલ અને રોચક શૈલીથી જે પ્રશ્નોત્તરો (એક હજાર ત્રણસો ચૌદ)

આપવામાં આવેલછે,તે સ્વાધ્યાયીઓને તેમજ તત્ત્વ પ્રેમીઓને ઉપયોગી બની રહેશે. તેમની પ્રેરણા થતાં તેઓનું સૂચન વધાવી, ગુજરાતી અનુવાદનું કાર્ય શરૂ કર્યું. પુસ્તક તૈયાર થયેથી કઇ રીતે પ્રકાશિત કરવું વગેરે વિચારણા ચાલી રહી હતી તેવામાં શિબિર સંબંધી શિક્ષણ સંઘના પ્રમુખ શ્રી નગીનદાસભાઈ વિરાણી સાથે લંડન પત્ર વ્યવહાર થતાં તેઓને પુસ્તક સંબંધી થોડી જાણકારી લખવામાં આવી... તેઓનો પ્રત્યુત્તર આવ્યો કે અનુવાદ જલ્દીથી તૈયાર કરી શિક્ષણ સંઘને મોકલાવો. જેથી પુસ્તક નજીકના ભવિષ્યમાં જ પ્રગટ થઈ શકે. તેઓ તરફથી સ્વીકૃતિ મળતાં અનુવાદનું કાર્ય ગતિશીલ બન્યું અને આજે સમાજના કરકમલોમાં મૂકતાં હર્ષ અનુભવું છું.

પુસ્તકમાં અમુક ભૂલો રહી જવા પામી હતી, તે સંબંધી પત્રવ્યવહાર કરતાં તત્ત્વમનીષી, પ્રિયધર્મી, **શ્રીમાન રતનલાલજી ડોશી** તથા નવયુવક સંપાદક શ્રી પારસમલજી ચંડાલિયાએ સુધારા-વધારા સાથે સંશોધિત પ્રતિ મોકલાવેલ તે માટે તેઓનો ખૂબ–ખૂબ આભારી છું. અમુક પ્રશ્નોત્તર સંબંધી શ્રાવકવર્ય **શ્રી જશવંતલાલભાઇ શાહ**, માટુંગા તરફથી પણ જે સમાધાન, સંશોધન મળેલ છે, તે બદલ તેઓશ્રીનો પણ ખૂબ–ખૂબ આભાર માનું છું.

શ્રી શા. વે. વિરાણી સ્થા. જૈન ધાર્મિક શિક્ષણ સંઘ–રાજકોટ દ્વારા પ્રસ્તુત **'જૈન તત્ત્વ પૃચ્છા'** પ્રકાશિત

થઇ રહેલ છે અને તે પડતર કિંમતથી જ્ઞાન પ્રચારાર્થે અર્ધમૂલ્યથી વેચવામાં આવે છે. તે માટે શિક્ષણ સંઘની જ્ઞાનદાનની પ્રવૃત્તિ ખૂબ જ આવકારદાયક છે.

પુસ્તકના અનુવાદ માટે સહર્ષ સંમતિ પ્રદાન કરવા બદલ સંપાદક શ્રી પારસમલજી ચંડાલિયા તથા પ્રકાશક શ્રી અ. ભા. સાધુમાર્ગી જૈન સંસ્કૃતિ–રક્ષક સંઘ–સૈલાના (મ.પ્ર.) નો પણ ખૂબ–ખૂબ આભારી છું.

પુસ્તકનો અનુવાદ કરતી વખતે જ્યાં જ્યાં જરૂર જણાઈ છે, ત્યાં ત્યાં અમુક સુધારા–વધારા કરતાની સાથે સાથે શક્ય તેટલો ઉપયોગ રાખી આગમપ્રમાણ જાળવવાનો પ્રયત્ન કરેલ છે, છતાં પણ છદ્મસ્થ ભૂલને પાત્ર છે, જ્ઞાનની અલ્પતાને કારણે ક્યાંય પણ જિનાજ્ઞા વિરૂદ્ધ ઓછું, અધિક કે વિપરીત લખાયેલ હોય તો અરિહંત ભગવાનની સાક્ષીથી **મિચ્છામિ દુક્કડમ્.**

—ધીરજકુમાર મણિઆર

# મનોભાવના..

મહાજ્ઞાની મહાપુરૂષોએ મહામૂલા માનવજીવનને સફળ બનાવવા માટે તત્ત્વજ્ઞાનના અભ્યાસની અત્યંત આવશ્યકતા બતાવી છે.

આપણા શરીરને ટકાવવા માટે જેમ હવા, પાણી અને ભોજન વગેરેની જરૂરીયાત રહે છે, તેવી જ રીતે આપણા આત્માના શુદ્ધ સ્વભાવને જાણીને તેને પ્રગટ કરવા માટે સમ્યક્જ્ઞાન–શ્રદ્ધા–વિવેક અને સદ્વર્તનની ખૂબજ આવશ્યકતા છે.

તત્વજ્ઞાનના અભ્યાસમાં પ્રથમ '**નવતત્ત્વ**'નું જ્ઞાન મેળવવું જરૂરી છે. તેના અભ્યાસથી સમગ્ર વિશ્વનાં સૂક્ષ્મ રહસ્યમય પદાર્થોનું સત્ય સમજાય છે. જીવન જીવવાની સાચી કલા પ્રાપ્ત થાય છે. અને સારી યા વિકટ પરિસ્થિતિમાં પણ આત્મા સ્થિર, શાંત અને આનંદમય રહી શકે તેવું પ્રેરક બળ પ્રાપ્ત થાય છે.

**જીવતત્ત્વ** એ મૂલતત્ત્વ છે. જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ એ ગુણો છે. તે ગુણોની પૂર્ણતા એજ મોક્ષ છે. તે ગુણોના વિકાસમાં સહાય કરનારા **પુણ્ય, સંવર અને નિર્જરા** તત્ત્વો આદરણીય છે. તેમાં પ્રવૃત્તિ કરવી એજ જીવનનું કર્તવ્ય છે. આત્મગુણોના વિકાસમાં અવરોધ કરનારા **પાપ, આશ્રવ અને બંધ** તત્ત્વો એ સર્વથા ત્યાજ્ય–હેય છે, તેની પ્રવૃત્તિ કરવાથી આત્માનું અહિત થાય છે.

જગતના સર્વજીવોને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય

છે. મને જેમ જીવવું ગમે છે તેમ બધાંને જીવવું ગમે છે. મરવું કોઇને પણ ગમતું નથી. માટે સર્વ જીવોને પોતાના સમાન સમજી તેઓની અનુકંપા અને રક્ષા કરવી જોઇએ.

**અજીવતત્ત્વ** એ જીવનું વિરોધી તત્ત્વ છે. આ ઔદારિક શરીર વગેરે અજીવ પુદ્ગલોનું બનેલું છે. તેની સાથે આત્માનો સંયોગ અનાદિથી હોવા છતાં તે કદીયે જડ મટી **ચેતન** બની શકતું નથી. માટે તેના સ્વરૂપને જાણી જડ પ્રત્યેની આસક્તિ–મમતા ઘટાડવી જોઇએ.

**પુણ્ય–પાપ તત્ત્વનાં** ઉદય જનિત મળતાં સુખ–દુઃખ એ શુભાશુભ કર્મનું જ ફળ છે. તેથી તે સુખોમાં લીન કે દુઃખોમાં દીન ન બનતાં સમભાવ રાખવો.

**સુખ, શાંતિ** અને **પૂર્ણઆનંદ** તો આત્મામાં જ છે. માટે તેને મેળવવા **આશ્રવ–બંધની** પ્રવૃત્તિ છોડી **સંવર** અને **નિર્જરા** તત્ત્વમાં દર્શાવેલ સદ્ઉપાયોનું આચરણ કરવું આવશ્યક છે.

**મોક્ષ આત્માનું નિજસ્વરૂપ છે.**

મોક્ષના ઉપાયો **જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ** છે. આ ચાર બોલની સમ્યક્ પ્રકારે ઉત્કૃષ્ટ આરાધનાથી જ જીવનો **"મોક્ષ"** થાય છે.

આ રીતે દરેક તત્ત્વજિજ્ઞાસુઓએ નવતત્ત્વાદિના અભ્યાસથી જૈન દર્શનનું યથાર્થ સ્વરૂપ સમ્યક્ પ્રકારે સમજી જીવનમાં તેનું યથાશક્તિ પાલન કરી આ અમૂલ્ય માનવ જીવનને સફલ બનાવવું જોઇએ.

અંતમાં...આત્માના સ્વરૂપને સમજી કર્મરૂપ અજીવથી જડથી મુક્ત બની પાપથી અટકી સંવર, નિર્જરા દ્વારા સહુ જીવો મોક્ષને પામો...શુભં ભવતુ...

—**વિસાણી પરિવાર**

# ઘર ઘરમાં વસાવો.....

| | |
|---|---|
| સમર્થ સમાધાન ભાગ-૧ | રૂ. ૪-૦૦ |
| ,, ,, ,, -૨ | રૂ. ૪-૦૦ |
| ,, ,, ,, -૩ | રૂ. ૪-૦૦ |
| જૈન જ્ઞાનસાગર | રૂ. ૫-૦૦ |
| શ્રાવક ધર્મ યાને મોક્ષ પ્રાપ્તિનો ઉપાય- | રૂ. ૧૦-૦૦ |
| સિદ્ધ પ્રભુ અને જુગલનાં સુખોની વ્યાખ્યા- | રૂ. ૦-૭૫ |
| ૫, સમિતિ, ૩, ગુપ્તિ, ૬ લેશ્યાનું સ્પષ્ટીકરણ- | રૂ. ૧-૫૦ |
| અનાથી મુનિનું જીવન ચરિત્ર- | રૂ. ૧-૧૫ |
| ધર્મ એટલે શું ? | રૂ. ૧-૦૦ |
| રાત્રિ ભોજન-કંદમૂળ ત્યાગ | રૂ. ૧-૦૦ |
| તામલી તાપસનું જીવનચરિત્ર | રૂ. ૦-૭૫ |
| આધ્યાત્મિક પ્રવચનો | રૂ. ૪-૦૦ |
| શ્રાવકની આલોયણા | રૂ. ૦-૩૦ |
| છકાયના બોલ, નવતત્ત્વ | રૂ. ૦-૧૫ |
| પ્રતિક્રમણ સૂત્ર સાર્થ | રૂ. ૦-૫૦ |
| સામાયિક સૂત્ર સાર્થ | રૂ. ૦-૧૦ |
| પચ્ચક્ખાણ પારવાની બુક | રૂ. ૦-૨૫ |
| દ્રૌપદી જીવન ચરિત્ર | રૂ. ૧-૯૦ |

| | |
|---|---|
| જૈન પાઠાવલી ભાગ–૧ | રૂ. ૦–૫૦ |
| ,, ,, ,, –૨ | રૂ. ૧–૫૦ |
| ,, ,, ,, –૩ | રૂ. ૨–૦૦ |
| ,, ,, ,, –૪ | રૂ. ૧–૨૫ |
| ,, ,, ,, –૫ | રૂ. ૧–૫૦ |
| ,, ,, ,, –૬ | રૂ. ૧–૭૦ |
| ,, ,, ,, –૭ | રૂ. ૧–૭૦ |
| પ્લાસ્ટીક માળા | રૂ. ૦–૫૦ |
| મુહપતિ પુઠ્ઠી સાથે | રૂ. ૦–૩૦ |
| જૈન તત્ત્વ પૃચ્છા | રૂ. ૬–૦૦ |

બહારગામ માટે પોસ્ટેજ ખર્ચ અલગ છે.

પ્રકાશક :—શ્રી શા. વે. વિરાણી સ્થા. જૈન ધાર્મિક
શિક્ષણ સંઘ. ૧, દિવાનપરા, 'વિરાણી વિલા'
રાજકોટ ૩૬૦.૦૦૧

# અનુક્રમણિકા


| વિષય : | પૃષ્ઠ : |
|---|---|
| **૧. જીવતત્ત્વ** | ૨–૬૩ |
| (૧) ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવ | ૪૩–૫૧ |
| (૨) અધોલોકમાં ભવનપતિ દેવ | ૫૨–૫૬ |
| (૩) તિર્યચ્છાલોકમાં જ્યોતિષી દેવ | ૫૭–૫૯ |
| (૪) „ વ્યંતર દેવ | ૬૦–૬૩ |
| **૨. અજીવ તત્ત્વ–** | ૬૪–૯૨ |
| **૩. પુણ્ય તત્ત્વ–** | ૯૩–૯૯ |
| **૪. પાપ તત્ત્વ–** | ૧૦૦–૧૦૩ |
| **૫. આશ્રવ તત્ત્વ–** | ૧૦૪–૧૧૫ |
| **૬. સંવર તત્ત્વ–** | ૧૧૬–૧૮૧ |
| (૧) સમ્યક્ત્વ | ૧૩૩–૧૪૬ |
| (૨) પરમ આરાધ્ય–દેવ | ૧૪૭–૧૫૩ |
| (૩) ગુરૂ | ૧૫૪–૧૭૩ |
| (૪) ધર્મ (શ્રાવકધર્મ) | ૧૭૪–૧૮૧ |
| **૭. નિર્જરા તત્ત્વ–** | ૧૮૨–૧૯૭ |
| **૮. બંધ તત્ત્વ– (કર્મ–પ્રકૃતિ)** | ૧૯૮–૨૫૦ |
| **૯. મોક્ષ તત્ત્વ–** | ૨૫૧–૨૬૧ |
| (૧) સમ્યગ્જ્ઞાન | ૨૬૧–૨૭૯ |
| (૨) પ્રમાણ, નય, નિક્ષેપ અને સપ્તભંગી | ૨૭૯–૨૯૪ |
| (૩) ગુણસ્થાન સ્વરૂપ | ૨૯૪–૩૨૦ |

# તત્વ—પૃચ્છા

જ્ઞાન એ આત્માનો વિશિષ્ટ ગુણુ છે. જ્ઞાનની શક્તિથી જ આત્મા હિતાહિતને જાણી શકે છે. જિનેશ્વર ભગવંતોએ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપ એ ચાર પ્રકારના ધર્મમાં જ્ઞાનને સર્વ પ્રથમ સ્થાન આપ્યું છે. જાણુવાની શક્તિ તો સર્વજીવોમાં છે. પરંતુ હિત–અહિતનો વિવેક બધા જીવોમાં સંભવી શકતો નથી. આત્માને પરમાત્મા બનાવવાનું સમ્યગ્જ્ઞાન જિનેશ્વર ભગવંતોએ નવતત્ત્વમાં બતાવેલ છે. પરંતુ તત્ત્વોને સમજવાથી અને તેના સ્વરૂપને હૃદયંગમ કરવાથી જ સમ્યક્જ્ઞાન વિકસીત થાય છે. સમકિતમાં દૃઢતા આવે છે અને આત્મા ઉન્નત થતા થતા પરમાત્મ–પથ પર અગ્રેસર થાય છે.

આ તત્ત્વજ્ઞાન રાગરૂપ વિષને ઉતારવાને માટે સર્વોત્તમ મંત્ર છે. દ્વેષરૂપ અગ્નિના દાહનું શમન કરવાને માટે શીતળ જળ છે. અજ્ઞાન રૂપી ગાઢ અંધકારને દૂર કરવાને માટે તે સૂર્ય સમાન છે અને સંસાર સમુદ્રને પાર કરવાને માટે તે ઉત્તમ સેતુ (પુલ) સમાન છે.

આ પુસ્તકમાં તત્ત્વજ્ઞાનને સરળતાથી સમજાવવાને માટે પ્રશ્ન અને ઉત્તરના રૂપમાં પ્રસ્તુત કરવામાં આવેલ છે.

## ૧. જીવતત્ત્વ

**પ્રશ્ન ૧ જીવ કોને કહેવાય?**

**ઉત્તર**-જેમાં ઉપયોગ અર્થાત્ ચૈતન્ય શકિત હોય, જે દ્રવ્યપ્રાણો અને ભાવપ્રાણોને ધારણ કરે, તેમજ જે સુખ-દુઃખનો અનુભવ કરે છે તેને જીવ કહેવાય છે.

**પ્રશ્ન ૨-દ્રવ્ય પ્રાણ કોને કહેવાય? અને તે કેટલા છે.?**

**ઉત્તર**-જેના સંયોગથી સંસારીજીવ જીવિત રહે છે અને જેના વિયોગથી મૃત્યુને પ્રાપ્ત થાય છે, તેને દ્રવ્ય-પ્રાણ કહેવાય છે. તેના દશ ભેદ છે. ૧. પાંચ ઇન્દ્રિયના પ્રાણ, ૨. ત્રણ બલ પ્રાણ ૩. શ્વાસોચ્છ્વાસ પ્રાણ અને ૪. આયુષ્ય પ્રાણ.

**પ્રશ્ન ૩-પાંચ ઈન્દ્રિયના પ્રાણ કયા કયા છે?**

**ઉત્તર** સ્પર્શનેન્દ્રિય (ત્વચા) ૨. રસનેન્દ્રિય (જીભ) ૩. ઘ્રાણેન્દ્રિય (નાક) ૪. ચક્ષુરિન્દ્રિય (આંખ) ૫. શ્રોતે-ન્દ્રિય (કાન)

**પ્રશ્ન ૪-ત્રણ બલ પ્રાણ કયા કયા છે?**

**ઉત્તર**-મન બલપ્રાણ-વિચાર કરવાની શકિત ૨. વચન બલપ્રાણ-બોલવાની શકિત ૩. કાયબલ પ્રાણ-શરીરની શકિત.

**પ્રશ્ન ૫-શ્વાસોચ્છ્વાસ બલ પ્રાણ કોને કહેવાય?**

**ઉત્તર**-હવાને શરીરમાં ગ્રહણ કરવાની અને બહાર કાઢવાની શક્તિને શ્વાસોચ્છ્વાસ બલ પ્રાણ કહે છે.

**પ્રશ્ન ૬–આયુષ્યપ્રાણ કોને કહેવાય છે?**

**ઉત્તર**–જેના સંયોગથી એક શરીરમાં અમુક સમય જીવ રહે છે અને જેના વિયોગથી તે શરીરથી જીવ નીકળી જાય તેને આયુષ્ય પ્રાણ કહે છે.

**પ્રશ્ન ૭–ભાવપ્રાણ કોને કહે છે?**

**ઉત્તર**–આત્માના નિજ ગુણોને ભાવપ્રાણ કહેવાય છે. તે ચાર છે ૧. જ્ઞાન ૨. દર્શન ૩. સુખ અને ૪. શક્તિગુણ.

**પ્રશ્ન ૮–જીવના મુખ્ય કેટલા ભેદ છે?**

**ઉત્તર**–જીવના મુખ્ય બે ભેદ છે–સંસારી અને સિદ્ધ.

**પ્રશ્ન ૯–સંસારી જીવ કોને કહે છે?**

**ઉત્તર**–ચાર ગતિમાં રહેલ જીવોને "સંસારી જીવ" કહેવાય છે. જે જીવ સિદ્ધ નથી, તે બધા સંસારી છે.

**પ્રશ્ન ૧૦–ગતિ કોને કહે છે?**

**ઉત્તર**–ગતિ નામ કર્મના ઉદયથી થતી જીવની પર્યાય વિશેષને અથવા જીવની સંસારી અવસ્થાને ગતિ કહેવાય છે.

**પ્રશ્ન ૧૧–ચાર ગતિ કઇ કઈ છે?**

**ઉત્તર**–(૧) નરક ગતિ (૨) તિર્યંચ ગતિ (૩) મનુષ્ય ગતિ (૪) દેવગતિ

**પ્રશ્ન ૧૨–નરકગતિમાં જવાના કારણો કયા કયા છે?**

ઉત્તર–ચાર કારણોનાં સેવનથી જીવ નરકમાં જાય છે. ૧. મહા આરંભ કરવાથી ૨. મહા પરિગ્રહ રાખવાથી ૩. મદિરા–માંસનું સેવન કરવાથી. ૪. પંચેન્દ્રિય જીવનો વધ કરવાથી.

**પ્રશ્ન ૧૩–તિર્યંચગતિમાં જવાના કારણો કયા કયા છે?**

ઉત્તર–ચાર કારણોના સેવનથી જીવ તિર્યંચગતિમાં જાય છે. ૧. માયા કરવાથી ૨. નીબીડ–ગાઢ માયા કરવાથી ૩. અલિક વચન–અસત્ય બોલવાથી ૪. ખોટા તોલ, માપ કરવાથી.

**પ્રશ્ન ૧૪–મનુષ્યગતિમાં જવાના કારણો કયા કયા છે?**

ઉત્તર–ચાર કારણોના સેવનથી જીવ મનુષ્યગતિમાં જાય છે.

(૧) પ્રકૃતિની ભદ્રતાથી (૨) પ્રકૃતિની વિનીતતાથી (૩) દયા–ભાવ રાખવાથી (૪) મત્સર (ઈર્ષા) ભાવથી રહિત હોવાથી.

**પ્રશ્ન ૧૫. દેવગતિમાં જવાના કારણો કયા કયા છે?**

ઉત્તર : ચાર કારણોના સેવનથી જીવ દેવગતિમાં જાય છે. ૧. સરાગ સંયમ (સર્વવિરતી ધર્મના પાલનથી, ૨. સંયમાસંયમ (દેશવિરતી ધર્મના પાલનથી), ૩. અકામ નિર્જરાથી, ૪. બાલતપથી.

**પ્રશ્ન ૧૬–સિદ્ધના જીવ કોને કહેવાય?**

ઉત્તર–જે જન્મ–મરણ, રોગ–શોક, ભૂખ–તરસ, કર્મ અને શરીરથી તથા ચાર ગતિઓનાં ગમનાગમનથી મુક્ત

થઈને લોકના અગ્રભાગે સિદ્ધક્ષેત્રમાં સ્થિર થઈ ગયા છે. જે અનંત જ્ઞાન–અનંત–દર્શન–અનંત સુખ–અનંત શક્તિ આદિ અનંત ગુણોની પૂર્ણતાને પામેલ છે, જે સદાયે સ્વસુખમાં લયલીન છે, તેને સિદ્ધના જીવ કહેવાય છે.

**પ્રશ્ન ૧૭–સંસારી જીવોનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–સંસારી જીવોના બે ભેદ છે. ત્રસ અને સ્થાવર.

**પ્રશ્ન ૧૮–ત્રસ–સ્થાવર જીવોનાં ચૌદ ભેદ કયા કયા ?**

**ઉત્તર**–૧ સૂક્ષ્મ એકેન્દ્રિય, ૨ બાદર એકેન્દ્રિય, ૩ બેઈન્દ્રિય, ૪ તેઈન્દ્રિય, ૫ ચઉરિન્દ્રિય, ૬ અસંજ્ઞીપંચેન્દ્રિય અને ૭ સંજ્ઞી પંચેન્દ્રિય. આ સાતના અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને કુલ ચૌદ ભેદ થાય છે.

**પ્રશ્ન ૧૯–ત્રસ કોને કહે છે ?**

**ઉત્તર**–ત્રસ નામ–કર્મનાં ઉદયથી જે જીવ શરદી, ગરમી આદિનાં દુઃખોથી બચવાને માટે ગમનાગમન કરી શકે, તેને ત્રસ જીવ કહે છે.

**પ્રશ્ન ૨૦–સ્થાવર કોને કહેવાય ?**

**ઉત્તર**–જે જીવ સ્થાવર નામ–કર્મના ઉદયથી ગમનાગમન કરી શકતા નથી. જેમ કે એકેન્દ્રિય–પૃથ્વી, પાણી વગેરેનાં જીવો.

**પ્રશ્ન ૨૧–એકેન્દ્રિય જીવ કોને કહેવાય છે?**

**ઉત્તર**–જેને સ્પર્શન (શરીર) રૂપ એક ઈન્દ્રિય હોય તેને એકેન્દ્રિય જીવ કહેવાય છે.

પ્રશ્ન ૨૨-સૂક્ષ્મ એકેન્દ્રિય કોને કહેવાય છે?

ઉત્તર-સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી જે એકેન્દ્રિય જીવોનું શરીર શસ્ત્ર, જલ-અગ્નિ, વાયુ-વિષ આદિથી નાશ પામતું નથી, અર્થાત્ જે એકેન્દ્રિય જીવો હણ્યા-હણાતા નથી. બાળ્યા-બળતા નથી. જે છદ્મસ્થ (આપણી) જીવોની નજરે આવતા નથી, સર્વજ્ઞ ભગવંત જ જેને જાણે છે અને દેખે છે. જે અત્યંત સૂક્ષ્મ શરીરવાળા છે, તેવા જીવોને "સૂક્ષ્મ એકેન્દ્રિય" કહેવાય છે.

પ્રશ્ન ૨૩-બાદર એકેન્દ્રિય કોને કહેવાય છે?

ઉત્તર-બાદર નામકર્મના ઉદયથી પ્રાપ્ત જે એકેન્દ્રિય જીવોનું શરીર-શસ્ત્ર-અગ્નિ-વિષ આદિથી નાશ પામે છે. જેને છદ્મસ્થ પણ જાણી શકે છે. તેને "બાદર એકેન્દ્રિય" કહેવાય છે.

પ્રશ્ન ૨૪-ઈન્દ્રિય કોને કહેવાય છે?

ઉત્તર-જીવને ઓળખવાનું ચિહ્ન અથવા જેની ઉપસ્થિતિમાં જીવની અભિવ્યક્તિ થાય. "આ શરીરમાં જીવ છે" એવો ખ્યાલ આવે છે, તેને ઈન્દ્રિય કહેવાય છે.

પ્રશ્ન ૨૫-ઇન્દ્રિયના કેટલા ભેદ છે?

ઉત્તર : સામાન્ય રૂપથી ઈન્દ્રિયના બે ભેદ છે.

(૧) દ્રવ્યેન્દ્રિય અને (૨) ભાવેન્દ્રિય.

પ્રશ્ન ૨૬-દ્રવ્યેન્દ્રિય કોને કહેવાય છે?

ઉત્તર : ઈન્દ્રિય નામકર્મના ઉદયથી પુદ્ગલ દ્રવ્ય-ની રચના વિશેષને દ્રવ્યેન્દ્રિય કહેવાય છે.

**પ્રશ્ન ૨૭**–દ્રવ્યેન્દ્રિયના કેટલા ભેદ છે ?

**ઉત્તર**–બે ભેદ છે. ૧. નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય અને ૨. ઉપકરણ દ્રવ્યેન્દ્રિય.

**પ્રશ્ન ૨૮**–નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કોને કહેવાય છે ?

**ઉત્તર**–ઈન્દ્રિયની રચના વિશેષને નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે.

**પ્રશ્ન ૨૯**–નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિયના કેટલા ભેદ છે ? અને તે કોને કહેવાય છે ?

**ઉત્તર** : બે ભેદ ૧. બાહ્ય નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય ૨. આભ્યંતર નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય. ઇન્દ્રિયોના બાહ્ય ભિન્ન–ભિન્ન આકારને બાહ્ય નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. અને ઇન્દ્રિયોના અંદરના આકારને આભ્યંતર નિવૃત્તિ દ્રવ્યેન્દ્રિય કહેવાય છે તથા અંદરનો આકાર બધા પ્રાણીઓને એક સરખો જ હોય છે. જેમકે શ્રોતેન્દ્રિયનો આકાર કદંબના ફુલ જેવો, ચક્ષુનો ચંદ્ર મસુર જેવો, ઘ્રાણનો તલ યા અતિમુક્તકના પુષ્પ જેવો, જીભનો–અસ્ત્રા જેવો અને સ્પર્શનેન્દ્રિયનો આકાર વિવિધ પ્રકારનો. તે તેના શરીરના આકારે જ હોય છે.

**પ્રશ્ન ૩૦**–શ્રોતેન્દ્રિય આદિ ઇન્દ્રિયો કોને કહેવાય છે ?

**ઉત્તર**–

જેનાં દ્વારા શબ્દનું જ્ઞાન થાય તે શ્રોતેન્દ્રિય.
,, ,, રૂપનું જ્ઞાન થાય તે ચક્ષુરિન્દ્રિય.
,, ,, ગંધનું જ્ઞાન થાય તે ઘ્રાણેન્દ્રિય.

„ „ રસનું જ્ઞાન થાય તે રસનેન્દ્રિય.
„ „ સ્પર્શનું જ્ઞાન થાય તે સ્પર્શનેન્દ્રિય.
„ „ ચિંતન–મનન–સ્મરણ વગેરે થાય, તે નો–ઇન્દ્રિય એટલે કે મન કહેવાય છે.

**પ્રશ્ન ૩૧–સ્થાવરનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–મુખ્ય પાંચ ભેદ–૧. પૃથ્વીકાય ૨. અપકાય ૩. તેઉકાય ૪. વાયુકાય અને ૫. વનસ્પતિકાય.

**પ્રશ્ન ૩૨–'કાય' કોને કહેવાય?**

**ઉત્તર**–ત્રસ સ્થાવર નામકર્મના ઉદયથી જીવ જે શરીરમાં ઉત્પન્ન થાય તેને 'કાય' કહેવાય છે.

**પ્રશ્ન ૩૩–પૃથ્વીકાય કોને કહે છે?**

**ઉત્તર**–પૃથ્વી (માટી) જ જે જીવોનું શરીર છે, જેમ કે માટી, પત્થર, હિંગળો, હડતાળ, ખાણમાંથી નીકળતી વસ્તુઓ–સોનું, ચાંદી, હીરા, પન્ના, સ્ફટિક, મણિ, રત્ન, લોઢું, ખડી, ગેરૂ વગેરે પૃથ્વીકાયની સાત લાખ યોનિ છે.

**પ્રશ્ન ૩૪-પૃથ્વીકાયનું વિશેષ સ્વરૂપ શું છે?**

**ઉત્તર** : પૃથ્વીકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટ ૨૨ હજાર વર્ષનું છે. પૃથ્વીની નાનામાં નાની કણીમાં (એક કંકરમાં) અસંખ્યાતા જીવો શ્રી ભગવંતે ફરમાવ્યા છે. પૃથ્વીનો વર્ણ પીળો, સ્વભાવ કઠોર અને

સંઠાણ મસૂરની દાળ તથા ચંદ્રમાના આકારે છે. તેનાં કુલ ૧૨ લાખ ક્રોડ છે.

**પ્રશ્ન ૩૫–અપકાય કોને કહે છે?**

**ઉત્તર**–અપ ( પાણી ) જ જે જીવોનું શરીર છે, જેમકે તળાવનું પાણી, કુવા–નદીનું પાણી, વરસાદનું પાણી, બરફ, ઓસ, ઝાકળનું પાણી ઇત્યાદિ અપકાયની સાત લાખ યોનિ છે.

**પ્રશ્ન ૩૬–અપકાયનું વિશેષ સ્વરૂપ શું છે?**

**ઉત્તર**–અપકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટ ૭ હજાર વર્ષનું છે. પાણીનાં એક ટીપામાં ભગવાને અસંખ્યાત જીવ કહ્યા છે. અપકાયનો વર્ણ લાલ, સ્વભાવ મૃદુ, સંઠાણ પાણીના પરપોટા જેવું છે, તેનાં કુલ ૭ લાખ ક્રોડ છે.

**પ્રશ્ન ૩૭–તેઉકાય કોને કહે છે?**

**ઉત્તર**: અગ્નિ જ જે જીવોનું શરીર છે. જેમકે વીજળી, ચકમકની અગ્નિ, કાષ્ટની અગ્નિ, વાંસની અગ્નિ આદિ તેઉકાયની સાત લાખ યોનિ છે.

**પ્રશ્ન ૩૮ : તેઉકાયનું વિશેષ સ્વરૂપ શું છે?**

**ઉત્તર** : તેઉકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ અહોરાત્રિનું છે. અગ્નિનાં એક તણખામાં અસંખ્યાતા જીવ શ્રી ભગવંતે કહ્યા છે. તેઉકાયનો વર્ણ સફેદ છે. સ્વભાવ ઉષ્ણ અને સંઠાણ સોયના ભારા સમાન છે. તેનાં કુલ ૩ લાખ ક્રોડ છે.

**પ્રશ્ન ૩૯–વાઉકાય કોને કહેવાય છે?**

**ઉત્તર**–પવન (હવા) જ જે જીવોનું શરીર છે. જેમકે ઘનવાત–તનવાત–પૂર્વનો વા–પશ્ચિમનો વા–ગુંજતો વાયુ–માંડલિયો વાયુ–ઉક્કલિયો વાયુ વગેરે. વાઉકાયની સાત લાખ યોનિ છે.

**પ્રશ્ન ૪૦–વાઉકાયનું વિશેષ સ્વરૂપ શું છે?**

**ઉત્તર**–વાઉકાયનું આયુષ્ય જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટ ત્રણ હજાર વર્ષનું છે; એક ફૂંક માત્રથી અસંખ્યાતા વાયરાના જીવોની હિંસા થાય છે, તેમ શ્રી ભગવંતે કહ્યું છે. વાયુકાયનો વર્ણ–લીલો, સ્વભાવ–ચલન, સંઠાણ ધ્વજાના આકારે છે. તેનાં કુલ ૭ લાખ ક્રોડ છે.

**પ્રશ્ન ૪૧–વનસ્પતિ કોને કહે છે?**

**ઉત્તર**–વનસ્પતિ જ જે જીવોનું શરીર છે. વનસ્પતિનો વર્ણ કાળો, સ્વભાવ અને સંઠાણ નાના પ્રકારના છે.

**પ્રશ્ન ૪૨–વનસ્પતિનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–વનસ્પતિનાં બે ભેદ છે. (૧) સૂક્ષ્મ (૨) બાદર.

**પ્રશ્ન ૪૩–સૂક્ષ્મ કોને કહે છે?**

**ઉત્તર**–સૂક્ષ્મ નામ કર્મના ઉદયથી સૂક્ષ્મ શરીરમાં રહે છે. અર્થાત્ જે હણ્યા હણાતાં નથી. છેદ્યા છેદાતા નથી, ભેદ્યા ભેદાતા નથી. અગ્નિમાં બળતા નથી. સામાન્ય

છદ્મસ્થની દૃષ્ટિમાં આવે નહિ. જે માત્ર કેવળજ્ઞાની ગમ્ય હોય છે. તે સૂક્ષ્મ છે.

**પ્રશ્ન ૪૪–બાદર કોને કહે છે?**

**ઉત્તર**–બાદર નામકર્મના ઉદયથી જે બાદર શરીરમાં રહે છે અર્થાત્ જે હણ્યા હણાય, છેદ્યા છેદાય, ભેદ્યા ભેદાય, અગ્નિથી બળે તથા છદ્મસ્થની દૃષ્ટિમાં આવે તેને બાદર કહેવાય છે.

**પ્રશ્ન ૪૫–બાદરના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–બે ભેદ છે (૧) સાધારણ અને (૨) પ્રત્યેક

**પ્રશ્ન ૪૬–સાધારણ કોને કહેવાય છે?**

**ઉત્તર**–એક શરીરનો આશ્રય કરીને અનંતાજીવો જેમાં રહે છે અર્થાત્ એક શરીરને આશ્રિત રહેલ જે જીવોનાં સમાન આહાર, આયુ, શ્વાસોચ્છવાસ આદિ હોય. જેમકે બટાટા, લસણ, ડુંગળી, ગાજર, રતાળુ, સકરકંદ, કોમળ ફળ, અંકુર વગેરે–તેને સાધારણ કહેવાય છે. સાધારણ વનસ્પતિની યોનિ ૧૪ લાખ છે. આયુષ્ય જઘન્ય–ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત્તનું છે.

**પ્રશ્ન ૪૭–નિગોદ કોને કહે છે?**

**ઉત્તર**–અનંત જીવોને રહેવાના જે શરીર છે તેને નિગોદ કહેવાય છે.

**પ્રશ્ન ૪૮–નિગોદનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–બે ભેદ (૧) સૂક્ષ્મ અને બાદર. બાદર નિગોદમાં સાધારણ વનસ્પતિ છે, જેમ કે બટાટા, રતાળુ, લીલફુગ વગેરે અને સૂક્ષ્મનિગોદ આખા લોકમાં ઠાંસી–ઠાંસીને ભર્યા છે. સૂક્ષ્મનિગોદમાં (૧) વ્યવહાર રાશિ અને (૨) અવ્યવહાર રાશિ બન્ને છે.

**પ્રશ્ન ૪૯–વ્યવહાર રાશિ કોને કહે છે?**

**ઉત્તર**–જે જીવ એકવાર પણ નિગોદનું સ્થાન છોડીને પૃથ્વીકાયાદિમાં આવ્યા છે તેને "વ્યવહાર રાશિવાળા" જીવો કહેવાય છે.

**પ્રશ્ન ૫૦–અવ્યવહાર રાશિ કોને કહે છે?**

**ઉત્તર**-જે જીવ અનંતકાળથી નિગોદમાં જ પડયા છે, જેણે કયારેય નિગોદનું સ્થાન છોડયું નથી તેને "અવ્યવહાર રાશિ કહેવાય છે.

**પ્રશ્ન ૫૧–સોયના અગ્રભાગ ઉપર આવે એટલા નિગોદમાં કેટલા જીવ છે?**

**ઉત્તર**–સોયના અગ્રભાગ ઉપર આવે એટલા નિગોદમાં અસંખ્યાતા પ્રતર છે, એક એક પ્રતરમાં અસંખ્યાત શ્રેણીઓ છે, એક એક શ્રેણીમાં અસંખ્યાત ગોળા છે, પ્રત્યેક ગોળામાં અસંખ્યાત શરીર છે અને પ્રત્યેક શરીરમાં અનંતા જીવ છે.

**પ્રશ્ન ૫૨–પ્રત્યેક વનસ્પતિ કોને કહે છે?**

ઉત્તર–જે વનસ્પતિમાં પ્રત્યેક જીવનું પૃથક-પૃથક શરીર હોય છે. દા. ત. ફળ, ફૂલ, કેરી, ધાન્ય વગેરેની ૧૦ લાખ યોનિ છે. આયુષ્ય જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટ ૧૦ હજાર વર્ષનું છે. વનસ્પતિનાં કુલ ૨૮ લાખ ક્રોડ છે.

**પ્રશ્ન ૫૩–ત્રસ જીવોનાં કેટલા ભેદ છે?**

ઉત્તર–ચાર ભેદ છે. ત્રણ વિકલેન્દ્રિય અને ચોથો પંચેન્દ્રિય.

**પ્રશ્ન ૫૪–વિકલેન્દ્રિય કોને કહે છે ?**

ઉત્તર–જેને પાંચે ઇન્દ્રિયો પુરી ન મળી હોય. તેના ત્રણ ભેદ છે–(૧) બેઇન્દ્રિય (૨) તેઇન્દ્રિય (૩) ચઉરિન્દ્રિય

**પ્રશ્ન ૫૫-બેઇન્દ્રિય કોને કહે છે?**

ઉત્તર–જે જીવોને સ્પર્શન–રસના (કાયા–જીભ) એ બે ઈન્દ્રિયો હોય તેને બે ઇન્દ્રિય કહે છે. દા. ત. શંખ, છીપ, કોડી, ઈયળ વગેરે.

**પ્રશ્ન ૫૬–તેઇન્દ્રિય કોને કહે છે?**

ઉત્તર–જે જીવોને સ્પર્શન, રસના, ઘ્રાણ એ ત્રણ ઇન્દ્રિયો હોય. દા. ત. જૂ, લીખ, કીડી, મકોડા માંકડ, વગેરે

**પ્રશ્ન ૫૭–ચઉરિન્દ્રિય કોને કહે છે ?**

ઉત્તર–જે જીવોને સ્પર્શન–રસના–ઘ્રાણ અને ચક્ષુ એ ચાર ઇન્દ્રિયો હોય. દા. ત. વીંછી, ભમરા, માખી, મચ્છર, ડાંસ, તીડ, પતંગીયા, કરોળીયા વગેરે

પ્રશ્ન ૫૮–પંચેન્દ્રિય કોને કહે છે?

ઉત્તર–જે જીવોને સ્પર્શન-રસના–ઘ્રાણ–ચક્ષુ અને કાન એ પાંચ ઇન્દ્રિયો પરિપૂર્ણ હોય તેને પંચેન્દ્રિય કહેવાય છે. તેના ચાર ભેદ છે: (૧) નારકી (૨) તિર્યંચ (૩) મનુષ્ય અને (૪) દેવ.

પ્રશ્ન ૫૯–સંજ્ઞી કોને કહે છે?

ઉત્તર–જેને દીર્ઘકાલીન સંજ્ઞા હોય અર્થાત્ ભૂત–ભવિષ્યનો વિચાર કરી શકે તેવું મન મળેલ હોય તેને 'સંજ્ઞી' કહેવાય.

પ્રશ્ન ૬૦–અસંજ્ઞી કોને કહે છે?

ઉત્તર–જે જીવોને 'મન' નથી હોતું અને જે માતા–પિતાના સંયોગ વિના જ ઉત્પન્ન થાય છે, તેને 'અસંજ્ઞી' કહેવાય છે.

પ્રશ્ન ૬૧–સંજ્ઞી–અસંજ્ઞી જીવ કયા કયા છે?

ઉત્તર–માત્ર પંચેન્દ્રિયમાં જ સંજ્ઞી (મન–સહિત) અને અસંજ્ઞી (મન–રહિત) બન્ને પ્રકારના જીવ છે. બાકીનાં બધા જીવો (એકેન્દ્રિય વગેરે) અસંજ્ઞી જ છે.

પ્રશ્ન ૬૨–પર્યાપ્તિ કોને કહે છે?

ઉત્તર–આહારાદિ પુદ્‌ગલો ગ્રહણ કરીને તેને શરીરાદિ રૂપમાં પરિણમવાની જીવની પૌદ્‌ગલિક શક્તિ-વિશેષને 'પર્યાપ્તિ' કહેવાય છે.

પ્રશ્ન ૬૩–પર્યાપ્તિ કેટલી છે અને તેના નામ શું છે?

ઉત્તર–૧. આહાર પર્યાપ્તિ ૨. શરીર પર્યાપ્તિ ૩. ઇન્દ્રિય પર્યાપ્તિ ૪. શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ ૫. ભાષા પર્યાપ્તિ અને ૬. મનઃ પર્યાપ્તિ. એમ કુલ ૬ પર્યાપ્તિ છે.

પ્રશ્ન ૬૪–આહાર પર્યાપ્તિ કોને કહે છે?

ઉત્તર–જે શક્તિથી જીવ આહારના પુદ્ગલોને ગ્રહણ કરીને ખલ–રસ ભાગમાં પરિણમાવે છે, તે શક્તિવિશેષને આહાર પર્યાપ્તિ કહે છે.

પ્રશ્ન ૬૫–શરીર પર્યાપ્તિ કોને કહે છે?

ઉત્તર–જે શક્તિ દ્વારા જીવ રસ–રૂપમાં પરિણત આહારને રસ–લોહી–માંસ–ચરબી–હાડકાં–મજ્જા અને વીર્ય એ સાત ધાતુઓમાં બદલાવે છે, તેને શરીરપર્યાપ્તિ કહેવાય છે.

પ્રશ્ન ૬૬–ઇન્દ્રિય પર્યાપ્તિ કોને કહે છે?

ઉત્તર–શરીરરૂપે પરિણમેલા પુદ્ગલોને જે ઇન્દ્રિયો રૂપે પરિણમન કરવાની શક્તિ વિશેષને ઇન્દ્રિય પર્યાપ્તિ કહેવાય છે.

પ્રશ્ન ૬૭–શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કોને કહે છે?

ઉત્તર–જેનાં દ્વારા શ્વાસ–ઉચ્છ્વાસને યોગ્ય પુદ્ગલોને શ્વાસરૂપે ગ્રહણ કરી ઉચ્છ્વાસ રૂપે છોડવાની શક્તિવિશેષને શ્વાસોચ્છ્વાસ પર્યાપ્તિ કહેવાય છે.

**પ્રશ્ન ૬૮-ભાષા પર્યાપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–ભાષા વર્ગણાના પુદ્ગલને ગ્રહણ કરી ભાષા રૂપે પરિણમાવીને છોડવાની શક્તિ વિશેષને ભાષા પર્યાપ્તિ યા વચન પર્યાપ્તિ કહેવાય છે,

**પ્રશ્ન ૬૯–મન પર્યાપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–મનને યોગ્ય મનોવર્ગણાના પુદ્ગલને ગ્રહણ કરી મનરૂપે પરિણમાવી છોડવાની શક્તિ વિશેષને (વિચાર કરવાની શક્તિ વિશેષ) મન પર્યાપ્તિ કહેવાય છે.

**પ્રશ્ન ૭૦ કયા જીવોમાં કેટલી પર્યાપ્તિ હોય છે?**

**ઉત્તર**–એકેન્દ્રિય જીવોમાં આહાર, શરીર, ઇન્દ્રિય અને શ્વાસોચ્છવાસ એ ચાર. વિકલેન્દ્રિય અને અસંજ્ઞી પંચેન્દ્રિયમાં ઉપરની ચાર તથા ભાષા એ પાંચ અને સંજ્ઞી પંચેન્દ્રિયમાં મન સહિત છ પર્યાપ્તિ હોય છે.

**પ્રશ્ન ૭૧–અપર્યાપ્તિ કોને કહે છે?**

**ઉત્તર** : જે જીવોમાં જેટલી પર્યાપ્તિ હોય છે. તેટલી પર્યાપ્તિ પૂર્ણ કરી ન હોય તે 'અપર્યાપ્તિ જીવ' કહેવાય છે. અપર્યાપ્તિ અવસ્થામાં જીવ અંતર્મુહુર્ત્તથી વધારે કાળ રહેતો નથી.

**પ્રશ્ન ૭૨–પર્યાપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–જે જીવ પોતાની યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ કરી ચૂકયો છે, તેને પર્યાપ્તિ જીવ કહે છે.

**પ્રશ્ન ૭૩–નારકી કોને કહે છે?**

**ઉત્તર**–જે જીવને નરક ગતિ નામ કર્મનો ઉદય હોય છે તેને નારકી કહેવાય છે. જે જીવ અત્યંત પાપકર્મ કરે છે તે મરીને નરકમાં જાય છે. તે નરક સાત છે.

**પ્રશ્ન ૭૪–સાત નરક પૃથ્વીનાં નામ શું છે ?**

**ઉત્તર**–૧. ધમ્મા, ૨. વંશા, ૩. શિલા, ૪. અંજના, ૫. રિટ્ઠા, ૬. મઘા, ૭. માઘવતી.

**પ્રશ્ન ૭૫–સાત નરકનાં ગોત્ર કયા છે ?**

**ઉત્તર**–૧. રત્નપ્રભા, ૨. શર્કરા પ્રભા, ૩. વાલુકા પ્રભા, ૪. પંક પ્રભા, ૫ ધૂમ પ્રભા, ૬. તમઃ પ્રભા, ૭. તમઃ તમઃ પ્રભા.

**પ્રશ્ન ૭૬–તિર્યંચ કોને કહે છે ?**

**ઉત્તર**–જે જીવોને તિર્યંચગતિ નામ કર્મનો ઉદય હોય. જે જીવ ખોટું બોલે છે. છલ–કપટ કરે છે. વ્યાપાર આદિમાં છેતરપીંડી કરે છે. તે મરીને એકેન્દ્રિય આદિ તથા પશુ-પક્ષી આદિ તિર્યંચભવમાં જાય છે.

**પ્રશ્ન ૭૭–શું બધા તિર્યંચ પંચેન્દ્રિય હોય છે ?**

**ઉત્તર**–ના. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય, એ પાંચે પ્રકારના તિર્યંચ હોય છે.

**પ્રશ્ન ૭૮–તિર્યંચના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–૪૮ ભેદ–પૃથ્વીકાય, અપકાય, તેઉકાય અને

વાઉકાય. તે પ્રત્યેકના ૪–૪ ભેદ સૂક્ષ્મ, બાદર, અપર્યાપ્તિ અને પર્યાપ્તિ કુલ ૧૬ ભેદ.

વનસ્પતિકાયના ૬ ભેદ ૧. સૂક્ષ્મ ૨. સાધારણ ૩. પ્રત્યેક. એ ત્રણના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

ત્રણ વિકલેન્દ્રિયના ૬ ભેદ—બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિયના અપર્યાપ્તા અને પર્યાપ્તા.

એ રીતે ૧૬ + ૬ + ૬ = ૨૮ ભેદ થયા.

તિર્યંચ પંચેન્દ્રિયના ૨૦ ભેદ–જળચર, સ્થળચર, ખેચર, ઉરપરિસર્પ, ભુજપરિસર્પ એ પાંચના અસંજ્ઞી અને સંજ્ઞી, અપર્યાપ્તા અને પર્યાપ્તા ૫ × ૨ × ૨ = ૨૦ ભેદ થયા.

ઉપરોક્ત ૨૮ + ૨૦ = ૪૮ ભેદ તિર્યંચના થયા.

**પ્રશ્ન ૭૯–મનુષ્ય કોને કહે છે?**

**ઉત્તર**–મનુષ્ય–ગતિ નામકર્મવાળા જીવને મનુષ્ય કહેવાય છે. જે જીવ સ્વભાવથી ભદ્ર, વિનીત, દયાળુ તથા બીજા કોઈની ઈર્ષા કરતા નથી તેવા જીવો મરીને પ્રાયઃ મનુષ્યભવમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૮૦–મનુષ્યના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–૩૦૩ ભેદ–૧૫ કર્મભૂમિ, ૩૦ અકર્મભૂમિ અને ૫૬ અંતરદ્વીપ એ ત્રણે મળીને ૧૦૧ સંજ્ઞી મનુષ્યના અપર્યાપ્તા અને પર્યાપ્તાના ભેદ કરતાં ૨૦૨, તથા એ

૨૦૨ ભેદના અશુચિના ચૌદ સ્થાનમાં ઉત્પન્ન થનારા ૧૦૧ અપર્યાપ્ત સંમૂચ્છિર્મ મનુષ્ય. એમ બધાં મળીને કુલ ૩૦૩ ભેદ થયા.

પ્રશ્ન ૮૧-અંતરદ્વીપ કેટલા અને ક્યાં છે?

**ઉત્તર**–અંતરદ્વીપ લવણસમુદ્રમાં આવેલા છે. જંબુદ્વિપમાં આવેલા ચૂલહિમવંત અને શિખરી પર્વતની ચારે વિદિશાઓમાં ૭–૭ અંતરદ્વિપ હોવાથી એક પર્વતની પાસે ૨૮ એમ બન્ને પર્વતોનાં મળી ૫૬ અંતરદ્વીપ થાય છે.

પ્રશ્ન ૮૨–કર્મભૂમિ કોને કહે છે?

**ઉત્તર**–જે ક્ષેત્રોમાં અસિ (હથિયાર) મસિ (વ્યાપાર, વાણિજ્ય) કૃષિ (ખેતી)નો વ્યવહાર હોય છે અથવા જ્યાં મોક્ષમાર્ગ પ્રવર્તતો હોય તે ક્ષેત્રને કર્મભૂમિ કહેવાય છે. તેનાં ૧૫ ભેદ છે.

પ્રશ્ન ૮૩–કર્મભૂમિના પંદર ભેદ કયા કયા છે?

**ઉત્તર**–પાંચ ભરત, પાંચ ઐરવત અને પાંચમહાવિદેહ (૫+૫+૫=૧૫) કુલ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિનાં છે. તેમાં રહેનાર મનુષ્યો કર્મભૂમિનાં મનુષ્યો કહેવાય છે. આ ક્ષેત્રમાં તીર્થંકર, ચક્રવર્તી, સાધુ–સાધ્વી વગેરે હોય છે.

પ્રશ્ન ૮૪–અકર્મભૂમિ કોને કહે છે?

**ઉત્તર**–જે ક્ષેત્રોમાં અસિ, મસિ, કૃષિ આદિની પ્રવૃત્તિ હોતી નથી. તથા જે ક્ષેત્રોમાં યુગલિકપણાનો વ્યવહાર હોય છે તે અકર્મભૂમિ કહેવાય છે. આ ક્ષેત્રોમાં

પુરુષ સ્ત્રીનું યુગલ સાથે જન્મે છે. યુવાવસ્થામાં પ્રવેશતા તે પતિ–પત્ની તરીકે થાય છે અને અંતે છ માસ આયુષ્ય બાકી રહે ત્યારે એક યુગલને જન્મ આપી છીંક, બગાસાદિ પૂર્વક, પીડા રહિત મૃત્યુ પામીને દેવલોકમાં જ જાય છે. યુગલિકોનાં પુણ્ય પ્રભાવે તે ક્ષેત્રોમાં કલ્પવૃક્ષો હોય છે. તેની પાસેથી તેમને આહાર, વસ્ત્ર, પાત્ર, આભૂષણ વગેરે સર્વ વસ્તુઓ મળી જાય છે. આ ક્ષેત્રમાં તીર્થંકર આદિ ઉત્પન્ન થતા નથી તથા ધર્મ પણ પ્રવર્તતો નથી.

**પ્રશ્ન ૮૫-અકર્મભૂમિના કેટલા ભેદ છે?**

ઉત્તર–નીચે પ્રમાણે ૩૦ ભેદ છે.

| | | |
|---|---|---|
| ૫ દેવકુરૂ, | ૫ હરિવર્ષ | ૫ હેમવય |
| ૫ ઉત્તરકુરૂ, | ૫ રમ્યકવર્ષ | ૫ હિરણ્યવય=૩૦ |

**પ્રશ્ન ૮૬–મનુષ્ય કયાં ઉત્પન્ન થાય છે?**

ઉત્તર–મનુષ્ય અઢીદ્વીપમાં જ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૮૭–અઢીદ્વીપ કયા કયા છે?**

ઉત્તર–જંબુદ્વીપ, ધાતકીખંડ, અર્ધ પુષ્કરદ્વીપ, એ અઢીદ્વીપ અને વચ્ચે લવણ સમુદ્ર અને કાલોદધિ સમુદ્ર એ બે સમુદ્ર છે.

**પ્રશ્ન ૮૮–અઢીદ્વીપનો ૪૫ લાખ યોજનનો વિસ્તાર કઇ રીતે થાય?**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઉત્તર–જંબુદ્વીપ | ૧ | લાખ | યોજન | બે બાજુ થઇને | |
| લવણસમુદ્ર | ૪ | ,, | ,, | બે બાજુ થઇને | |
| ધાતકીખંડ | ૮ | ,, | ,, | ,, | |
| કાલોદધિ સમુદ્ર | ૧૬ | ,, | ,, | ,, | |
| અર્ધ પુષ્કરદ્વીપ | ૧૬ | ,, | ,, | ,, | |
| કુલ | ૪૫ | લાખ | યોજન | અઢીદ્વીપ | |

ક્ષેત્રનો વિસ્તાર છે.

**પ્રશ્ન ૮૯–અકર્મભૂમિ અને અંતરદ્વીપમાં ઉત્પન્ન થવાવાળા મનુષ્યોનાં નામ શું છે ?**

**ઉત્તર**–તે ક્ષેત્રોનાં મનુષ્યોને યુગલિક (જુગલીયા) કહેવાય છે, કારણ કે તે સ્ત્રી–પુરૂષ સાથે જ ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૯૦–દેવ કોને કહેવાય છે ?**

**ઉત્તર**–દેવગતિ નામ કર્મના ઉદયથી દેવગતિમાં ઉત્પન્ન થયેલાને 'દેવ' કહેવાય છે.

જે જીવ શ્રાવકના વ્રતો, સાધુનાં વ્રતોનું પાલન કરે છે તથા જે બાલતપ અને અકામનિર્જરા કરે છે, તેઓ દેવગતિમાં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૯૧–દેવના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–મુખ્ય ચાર ભેદ છે–૧. ભવનપતિ, ૨. વાણ-વ્યંતર, ૩. જ્યોતિષી અને ૪. વૈમાનિક.

**પ્રશ્ન ૯૨–ભવનપતિના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–૨૫ ભેદ છે—

| | | |
|---|---|---|
| ૧. અસુરકુમાર | ૪. વિદ્યુત્કુમાર | ૭. ઉદધિકુમાર |
| ૨. નાગકુમાર | ૫. અગ્નિકુમાર | ૮. દિશાકુમાર |
| ૩. સુવર્ણકુમાર | ૬. દ્વીપકુમાર | ૯. પવનકુમાર |
| | | ૧૦. સ્તનિતકુમાર |

એ ૧૦ ભેદ અસુરકુમારાદિ

| | | | |
|---|---|---|---|
| ૧. અંબ | ૬. મહારૌદ્ર | ૧૧. કુંભ | એ ૧૫ ભેદ |
| ૨. અંબરિષ | ૭. કાલ | ૧૨. વાલુકા | પરમાધામીનાં |
| ૩. શ્યામ | ૮. મહાકાલ | ૧૩. વૈતરણી | ૧૦+૧૫=૨૫ |
| ૪. શબલ | ૯. અસિપત્ર | ૧૪. ખરસ્વર | |
| ૫. રૌદ્ર | ૧૦. ધનુષ | ૧૫. મહાઘોષ | |

**પ્રશ્ન ૯૩–વાણવ્યંતર દેવોના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–વાણવ્યંતર દેવોના ૨૬ ભેદ છે.

| ૮, વ્યંતર દેવો | ૮, વાણ વ્યંતરદેવો | (જૃંભક ૧૦) |
|---|---|---|
| ૧. પિશાચ | ૧. આણુપન્ને | ૧. અન્ન જૃંભક |
| ૨. ભૂત | ૨. પાણુપન્ને | ૨. પાણ ,, |
| ૩. યક્ષ | ૩. ઇસિવાઈ | ૩. વસ્ત્ર ,, |
| ૪. રાક્ષસ | ૪. ભૂયવાઈ | ૪. લયન ,, |
| ૫. કિન્નર | ૫. કંદે | ૫. શયન ,, |
| ૬. કિંપુરુષ | ૬. મહાકંદે | ૬. પુષ્પ ,, |
| ૭. મહોરગ | ૭. કૂષ્માંડ | ૭. ફળ ,, |

૮. ગંધર્વ ૮. પયંગદેવ ૮. પુષ્પફળ „
૯. વિદ્યા „
૧૦. અવિયત્ત „

**પ્રશ્ન ૯૪–એ બધાને જૃંભક શા માટે કહે છે ?**

**ઉત્તર**–કારણ કે એ સદા ક્રીડામાં લીન રહે છે.

**પ્રશ્ન ૯૫–જ્યોતિષી દેવના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–દશ ભેદ છે.

(૧) ચંદ્ર (૨) સૂર્ય (૩) ગ્રહ (૪) નક્ષત્ર (૫) તારા. ચંદ્રાદિ આપણે જે જોઈએ છીએ તે તેના વિમાનો છે. તેમાં દેવો રહે છે અને પોતાના પુણ્યાનુસાર સુખને ભોગવે છે.

ચર : અઢીદ્વીપમાં રહેલા ચંદ્ર આદિના જ્યોતિષી વિમાનો મેરૂ પર્વતની ચારે બાજુ પરિભ્રમણ કરે છે તેને ચર કહેવાય છે.

અચર : ચંદ્ર આદિ પાંચે મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલા જ્યોતિષી વિમાનો સ્થિર હોય છે, તેને અચર કહેવાય છે. એમ કુલ ૧૦ ભેદ થયા.

**પ્રશ્ન ૯૬–વૈમાનિક દેવનાં કેટલાં ભેદ છે ?**

**ઉત્તર**–(૧) કલ્પોપપન્ન (૨) કલ્પાતીત એમ બે ભેદ છે.

**પ્રશ્ન ૯૭–કલ્પોપપન્ન કોને કહે છે?**

**ઉત્તર**–જ્યાં ઈન્દ્ર, (રાજા) સામાનિક, ત્રાયસ્ત્રિંશક

સેનાપતિ, સભા વગેરે પ્રકારની વ્યવસ્થા હોય છે તેને કલ્પોપપન્ન કહેવાય છે.

**પ્રશ્ન ૯૮–કલ્પાતીત કોને કહે છે ?**

**ઉત્તર**.–અહમિન્દ્રોને અર્થાત્ જ્યાં નાના–મોટાના ભેદ નથી, તેને કલ્પાતીત કહેવાય છે.

**પ્રશ્ન ૯૯–કલ્પોપપન્નના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–૧૨ ભેદ છે. ૧. સૌધર્મ ૨. ઈશાન ૩. સનત્કુમાર ૪. માહેન્દ્ર ૩. બ્રહ્મલોક ૬. લાંતક ૭. મહાશુક્ર ૮. સહસ્રાર ૯. આણત ૧૦. પ્રાણત ૧૧. આરણ ૧૨. અચ્યુત.

**પ્રશ્ન ૧૦૦–કિલ્વિષિક દેવ ક્યાં રહે છે ?**

**ઉત્તર**–પ્રથમ કિલ્વિષિક દેવ–પહેલા બીજા દેવલોકની નીચેનાં પ્રતર ભાગમાં જ્યોતિષીની ઉપર રહે છે. તે ત્રણ પલ્યોપમની સ્થિતિવાળા છે.

બીજા કિલ્વિષિક દેવ–ત્રીજા–ચોથા દેવલોકની નીચેનાં ભાગમાં અને પહેલા–બીજા દેવલોકની ઉપર રહે છે તે ત્રણ સાગરની સ્થિતિવાળા છે.

ત્રીજા કિલ્વિષિક દેવ–પાંચમા દેવલોકની ઉપર અને છઠ્ઠા દેવલોકની નીચેનાં ભાગમાં રહે છે. તે તેર સાગરની સ્થિતિવાળા છે.

**પ્રશ્ન ૧૦૧–કલ્પાતીત કેટલા પ્રકારનાં છે ?**

ઉત્તર–બે પ્રકારનાં છે. નવ ગ્રૈવેયક અને ૨. પાંચ અનુત્તર વિમાનવાસી.

**પ્રશ્ન ૧૦૨–ગ્રૈવેયકના કેટલા ભેદ છે ?**

ઉત્તર–નવ ભેદ છે–૧. ભદ્દે ૨. સુભદ્દે ૩. સુજાએ ૪. સુમાણુસે ૫. સુદંસણે ૬. પ્રિય દંસણે ૭. આમોહે ૮. સુપડિબદ્ધે અને ૯. જશોધરે

**પ્રશ્ન ૧૦૩–અનુત્તર વિમાનનાં કેટલા ભેદ છે?**

ઉત્તર–પાંચ ભેદ છે. ૧. વિજય ૨. વૈજયંત ૩. જયંત ૪. અપરાજિત અને ૫ સર્વાર્થસિદ્ધ.

**પ્રશ્ન ૧૦૪–લોકાંતિક દેવોના કેટલા ભેદ છે ?**

ઉત્તર–લોકાંતિક દેવોનાં નવ ભેદ છે.

| | | |
|---|---|---|
| ૧. સારસ્વત | ૪. વરૂણ | ૭. અવ્યાબાધ |
| ૨. આદિત્ય | ૫. ગર્દતોય | ૮- આગ્નેય |
| ૩. વન્હિ | ૬. તુષિત | ૯. અરિષ્ઠ. |

આ લોકાંતિક દેવો પાંચમા બ્રહ્મ દેવલોકમાં રહે છે.

**પ્રશ્ન ૧૦૫–બધા મળીને દેવોના કેટલા ભેદ થયા ?**

ઉત્તર–૨૫ ભવનપતિ

| | |
|---|---|
| + ૧૬ વાણુવ્યંતર | તેનાં અપર્યાપ્તા |
| + ૧૦ જુંભક | અને પર્યાપ્તા |
| + ૧૦ જ્યોતિષી | મળીને ૧૯૮ ભેદ |
| + ૩૮ વૈમાનિક | દેવના થયા. |

કુલ–૯૯

પ્રશ્ન ૧૦૬–ભાવેન્દ્રિય કોને કહે છે ?

ઉત્તર–લબ્ધિ અને ઉપયોગને ભાવેન્દ્રિય કહેવાય છે.

પ્રશ્ન ૧૦૭–લબ્ધિ કોને કહે છે ?

ઉત્તર–જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ઉત્પન્ન થવા વાળી શક્તિને લબ્ધિ કહેવાય છે.

પ્રશ્ન ૧૦૮–ઉપયોગ કોને કહે છે ?

ઉત્તર–પદાર્થને જાણવાના જ્ઞાન–વ્યાપારને ઉપયોગ કહેવાય છે.

પ્રશ્ન ૧૦૯–જીવની ઓળખાણ કેટલા લક્ષણોથી કરી શકાય ?

ઉત્તર–જીવની ઓળખાણ કરવાના મુખ્ય લક્ષણ નવ છે.

૧. જીવ સદા કાળ જીવરૂપથી કાયમ રહે છે.
૨. ઉપયોગવંત યાને જ્ઞાન દર્શનધારી છે.
૩. અરૂપી– જે ઈન્દ્રિયોથી જાણી ન શકાય, જેમાં રૂપ, રસ, ગંધ, સ્પર્શ નથી.
૪. કર્મનો કર્તા છે.
૫. કર્મનો ભોક્તા–કર્મોના ફળનો ભોગવનાર છે.
૬. પોતાના શરીર પ્રમાણ રહેવાવાળો છે.
૭. સંસારી યાને શરીરધારી છે.
૮. સિદ્ધ અશરીરી છે.
૯. ઉંચે જવાનો જેનો સ્વભાવ છે.

**પ્રશ્ન ૧૧૦–જીવનો સ્વભાવ ઉંચે જવાનો કેવી રીતે છે?**

ઉત્તર–જેવી રીતે તુંબડાનો સ્વભાવ પાણી ઉપર તરવાનો છે. જો તેના પર માટીનો લેપ કરવામાં આવે તો ડુબવા લાગે છે. તે રીતે જીવનો સ્વભાવ તો ઉપર જવાનો છે, પરંતુ રાગ–દ્વેષ મોહરૂપી કર્મમલના કારણે તે જીવ સંસારરૂપી સમુદ્રમાં ડુબી જાય છે.

**પ્રશ્ન ૧૧૧–જીવને 'જીવ' એ પ્રમાણે શા માટે કહે છે?**

ઉત્તર–જ્ઞાન–દર્શન–સુખ અને શક્તિ એ ચાર ભાવ-પ્રાણ અર્થાત્ નિશ્ચયપ્રાણોથી સદા જીવિત રહે છે. ક્યારેય નાશ થતો નથી. તેથી તેને 'જીવ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૧૨–આપણા અને પરમાત્માના ભાવ પ્રાણમાં શું અંતર છે?**

ઉત્તર–આપણા ભાવપ્રાણ અશુદ્ધ અને પરમાત્માના ભાવ પ્રાણ શુદ્ધ છે.

**પ્રશ્ન ૧૧૩–શુદ્ધ ભાવ પ્રાણ કોને કહે છે?**

ઉત્તર–જેમાં અંશ માત્ર પણ મલિનતા ન હોય અને પરિપૂર્ણ હોય. જેમ કે અરિહંત અને સિદ્ધ ભગવાનના જ્ઞાન–દર્શનાદિ નિર્મળ અને પ્રતિપૂર્ણ છે.

**પ્રશ્ન ૧૧૪–અશુદ્ધ ભાવપ્રાણ કોને કહે છે?**

ઉત્તર–જે મલિન અથવા અલ્પ હોય, જેના પર

અજ્ઞાન, મોહ આદિ મેલ છપાયેલ હોય, તે બધા સંસારી જીવોને હોય છે.

**પ્રશ્ન ૧૧૫-ભાવપ્રાણ અશુદ્ધ કેવી રીતે થાય છે ?**

**ઉત્તર**-હિંસા, ઈન્દ્રિયોનાં ભોગ અને રાગ-દ્વેષથી ભાવપ્રાણ અશુદ્ધ-મલિન થાય છે.

૧. અનંત જ્ઞાન શકિત મલિન થવાથી કુજ્ઞાન અથવા અલ્પ જ્ઞાન થાય છે.

૨. અનંત દર્શન શકિત મલિન થવાથી કુદર્શન અથવા અલ્પ દર્શન થાય છે.

૩. અનંત આત્મિક સુખ-દુઃખનો અનુભવ અથવા અલ્પ આત્મિક સુખ થાય છે.

૪. વીર્યની અનંત શક્તિ આવરિત થવાથી અલ્પશક્તિ થાય છે.

**પ્રશ્ન ૧૧૬-જીવને દુઃખી થવાનું મૂળ કારણ શું છે ?**

**ઉત્તર**-હિંસાદિ પાપ, ઈન્દ્રિયોના ભોગ અને રાગ-દ્વેષ કરવાથી ચાર ભાવ પ્રાણ મલિન થાય છે અને તેથી જીવ દુઃખી થાય છે.

**પ્રશ્ન ૧૧૭-જીવને સુખી થવાનું મૂળ કારણ શું છે ?**

**ઉત્તર**-હિંસાદિ પાપ, ઈન્દ્રિયોના ભોગ અને રાગ-દ્વેષ જેટલા પ્રમાણમાં ઘટે છે, એટલા પ્રમાણમાં ચારે ભાવપ્રાણ શુદ્ધ થાય છે અને જીવને સુખ મળે છે. જેઓએ

સર્વથા પ્રકારથી હિંસાદિ પાપ, ઈન્દ્રિયોના ભોગ અને રાગ દ્વેષનો ત્યાગ કરીને ચાર ભાવપ્રાણ શુધ્ધ કરેલાં છે, તેને અનંત અવિનાશી સુખ મળે છે. આ પરમાત્મ-અવસ્થા છે.

**પ્રશ્ન ૧૧૮–શુધ્ધ જીવ (પરમાત્મા)ના નામ શું શું છે?**

**ઉત્તર**–અજર, અમર, સિદ્ધ, બુદ્ધ, પરમપુરૂષ, પરમેશ્વર, પરમજ્યોતિ, પરમ બ્રહ્મ (પ્રધાન આત્મા) અનાદિ અનંત, અવિનાશી, મુક્ત, નિરંજન, નિરાકાર, સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વ શુદ્ધ અને ભગવાન આદિ શુદ્ધ જીવનાં અનેક નામ છે.

**પ્રશ્ન ૧૧૮–અ જીવ અજર, અમર, અવિનાશી કઈ અપેક્ષાએ છે?**

**ઉત્તર**–જીવમાં ભાવપ્રાણ સદાયે સ્થિર રહે છે. તે અપેક્ષાએ જીવ અજર, અમર, અવિનાશી છે.

**પ્રશ્ન ૧૧૯–જીવ જન્મ-મરણ કઇ અપેક્ષાથી કરે છે?**

**ઉત્તર**–જીવ દ્રવ્ય પ્રાણની પ્રાપ્તિથી જન્મ લ્યે છે અને દ્રવ્ય પ્રાણનાં નાશથી મરણ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન ૧૨૦–સિધ્ધ, બુધ્ધ, અજર, અમર વગેરે પરમાત્માના નામ જપવાથી શું લાભ મળે છે?**

**ઉત્તર**–ચિત્તને શાંતિ મળે છે, ભાવની શુધ્ધિ થાય છે. જેવી રીતે અગ્નિની પાસે બેસવાથી શરદી દૂર થાય છે, તે રીતે પરમાત્માના નામ જપવાથી દુઃખ દૂર થઈ જાય છે.

**પ્રશ્ન ૧૨૧–જીવ અજર અમર અવિનાશી છે, તો કોઇ જીવને મારવામાં પાપ કેમ લાગે છે ?**

**ઉત્તર**–જીવને મારવાથી યા કષ્ટ દેવાથી તેનાં દ્રવ્ય પ્રાણોને હાની થાય છે અને તેનાથી જીવને દુઃખ થાય છે, તે પાપ છે.

દુઃખ થવાથી તે જીવને રાગ–દ્વેષ થાય છે, તેનાં જ્ઞાનાદિ ભાવપ્રાણ મલિન થાય છે તે ભાવહિંસા છે. બીજાને દુઃખ આપવાને માટે પોતાના ભાવપ્રાણ (જ્ઞાનાદિ) મલિન થાય છે. તે ભાવહિંસા છે. બીજાને દુઃખ આપવાને માટે સ્વયં ક્રોધાદિ કષાય અને ભોગ–લાલસાને વશ થઈને પોતાના ભાવ પ્રાણ (જ્ઞાનાદિ) મલિન કરીને પાપ-કર્મ એકત્રિત કરે છે. તે સ્વયંની ભાવહિંસા છે. માટે મન–વચન કાયાથી કોઈને દુઃખ આપવું તે પોતાને માટે દુઃખની સામગ્રી સંચય કરવા બરાબર છે.

**પ્રશ્ન ૧૨૨–સૂક્ષ્મ બાદર શરીરધારી જીવો કયા છે ?**

**ઉત્તર**–એકેન્દ્રિય જીવોમાં જ માત્ર સૂક્ષ્મ–બાદર બંને પ્રકારના જીવ છે. બાકીના બધા જીવ બાદર શરીર-ધારી જ છે.

**પ્રશ્ન ૧૨૩–સૂક્ષ્મ જીવોનું આયુષ્ય કેટલું હોય છે ?**

**ઉત્તર**– અંત મુર્હુર્ત, ઓછામાં ઓછું આયુષ્ય હોય તો બે ઘડી (૪૮ મિનિટ) માં વનસ્પતિનાં જીવો ૬૫,૫,૩૬ વાર જન્મ–મરણ કરી શકે છે. તે જીવોને જન્મ–મરણનું અનંત દુઃખ સદા ભોગવવું પડે છે.

પ્રશ્ન ૧૨૪–રૂપી કોને કહે છે ?

ઉત્તર–જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ હોય, તે ‘રૂપી’ કહેવાય છે. જે ઈન્દ્રિયોથી જાણી શકાય છે તે દશ્યમાન ‘રૂપી’ છે.

પ્રશ્ન ૧૨૫–અરૂપી કોને કહે છે ?

ઉત્તર–જેમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ન હોય, જે ઈન્દ્રિયોથી જાણી ન શકાય તે ‘અરૂપી’ છે.

પ્રશ્ન ૧૨૬–જીવ રૂપી છે કે અરૂપી ?

ઉત્તર–(૧) નિશ્ચય નયથી તેના શુધ્ધ સત્યસ્વરૂપનો વિચાર કરવાથી જીવ ‘અરૂપી’ છે. જ્ઞાન–દર્શન–સુખ–વીર્યાદિ ગુણોનો સમૂહ છે.

(૨) વ્યવહાર નયથી, કર્મના સંયોગથી બનેલ જીવની અશુદ્ધ અવસ્થાનો વિચાર કરતા જીવ કર્મથી યુક્ત હોવાથી રૂપી છે, શરીરધારી છે.

પ્રશ્ન ૧૨૭–જીવ કોનો કર્તા છે ?

ઉત્તર–જીવ વ્યવહારનયથી આઠ દ્રવ્યકર્મનો કર્તા છે. અશુદ્ધ નિશ્ચય નયથી અશુદ્ધ ચૈતન્ય રૂપ, રાગ–દ્વેષ મોહાદિ ભાવકર્મનો કર્તા છે.

પ્રશ્ન ૧૨૮–લોકમાં જેટલા જીવ છે, તેટલા જ રહે છે અથવા તેમાં ઘટાડો–વધારો થાય છે ?

ઉત્તર–અનાદિકાળથી જેટલા જીવ છે, તેટલા જ

અનંતકાળ–સદા રહેશે. તેમાં એક પણ ઓછો કે અધિક થશે નહિ.

**પ્રશ્ન ૧૨૯–સિદ્ધ પરમાત્મા કેટલાં છે અને સંસારી જીવ કેટલાં છે ?**

**ઉત્તર**–સિદ્ધ અને સંસારી–બંને અનંત છે

**પ્રશ્ન ૧૩૦–સિદ્ધ પરમાત્મા અને સંસારી બંને બરાબર છે ?**

**ઉત્તર**–ના. સિદ્ધથી સંસારી અનંતગુણ અધિક છે. સંસારી જીવોથી સિદ્ધ પરમાત્મા અનંતમા ભાગે છે.

**પ્રશ્ન ૧૩૧–સિદ્ધ ભગવાન અને સંસારી જીવોની સંખ્યામાં વધ–ઘટ થાય છે ?**

**ઉત્તર**–હા. સંસારી જીવ કર્મબંધનથી જેટલા મુક્ત થતા જાય છે, તેટલા ઓછા થતાં જાય છે અને સિદ્ધ પરમાત્મા વધતા જાય છે. સિદ્ધ ભગવાન ઓછા થતાં નથી.

**પ્રશ્ન ૧૩૨–બધા સંસારી જીવો શું સિદ્ધ થઈ જશે ?**

**ઉત્તર**–ના, સંસારી જીવોમાં ભવ્ય અને અભવ્ય એવા બે ભેદ છે. જેમાં અભવ્ય જીવોની મુક્તિ કયારેય થશે જ નહિ અને ભવ્ય જીવોમાંથી જે કર્મનો ક્ષય કરશે તે મોક્ષ પામશે. પરંતુ સંસાર ભવ્યજીવોથી ક્યારેય ખાલી નહિ થાય. અનંતકાળ પછી પણ ભવ્યજીવો સિદ્ધોથી અનંતગુણ અધિક જ રહેશે.

**પ્રશ્ન–૧૩૩ ભવ્ય અને અભવ્યનો અર્થ શું છે ?**

ઉત્તર–ભવ્ય એટલે સિદ્ધ થવાની યોગ્યતાવાળા અથવા મોક્ષ મેળવનારા અને અભવ્ય એટલે સિદ્ધ થવાની યોગ્યતા વગરના અથવા કયારેય મોક્ષમાં નહિ જનારા.

**પ્રશ્ન ૧૩૪–ભવ્યજીવોમાં સિદ્ધ થવાની યોગ્યતા છે. તો કયારેક બધા ભવ્યજીવોની મુક્તિ થઈ જશે. જો એમ થાય તો સંસારમાં માત્ર અભવ્ય જીવ જ રહી જાય ને?**

ઉત્તર–ના. એમ કયારેય પણ થશે નહિ. રાજા થવાની યોગ્યતાવાળા બધાં જ રાજા થઈ જાય એવો નિયમ નથી.

**પ્રશ્ન ૧૩૫–કોઈ ઉદાહરણ આપીને સમજાવો.**

ઉત્તર–જેવી રીતે માટી અને રેતીમાં સ્વભાવથી જ ભેદ છે કે માટીથી ઘડો બની શકે છે. પરંતુ રેતીથી બની શકતો નથી. એવી જ રીતે ભવ્ય અને અભવ્યમાં સ્વભાવથી જ ભેદ છે કે ભવ્ય જીવ કર્મથી મુક્ત થઈ શકે છે. અભવ્ય જીવ નહિ. સંસારની બધી માટીમાંથી ઘડા બની શકે છે. પરંતુ જે માટીને કુંભાર, ચાકડો આદિનો યોગ મળે છે તે માટી ઘડા રૂપ થઈ શકે છે. તે રીતે જે ભવ્ય જીવોને સુદેવ, સુગુરૂ અને સુધર્મનો યોગ મળે છે તે જીવ સમ્યક્‌જ્ઞાન–સમ્યગ્દર્શન અને સમ્યક્‌-ચારિત્રથી કર્મબંધનને તોડીને મુક્ત થઈ શકે છે. બધા જ નહિ.

**પ્રશ્ન–૧૩૬ લોકમાં ભવ્યજીવો વધારે છે કે અભવ્ય?**

ઉત્તર–અભવ્ય જીવોથી ભવ્યજીવો અનંતગુણ અધિક છે.

**પ્રશ્ન ૧૩૭–અભવ્યજીવ જૈન ધર્મ પ્રાપ્ત કરી શકે છે ?**

**ઉત્તર**–કેટલાક અભવ્ય જીવો પણ શ્રાવક અને સાધુઓનાં વ્રત ધારણ કરે છે. સૂત્ર–સિદ્ધાંત ભણે છે, તથા અનેક પ્રકારની ક્રિયાઓ પણ કરે છે. પરંતુ તેઓને સમ્યક્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થતી નથી. જ્ઞાનીની દૃષ્ટિમાં તે અજ્ઞાની અને મિથ્યાત્વી છે. તેના ચારિત્રનું પાલન શુભબંધનું કારણ બને છે.

**પ્રશ્ન ૧૩૮–અભવ્યજીવ ધર્મનું પાલન કરે છે, તો શું તેનું ફળ તેને નથી મળતું ?**

**ઉત્તર**–હા. સારી કરણીનું સારૂં ફળ અને માઠી કરણીનું માઠું ફળ તેને પણ મળ્યા વિના રહેતું નથી. અભવ્યજીવો પણ સાધુના વ્રતોનું પાલન કરીને નવગ્રૈવેયક સુધી જઈ શકે છે.

**પ્રશ્ન–૧૩૯ જીવને બંધન કેટલાં છે ?**

**ઉત્તર**–બે, (૧) રાગ અને (૨) દ્વેષ.

**પ્રશ્ન ૧૪૦–જીવ કયાં સાધનોથી અપરાધ કરીને દંડિત થાય છે ?**

**ઉત્તર**–મન, વચન અને કાયાના (યોગો) સાધનોથી દંડને પાત્ર બનીને દંડિત થાય છે.

**પ્રશ્ન ૧૪૧–ગર્ભજ અને સંમૂચ્છિંમ મનુષ્યમાં શું ભેદ છે ?**

**ઉત્તર**–સ્ત્રી–પુરૂષના સંયોગથી જે ઉત્પન્ન થાય છે,

તે ગર્ભજ છે અને જે મનુષ્યોનાં મળ-મૂત્ર આદિ અશુચિના સ્થાનમાં ઉત્પન્ન થાય છે તે મનુષ્ય "સંમૂચ્છિમ" હોય છે.

**પ્રશ્ન ૧૪૨-સંમૂચ્છિમ મનુષ્યને ઉત્પન્ન થવાના કેટલા અને કયાં કયાં સ્થાન છે?**

**ઉત્તર**-ચૌદ સ્થાન છે. (૧) ઉચ્ચાર (વિષ્ટા), (૨) મૂત્ર, (૩) ખેલ-બળખો (૪) નાકનો મેલ (શ્લેષ્મ) (૫) વમન, (૬) પિત્ત, (૭) પરૂ, (૮) રૂધિર, (૯) વીર્ય, (૧૦) સુકાઈ ગયેલ અશુચિના પુદ્દગલો ફરીથી ભીના થાય તેમાં (૧૧) મનુષ્યનાં કલેવરમાં, (૧૨) સ્ત્રી-પુરૂષનાં સંયોગમાં; (૧૩) નગરની ખાળમાં, (૧૪) મનુષ્યનાં સર્વ અશુચિ સ્થાનોમાં, સંમૂચ્છિમ મનુષ્ય ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૧૪૩-સંમૂચ્છિમ મનુષ્ય આપણને દેખાય છે?**

**ઉત્તર**-ના. તે એટલા સૂક્ષ્મ હોય છે કે ચર્મચક્ષુઓથી દેખાતા નથી.

**પ્રશ્ન ૧૪૪-માટી અને પાણીના યોગથી કયા જીવો ઉત્પન્ન થાય છે?**

**ઉત્તર**-માટી અને પાણીના યોગથી વનસ્પતિના તથા બેઈન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીનાં જીવો ઉત્પન્ન થાય છે. પરંતુ તે બધા સંમૂચ્છિમ ગણાય છે.

**પ્રશ્ન ૧૪૫-બધા જીવો મૂળ સ્વરૂપમાં સમાન છે કે નાના-મોટા?**

**ઉત્તર**-મૂળ સ્વરૂપમાં તો સર્વ જીવો સમાન છે. પરંતુ કર્મરૂપ ઉપાધિથી નાના-મોટા ગણાય છે.

**પ્રશ્ન ૧૪૬-જીવનો કોઈ ઘાત કરવા ઈચ્છે તો થઇ શકે કે નહિ ?**

ઉત્તર-જીવ અમર છે, તે કદી મરતો નથી. તેથી તેની ઘાત કોઈ કરી શકે નહિ.

**પ્રશ્ન ૧૪૭-જીવ મરતો નથી તો પાપ કેવી રીતે લાગે ?**

ઉત્તર-જીવના અત્યંત પ્રિય પ્રાણોને નષ્ટ કરી દુઃખ ઉત્પન્ન કરવાથી પાપ લાગે છે.

**પ્રશ્ન ૧૪૮-બધા જીવો સમાન છે તો પછી એકેન્દ્રિયને મારવાથી ઓછું અને મનુષ્યને મારવાથી અધિક પાપ કેમ લાગે છે ?**

ઉત્તર-જીવોની પ્રાણાદિ શક્તિઓના વિકાસમાં તારતમ્યતા હોવાથી પાપમાં અંતર હોય છે. મારવાવાળાના અજ્ઞાન અને કષાયિક ભાવો પાપના બંધમાં મુખ્ય છે. ત્રસ પ્રાણીઓની ઘાતમાં ભાવોની મલિનતા પ્રાયઃ અધિક હોય છે.

**પ્રશ્ન ૧૪૯-જીવને કેવી રીતે જાણી શકાય ?**

ઉત્તર-જીવ ચેતના લક્ષણ અને ઉપયોગ ગુણવાળો છે. એકેન્દ્રિય જીવોમાં વનસ્પતિનું વધવું, ફળ આવવા, ફૂલ થવા, વિકસિત થવું, મુરઝાવું આદિથી પ્રત્યક્ષ જીવોને જાણી શકાય છે.

એવી રીતે પૃથ્વી, પાંણી, તેઉ, વાઉમાં પણ જીવ છે. ખાણોમાં પથ્થર વધે છે. શાસ્ત્રકારોએ વનસ્પતિની જેમ

તેમાં પણ જીવ બતાવ્યા છે. અને વૈજ્ઞાનિકોએ પરીક્ષણ-સંશોધન કરીને પણ તેમાં જીવ સિદ્ધ કર્યા છે. બેઇન્દ્રિયાદિ તો પ્રત્યક્ષ જીવો દેખાય જ છે.

**પ્રશ્ન ૧૫૦–જીવોની ઓળખાણ કરીને તેની સાથે કેવો વ્યવહાર રાખવો જોઈએ ?**

**ઉત્તર**–પોતાનાથી નીચેની કોટિનાં બધા જીવો ઉપર દયા રાખવી તથા પોતાના સમાન પ્રાણીઓની સાથે સમભાવ રાખવો અને અધિક શક્તિવાળા મહાન ઉપકારી પુરૂષોની સાથે પૂજ્યભાવ રાખવો જોઇએ.

**પ્રશ્ન ૧૫૧–જાતિ કોને કહે છે ?**

**ઉત્તર**–અનેક વ્યક્તિઓમાં એકપણાની પ્રતીતિ કરાવનારા સમાન ધર્મને 'જાતિ' કહેવાય છે અથવા જ્યાં જીવનો જન્મ થાય તે સમાન ઇન્દ્રિયો વાળા જીવોના સમૂહને જાતિ કહે છે.

**પ્રશ્ન ૧૫૨–જાતિઓ કેટલી અને કઇ–કઈ છે ?**

**ઉત્તર**–જાતિઓ પાંચ છે. (૧) એકેન્દ્રિય (૨) બેઈન્દ્રિય (૩) તેઇન્દ્રિય (૪) ચઉરિન્દ્રિય અને (૫) પંચેન્દ્રિય.

**પ્રશ્ન ૧૫૩–જીવાજોનિ કોને કહે છે ?**

**ઉત્તર**–જીવોનાં ઉત્પન્ન થવાનાં જુદાં–જુદાં સ્થાનોને 'જીવાજોનિ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૪-જીવોને ઉત્પન્ન થવાની જીવ-યોનિ કેટલી છે?**

**ઉત્તર**-જીવયોનિ ૮૪ લાખ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૭ | લાખ | પૃથ્વીકાય, | ૨ | લાખ | બેઇન્દ્રિય, |
| ૭ | ,, | અપકાય, | ૨ | ,, | તેઇન્દ્રિય. |
| ૭ | ,, | તેઉકાય, | ૨ | ,, | ચઉરિન્દ્રિય. |
| ૭ | ,, | વાઉકાય, | ૪ | ,, | દેવતા. |
| ૧૦ | ,, | પ્રત્યેક વનસ્પતિકાય, | ૪ | ,, | નારકી. |
| ૧૪ | ,, | સાધારણ ,, ,, | ૪ | ,, | તીર્યંચ પંચેન્દ્રિય |
| | | | ૧૪ | ,, | મનુષ્ય. |
| | | | ૮૪ | લાખ | જીવ-યોનિ છે. |

**પ્રશ્ન ૧૫૪ (અ)-જીવનાં બીજા પણ કોઇ નામો છે ?**

**ઉત્તર**-પ્રાણ, ભૂત, સત્વ, આત્મા આદિ અનેક નામોથી જીવ ઓળખાય છે.

**પ્રશ્ન ૧૫૫-જીવની મુકિત કયા ભવમાં થાય છે ?**

**ઉત્તર**-જીવની મુક્તિ એક માત્ર મનુષ્યભવમાં જ થાય છે.

**પ્રશ્ન ૧૫૬-જીવ મરતો નથી, તો મૃત્યુ થયા પછી કયાં જતો હશે ?**

**ઉત્તર**-જીવનમાં જેવું શુભાશુભનું આચરણ કર્યું હોય તે પ્રમાણે શુભાશુભ કર્મનો સંચય કરે છે. અને તેવા સ્થાનમાં જઇને ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૧૫૭-એક જીવના પ્રદેશ કેટલા છે ?**

**ઉત્તર**–લોકાકાશના પ્રદેશ સમાન અસંખ્યાતા છે.

**પ્રશ્ન ૧૫૮–તે પ્રદેશ જુદા જુદા થાય છે કે નહિ?**

**ઉત્તર**–ના, એક પ્રદેશ, બીજા પ્રદેશથી કયારેય જુદાં થતાં જ નથી.

**પ્રશ્ન ૧૫૯–જીવ મોટામાં મોટું રૂપ ધારણ કરે તો કેવડો થઇ શકે?**

**ઉત્તર**–પોતાના આત્મ પ્રદેશોને વ્યાપક બનાવીને ચૌદ રાજલોક (સમસ્ત સંસાર)માં સમાવેશ થઈ શકે તેટલો મોટો થઈ શકે છે.

**પ્રશ્ન ૧૬૦–આટલા મોટા પ્રમાણવાળો છે, તો કીડી, આદિનાં શરીરમાં કઈ રીતે રહી શકે છે? શું તેને કષ્ટ નહિ થતું હોય?**

**ઉત્તર**–જીવનો સંકોચ–વિસ્તારનો સ્વભાવ છે. જેટલા પ્રમાણનું શરીર તેને મળે છે, તેમાં તે રહી શકે છે. જેવી રીતે એક મોટા ઓરડામાં વીજળીનો બલ્બ પ્રકાશ આપે છે, પરંતુ તેના ઉપર કોઈ પાત્ર ઢાંકી દેવામાં આવે તો તેમાં તેનો પ્રકાશ સમાઈ જાય છે. તે રીતે જીવ શરીર પ્રમાણે રહી શકે છે. એવો જ તેનો સ્વભાવ છે. અને તે રીતે રહેવાથી તેને કાંઈ કષ્ટ થતું નથી. કારણ તે અરૂપી છે.

**પ્રશ્ન ૧૬૧–જીવ શરીરના કયા કયા ભાગમાં રહે છે?**

**ઉત્તર**–સંપૂર્ણ શરીરમાં જીવ રહે છે. જેવી રીતે તલમાં તેલ અને દૂધમાં ઘી રહે છે.

**પ્રશ્ન ૧૬૨–જીવને કર્મ ક્યારથી લાગેલા છે?**

**ઉત્તર**–અનાદિકાળથી જીવ અને કર્મ સાથે જ છે.

**પ્રશ્ન ૧૬૩–જીવ જ્યારે સ્થૂળ દેહથી જૂદો થાય છે ત્યારે તેની સાથે શું શું રહે છે?**

**ઉત્તર**–તેજસ્ અને કાર્મણ, આ બે શરીર સાથે રહે છે.

**પ્રશ્ન ૧૬૪–શરીર કોને કહે છે?**

**ઉત્તર**–જેમાં પ્રતિક્ષણ જીર્ણ-શીર્ણ થવાનો સ્વભાવ હોય અને જે શરીર નામકર્મથી ઉત્પન્ન થયેલ હોય અથવા આત્મા જેના દ્વારા પૂર્વસંચિત કર્મોને ભોગવે છે તેને શરીરં કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૫–શરીર કેટલા પ્રકારનાં છે?**

**ઉત્તર**–શરીરનાં પાંચ પ્રકાર નીચે મુજબ છે. (૧) ઔદારિક શરીર (૨) વૈક્રિય શરીર (૩) આહારક શરીર (૪) તૈજસ શરીર અને (૫) કાર્મણ શરીર.

**પ્રશ્ન ૧૬૬–ઔદારિક શરીર કોને કહે છે?**

**ઉત્તર**–(૧) દુર્ગંધમય અને સડી જવાના સ્વભાવ-વાળું, લોહી, માંસ, હાડકા આદિથી બનેલું શરીર, (૨) સર્વશ્રેષ્ઠ સાર પુદ્ગલોથી બનેલ શરીર; જેમ કે તીર્થંકરો, ગણધરોનું શરીર, (૩) વૈક્રિય અને આહારકની અપેક્ષાએ અસાર પુદગલોથી બનેલું શરીર, જેમ કે સામાન્ય તિર્યંચ

મનુષ્યોનું શરીર, (૪) અવસ્થિતરૂપથી સર્વથી મોટી અવગાહના (કદ, લંબાઈ, જાડાઈ, ઉંચાઈ) વાળું ઉદાર (મોટું) શરીર; દા. ત. વનસ્પતિનું શરીર. (૫) પ્રદેશ ઓછા પરંતુ અવગાહના મોટી એવું શરીર દા. ત. ભીંડાની સિંગ.

**પ્રશ્ન ૧૬૭–વૈક્રિય શરીર કોને કહે છે?**

**ઉત્તર**–(૧) સુરૂપ–કુરૂપ, એક–અનેક, નાના–મોટા, હલકું–ભારે, દૃશ્ય–અદૃશ્ય આદિ અનેક રૂપોમાં પરિણત થવાવાળું શરીર, (૨) દુર્ગંધમય અને સડવાવાળા લોહી–માંસ, હાડકા આદિથી રહિત શરીરને 'વૈક્રિય શરીર' કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૮–આહારક શરીર કોને કહે છે?**

**ઉત્તર**–(૧) અન્યત્ર બિરાજમાન કેવળી ભગવાનની પાસે પ્રશ્ન પૂછવાને માટે અથવા તેઓનાં અતિશય જોવાને માટે યા પ્રાણી–રક્ષા તથા એવાં જ અન્ય પ્રયોજનથી બનાવવામાં આવતું શરીર, (૨) સ્ફટિક સમાન અત્યંત સ્વચ્છ, ઉત્તમ પુદ્‌ગલોથી બનેલું તથા મૂંઢા હાથથી લઈને એક હાથની અવગાહના વાળાં શરીરને આહારક શરીર કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૯–તૈજસ શરીર કોને કહે છે?**

**ઉત્તર**–(૧) આહારને પચાવવાવાળું અને શરીરમાં ઉષ્ણતા રાખવાવાળું શરીર (૨) તેજોલબ્ધિથી તેજોલેશ્યા છોડવામાં કારણભૂત શરીરને તૈજસ શરીર કહેવાય છે.

**પ્રશ્ન ૧૭૦–કાર્મણ શરીરની પરિભાષા શું છે?**

ઉત્તર–(૧) આત્માની સાથે બાંધેલા કર્મોથી બનેલું કર્મરૂપ શરીર. (૨) પચેલા ભોજનના રસાદિને યથાસ્થાને પહોંચાડવાવાળું શરીર–કાર્મણ શરીર કહેવાય છે.

પ્રશ્ન ૧૭૧–કર્મ કોને ચોંટે છે, જીવને કે કર્મને?

ઉત્તર–કર્મધારી જીવને જ કર્મ લાગે છે.

પ્રશ્ન ૧૭૨–જીવ માત્ર સુખ ઇચ્છે છે, તે સુખ કયાં છે?

ઉત્તર–સુખ જીવની પાસે જ છે. જો સંતોષ ધારણ કરે અને પરની ઇચ્છા–આકાંક્ષા તથા આશા ન કરે તો દુઃખ થાય નહિ.

પ્રશ્ન ૧૭૩–સુખ પોતાની પાસે જ હોય તો જીવ સુખ અન્યત્ર શા માટે શોધે છે?

ઉત્તર–પોતાની અજ્ઞાનતા અને આશા–તૃષ્ણાને કારણે જીવ અન્યત્ર સુખને શોધે છે.

પ્રશ્ન ૧૭૪–જીવ સ્વતંત્ર છે કે પરતંત્ર?

ઉત્તર–જ્યાં સુધી જીવ કર્મના બંધનથી મુક્ત ન થાય ત્યાં સુધી પરતંત્ર છે અને કર્મના બંધનથી મુક્ત થઇ જવાથી સ્વતંત્ર છે.

પ્રશ્ન ૧૭૫–એક જીવની પાસે કર્મરૂપી કેટલા પરમાણું પુદ્‌ગલ હોય છે?

ઉત્તર–એક જીવની પાસે અનંતાનંત પરમાણું પુદ્‌ગલ હોય છે.

**પ્રશ્ન ૧૭૬–જીવ એક સમયમાં કેટલા પરમાણુ પુદ્ગલ બાંધે છે અને છોડે છે?**

**ઉત્તર**–અનંત પરમાણુ પુદ્ગલ બાંધે છે અને છોડે છે.

**પ્રશ્ન ૧૭૭–જીવ જ્યારે સ્થૂળ શરીરથી નીકળીને બીજી ગતિમાં જાય છે, ત્યારે તેની ગતિ વક્ર હોય છે કે સીધી ?**

**ઉત્તર**–ઋજુ (સીધી) અને વક્ર (વાંકી) બંને પ્રકારની ગતિ હોય છે.

**પ્રશ્ન ૧૭૮–કોઇ જીવને મજબૂત કાચની કે લોઢાની કોઠીમાં પુરી દેવામાં આવે તો પણ જીવ નીકળી શકે ?**

**ઉત્તર**–હા. સ્થૂળ શરીરને છોડીને તેનું નીકળી જવું ઘણું સરળ છે.

**પ્રશ્ન ૧૭૯–બે સૂક્ષ્મ શરીર અને કર્મનો મોટો જથ્થો સાથે હોવા છતાં બંધ કોઠીમાંથી જીવ કેવી રીતે નીકળી શકે ?**

**ઉત્તર**–જીવના કર્મ અને બે શરીર * એટલા સૂક્ષ્મ હોય છે કે કોઇ પણ ઘન અને પ્રવાહી પદાર્થમાંથી

---

* એવી ધારણા છે કે–કર્મથી ઉત્પન્ન શરીર કાર્મણ શરીર છે. અને તે તૈજસ શરીરની સમાન છે. કર્મ દલિક તો આવે અને જાય છે. કાર્મણ શરીર નાશ થવાથી મુક્તિ થાય છે. કાર્મણ શરીર ભાજન (આશ્રય)રૂપ છે. માટે આ પ્રશ્નમાં કર્મ અને કાર્મણ શરીર એ બંને અલગ બતાવેલા છે.

નીકળી શકે છે. અગ્નિ બાદર હોવા છતાં પણ લોઢામાં પ્રવેશ કરી જાય છે. આ તો અગ્નિથી પણ અત્યંત સૂક્ષ્મ છે. વજ્ર જેવી મજબૂત કોઠીમાં રહેલા છિદ્ર આપણા ચર્મ-ચક્ષુથી જોઇ શકાતાં નથી. પરંતુ જીવ તો છિદ્ર વિના પણ નીકળી જાય છે.

**પ્રશ્ન ૧૭૯–બીજી ગતિમાં જતાં જીવને રોકવામાં કોઇ બાધક છે કે નહિ ?**

**ઉત્તર**–ના. જીવ અને તેની સાથે રહેલા સૂક્ષ્મ શરીર અત્યાધિક સૂક્ષ્મ છે. તેને વજ્રની ભીંતમાંથી નીકળવામાં પણ કોઈ કઠીનતા નથી.

**પ્રશ્ન ૧૮૦–જીવ જ્યારે કર્મ બાંધે છે, ત્યારે તે કર્મ ક્યાંથી આવે છે ?**

**ઉત્તર**–જીવ પોતાની અત્યંત નજીકમાં રહેલી કાર્મણ-વર્ગણાને ગ્રહણ કરે છે અને તે કર્મરૂપ બને છે.

## ઉર્ધ્વ લોકમાં વૈમાનિક દેવ

**પ્રશ્ન ૧૮૦ अ–ઉર્ધ્વલોકમાં કેટલી ગતિઓ છે ?**

**ઉત્તર**–બે (૧) દેવગતિ અને (૨) તિર્યંચગતિ.

**પ્રશ્ન ૧૮૧–વૈમાનિક દેવ ક્યા લોકમાં રહે છે ?**

**ઉત્તર**–ઉર્ધ્વલોકમાં યાને ઉંચા લોકમાં રહે છે.

**પ્રશ્ન ૧૮૨–વૈમાનિક દેવોના ૭૬ ભેદ ક્યા ક્યા છે ?**

**ઉત્તર**– વૈમાનિક દેવોની ૩૮ જાતિ છે.

| | |
|---|---|
| ૧૨ દેવલોક | |
| ૩ કિલ્વિષી | ૩૮નાં અપર્યાપ્તા |
| ૯ લોકાંતિક | અને |
| ૯ ગ્રૈવેયક | પર્યાપ્તા (૩૮×૨) |
| ૫ અનુત્તર વિમાન | = ૭૬ ભેદ દેવોના થયા. |
| ૩૮ | |

**પ્રશ્ન ૧૮૩–ઉર્ધ્વલોકમાં ૧૨ દેવલોક** કઇ જગ્યાએ **છે?**

**ઉત્તર**–અહીંયાથી (સમપૃથ્વીથી ૧॥ રાજુ યાને અસંખ્યાતા યોજન ઊંચા જવા પર પહેલું અને બીજું દેવલોક આવે છે. બંને મળીને ચંદ્રમા સમાન ગોળ છે. જેમાં દક્ષિણ તરફથી અર્ધો ભાગ તે પહેલું "સૌધર્મ" દેવલોક અને ઉત્તર તરફથી બીજો અર્ધોભાગ તે "ઇશાન" દેવલોક છે. જે પ્રથમ દેવલોકથી હથેળીના તળીયાની જેમ ઊંચું છે. ત્યાંથી અસંખ્યાતા યોજન (૨॥ રાજુ) ઊંચે ત્રીજું અને ચોથું દેવલોક ચંદ્રમા જેવા ગોળાકારે છે. જેમાં દક્ષિણ દિશામાં "સનત્કુમાર" દેવલોક છે. અને ઉત્તર દિશામાં "માહેન્દ્ર" દેવલોક છે. ત્યાંથી અસંખ્યાતા યોજન (૩॥ રાજુ) ઉપર પાંચમું 'બ્રહ્મ' દેવલોક છે. તે પરિપૂર્ણ ચંદ્રમાને આકારે છે. ત્યાંથી અસંખ્યાત યોજન (૩॥ રાજુ) ઉપર છઠ્ઠું 'લાંતક' દેવલોક છે. તે પણ ચંદ્રમા જેવું ગોળાકારે છે. ત્યાંથી અસંખ્યાતા યોજન (૩॥ રાજુ) ઉપર સાતમું 'મહાશુક્ર' દેવલોક છે. તે પણ પૂર્ણ ગોળ છે.

ત્યાંથી અસંખ્યાતા યોજન ઉપર (૪ રાજુ) આઠમું ‘સહસ્રાર’ દેવલોક છે. તે પણ પૂર્ણગોળ છે. ત્યાંથી અસંખ્યાતા યોજન ઉપર (૪॥ રાજુ) નવમું ‘આણુત’ અને દશમું ‘પ્રાણુત’ એ બે દેવલોક જોડાજોડ છે. બંને મળીને ચંદ્રમા સમાન ગોળ છે. દક્ષિણ દિશામાં નવમું અને ઉત્તર દિશામાં દશમું દેવલોક છે. ત્યાંથી અસંખ્યાત યોજન ઉપર (૫ રાજુ) અગીયારમું ‘આરણુ’ અને બારમું ‘અચ્યુત’ દેવલોક છે. બંને મળીને ચંદ્રમાને આકારે છે. દક્ષિણ તરફ આરણુ અને ઉત્તરમાં અચ્યુત છે.

**પ્રશ્ન ૧૮૪–દેવલોક કેટલા મોટા છે ?**

**ઉત્તર**–દેવલોકની લંબાઇ–પહોળાઇ અસંખ્ય યોજનની છે.

**પ્રશ્ન ૧૮૫–પ્રત્યેક દેવલોકમાં કેટલા વિમાન છે ?**

**ઉત્તર**– પહેલા દેવલોકમાં ૩૨ લાખ, બીજામાં ૨૮ લાખ, ત્રીજામાં ૧૨ લાખ, ચોથામાં ૮ લાખ, પાંચમામાં ૪ લાખ, છઠ્ઠામાં ૫૦ હજાર, સાતમામાં ૪૦ હજાર, આઠમામાં ૬ હજાર, નવમા–દશમામાં મળીને ૪૦૦ અને અગીયાર––બારમામાં મળીને ૩૦૦ વિમાન છે. નીચલી ત્રિકમાં ૧૧૧, મધ્યમ ત્રિકમાં ૧૦૭, ઉપલી ત્રિકમાં ૧૦૦, અને અનુત્તર વિમાનનાં ૫ વિમાન. કુલ મળીને ૮૪, ૯૭, ૦૨૩ વિમાનો થાય છે.

**પ્રશ્ન ૧૮૬–પ્રત્યેક દેવલોકનાં દેવોની ઓળખાણ કેવી રીતે સંભવિત છે ?**

**ઉત્તર**–સૌધર્મ (પહેલા) દેવલોકનાં દેવોના મુકુટમાં મૃગનું ચિન્હ, ઈશાનમાં મહિષી (ભેંસ)નું, સનત્કુમારમાં વરાહ (સૂઅર)નું, માહેન્દ્રમાં સિંહનું, બ્રહ્મ દેવલોકમાં બકરાનું, લાંતકમાં ઢંકનું, મહાશુક્રમાં ઘોડાનું, સહસ્રારમાં હાથીનું, આણતમાં ભુજંગનું, પ્રાણતમાં મેંઢાનું, આરણમાં બળદનું અને અચ્યુતમાં બિડિમ (એક પ્રકારનું મૃગ) નું ચિન્હ હોય છે.

**પ્રશ્ન ૧૮૭–અહીંથી કોઇ દેવ સીધા ઊંચા ચડે તો વચ્ચે કેટલા અને કયા કયા દેવલોક આવે છે?**

**ઉત્તર**–પહેલું, ત્રીજું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, નવમું અને અગિયારમું એ રીતે કુલ આઠ દેવલોક સીધી લાઈનમાં આવે છે.

**પ્રશ્ન ૧૮૮–ત્રિચ્છાલોકની મધ્યમાં રહેલ મેરૂપર્વતની ઉત્તર તરફના અર્ધાભાગમાંથી કોઇ દેવ ઊંચે જાય તો કેટલા અને કયા કયા દેવલોક આવે છે?**

**ઉત્તર**–બીજું, ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું, આઠમું, દશમું અને બારમું. આ રીતે આઠ દેવલોક સીધી લાઈનમાં આવે છે.

**પ્રશ્ન ૧૮૯–વૈમાનિક દેવોમાં આયુ–રિદ્ધિ–સિદ્ધિ અને સુખ સમાન હોય છે કે ન્યુનાધિક?**

**ઉત્તર**–સમાન નથી, ન્યૂનાધિક છે. સર્વથી ઓછું આયુ–ઋદ્ધિ વગેરે પહેલા દેવલોકમાં, તેનાથી વધારે બીજા-

માં–ત્રીજામાં એ રીતે ઉત્તરોત્તર વધતા થકા ૧૨મા દેવલોકનું સહુથી વધારે આયુષ્ય વગેરે છે.

**પ્રશ્ન ૧૯૦–ત્રણ કિલ્વિષિક દેવ કયા કયા છે?**

**ઉત્તર**–(૧) કિલ્વિષિક દેવોની સ્થિતિ ત્રણ પલ્યોપમની છે. તે 'ત્રિપલ્યોપમિક' (ત્રણ પલીયા) કહેવાય છે (૨) જેની સ્થિતિ ત્રણ સાગરોપમની છે તે 'ત્રિસાગરિક' (ત્રણસાગ–રીયા) કહેવાય છે અને (૩) જેની સ્થિતિ તેર સાગરોપ-મની છે તે (તેર સાગરીયા) કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૧–ત્રણ કિલ્વિષિક દેવ કયાં રહે છે?**

**ઉત્તર**–ત્રણ પલિયા કિલ્વિષિક દેવોનાં વિમાન જ્યોતિષી દેવોની ઉપર અને પહેલા–બીજા દેવલોકની નીચેના પ્રતર ભાગમાં છે. (૨) ત્રણ સાગરીયા કિલ્વિષિક દેવ બીજા દેવલોકથી ઉપર, ત્રીજા અને ચોથા દેવલોકની નીચેનાં પ્રતર ભાગમાં રહે છે. (૩) તેર સાગરીયા દેવોના વિમાન ૬ઠ્ઠા દેવલોકની નીચેનાં પ્રતર ભાગમાં રહે છે.

**પ્રશ્ન ૧૯૨–કિલ્વિષિક દેવોમાં પ્રાયઃ કેવા જીવ ઉત્પન્ન થાય છે?**

**ઉત્તર**–જિનેશ્વર દેવોની વાણીનાં ઉત્થાપક, તીર્થંકર દેવોની આશાતના કરવાવાળા, જિનાજ્ઞાના વિરાધક, તપ-સંયમની ચોરી કરવાવાળા, આચાર્યઉપાધ્યાયનાં અવર્ણવાદ બોલવાવાળા જીવો '**કિલ્વિષિક દેવો**'માં ઉત્પન્ન થાય છે.

**પ્રશ્ન ૧૯૩–કિલ્વિષિક દેવોના માન–સન્માન કેવા હોય છે?**

ઉત્તર-અહીંયા જેવી રીતે ભંગી-ચાંડાલ આદિના માન-સન્માન નથી, તેમ તેના માન-સન્માન થતા નથી. તેઓ નજીકના દેવોની સભામાં આમંત્રણ વિના જાય છે. અને દૂર બેસે છે. તેની ભાષા કોઈ ને સારી લાગતી નથી. અને છતાં પોતે વચ્ચે બોલે તો "માભાષ દેવા" એમ કહીને તેને બોલતા અટકાવી દે છે.

**પ્રશ્ન ૧૯૪-નવલોકાંતિક દેવ ક્યાં રહે છે?**

ઉત્તર-પાંચમા બ્રહ્મ દેવલોકનાં રિષ્ટ નામના પ્રતરમાં રહે છે.

**પ્રશ્ન ૧૯૫-તેને 'લોકાંતિક' શા માટે કહે છે?**

ઉત્તર-પાંચમા બ્રહ્મ દેવલોકના તિર્યગ્ અંતમાં અર્થાત્ બાજુમાં રહે છે. માટે તેને લોકાંતિક કહે છે અથવા લોકઔદયિક ભાવરૂપ સંસાર, તેનાં અંતે રહેલા છે માટે લોકાંતિક કહેવાય. અર્થાત્ તેના સ્વામીદેવ પ્રાયઃ એક ભવાવતારી હોય છે. એટલા માટે તેને લોકાંતિક કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૬-લોકાંતિક દેવોના માન-સન્માન કેવા હોય છે?**

ઉત્તર-લોકાંતિક દેવોના માન-સન્માન ઘણા જ હોય છે. તેના મુખ્ય દેવ સમ્યક્ દૃષ્ટિ જ હોય છે. તીર્થંકર દેવને દીક્ષા લેવાનો સમય નજીક આવે છે ત્યારે લોકાંતિક દેવો મનુષ્ય લોકમાં આવીને તેને પ્રાર્થના કરે છે હે ભગવાન!

આપ પ્રવ્રજ્યા અંગીકાર કરો અને જગત જીવોનાં કલ્યાણને માટે ધર્મતીર્થની સ્થાપના કરો. જો કે તીર્થંકર દેવો તો સ્વયંસંબુદ્ધ જ હોય છે. છતાં લોકાંતિક દેવોનો આ પ્રકારનો જીતાચાર છે.

**પ્રશ્ન ૧૯૭–નવ ગ્રૈવેયક દેવોના વિમાન ક્યાં છે?**

**ઉત્તર**–ગ્રૈવેયક દેવોના વિમાન આરણ અને અચ્યુત નામના ૧૧–૧૨મા દેવલોકથી અસંખ્યાતા યોજન ઉપર છે અને ત્રણ ત્રિકમાં વિભક્ત છે.

**પ્રશ્ન ૧૯૮–તેને 'ગ્રૈવેયક' શા માટે કહે છે?**

**ઉત્તર**–લોકનો આકાર પુરૂષાકારે મનાય છે. તેમાં આ દેવોનાં વિમાનો ગ્રીવા–ગળાના ભાગમાં રહેતા હોવાથી તેને 'ગ્રૈવેયક દેવ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૯–પ્રત્યેક ત્રિકમાં કેટલા વિમાન છે?**

**ઉત્તર**–(૧) ભદ્દે, (૨) સુભદ્દે, (૩) સુજાએ–એ ત્રણની પહેલી ત્રિકમાં ૧૧૧ વિમાન છે. તેનાં ઉપર (૪) સુમાણસે, (૫) સુદંસણે, (૬) પ્રિય દંસણે એ ત્રણની બીજી ત્રિકમાં ૧૦૭ વિમાન છે અને તેનાં ઉપર (૭) આમોહે, (૮) સુપડિબદ્ધે (૯) જશોધરે આ ત્રણની ત્રીજી ત્રિકમાં ૧૦૦ વિમાન છે. કુલ મળી ત્રણ ત્રિકના ૩૧૮ વિમાન થાય છે.

**પ્રશ્ન ૨૦૦–પાંચ અનુત્તર વિમાન ક્યાં છે?**

**ઉત્તર**–નવ ગ્રૈવેયકની ઉપલી ત્રિકથી અસંખ્યાતા યોજન ઊંચે 'અનુત્તર વિમાન' આવેલા છે.

**પ્રશ્ન ૨૦૧–તે વિમાનોને 'અનુત્તર વિમાન' શા માટે કહેવામાં આવે છે ?**

**ઉત્તર**–તે વિમાન અનુત્તર અર્થાત્ સર્વોત્તમ છે. આ વિમાનોમાં રહેવાવાળા દેવોના શબ્દ, રૂપ, ગંધ, રસ, અને સ્પર્શ સર્વશ્રેષ્ઠ હોય છે. તેથી તે વિમાનોને 'અનુત્તર વિમાન' કહે છે. આ વિમાનમાં રહેનારા બધા દેવો સમ્યક્‌દૃષ્ટિ જ હોય છે. પ્રથમ ચાર અનુત્તર વિમાનના દેવ જઘન્ય એક ભવમાં ઉત્કૃષ્ટ ૧૩ ભવમાં+મુક્તિ પામે છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવ એક ભવ કરીને મોક્ષે જનારા હોય છે. અનુત્તર વિમાનના દેવોનું સુખ બધા દેવોનાં સુખથી અધિક હોય છે.

**પ્રશ્ન ૨૦૨– વૈમાનિક દેવોમાં કેટલા ઈન્દ્ર છે ?**

**ઉત્તર**–પ્રથમના આઠ દેવલોકમાં એક–એક ઇન્દ્ર છે, નવમા–દશમામાં એક અને અગીયાર–બારમામાં એક એ રીતે બાર દેવલોકમાં કુલ ૧૦ ઇન્દ્ર છે.

**પ્રશ્ન ૨૦૩–નવગ્રૈવેયક તથા પાંચ અનુત્તર વિમાનમાં કેટલા ઈન્દ્ર છે ?**

**ઉત્તર**–આ બધા દેવો સ્વતંત્ર છે. પ્રત્યેક દેવ સ્વયં ઇન્દ્રની સમાન છે. તે માટે બધા 'અહમેન્દ્ર' ગણાય છે.

---

\+ જઘન્ય આરાધનાવાળા ઉત્કૃષ્ટ ૧૩ ભવ ૧૫ ભવમાંથી મનુષ્ય અને અનુત્તર વિમાનનાં ભવને છોડીને કરી શકે છે. સંખેય ઈન્દ્રિઓ પ્રાપ્ત કરવાનો મૂળપાઠમાં પણ ઉલ્લેખ છે.

**પ્રશ્ન ૨૦૪–ત્યાં દેવીઓ હોય છે કે નહિ ?**

**ઉત્તર**–તે દેવોને વિષયભોગની મલિન ઇચ્છા હોતી નથી તેથી ત્યાં દેવીઓ હોતી નથી.

**પ્રશ્ન ૨૦૫–દેવીઓ કેટલા દેવલોક સુધી ઉત્પન્ન થાય છે ?**

**ઉત્તર**–બીજા દેવલોક સુધી દેવીઓ ઉત્પન્ન થાય છે.

## અધોલોકમાં ભવનપતિ દેવ

**પ્રશ્ન ૨૦૬–અધોલોકમાં કેટલી ગતિઓ છે ?**

**ઉત્તર**–અધોલોકમાં ચારેય ગતિઓ છે.

**પ્રશ્ન ૨૦૭–લોકનાં ત્રણ વિભાગમાંથી કયા કયા વિભાગમાં દેવ રહે છે ?**

**ઉત્તર**–ત્રણે લોકમાં દેવ રહે છે.
અધોલોકમાં ભવનપતિ દેવ રહે છે.
ત્રિચ્છાલોકમાં વાણવ્યંતર અને જ્યોતિષી તથા
ઉર્ધ્વલોકમાં વૈમાનિક દેવ રહે છે.

**પ્રશ્ન ૨૦૮–ભવનપતિ દેવ અધોલોકમાં ક્યાં રહે છે ?**

**ઉત્તર**–પ્રથમ રત્નપ્રભા નામની નરકનાં ૧૩ પાથડા* અને ૧૨ આંતરા × છે. તે ૧૨ આંતરામાંથી પ્રથમનાં

---

* જે રીતે કોઈ ભવનમાં ઉપર–નીચે ઘણા ખંડ હોય છે, તે રીતે નરકમાં પાથડા ઉપર–નીચે છે. જે મકાનના માળની સમાન હોય છે તેને 'પાથડા' કહે છે.

× બે પાથડાની વચ્ચે જે સ્થાન હોય છે તેને 'આંતરા' કહે છે.

એ આંતરા ખાલી છે. બાકીનાં ૧૦ આંતરામાં દશ જાતિના ભવનપતિ દેવ જુદા-જુદા રહે છે.

**પ્રશ્ન ૨૦૯-ભવનપતિ દેવ અને પહેલી નરકના નારકી શું સાથે જ રહે છે ?**

**ઉત્તર**-ના. ભવનપતિ દેવ તો પાથડાની ઉપરના ભાગની પોલાણમાં (જેને ભવન કહે છે) રહે છે તથા નારકીના જીવ પાથડાના મધ્યની પોલાણમાં રહે છે.

**પ્રશ્ન ૨૧૦-પ્રત્યેક પાથડાની લંબાઇ, પહોળાઈ અને ઊંચાઇ કેટલી છે ? અને તેનો આકાર કેવો છે ?**

**ઉત્તર**-લંબાઈ અને પહોળાઈ અસંખ્યાત યોજનની તથા ઊંચાઇ ૩૦૦૦ યોજનની છે. તેનો આકાર ઘંટીના પડ જેવો હોય છે.

**પ્રશ્ન ૨૧૧-પાથડાની વચ્ચે પોલાણ કેટલી છે ?**

**ઉત્તર**-એક હજાર યોજનની પોલાણ છે.

**પ્રશ્ન ૨૧૨-તે દેવને 'ભવનપતિ' શા માટે કહે છે ?**

**ઉત્તર**-તે દેવ પ્રાયઃ ભવનોમાં રહે છે, તેથી તેને ભવનપતિ અથવા ભવનવાસી દેવ કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૩-ભવનપતિ દેવોનાં કેટલા ભવન છે ?**

**ઉત્તર**-સાત કરોડ, બોત્તેર લાખ (૭,૭૨.૦૦,૦૦૦) ભવન છે.

**પ્રશ્ન ૨૧૪**–દશ જાતિનાં ભવનપતિ દેવોમાં સર્વથી અધિક બળવાન અને ઋદ્ધિવાન કોણ છે?

**ઉત્તર**–અસુરકુમાર જાતિનાં દેવો અધિક બળવાન અને ઋદ્ધિવાન છે.

**પ્રશ્ન ૨૧૫**–ભવનપતિમાં કેટલા ઇન્દ્ર છે?

**ઉત્તર**–પ્રત્યેક જાતિના ઉત્તર અને દક્ષિણના એવા બે–બે ઇન્દ્રો મળી કુલ વીસ ઇન્દ્ર છે.

**પ્રશ્ન ૨૧૬**–જીવનાં ૫૬૩ ભેદોમાં ભવનપતિનાં કેટલા ભેદ છે?

**ઉત્તર**–૫૦ ભેદ છે. (૧૦ ભવનપતિ અને ૧૫ પરમાધામી = કુલ ૨૫નાં અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને)

**પ્રશ્ન ૨૧૭**–પરમાધામી દેવ ભવનપતિનાં દશ ભેદમાંથી કયા ભેદમાં છે?

**ઉત્તર**–અસુરકુમારના ભેદમાં છે.

**પ્રશ્ન ૨૧૮**–'પરમાધામી' કોને કહે છે?

**ઉત્તર**–ઘોર પાપાચરણ કરવાવાળા અને ક્રૂર પરિણામવાળા અસુર જાતિના દેવો, જે ત્રીજી નરક સુધી નારકીના જીવોને વિવિધ પ્રકારના દુઃખો આપે છે, તેને પરમાધામી કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૯**–પરમાધામી દેવોના નામ અને તેનું શું શું કાર્ય છે?

ઉત્તર—પરમાધામી દેવોનાં નામ અને કાર્ય નીચે મુજબ છે.

૧. અંબ—નારક જીવોને ઊંચે આકાશમાં લઈ જઈને એકદમ નીચે પછાડે છે.

૨. અંબરીષ—નારકી જીવોના છરી આદિથી નાના—નાના ટુકડા કરીને ભઠ્ઠીમાં પકાવવા યોગ્ય બનાવે છે.

૩. શ્યામ—દોરડાથી યા લાત આદિથી નારકી જીવોને પીટે છે અને ભયંકર સ્થાનમાં ફેંકી દે છે.

૪. શબલ—શરીરના આંતરડા, નસો અને કાળજું આદિને બહાર ખેંચી લ્યે છે.

૫. રૌદ્ર—ભાલા આદિ શસ્ત્રોમાં નારકીના જીવોને પરોવે છે.

૬. મહારૌદ્ર—નારકીના અંગોપાંગને તોડી નાખે છે.

૭. કાળ—નારકી જીવોને કડાઈ આદિમાં પકાવે છે.

૮. મહાકાળ—નારકી જીવોનાં માંસના ટુકડે ટુકડા કરી નાખે છે અને તેને ખવડાવે છે.

૯. અસિપત્ર—વૈક્રિય શક્તિ દ્વારા તલવારના આકાર-વાળા પાંદડાથી યુક્ત વનની વિકુર્વણા કરીને તેમાં બેઠેલા નારકી જીવો ઉપર તલવાર જેવા પાંદડાને ઉપરથી ફેંકીને તલ—તલ જેટલા નાના—નાના ટુકડા કરી નાખે છે.

૧૦. ધનુષ—વિકુર્વણાથી બનાવેલ ધનુષ્યથી બાણ છોડીને નારકી જીવોના કાન આદિ કાપે છે.

૧૧. કુંભ-તલવાર આદિ દ્વારા કાપેલા નારકી જીવોને કુંભીઓમાં પકાવે છે.

૧૨. વાલુકા-વૈક્રિય શક્તિ દ્વારા બનાવેલ કદમ્બ પુષ્પના આકારવાળી અથવા વજ્રસમાન વેળુ-રેતીમાં નારકી જીવોને ચણાની જેમ ભૂંજે છે-શેકે છે.

૧૩. વૈતરણી-વૈક્રિય શક્તિથી ગરમ કરેલા માંસ, રૂધિર, રસી, તાંબુ, સીસું વગેરે પદાર્થોથી ઉકળતી નદીમાં નારકી જીવોને ફેંકીને તરવાને માટે કહે છે.

૧૪. ખરસ્વર-વજ્રસમાન કાંટાવાળા શાલ્મલી-વૃક્ષો ઉપર નારકી જીવોને ચઢાવીને કઠોર અવાજ કરતા થકા અથવા કરૂણ રૂદન કરતા થકા નારકી જીવોને ખેંચે છે.

૧૫. મહાઘોષ-ડરથી ભાગતા થકા નારકી જીવોને પશુઓની જેમ વાડામાં પુરી દે છે. અને જોરથી ખીજાતા થકા તેઓને ત્યાંજ રોકી રાખે છે.

**પ્રશ્ન ૨૨૦-ભવનપતિ દેવ કુલ કેટલા છે?**

**ઉત્તર**-અસંખ્યાતા ભવનપતિ દેવ છે.

**પ્રશ્ન ૨૨૧-ભવનપતિમાં દેવ વધારે છે કે દેવી?**

**ઉત્તર**-દેવો કરતાં દેવી સંખ્યાત ગુણી છે.

**પ્રશ્ન ૨૨૨-ભવનપતિ દેવ મરીને કયાં જાય છે?**

**ઉત્તર**-મનુષ્ય અને તિર્યંચ. એ બે ગતિમાં જાય છે.

**પ્રશ્ન ૨૨૩-આપણે ક્યારેય ભવનપતિ થયા છીએ કે નહિ?**

**ઉત્તર**-હા. અનંતીવાર દેવ અને દેવી થયા છીએ.

## ત્રિચ્છા લોકમાં જ્યોતિષી દેવ

પ્રશ્ન ૨૨૪–જૈન શાસ્ત્રાનુસાર સૂર્ય શું છે?

ઉત્તર-દેવનું વિમાન છે.

પ્રશ્ન ૨૨૫–આ વિમાન કઇ વસ્તુનું છે?

ઉત્તર–સ્ફટિક રત્નનું છે.

પ્રશ્ન ૨૨૬–આ પ્રકાશ ક્યાંથી આવે છે?

ઉત્તર–સૂર્યના વિમાનથી પ્રકાશ આવે છે.

પ્રશ્ન ૨૨૭–સૂર્યમાં રહેવાવાળા દેવોને કેવા દેવ કહે છે?

ઉત્તર–જ્યોતિષી દેવ કહેવાય છે.

પ્રશ્ન ૨૨૮–જ્યોતિષી દેવ કેટલા પ્રકારનાં છે?

ઉત્તર–૧. ચંદ્ર, ૨. સૂર્ય, ૩. ગ્રહ, ૪. નક્ષત્ર, અને ૫. તારા. પાંચ પ્રકારનાં છે.

પ્રશ્ન ૨૨૯–કુલ દેવ કેટલાં છે?

ઉત્તર–અસંખ્યાત દેવ છે.

પ્રશ્ન ૨૩૦–જ્યોતિષીમાં દેવોની સંખ્યા વધારે છે કે દેવીની?

ઉત્તર–દેવોની સંખ્યા વધારે છે.

પ્રશ્ન ૨૩૧–જીવનાં ૫૬૩ ભેદમાંથી જ્યોતિષી દેવનાં કેટલા ભેદ છે?

ઉત્તર–ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા એ પાંચ ચર અને પાંચ અચર મળીને ૧૦ ભેદ થયા. તેનાં અપર્યાપ્તા અને પર્યાપ્તા મળીને કુલ ૨૦ ભેદ થયા.

**પ્રશ્ન ૨૩૨–જ્યોતિષી દેવ કયા લોકમાં છે?**

ઉત્તર–ત્રિચ્છા લોકમાં છે.

**પ્રશ્ન ૨૩૩–આપણે જે વિમાનોને જોઈએ છીએ તે બધા ચર છે કે અચર?**

ઉત્તર–ચર છે અને નિરંતર પૂર્વથી દક્ષિણ, પશ્ચિમ અને ઉત્તરદિશામાં પરિભ્રમણ કરતા રહે છે અર્થાત માનુષોત્તર પર્વત સુધી અઢીદ્વીપમાં રહેલાં જ્યોતિષી દેવ સદા મેરૂ પર્વતની પ્રદક્ષિણા કરતાં ફરતાં રહે છે.

**પ્રશ્ન ૨૩૪–અચર (સ્થિર) વિમાન ક્યાં છે?**

ઉત્તર–અઢીદ્વીપ (મનુષ્ય ક્ષેત્ર)ની બહાર છે.

**પ્રશ્ન ૨૩૫–જ્યોતિષીમાં કેટલા ઇન્દ્ર છે?**

ઉત્તર–ચંદ્ર અને સૂર્ય બંને જ્યોતિષી દેવોના ઇન્દ્ર મનાય છે. અને તે અસંખ્યાત છે.

**પ્રશ્ન ૨૩૬-તેઓને જ્યોતિષી શા માટે કહે છે?**

ઉત્તર–તે પ્રકાશ કરે છે, માટે જ્યોતિષી કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૭–એક ચંદ્રનો કેટલો પરિવાર છે?**

ઉત્તર–એક ચંદ્રના પરિવારમાં ૨૮ નક્ષત્ર, ૮૮ ગ્રહ અને ૬૬૯૭૫ કોડા-કોડી તારા છે.

પ્રશ્ન ૨૩૮–અઢીદ્વીપમાં ચંદ્ર અને સૂર્ય કેટલાં છે?

ઉત્તર–જંબુદ્વીપમાં ૨ ચંદ્ર, ૨ સૂર્ય, ૫૬ નક્ષત્ર, ૧૭૬ ગ્રહ અને ૧,૩૩,૯૫૦ ક્રોડા ક્રોડી તારા છે. લવણ સમુદ્રમાં ૪, ધાતકીખંડ દ્વીપમાં ૧૨. કાલોદધિ સમુદ્રમાં ૪૨ અને અર્ધપુષ્કર દ્વીપમાં ૭૨ ચંદ્ર સૂર્ય છે. આ રીતે અઢીદ્વીપમાં કુલ ૧૩૨ ચંદ્ર અને ૧૩૨ સૂર્ય પરિવાર સહિત ચર છે.

પ્રશ્ન ૨૩૯ સમતલ ભૂમિથી તારા કેટલા ઊંચા છે?

ઉત્તર–૭૯૦, યોજન ઊંચે તારા છે.

પ્રશ્ન ૨૪૦–સૂર્ય કેટલી ઊંચાઇ પર છે?

ઉત્તર–તારા મંડળથી ૧૦ યોજન (૮૦૦ યોજન) ઉપર છે.

પ્રશ્ન ૨૪૧–ચંદ્રનું વિમાન કેટલું ઉપર છે?

ઉત્તર–૮૮૦ યોજન ઉપર છે.

પ્રશ્ન ૨૪૨–નક્ષત્ર મંડળ કેટલું ઊંચે છે?

ઉત્તર–૮૮૪ યોજન ઊંચે છે.

પ્રશ્ન ૨૪૩–બુધ કેટલી ઊંચાઈએ છે?

ઉત્તર–૮૮૮ યોજનની ઊંચાઇએ છે.

પ્રશ્ન ૨૪૪–શુક્ર કેટલી ઊંચાઇએ છે?

ઉત્તર–૮૯૧ યોજન ઊંચાઇએ છે.

પ્રશ્ન ૨૪૫–બૃહસ્પતિ (ગુરૂ) કેટલો ઉપર છે?

ઉત્તર–૮૯૪ યોજન ઉપર છે.

પ્રશ્ન ૨૪૬–મંગળ કેટલો ઉપર છે ?

ઉત્તર–૮૯૭ યોજન ઉપર છે.

પ્રશ્ન ૨૪૭–શનિશ્ચર કેટલો ઉપર છે ?

ઉત્તર–૯૦૦ યોજન ઉપર છે.

પ્રશ્ન ૨૪૮–બધા જ્યોતિષી મળીને ઊંચાઇમાં કેટલા ક્ષેત્રમાં છે ?

ઉત્તર–ત્રિચ્છાલોકમાં મેરૂપર્વતના સમભૂમિ ભાગથી ૭૯૦ યોજનથી ૯૦૦ યોજન સુધી એટલે ૧૧૦ યોજનની ઊંચાઈમાં જ્યોતિષી દેવોનાં વિમાન છે. ત્રિચ્છુ ક્ષેત્ર તો અસંખ્યાત યોજન છે.

## ત્રિચ્છા લોકમાં વ્યંતર દેવ

પ્રશ્ન ૨૪૯-ત્રિચ્છા લોકનો આકાર કેવો છે ?

ઉત્તર–ઘંટીના પડ જેવો–ગોળ છે.

પ્રશ્ન ૨૫૦–ત્રિચ્છા લોકની લંબાઈ અને ઊંચાઇ કેટલી છે ?

ઉત્તર–લંબાઈ અને પહોળાઇ એક રાજુ (અસંખ્યાત યોજન)ની છે અને ઊંચાઈ ૧૮૦૦ યોજનની છે.

પ્રશ્ન ૨૫૧–ત્રિચ્છા લોકમાં કેટલી ગતિઓ હોય છે ?

ઉત્તર–૧. તિર્યંચ ૨. મનુષ્ય અને ૩. દેવ. એ ત્રણ ગતિઓ હોય છે.

**પ્રશ્ન ૨૫૨–આપણી નીચે કેટલા યોજન સુધી ત્રિચ્છો લોક કહેવાય છે ?**

**ઉત્તર**–આપણી નીચે ૯૦૦ યોજન સુધી ત્રિચ્છોલોક કહેવાય છે.

**પ્રશ્ન ૨૫૩–૯૦૦ યોજનમાં શું શું છે ?**

**ઉત્તર**–અહીંયાથી નીચે ૧૦ યોજન સુધી માટીનો પિંડ છે. ત્યાર પછી ૮૦ યોજનની પોલાણ આવે છે. તેમાં ૧૦ જાતિનાં જૃંભક દેવ રહે છે. તેની નીચે ૧૦ યોજનનો માટીનો પિંડ છે. એ બધા મળીને ૧૦૦ યોજન થયા. તેની નીચે ૮૦૦ યોજનની પોલાણમાં વ્યંતર દેવોના અસંખ્યાત નગર છે. આખા ત્રિચ્છાલોકમાં અસંખ્ય દ્વીપોની નીચે વ્યંતર દેવોનાં અસંખ્ય નગર રહેલાં છે.

**પ્રશ્ન ૨૫૪–અસંખ્યાત સમુદ્રની નીચે વ્યંતર દેવોના નગર છે કે નથી ?**

**ઉત્તર**–નથી. લવણ સમુદ્ર સિવાય બીજા બધા સમુદ્રની ઊંડાઈ ૧૦૦૦ યોજનની બધી જગ્યાએ હોય છે. તે ૧૦૦૦ યોજનની ઊંડાઈમાંથી ૯૦૦ યોજન ત્રિચ્છાલોકમાં અને ૧૦૦ યોજન અધોલોકમાં ગણવામાં આવે છે. તે ૧૦૦૦ યોજન પછી તુરત જ પહેલી નરકનો પ્રથમ પાથડો આવે છે, જેથી ત્યાં વ્યંતર દેવોના નગર હોતા નથી.

**પ્રશ્ન ૨૫૫–વાણવ્યંતર દેવોના કુલ કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–૧૬ ભેદ છે. (પિશાચાદિ ૮ વ્યંતર, આણપન્ને આદિ ૮ વાણવ્યંતર અથવા ગંધર્વ)

**પ્રશ્ન ૨૫૬–તે દેવોને વાણવ્યંતર કેમ કહે છે ?**

**ઉત્તર**–આ દેવો ત્રિચ્છાલોકમાં રહે છે અને તેનું સ્થાન, પર્વત, ગુફા, વૃક્ષ, સ્મશાન અને ઉજ્જડ ભૂમિમાં છે. તેઓ કુતૂહલ પ્રિય હોય છે. તેથી વનમાં રહેવું પસંદ કરે છે. તેથી 'વાણવ્યંતર' કહેવાય છે. વિવિધ અંતરોમાં રહેવાને કારણે તેને વ્યંતર કહેવાય છે.

**પ્રશ્ન ૨૫૭–જૃંભક દેવ કેટલા પ્રકારનાં છે ?**

**ઉત્તર**–જૃંભક દેવ દશ પ્રકારના છે.

૧. અન્ન જૃંભક —ભોજનના પરિમાણને વધારવું. ઘટાડવું સરસ–નિરસ કરવું આદિ શક્તિવાળા.
૨. પાણ „ —પાણીને ઘટાડવા–વધારવાવાળા દેવ.
૩. વસ્ત્ર „ —વસ્ત્રને ઘટાડવા–વધારવાની શક્તિ-વાળા દેવ.
૪. લયન „ —ઘર આદિની રક્ષા કરવાવાળા દેવ.
૫. શયન „ —શય્યા આદિની રક્ષા કરનારા દેવ.
૬. પુષ્પ „ —ફૂલોની રક્ષા કરનારા દેવ.
૭. ફળ „ —ફળોની રક્ષા કરવાવાળા,
૮. પુષ્પફળ „ —ફૂલો અને ફળોની રક્ષા કરવાવાળા.
૯. વિદ્યા „ —વિદ્યાઓની રક્ષા કરવાવાળા.
૧૦. અવિયત્ત „ —સામાન્યરૂપથી બધા પદાર્થોની રક્ષા કરવાવાળા દેવ.

**પ્રશ્ન ૨૫૮–આ દેવો ત્રિજૃંભક કેમ કહેવાય છે ?**

ઉત્તર—તેઓ સદા ક્રીડામાં લીન રહે છે અને દિવસ અને રાત્રિના ત્રણે કાળમાં ફરે છે, તેથી તેને ત્રિ–જૃંભક કહેવાય છે.

**પ્રશ્ન ૨૫૯—વાણવ્યંતર અને જૃંભક દેવ કુલ કેટલા છે?**

ઉત્તર—અસંખ્યાત દેવો છે.

**પ્રશ્ન ૨૬૦—વાણવ્યંતરમાં દેવ વધારે છે કે દેવી ?**

ઉત્તર—દેવીઓ વધારે છે.

**પ્રશ્ન ૨૬૧—વાણવ્યંતર દેવોનું આયુષ્ય કેટલું છે ?**

ઉત્તર—જઘન્ય–૧૦ હજારવર્ષ, ઉત્કૃષ્ટ–એક પલ્યોપમનું આયુષ્ય હોય છે.

**પ્રશ્ન ૨૬૨—વાણવ્યંતર દેવ મરીને કઈ ગતિમાં ઉત્પન્ન થાય છે ?**

ઉત્તર—મનુષ્ય અને તિર્યંચ બે ગતિમાં જાય છે.

**પ્રશ્ન ૨૬૩ વાણવ્યંતરના ભવનોમાં સૂર્યનો પ્રકાશ કેવી રીતે પહોંચતો હશે? કે ત્યાં ઘોર અંધકાર રહે છે?**

ઉત્તર—ત્યાં નગરોમાં રત્ન જડિત મોટા મોટા નિવાસ સ્થાન છે. તે બધા સૂર્ય સમાન દેદીપ્યમાન હોય છે તથા દેવ–દેવીઓનાં આભરણાદિકનો પણ અત્યંત પ્રકાશ હોય છે. જેથી ત્યાં અંધકાર હોતો નથી.

**પ્રશ્ન ૨૬૪—જીવના ૫૬૩ ભેદોમાંથી વાણવ્યંતરનાં કેટલા ભેદ છે?**

ઉત્તર–૫૨ ભેદ છે. (૧૬ વાણુવ્યંતર અને ૧૦ જૃંભક એ ૨૬ ના અપર્યાપ્તા અને પર્યાપ્તા (૨૬×૨) મળી ૫૨ ભેદ થાય છે.

પ્રશ્ન ૨૬૫–વાણુવ્યંતર દેવોમાં ઇન્દ્ર કેટલા છે?

ઉત્તર–૩૨ ઇન્દ્રો. (દરેક જાતિના ઉત્તર અને દક્ષિણના બે–બે ઇન્દ્ર હોય છે.)

પ્રશ્ન ૨૬૬-ઇન્દ્ર કોને કહે છે? અને કુલ કેટલા હોય છે?

ઉત્તર–દેવોના અધિપતિને 'ઇન્દ્ર' કહેવાય છે. અને તે કુલ ૬૪ છે.

✻ જ્યોતિષીમાં અસંખ્ય ઈન્દ્ર છે, પરંતુ અહીયા સમુચ્ચય બે જ ઈન્દ્ર ગણવામાં આવ્યા છે.

# ૨. અજીવ તત્ત્વ

પ્રશ્ન ૧–અજીવ કોને કહે છે?

ઉત્તર–જે ચૈતન્યથી રહિત જડ લક્ષણથી યુક્ત હોય. જેને સુખ દુઃખનો અનુભવ ન થતો હોય તેને અજીવ (જડ) કહે છે.

પ્રશ્ન ૨–અજીવ દ્રવ્યના કેટલા ભેદ છે?

ઉત્તર–(ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય (૩)

આકાશાસ્તિકાય, (૪) પુદ્ગલાસ્તિકાય અને (૫) કાળ. આ પાંચ અજીવ દ્રવ્યના ભેદ છે.

પ્રશ્ન ૩–અસ્તિકાય કોને કહે છે?

ઉત્તર–પ્રદેશોના સમૂહને અસ્તિકાય કહે છે.

પ્રશ્ન ૪–અસ્તિકાય કેટલા છે?

ઉત્તર–(૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય (૪) જીવાસ્તિકાય અને (૫) પુદગલાસ્તિકાય. આ પાંચ અસ્તિકાય છે. નિરવયવ હોવાથી કાળને અસ્તિકાય કહેલ નથી.

પ્રશ્ન ૫–ધર્માસ્તિકાય કોને કહે છે?

ઉત્તર–ગતિ કરવામાં પરિણત થયેલા જીવ અને પુદગલોની ગતિમાં જે સહાયક હોય. જેમ કે પાણીમાં માછલી. માછલીની ગતિમાં પાણી સહકારી થાય છે.

પ્રશ્ન ૬–અધર્માસ્તિકાય કોને કહે છે?

ઉત્તર–જે સ્થિતિમાં પરિણત થયેલા જીવ અને પુદ્ગલની સ્થિતિમાં સહકારી થાય. જેમ કે–થાકેલા પથિકને વૃક્ષની છાયા. પથિકની સ્થિતિ (સ્થિર રહેવા) માં છાંયો સહકારી કારણ છે.

પ્રશ્ન ૭–આકાશાસ્તિકાય કોને કહે છે?

ઉત્તર–જે જીવ અને પુદગલોને અવકાશ (સ્થાન) આપે તે આકાશાસ્તિકાય છે. જેમ કે દૂધમાં સાકર, આકાશમાં વિકાસ–જેવી રીતે દીવાલમાં ખીલી.

**પ્રશ્ન ૮–લોક કોને કહે છે ?**

ઉત્તર–'लोक्यते इति लोकः ।' અર્થાત્ જેમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવ આદિ દ્રવ્ય હોય તેને 'લોક' કહેવાય છે.

**પ્રશ્ન ૯–અલોક કોને કહે છે ?**

ઉત્તર–જેમાં આકાશ સિવાય કોઈ દ્રવ્યનું અસ્તિત્વ ન હોય તેને અલોક કહેવાય છે.

**પ્રશ્ન ૧૦–લોકનાં કેટલા ભેદ છે ?**

ઉત્તર–(૧) અધોલોક (૨) મધ્યલોક અને (૩) ઉર્ધ્વલોક એ ત્રણ ભેદ લોકનાં છે.

**પ્રશ્ન ૧૧–લોકનો આકાર કેવો છે ?**

ઉત્તર–બન્ને બાજુએ કેડે હાથ રાખીને તથા બે પગ પહોળા કરીને ઉભેલા પુરૂષના સમાન લોકનો આકાર છે. અથવા તો ત્રિ–શરાવ સંપુટ આકાર એટલે કે સુપ્રતિષ્ઠિત સરવલાને આકારે છે. જેમ કે એક શરાવ (કોડિયું) ઊંધું રાખીને, તેના ઉપર એક સવળું રાખી, તેના ઉપર ફરી પાછું એક ઊંધું શરાવ ગોઠવવાથી જેવો આકાર બને છે, તેવો જ આકાર લોકનો છે.

**પ્રશ્ન ૧૨–લોક કેટલો મોટો છે ?**

ઉત્તર–ચૌદ રાજુ પ્રમાણ છે. ઉત્તર અને દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમમાં મૂળ ભાગમાં પહોળાઈ ૭ રાજુ છે. પછી ક્રમથી

ઘટતાં ઘટતાં ઠીક મધ્યભાગમાં ૭ રાજુની ઊંચાઈ પર એક રાજુની પહોળાઈ છે. પછી ક્રમથી વધતાં વધતાં ૧૦ાા રાજુની ઊંચાઈ પર પાંચ રાજુ છે. પછી ક્રમશઃ ઘટતાં–ઘટતાં અંતમાં ૧૪ રાજુની ઊંચાઈ પર ૧ રાજુની પહોળાઈ છે. એ પ્રમાણે સંપૂર્ણ લોક નીચેથી ઉપર સુધી સીધો ૧૪ રાજુ લાંબો છે. ઘનાકારના માપથી ૩૪૩ રાજુ પરિમાણ છે. (અર્થાત્ સંપૂર્ણ લોકના વિષમસ્થાનને સમ કરવાથી ચોરસ ૭ રાજુ લાંબા, ૭ રાજુ પહોળા અને ૭ રાજુ ઊંચા એ પ્રમાણે ૭×૭×૭=૩૪૩ રાજુ થાય છે.) તાત્પર્ય એ છે કે જો એક રાજુ લાંબા, એક રાજુ પહોળા અને એક રાજુ ઊંચા ખંડની કલ્પના કરવામાં આવે તો સંપૂર્ણ લોકના બધા ખંડો ૩૪૩ થાય છે.

લોકની વિશાળતાનું ઉદાહરણ અસત્ કલ્પનાથી આપેલ છે. જેમ કે–મેરૂ પર્વતની ચૂલિકા ઉપર ચારે દિશાઓમાં છ દેવ ઊભા રહે, નીચે ચાર દિશાકુમારીઓ હાથમાં બલિપિંડ લઈને ઊભી રહે. તે એકી સાથે ચારે દિશાઓમાં બલિપિંડ ફેંકે, તે સમયે તે દેવો બલિપિંડોને નીચે પડયા પહેલાં જ પકડી લ્યે. એટલી શક્તિવાળા દેવ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ અને અધોદિશામાં તીવ્ર ગતિથી જાય. તે સમયે એક ગૃહસ્થીને ઘરે એક હજાર વર્ષના આયુવાળા પુત્રનો જન્મ થાય. અને તે પોતાનું આયુ પૂર્ણ કરી લે, એ રીતે હજારવર્ષની આયુની તેમની સાત પેઢીઓ સમાપ્ત થઈ જાય, તેમના નામ પણ મટી

જાય એટલા કાળ સુધી દેવ ચાલતા જ રહે, તો પણ લોકનો અંત ન આવે. આટલો મોટો લોક છે.

**પ્રશ્ન ૧૩-રાજુનું પરિમાણ શું છે?**

**ઉત્તર**–એક હજાર ભારનો ગોળો ઉર્ધ્વલોકથી ઈન્દ્ર યા કોઈ દેવ જોરથી નીચે ફેંકે, તે ૬ માસ, ૬ દિવસ, ૬ પ્રહર, ૬ ઘડી, ૬ પલમાં જેટલું અંતર કાપે તેટલા ક્ષેત્રને એક રાજુ ક્ષેત્ર કહેવાય છે.

**પ્રશ્ન ૧૪-ભારનું પરિમાણ શું છે?**

**ઉત્તર**–૩, ૮૧, ૧૨, ૯૭૦ (ત્રણ કરોડ એકયાસી લાખ, બાર હજાર, નવસો સીત્તેર) મણનો એક ભાર થાય છે.

**પ્રશ્ન ૧૫-અધોલોક ક્યાંથી શરૂ થાય છે?**

**ઉત્તર**–મેરૂપર્વત પાસેની સમભૂમિથી ૯૦૦ યોજન નીચેથી અધોલોક શરૂ થાય છે.

**પ્રશ્ન ૧૬-ઉર્ધ્વલોકનો ક્યાંથી પ્રારંભ થાય છે?**

**ઉત્તર**–મેરૂપર્વત પાસેની સમ ભૂમિથી ૯૦૦ યોજન ઊંચેથી ઉર્ધ્વલોકની શરૂઆત થાય છે.

**પ્રશ્ન ૧૭-મધ્યલોક (ત્રિચ્છાલોક) ક્યાં છે?**

**ઉત્તર**–ઉર્ધ્વલોકથી નીચે અને અધોલોકથી ઉપર ૧૮૦૦ યોજનની ઊંચાઈ વાળો એક રાજુ લાંબો-પહોળો ત્રિચ્છાલોક છે.

**પ્રશ્ન ૧૮-અધોલોકમાં કોણ રહે છે?**

ઉત્તર–ભવનપતિદેવ અને નારકી રહે છે.

પ્રશ્ન ૧૯–ઉર્ધ્વલોકમાં કોણ રહે છે?

ઉત્તર–વૈમાનિક દેવો રહે છે.

પ્રશ્ન ૨૦–ત્રિચ્છાલોકનો આકાર કેવો છે?

ઉત્તર–પૂર્ણિમાના ચંદ્રમા જેવો તથા થાળી જેવો ગોળાકાર છે. તેમાં અસંખ્યાતા દ્વીપ અને સમુદ્ર છે. ત્રિચ્છા લોકના મધ્યભાગમાં ૧લાખ યોજનનો લાંબો–પહોળો વિસ્તારવાળો જંબુદ્વીપ છે, તેની મધ્યમાં ૧લાખ યોજનનો મેરૂ પર્વત છે. જે ૧ હજાર યોજન પૃથ્વીમાં છે અને ૯૯હજાર યોજન ઊંચો છે. ૪૦ યોજનની ચોટી (શિખા) છે. જંબુ-દ્વીપમાં પૂર્વથી પશ્ચિમમાં લાંબા, મેરૂથી ઉત્તર અને દક્ષિણમાં ૬ પર્વત છે. તેમાંથી દક્ષિણમાં ૧. ચુલ્લહિમવંત, ૨. મહા હિમવંત ૩. નિષધ પર્વત અને ઉત્તરમાં ૧. શિખરી, ૨. રૂપી અને ૩. નીલવંત પર્વત છે.

પ્રશ્ન ૨૧–યોજનનું પ્રમાણ શું છે?

ઉત્તર–પ્રત્યેક યુગના પ્રમાણોપેત પુરૂષના જે આંગુલ હોય છે તે આંગુલથી ૧૨ આંગુલની વેંત અને ૨૪ આંગુલનો એક હાથ. ૯૬ આંગુલનો ધનુષ્ય, ૨૦૦૦ ધનુષ્યનો એક ગાઉ, ૪ ગાઉનો એક યોજન થાય છે.

આ એક સાધારણ પ્રત્યેક યુગનું માપ છે. પ્રત્યેક યુગના સાચા માપની જાણકારી માટે ભગવાને ત્રણ પ્રકારનાં આંગુલ બતાવ્યા છે.

**પ્રશ્ન ૨૨–ત્રણ પ્રકારનાં આંગુલ કયા કયા છે?**

**ઉત્તર**–(૧) આત્માંગુલ (૨) ઉત્સેધાંગુલ (૩) પ્રમાણાંગુલ.

**પ્રશ્ન ૨૩–ત્રણેય આંગુલમાં પરસ્પર વિભિન્નતા શું છે? તેનો વ્યવહાર ક્યા માપથી થાય છે?**

**ઉત્તર**–ભરત આદિ ક્ષેત્રના પ્રમાણોપેત મનુષ્યોના આંગુલને 'આત્મ–આંગુલ' કહે છે. તે આંગુલ સદાકાળ સરખું હોતું નથી. તે આત્માંગુલથી તે કાલના મનુષ્યોદ્વારા કૂવા, તળાવ, વન, પ્રાસાદ, રથ, પાત્ર વગેરેનું માપ કરવામાં આવે છે.

ચક્રવર્તીના કાકણી રત્નની એક એક કોર જેટલી પહોળી હોય છે તેટલા માપને 'ઉત્સેધ–આંગુલ' કહે છે. તે ઉત્સેધાંગુલ ભગવાન મહાવીરના આંગુલથી અર્ધું હોય છે. તેનાથી ચારે ગતિના જીવોની અવગાહના માપવામાં આવે છે.

ઉત્સેધાંગુલને હજાર ગુણા કરવાથી 'પ્રમાણુ-આંગુલ' થાય છે, તેનાથી રત્નપ્રભાદિ પૃથ્વીકાંડ, પાતાળ કળશ, ભવન, નરકાવાસ, દેવલોક, વિમાન, વિજય, ભરતાદિ દ્વીપ-સમુદ્રાદિની લંબાઈ, પહોળાઈ આદિનું માપ કરવામાં આવે છે. જે વસ્તુ પ્રમાણુ–આંગુલથી ૧ યોજનની છે, તે વસ્તુ ઉત્સેધ–આંગુલથી હજાર યોજનની હોય છે અર્થાત્ પ્રમાણાંગુલના ચાર ગાઉનો યોજન થાય છે. તે જ ઉત્સેધાંગુલથી ચાર હજાર ગાઉનો યોજન થાય છે. પરંતુ તે ૪ હજાર

ગાઉ પ્રમાણાંગુલથી સમજવા નહિ. તેનાથી તો માત્ર ૪ (ચાર) ગાઉ જ સમજવા.

શાશ્વત વસ્તુઓના માપને માટે ૪ હજાર ગાઉનો ૧ યોજન સમજવો. તેનું કારણ એ છે કે શાશ્વત વસ્તુઓને માપવાનું યોજન પ્રમાણાંગુલથી લેવાય છે.

**પ્રશ્ન ૨૪–જંબુદ્વીપમાં કેટલા ક્ષેત્ર છે?**

**ઉત્તર**–નવ ક્ષેત્ર છે. ૧. ભરત ૨. ઐરવત ૩. મહાવિદેહ, ૪. દેવકુરૂ, ૫. ઉત્તરકુરૂ, ૬. હરિવાસ ૭. રમ્યકવાસ, ૮. હેમવય, ૯. હિરણ્યવય.

**પ્રશ્ન ૨૫–જંબુદ્વીપમાં મુખ્ય નદીઓ કેટલી છે?**

**ઉત્તર**–૧. ગંગા, ૨. સિન્ધુ, ૩. રોહિતા, ૪. રોહિતાંશા ૫. હરિત, ૬. હરિકાન્તા, ૭. સીતા, ૮. સીતોદા, ૯. નારી, ૧૦. નરકાન્તા, ૧૧. સુવર્ણકૂલા, ૧૨. રૂપાકૂલા ૧૩. રકતા, ૧૪. રકતવતી. આ રીતે મુખ્ય ૧૪ નદીઓ છે.

**પ્રશ્ન ૨૬–જંબુદ્વીપની બહાર શું છે?**

**ઉત્તર**–જંબુદ્વીપની ચારે તરફ બે લાખ યોજન વિસ્તારવાળો લવણ સમુદ્ર ખાઈની માફક સ્થિત છે. ત્યાર પછી ચાર લાખ યોજનના વિસ્તારવાળો ધાતકીખંડ દ્વીપ છે. તે લવણસમુદ્રની ચારે તરફ ઘેરાયેલો છે. ધાતકીખંડની ચારે તરફ આઠ લાખ યોજનના વિસ્તારવાળો કાલોદધિ સમુદ્ર છે. કાલોદધિ સમુદ્રને ચારે તરફથી ઘેરાયેલો ૧૬ લાખ યોજનના વિસ્તારવાળો, પુષ્કરવર દ્વીપ છે. પુષ્કર

વર દ્વીપની મધ્યમાં માનુષોત્તર પર્વત છે. તે પર્વત બેઠેલા સિંહના આકારનો છે. સત્તરસો એકવીસ (૧૭૨૧) યોજન ઊંચો, ચારસો સવા તેવીસ (૪૨૩।) યોજન ઊંડો, એક હજાર બાવીસ (૧૦૨૨) યોજન મૂળમાં પહોળો, સાતસો તેવીસ (૭૨૩) યોજન મધ્યમાં પહોળો, ચારસો ચોવીસ (૪૨૪) યોજન ઉપર પહોળો છે. માનુષોત્તર પર્વત સુધી (૧+૪+૮+૧૬+૧૬=૪૫ લાખ) પીસ્તાલીસ લાખ યોજનનું મનુષ્ય ક્ષેત્ર છે. તેને 'સમય ક્ષેત્ર' પણ કહે છે. તેનાથી આગળ એક દ્વીપ, એક સમુદ્રના ક્રમથી બમણાં-બમણાં વિસ્તારવાળા અસંખ્ય દ્વીપ-સમુદ્ર છે. અંતમાં સ્વયં ભૂરમણ સમુદ્ર છે. મેરૂ પર્વત સિવાય જેટલા શાશ્વતા પર્વત છે, તેનો એક ભાગ પૃથ્વીમાં અને ચાર ભાગ ઉપર હોય છે. તે હિસાબથી માનુષોત્તર પર્વત ભૂમિમાં ૪૩૦ યોજન હોવો જોઈએ.

પ્રશ્ન ૨૭-ઉર્દ્વલોકમાં સૌથી ઉપર (લોકનો જ્યાં અંત થાય છે) શું છે?

ઉત્તર-ઉર્ધ્વલોકમાં સૌથી ઉપર સિદ્ધ ભગવાન છે. સિદ્ધશીલાથી ઉપર એક યોજન લોક છે. તેના અંતિમ ગાઉના ઉપરના છઠ્ઠા ભાગમાં સિદ્ધ ભગવાન છે.

પ્રશ્ન ૨૮-પુદ્ગલાસ્તિકાય કોને કહે છે?

ઉત્તર-સડન, પડન, વિધ્વંસન, જુદા થવાના સ્વભાવવાળા અજીવ પદાર્થો જે પુદ્ગલ છે અને પુદ્ગલોનો

સમૂહ તે પુદ્ગલાસ્તિકાય છે. તે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ યુક્ત છે.

વાદળાંનુ દૃષ્ટાંત—વાદળાની જેમ મળે છે અને વિખરાય છે.

**પ્રશ્ન ૨૯—પુદ્ગલના મુખ્ય ભેદ કેટલા છે?**

**ઉત્તર**—૧. સ્કંધ, ૨. સ્કંધ દેશ, ૩. પ્રદેશ અને ૪. પરમાણુ. એ ચાર ભેદ છે.

**પ્રશ્ન—૩૦—સ્કંધ કોને કહે છે?**

**ઉત્તર**—પરમાણુના સમૂહને 'સ્કંધ' કહેવાય છે. અથવા અનેક પ્રદેશવાળા એક પુરા દ્રવ્યને 'સ્કંધ' કહેવાય છે. જેમ અનેક દાણાઓથી (કણોથી) બનેલ એક લાડવો.

**પ્રશ્ન ૩૧—સ્કંધ દેશ કોને કહે છે?**

**ઉત્તર**—અનેક પ્રદેશોવાળા એક દ્રવ્યના સ્કંધમાં રહેલ એક ભાગને 'સ્કંધ દેશ' કહેવાય છે. જેમ અનેક કણોવાળા લાડવાનો એક ભાગ.

**પ્રશ્ન ૩૨—પ્રદેશ કોને કહે છે?**

**ઉત્તર**—સ્કંધ યા દેશમાં મળેલ અતિ સૂક્ષ્મઅંશ અથવા તો અનેક પ્રદેશોવાળા દ્રવ્યના સ્કંધમાં રહેલ સૌથી નાના ભાગ (એક પ્રદેશ)ને સ્કંધ પ્રદેશ કહેવાય છે. જેમ અનેક કણવાળા લાડવાનો એક કણ.

**પ્રશ્ન ૩૩—પરમાણુ કોને કહે છે?**

**ઉત્તર**—સ્કંધ યા દેશથી પૃથક્ થયેલ નિર્વિભાજ્ય સૂક્ષ્મતમ અંશને 'પરમાણુ' કહેવાય છે. અથવા અનેક પ્રદેશોથી રહિત સૌથી નાના—જેના બે ભાગ ન થઈ શકે તેવા પુદગલ દ્રવ્યને 'પરમાણુ' કહેવાય છે. જેમ કે—લાડુ-માંથી જુદો પડેલ લાડુનો એક સૂક્ષ્મ કણ. પરમાણુ અને પ્રદેશ પરિમાણની અપેક્ષાએ એક છે. સ્કંધમાં સાથે મળેલ હોય તો પ્રદેશ અને સ્કંધથી અલગ—જુદો પડેલ હોય તો તેને જ પરમાણુ કહેવાય છે,

**પ્રશ્ન ૩૪—પરમાણુ કેટલો સૂક્ષ્મ હોય છે?**

**ઉત્તર**—અનંત સૂક્ષ્મ પરમાણુ મળવાથી એક બાદર પરમાણુ, અનંત બાદર પરમાણુ મળવાથી એક ઉષ્ણ પરમાણુ, આઠ ઉષ્ણ પરમાણુથી એક શીત પરમાણુ, આઠ શીતપર-માણુથી એક ઉર્ધ્વરેણુ, આઠ ઉર્ધ્વરેણુથી એક ત્રસરેણુ, આઠ ત્રસરેણુથી એક રથરેણુ, આઠ રથરેણુ બરાબર દેવકુરૂ—ઉત્તરકુરૂના મનુષ્યનો એક વાલાગ્ર થાય છે. દેવકુરૂ ઉત્તરકુરૂનાં ૮ વાલાગ્રથી હરિવાસ, રમ્યકવાસના મનુષ્યનો એક વાલાગ્ર થાય. હરિ વાસ, રમ્યક વાસના મનુષ્યના ૮ વાલાગ્રથી હેમવય, હિરણ્યવયના મનુષ્યનો એક વાલાગ્ર થાય. હેમવય, હિરણ્યવયના મનુષ્યનાં આઠ વાલાગ્રથી મહાવિદેહક્ષેત્રના મનુષ્યના શિરનો એક વાલાગ્ર થાય છે. તે આઠ વાલાગ્રથી ભરતક્ષેત્રના મનુષ્યના શિરનો એક વાલાગ્ર થાય છે. તેના આઠ વાલાગ્ર=એક લીંખ, આઠ લીંખ= એક જૂં, આઠ જૂં=એક જવ મધ્ય. આઠ જવ મધ્ય=એક આંગુલ, ૧૨ આંગુલ=એક વેંત, બે વેંત=૧ હાથ. બેહાથ

=એક કુક્ષિ, બે કુક્ષિ=એક ધનુષ્ય. બે હજાર ધનુષ્ય=એક ગાઉ, ચાર ગાઉ=એક યોજન.

**પ્રશ્ન ૩૫-પરમાણુમાં વર્ણાદિ કેટલા હોય છે?**

**ઉત્તર**-એક વર્ણ, એક રસ, એક ગંધ અને બે સ્પર્શ

## કાળ—દ્રવ્ય

**પ્રશ્ન ૩૬-કાળ દ્રવ્ય કોને કહે છે?**

**ઉત્તર**-જે દ્રવ્યોના પરિણમનમાં સહકારી હોય અર્થાત્ જે નવાને જીર્ણ કરે અને જીર્ણને નષ્ટ કરે. દા. ત. કાતર અને કાપડ. જેવી રીતે કાતર વસ્ત્રનું પરિવર્તન કરવામાં સહકારી થાય છે. તેવી રીતે ધર્માસ્તિકાય આદિ પાંચે દ્રવ્યોનાં પરિવર્તનમાં 'કાળ' સહાયક છે.

**પ્રશ્ન ૩૭-મનુષ્યક્ષેત્રમાં ચંદ્ર, સૂર્ય આદિ ચર હોય છે. તેનાથી શું લાભ થાય છે?**

**ઉત્તર**-દિવસ અને રાત્રિ થાય છે અને તેથી કાળનું પરિમાણ થઈ શકે છે.

**પ્રશ્ન ૩૮-કાળનું પરિમાણ એટલે શું?**

**ઉત્તર**-કાળના પરિમાણમાં ઘડી, પલ, મિનિટ, દિવસ, પક્ષ, માસ, વર્ષ આદિની ગણના થાય છે.

**પ્રશ્ન ૩૯-અહો રાત્રિ કોને કહે છે?**

**ઉત્તર**-દિવસ અને રાત્રિને 'અહોરાત્રિ' કહેવાય છે.

**પ્રશ્ન ૪૦–એક અહોરાત્રિમાં કેટલી ઘડી હોય છે ?**

**ઉત્તર–૬૦ ઘડી (૨૪ કલાક = ૩૦ મુહુર્ત્ત)**

**પ્રશ્ન ૪૧–એક ઘડીનું માપ કેટલું છે ?**

**ઉત્તર–૨૪ મિનિટની એક ઘડી થાય છે.**

**પ્રશ્ન ૪૨–એક મુહૂર્તની ઘડી કેટલી ?**

**ઉત્તર–બે ઘડીનું એક મુહૂર્ત્ત થાય છે.**

**પ્રશ્ન ૪૩–સમય કોને કહે છે ?**

**ઉત્તર**–કાળનો અત્યંત સૂક્ષ્મ અંશ–જેના વિભાગ ન થઈ શકે તેને 'સમય' કહે છે. અથવા એક આવલિકાના અસંખ્યાતમા ભાગને પણ 'સમય' કહેવાય છે.

**પ્ર. ૪૪–સમય કેટલો સૂક્ષ્મ હોય છે ?**

**ઉત્તર**–આંખ બંધ કરીને ઉઘાડવામાં અસંખ્યાતા સમય વ્યતીત થઈ જાય છે. તે અસંખ્ય સમયની એક આવલિકા થાય છે. એવી ૨૫૬ આવલિકામાં નિગોદના જીવનો એક ભવ થઈ જાય છે. એવા ૧૭ યા ૧૮ ભવનો* એક શ્વાસોચ્છ્વાસ થાય છે. એવા ૭ (સાત) શ્વાસોચ્છ્વાસનો એક સ્તોક થાય છે. એવા સાત સ્તોક = ૧ લવ થાય અને ૭૭ લવનું એક મુહુર્ત થાય છે.

**પ્રશ્ન ૪૫–આવલિકા કેટલા સમયની હોય છે ?**

* ગણનાના હિસાબથી ૧૭॥ ભવ થાય છે. પરંતુ ભવ તો પુરો જ થાય છે. આથી ૧૭ અથવા ૧૮ કહેવું ઉચિત છે.

ઉત્તર—અસંખ્યાત સમયની એક આવલિકા થાય છે.

પ્રશ્ન ૪૬—મુહુર્ત કોને કહે છે ?

ઉત્તર—એક કરોડ, સડસઠ લાખ સીતોતેર હજાર, બસો સોળ (૧, ૬૭, ૭૭, ૨૧૬) આવલિકાનું એક મુહુર્ત (બે ઘડી = ૪૮ મિનિટ) થાય છે.

પ્રશ્ન ૪૭-પક્ષ કોને કહે છે ?

ઉત્તર—૧૫ પંદર દિવસનો એક પક્ષ થાય છે.

પ્રશ્ન ૪૮—માસ કોને કહે છે ?

ઉત્તર—બે પક્ષ (પખવાડીયા)નો એક માસ થાય છે.

પ્રશ્ન ૪૯—કેટલા માસની એક ઋતુ થાય છે ?

ઉત્તર—બે માસની એક ઋતુ થાય છે.

પ્રશ્ન ૫૦—એક વર્ષની કેટલી ઋતુ થાય છે ?

ઉત્તર—૧. હેમંત, ૨. શિશિર, ૩. વસંત, ૪. ગ્રીષ્મ ૫. વર્ષા અને ૬. શરદ. એમ કુલ ૬ ઋતુ થાય છે.

પ્રશ્ન ૫૧—અયન કોને કહે છે ?

ઉત્તર—અયન અર્થાત્ સૂર્યનું ઉત્તર યા દક્ષિણમાં જવું. છ માસનો એક અયન થાય છે.

પ્રશ્ન ૫૨-એક અયન કેટલી ઋતુનો થાય છે ?

ઉત્તર—ત્રણ ઋતુનો એક અયન અને બે અયનનું એક વર્ષ થાય છે.

પ્રશ્ન ૫૩—એક વર્ષ કેટલા માસનું થાય છે ?

ઉત્તર–બાર માસનું એક વર્ષ થાય છે.

**પ્રશ્ન ૫૪–યુગ કેટલા વર્ષોનો થાય છે ?**

ઉત્તર–પાંચ વર્ષનો એક યુગ થાય છે.

**પ્રશ્ન ૫૫–પલ્યોપમ કોને કહે છે ?**

ઉત્તર–અસંખ્યાત પૂર્વનો એક પલ્યોપમ થાય છે. એક યોજન લાંબો–પહોળો અને ઊંડો ગોળાકાર કુવો ખીચોખીચ જુગલીયાના વાળથી ભરવો. તેમાંથી ૧૦૦ વર્ષે એક વાળ કાઢવો, એ રીતે કાઢતાં–કાઢતાં જ્યારે કુવો ખાલી થાય ત્યારે એક પલ્ય થાય. પલ્ય (પાલા)ની ઉપમાથી જે કાળ ગણવામાં આવે તેને 'પલ્યોપમ' કહેવાય છે.

**પ્રશ્ન ૫૬–પૂર્વ કોને કહે છે ?**

ઉત્તર–૮૪ લાખ વર્ષનો એક પૂર્વાંગ અને ૮૪ લાખ પૂર્વાંગનો એક 'પૂર્વ' થાય છે, અર્થાત્ સીત્તેર લાખ, છપ્પન હજાર કરોડ (૭૦,૫૬,૦૦૦૦૦૦૦૦૦૦) વર્ષનો એક પૂર્વ થાય છે.

**પ્રશ્ન ૫૭–સાગરોપમ કોને કહે છે ?**

ઉત્તર–દશ ક્રોડા–ક્રોડ પલ્યોપમનો એક સાગરોપમ થાય છે.

**પ્રશ્ન ૫૮–ક્રોડાક્રોડ કોને કહે છે ?**

ઉત્તર–એક કરોડને એક કરોડ વડે ગુણવાથી જેટલી સંખ્યા આવે છે, તેને 'ક્રોડાક્રોડ' કહેવાય છે.

**પ્રશ્ન ૫૯–કલ્પવૃક્ષ કોને કહે છે? તેના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–અકર્મ ભૂમિમાં થવાવાળા યુગલિકો માટે જે ઉપભોગ રૂપ હોય. મનોવાંછિત પદાર્થોની પૂર્તિ કરાવવાવાળા વૃક્ષોને 'કલ્પવૃક્ષ' કહેવાય છે. તેનાં દશ ભેદ છે.

मतंगया य भिंगा, तुडिअंगा दीव जोइ चित्तंगा !
चित्तरसा मणिअंगा, गेहागारा अनिगिणाय ॥

૧. મત્તંગયા—શરીરને માટે પૌષ્ટિક રસ દેવાવાળા.
૨. ભિંગા—સુવર્ણ રત્નના વાસણ (પાત્ર) આપનારા.
૩. તુડિયંગા—વાજીંત્ર આપનારા.
૪. દીવ—દીપક સમાન પ્રકાશ આપનારા.
૫. જોઈ—સૂર્યની સમાન પ્રકાશ આપનારા.
૬. ચિતંગા—વિવિધ પ્રકારનાં પુષ્પ દેવાવાળા.
૭. ચિત્તરસા—વિવિધ પ્રકારનાં રસવાળા ભોજન આપનારા.
૮. મણિઅંગા—રત્નજડિત સુવર્ણના આભૂષણ દેવાવાળા.
૯. ગેહાગારા—વિવિધ પ્રકારનાં ભવનોમાં પરિણત થવાવાળા કલ્પવૃક્ષ (મકાનની જેમ આશ્રય દેનારા.)
૧૦. **અનિગિણા**–ઉત્તમોત્તમ વસ્ત્ર દેનારા.

**પ્રશ્ન ૬૦–ઉત્સર્પિણી કાળ કોને કહે છે?**

**ઉત્તર**–જે કાળમાં જીવોના સંઘયણ અને સંસ્થાન ક્રમશઃ અધિકાધિક શુભ થતાં જાય, આયુષ્ય, અવગાહના વધતી જાય, તથા ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરૂષકાર અને

પરાક્રમની વૃદ્ધિ થતી જાય, તે 'ઉત્સર્પિણી' કાળ છે. આ કાળમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ પણ ક્રમશઃ શુભ થતા જાય છે. તે દશ ક્રોડાક્રોડી સાગરોપમનો હોય છે.

**પ્રશ્ન ૬૧–અવસર્પિણી કાળ કોને કહે છે ?**

**ઉત્તર**–જે કાળમાં શરીરની અવગાહના; બળ, આયુષ્ય આદિ ઘટતા જાય તથા ઉત્થાન, કર્મ, બળ, વીર્ય, પુરૂષકાર અને પરાક્રમ ઓછા થતા જાય તે 'અવસર્પિણી કાળ' છે. તે દશ ક્રોડા–ક્રોડી સાગરોપમનો હોય છે.

**પ્રશ્ન ૬૨–અવસર્પિણી કાળના કેટલા આરા છે ?**

**ઉત્તર**–૧. સુષમ, સુષમ. ૨. સુષમ, ૩ સુષમ દુષમ, ૪. દુષમ સુષમ, ૫. દુષમ, ૬. દુષમ–દુષમ.

**પ્રશ્ન ૬૩–ઉત્સર્પિણી કાળના કેટલા આરા છે ?**

**ઉત્તર**–તેના પણ છ આરા છે. પરંતુ અવસર્પિણી કાળના આરાથી ઉલ્ટા ક્રમથી સમજવા.

૧. દુષમ–દુષમ, ૨. દુષમ, ૩. દુષમ–સુષમ, ૪, સુષમ, દુષમ, ૫, સુષમ અને ૬, સુષમ સુષમ.

**પ્રશ્ન ૬૪–કાળચક્ર કોને કહે છે ?**

**ઉત્તર**–૧૦ ક્રોડાક્રોડ સાગરોપમનો એક ઉત્સર્પિણી કાળ અને ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમનો એક અવસર્પિણીકાળ મળીને ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમનો એક 'કાળચક્ર' થાય છે. કાળચક્રના કુલ ૧૨ આરા છે.

**પ્રશ્ન ૬૫–પુદગલ પરાવર્તન કોને કહે છે ?**

ઉત્તર–અનંત કાલચક્ર વીતી જવા પર એક પુદગલ પરાવર્તન થાય છે. (૧૫ અહોરાત્રિ=૧પક્ષ. ૨ પક્ષ=૧ મહિનો. ૧૨ મહિના=૧ વર્ષ, ૫ વર્ષ=૧ યુગ, ૮૪લાખ વર્ષ=૧પૂર્વાંગ ૮૪ લાખ પૂર્વાંગ=૧પૂર્વ, અસંખ્યપૂર્વ=૧ પલ્યોપમ, ૧૦ કોડાકોડ પલ્યોપમ=૧ સાગરોપમ, ૧૦ કોડાકોડ સાગરોપમ =૧ અવસર્પિણીકાળ, ૧૦ કોડાકોડ સાગરોપમ=૧ ઉત્સ-ર્પિણી કાળ. બંને મળીને ૨૦ કોડાકોડ સાગરોપમનો એક કાળચક્ર થાય છે. એવા અનંત કાળચક્રોનો એક પુદગલ-પરાવર્તન થાય છે.)

**પ્રશ્ન ૬૬–પુદગલ પરાવર્તનના ભેદ કેટલા છે?**

ઉત્તર–૧. ઔદારિક પુદગલ પરાવર્તન ૨. વૈક્રિય પુદગલ પરાવર્તન ૩. તૈજસ પુદગલ પરાવર્તન ૪. કાર્મણ પુદગલ પરાવર્તન ૫. ભાષા પુદગલ પરાવર્તન ૬. શ્વાસો–ચ્છ્વાસ પુદગલ પરાવર્તન ૭. મનપુદગલ પરાવર્તન એ સાત ભેદ છે.

**પ્રશ્ન ૬૭–આપણા જીવે સંસારમાં જન્મ–મરણ કરતા કેટલા પુદગલ પરાવર્તન કર્યા હશે ?**

ઉત્તર–અનંત પુદગલ પરાવર્તન.

**પ્રશ્ન ૬૮–એક કાળચક્રમાં કુલ કેટલા આરા હોય છે?**

ઉત્તર–અવસર્પિણી કાળના ૬ અને ઉત્સર્પિણી કાળના ૬ એમ બંને મળી કુલ ૧૨ આરા હોય છે.

**પ્રશ્ન ૬૯–બાર આરા કયાં વર્તે છે અને તેના ભાવ શું છે ?**

**ઉત્તર**–પાંચ ભરત અને પાંચ ઐરવતના = ૧૦ ક્ષેત્રોમાં ૧૨ આરા વર્તે છે. ઉત્સર્પિણી કાળમાં વર્ણ–ગંધ-રસ અને સ્પર્શ તથા જીવોનું આયુષ્ય, અવગાહના આદિ ક્રમશ: વધતા જાય છે. અવસર્પિણી કાળમાં ક્રમશઃ ઘટતા જાય છે.

**પ્રશ્ન ૭૦–અવસર્પિણી કાળના ૬ આરાનું કાળ-પરિમાણ શું છે ?**

**ઉત્તર**–અવસર્પિણીકાળના ૬ આરા. જેમાં પ્રથમ આરો ૪ ક્રોડાક્રોડ સાગરોપમનો, બીજો આરો ૩ ક્રોડાક્રોડ સાગરોપમનો, ત્રીજો આરો ૨ ક્રોડાક્રોડ સાગરોપમનો, ચોથો આરો ૧ ક્રોડાક્રોડ સાગરોપમમાં ૪૨ હજાર વર્ષ ઓછા, પાંચમો આરો ૨૧ હજાર વર્ષનો, છઠ્ઠો આરો ૨૧ હજાર વર્ષનો = કુલ ૧૦ ક્રોડાક્રોડ સાગરોપમના ૬ આરા થાય છે.

**પ્રશ્ન ૭૧–ઉત્સર્પિણી કાળના આરાનું પરિમાણ શું છે ?**

**ઉત્તર**–પ્રથમ આરો ૨૧ હજાર વર્ષનો, બીજો આરો ૨૧ હજાર વર્ષનો, ત્રીજો આરો ૧ ક્રોડાક્રોડ સાગરો-પમમાં ૪૨ હજાર વર્ષ ઓછા, ચોથો આરો ૨ ક્રોડાક્રોડ સાગરોપમનો, પાંચમો આરો ૩ ક્રોડાક્રોડ સાગરોપમનો,

છઠ્ઠો આરો ૪ કોડાકોડ સાગરોપમનો હોય છે. આ રીતે ૧૦ કોડાકોડ સાગરોપમના ૬ આરા હોય છે.

**પ્રશ્ન ૭૨–પ્રત્યેક આરાના મનુષ્યના સુખ–દુઃખ કેવા હોય છે ?**

**ઉત્તર**–પાંચ ભરત અને પાંચ ઐરવતના મનુષ્યને અવસર્પિણીના પ્રથમ આરાની આદિમાં અને ઉત્સર્પિણીના છઠ્ઠા આરાના અંતમાં દેવકુરૂ, ઉત્તરકુરૂ ક્ષેત્રના યુગલિક જેવું ઉત્કૃષ્ટ સુખ હોય છે. ૩ પલ્યોપમનું આયુષ્ય અને ૩ ગાઉનું દેહમાન હોય છે.

અવસર્પિણીનાં પ્રથમ આરાના અંતમાં અને બીજા આરાના પ્રારંભમાં તથા ઉત્સર્પિણીના પાંચમા આરાના અંતમાં અને છઠ્ઠા આરાના પ્રારંભમાં હરિવાસ, રમ્યક્વાસ ક્ષેત્રના યુગલિક જેવું સુખ–આયુષ્ય અને દેહમાન હોય છે.

અવસર્પિણીના બીજા આરાના અંતમાં અને ત્રીજા આરાના પ્રારંભમાં તથા ઉત્સર્પિણીના ચોથા આરાના અંતમાં અને પાંચમાના પ્રારંભમાં હેમવય–હિરણ્યવય જેવું સુખ–આયુષ્ય અને દેહમાન હોય છે.

અવસર્પિણીના ત્રીજા આરાના અંતમાં અને ચોથા આરાના પ્રારંભમાં તથા ઉત્સર્પિણીના ત્રીજા આરાના અંતમાં અને ચોથા આરાના પ્રારંભમાં મહાવિદેહ ક્ષેત્રના મનુષ્ય જેવું સુખ હોય છે.

અવસર્પિણીના ચોથા આરાના અંતમાં અને પાંચમા આરાના પ્રારંભમાં તથા ઉત્સર્પિણીના બીજા આરાના અંતમાં

અને ત્રીજા આરાના પ્રારંભમાં દુઃખ ઘણું અને સુખ થોડું હોય છે.

અવસર્પિણીના પાંચમા આરાના અંતમાં અને છઠ્ઠા આરાના પ્રારંભમાં તથા ઉત્સર્પિણીના પ્રથમ આરાના અંતમાં અને બીજા આરાના પ્રારંભમાં દુઃખ વધારે હોય છે.

અવસર્પિણીના છઠ્ઠા આરાના અંતમાં અને ઉત્સર્પિણીના પ્રથમ આરાના પ્રારંભમાં દુઃખ, દુઃખ, દુઃખ. એકલું દુઃખ હોય છે.

અવસર્પિણીનો છઠ્ઠો આરો પૂરો થતાં જ ઉત્સર્પિણી કાળનો પ્રથમ આરાનો પ્રારંભ થાય છે.

**પ્રશ્ન ૭૩–અત્યારે કયો આરો પ્રવર્તી રહેલ છે ?**

**ઉત્તર**–અવસર્પિણીકાળનો પાંચમો 'દુષમ' નામનો આરો પ્રવર્તી રહેલ છે.

**પ્રશ્ન ૭૪–પર્યાય કોને કહે છે ?**

**ઉત્તર**–પર્યાય = જે અવસ્થા પલટાતી રહે છે, ગુણના વિકારને પર્યાય કહે છે. અર્થાત્ જે દ્રવ્યની જેમ સદા સ્થિર ન રહેતાં, ભિન્ન–ભિન્ન રૂપમાં પરિણત થાય છે.

**પ્રશ્ન ૭૫–પર્યાયના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–(૧) યુગપદ્ ભાવી = એક સાથે થવાવાળી અને (૨) ક્રમભાવી = ક્રમથી થવાવાળી, એ રીતે બે ભેદ છે.

**પ્રશ્ન ૭૬–ગુણ અને પર્યાયમાં શું ભેદ છે?**

**ઉત્તર**–ગુણ કેવલ દ્રવ્યાશ્રિત હોય છે અને પર્યાય ઉભયાશ્રિત–ગુણ અને દ્રવ્યમાં મળેલી હોય છે, પરંતુ કોઈ અપેક્ષાએ ગુણને પણ 'પર્યાય' કહેવામાં આવેલ છે. પર્યાય ક્રમભાવી છે–ગુણ સહભાવી છે.

**પ્રશ્ન ૭૭–પર્યાયના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) વ્યંજન પર્યાય અને (૨) દ્રવ્યપર્યાય.

**પ્રશ્ન ૭૮–વ્યંજન પર્યાય કોને કહે છે?**

**ઉત્તર**–ત્રિકાલ–સ્પર્શી પર્યાયને 'વ્યંજન પર્યાય' કહેવાય છે. જેમકે–માટીની ઘટ–પર્યાય.

**પ્રશ્ન ૭૯–વ્યંજન પર્યાયના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) સ્વભાવ વ્યંજન–પર્યાય (૨) વિભાવ વ્યંજન–પર્યાય.

**પ્રશ્ન ૮૦–સ્વભાવ વ્યંજન પર્યાય કોને કહે છે?**

**ઉત્તર**–બીજા કોઈ કારણ વિના જ જે વ્યંજન પર્યાય હોય. જેમકે–જીવની સિદ્ધ અવસ્થા.

**પ્રશ્ન ૮૧–વિભાવ વ્યંજન પર્યાય કોને કહે છે?**

**ઉત્તર**–બીજા કારણથી જે ગતિ આદિમાં પરિવર્તન થાય. જેમકે–જીવની દેવ–મનુષ્ય–નારકી આદિ પર્યાયનું હોવું.

**પ્રશ્ન ૮૨–દ્રવ્ય પર્યાય (અર્થપર્યાય) કોને કહે છે?**

ઉત્તર–એક પ્રકારનો અનુગત (સમાન) આકાર રહેવા છતાં પણ તે આકારમાં અવસ્થા ભેદ હોય. તેને 'દ્રવ્યપર્યાય' કહેવાય છે. જેમકે–શરીરની બાળ–યુવા–વૃદ્ધ અવસ્થા.

**પ્રશ્ન ૮૩–સત્ કોને કહે છે?**

ઉત્તર–ઉત્પાદ; વ્યય (વિનાશ) અને ધ્રૌવ્યયુક્ત દ્રવ્યને 'સત્' કહેવાય છે.

**પ્રશ્ન ૮૪–ઉત્પાદ કોને કહે છે?**

ઉત્તર–દ્રવ્યની નવીન પર્યાયની ઉત્પત્તિને 'ઉત્પાદ' કહેવાય છે.

**પ્રશ્ન ૮૫–વ્યય કોને કહે છે?**

ઉત્તર–દ્રવ્યની પૂર્વ પર્યાયનો નાશ, તેને વ્યય યાને વિનાશ કહેવાય છે.

**પ્રશ્ન ૮૬–ધ્રૌવ્ય કોને કહે છે?**

ઉત્તર–પર્યાયો બદલાતી રહેવા છતાં પણ કોઈ રૂપમાં દ્રવ્યનું નિત્ય ટકી રહેવું તેને 'ધ્રૌવ્ય' કહેવાય છે.

**પ્રશ્ન ૮૭–ગુણ કોને કહે છે?**

ઉત્તર–દ્રવ્યની વિશેષતા–જે દ્રવ્યને આશ્રિત હોય અર્થાત્ દ્રવ્યના બધા અંશો તથા દશાઓમાં સ્થિર રહે. તેને 'ગુણ' કહેવાય છે.

**પ્રશ્ન ૮૮–ગુણ કેટલા પ્રકારનાં છે?**

**ઉત્તર**–ગુણ બે પ્રકારનાં છે. (૧) સામાન્ય ગુણ (૨) વિશેષ ગુણ.

**પ્રશ્ન ૮૯–સામાન્ય ગુણ કોને કહે છે?**

**ઉત્તર**–જે સામાન્યતયા બધા દ્રવ્યોમાં રહે. જેમકે–અસ્તિત્વ.

**પ્રશ્ન ૯૦-વિશેષ ગુણ કોને કહે છે?**

**ઉત્તર**–જે બધા દ્રવ્યોમાં ન રહે, કોઈ વિશેષ દ્રવ્યમાં જ રહે. જેમકે–જીવમાં જ્ઞાનગુણ.

**પ્રશ્ન ૯૧–સામાન્ય ગુણ કેટલા છે?**

**ઉત્તર**–સામાન્ય ગુણ અનેક છે, પરંતુ મુખ્ય ૬ છે. (૧) અસ્તિત્વ (૨) વસ્તુત્વ (૩) દ્રવ્યત્વ (૪) પ્રમેયત્વ (૫) અગુરૂલઘુત્વ અને (૬) પ્રદેશત્વ.

**પ્રશ્ન ૯૨–અસ્તિત્વ ગુણ કોને કહે છે?**

**ઉત્તર**–જેના કારણે દ્રવ્ય સદા શાશ્વત રહે તેનો કયારેય નાશ ન થાય.

**પ્રશ્ન ૯૩-વસ્તુત્વ ગુણ કોને કહે છે?**

**ઉત્તર**–જે ગુણના કારણે વસ્તુમાં અર્થક્રિયાકારિત્વ હોય

**પ્રશ્ન ૯૪-દ્રવ્યત્વ ગુણ કોને કહે છે?**

**ઉત્તર**–જે ગુણના કારણે દ્રવ્ય એક સરખું ન રહેતા સદા બદલાય કરે.

**પ્રશ્ન ૯૫-પ્રમેયત્વ ગુણ કોને કહે છે?**

**ઉત્તર**-જે ગુણને કારણે દ્રવ્ય કોઈપણ જ્ઞાનનો વિષય થાય.

**પ્રશ્ન ૯૬-અગુરૂલઘુત્વ ગુણ કોને કહે છે?**

**ઉત્તર**-જે ગુણના કારણે એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે પરિણત ન થાય. એક ગુણ બીજાગુણ રૂપ ન બને તથા એક દ્રવ્યના અનેક ગુણ ભિન્ન ભિન્ન ન થઈ જાય. વળી જે ગુરૂ પણ ન હોય અને લઘુ પણ ન હોય, તેને 'અગુરૂલઘુત્વ' ગુણ કહેવાય છે.

**પ્રશ્ન ૯૭-પ્રદેશત્વ કોને કહે છે?**

**ઉત્તર**-રૂપી દ્રવ્યના રૂપીપણાથી અને અરૂપીના અરૂપીપણાથી લંબાઈ પહોળાઈ આદિ આકાર પ્રદેશત્વ વિના થઈ શકતા નથી. આથી વસ્તુના નિરંશ અંશને 'પ્રદેશત્વ ગુણ કહેવાય છે.

**પ્રશ્ન ૯૮-છ દ્રવ્યોનાં વિશેષ ગુણ કયા કયા છે?**

**ઉત્તર**-પ્રત્યેક દ્રવ્યમાં વિશેષગુણ પણ અનેક છે, પરંતુ મુખ્ય આ પ્રકાર છે. જીવ દ્રવ્યમાં ચેતના, જ્ઞાન દર્શન ચારિત્ર આદિ; પુદ્ગલ દ્રવ્યમાં વર્ણ, ગંધ, રસ સ્પર્શ આદિ, ધર્મ દ્રવ્યમાં ગતિ હેતુત્વ, અધર્મ દ્રવ્યમાં સ્થિતિ હેતુત્વ, આકાશમાં અવગાહના હેતુત્વ, કાલ દ્રવ્યમાં પરિણમન ગુણ આદિ.

**પ્રશ્ન ૯૯–વર્ણના કેટલા પ્રકાર છે ?**

**ઉત્તર**–૧ કાળો. ૨. લીલો, ૩. પીળો, ૪. લાલ, ૫. સફેદ એ પાંચ વર્ણના પ્રકાર છે.

**પ્રશ્ન ૧૦૦–ગંધના કેટલા પ્રકાર છે ?**

**ઉત્તર**–૧. સુરભિગંધ અને ૨. દુરભિગંધ.

**પ્રશ્ન ૧૦૧–રસના કેટલા પ્રકાર છે ?**

**ઉત્તર**–૧. તીખો, ૨. કડવો, ૩. કસાયેલો, ૪. ખાટો અને ૫. મીઠો એ પાંચ પ્રકાર રસનાં છે.

**પ્રશ્ન ૧૦૨–સ્પર્શના કેટલા પ્રકાર છે ?**

**ઉત્તર**–સ્પર્શ આઠ પ્રકારના ૧. ગુરૂ. ૨. લઘુ, ૩. મૃદુ, ૪. ખરબચડો, ૫. શીત; ૬. ઉષ્ણ, ૭. સ્નિગ્ધ અને ૮. રૂક્ષ

**પ્રશ્ન ૧૦૩–રૂપી દ્રવ્યના કેટલા પ્રકાર છે ?**

**ઉત્તર**–બે ભેદ છે. આઠ સ્પર્શીરૂપી અને ચાર સ્પર્શી રૂપી.

**પ્રશ્ન ૧૦૪–આઠ સ્પર્શી કોને કહે છે ?**

**ઉત્તર**–જેમાં પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ તથા પાંચ સંસ્થાન હોય તેને રૂપી 'આઠ સ્પર્શી' કહેવાય છે.

**પ્રશ્ન ૧૦૫–ચાર સ્પર્શી કોને કહે છે ?**

**ઉત્તર**–૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને શીત, ઉષ્ણ, સ્નિગ્ધ તથા રૂક્ષ એ ચાર સ્પર્શ હોય તેને ચાર સ્પર્શી કહેવાય છે.

**પ્રશ્ન ૧૦૬–શરીરમાં આઠ સ્પર્શ કઇ રીતે સમજવા ?**

**ઉત્તર**–શરીરમાં હલકા માથાના કેશ, ભારે હાડકાં, ઠંડી–કાનની બુટ, ઉષ્ણ છાતી, સ્નિગ્ધ આંખની કીકી, રૂક્ષ–જીભ, ખરસટ–પગના તળીયા, સુંવાળુ–ગળાનું તાળવું.

**પ્રશ્ન ૧૦૭–સામાન્ય રૂપથી અજીવ તત્ત્વના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–અરૂપી અજીવના ૧૦ ભેદ અને રૂપી અજીવના ૪ ભેદ = ૧૪ ભેદ અજીવ તત્ત્વના છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય, એ ત્રણના સ્કંધ, દેશ, પ્રદેશ મળીને (૩ × ૩ = ૯) નવ અને દશમો કાળ. દશ ભેદ અરૂપી અજીવના થયા.

રૂપી અજીવના ૪ ભેદ. ૧. સ્કંધ, ૨. દેશ, ૩ પ્રદેશ અને ૪. પરમાણુ પુદ્ગલ. (૧૦+૪ = ૧૪ભેદ)

**પ્રશ્ન ૧૦૮–વિશેષરૂપથી અજીવતત્ત્વના કેટલા ભેદ ગણ્યા છે ?**

**ઉત્તર**–અજીવ રાશિના ૫૬૦ ભેદ થાય છે. તે આ પ્રમાણે છે.

[૧] રૂપી અજીવના ૫૩૦ ભેદ :-૧. પરિમંડલ, ૨. વૃત, ૩. ત્ર્યસ્ત, ૪. ચતુરસ્ત્ર, ૫. આયત. આ પાંચ સંસ્થાનના પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શ–પૂર્વોક્ત પાંચ સંસ્થાનના પ્રત્યેકના વર્ણાદિ ૨૦ ભેદથી કુલ ૨૦×૫=૧૦૦ ભેદ થયા.

કાળો, નીલો, લાલ, પીળો અને સફેદ. આ પાંચ વર્ણના પ્રત્યેક વર્ણમાં ૫ રસ, ૨ ગંધ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એમ ૨૦×૫=૧૦૦ ભેદ થયા.

સુરભિગંધ અને દુરભિગંધ–પ્રત્યેક ગંધમાં ૫ વર્ણ, ૫ રસ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન એ ૨૩×૨=૪૬ થયા.

પાંચ રસ–તેના પ્રત્યેક રસમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૮ સ્પર્શ અને ૫ સંસ્થાન. એ ૨૦×૫=૧૦૦ ભેદ થયા.

આઠ સ્પર્શમાંથી પ્રત્યેક સ્પર્શમાં ૫ વર્ણ, ૫ રસ, ૨ ગંધ, ૬ સ્પર્શ* અને ૫ સંસ્થાન એ ૨૩. આ રીતે ૮ સ્પર્શીનાં ૮×૨૩=૧૮૪ ભેદ થયા.

| | | |
|---|---|---|
| આ રીતે ૧૦૦ | સંસ્થાનના | ભેદ |
| ૧૦૦ | વર્ણના | ,, |
| ૪૬ | ગંધના | ,, |
| ૧૦૦ | રસના | ,, |
| ૧૮૪ | સ્પર્શના | ,, |

કુલ ભેદ : ૫૩૦ રૂપી અજીવના થયા.

* આઠ સ્પર્શમાં એક સ્વયં અને એક વિરોધી બે સ્પર્શને છોડીને.

[૨] અરૂપી અજીવના ૩૦ ભેદો :- ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય અને કાળ, આ ચારેનાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ગુણ. પ્રત્યેકના પાંચ ભેદ–કુલ ૨૦ ભેદ થાય છે. પૂર્વોક્ત ૧૦ ભેદ (અરૂપી અજીવના) મળીને કુલ અરૂપી અજીવના ૩૦ ભેદ થાય.

**પ્રશ્ન ૧૦૯–અજીવ રાશિ કોને કહે છે ?**

**ઉત્તર**–અજીવના ભેદોના સમૂહને 'અજીવ રાશિ' કહે છે.

# ૩. પુણ્ય તત્ત્વ

**પ્રશ્ન ૧–પુણ્ય કોને કહે છે?**

ઉત્તર–જે આત્માને પવિત્ર કરે, જેની પ્રકૃતિ શુભ હોય, જે મેળવવામાં કઠિન પરંતુ ભોગવવામાં સુખકારી હોય, જેનું ફળ મીઠું હોય. પુણ્ય ધર્મમાં સહાયક પણ થાય છે.

**પ્રશ્ન ૨–પુણ્ય કેટલા પ્રકારે બંધાય છે?**

ઉત્તર–નવ પ્રકારે બંધાય છે. ૧. અન્ન પુણ્ય–અન્નનું દાન દેવાથી, ૨. પાણ પુણ્ય–પાણીનું દાન દેવાથી, ૩. લયન પુણ્ય–સ્થાન (જગ્યા) આપવાથી, ૪. શયન પુણ્ય–શય્યા, પાટ, પાટલા આદિ આપવાથી, ૫. વસ્ત્ર પુણ્ય–વસ્ત્રનું દાન દેવાથી, ૬. મન પુણ્ય–મનને શુભ રાખવાથી, અર્થાત્ દાન, શીલ, તપ, ભાવ અને દયારૂપ શુભ મન રાખવાથી ૭. વચન પુણ્ય–મુખથી શુભ વચન બોલવાથી, ૮. કાય પુણ્ય–કાયા દ્વારા દયા પાળવી, સેવા, વિનય, વૈયાવચ્ચ કરવાથી, ૯. નમસ્કાર પુણ્ય–ગુણીજનોને વારંવાર નમસ્કાર કરવાથી.

**પ્રશ્ન ૩–પુણ્યની પ્રકૃતિઓ કેટલી છે ?**

**ઉત્તર**–પુણ્યની ૪૨ પ્રકૃતિઓ છે. સાતા વેદનીય, ઉચ્ચ ગોત્ર, મનુષ્ય ગતિ, મનુષ્યાનુપૂર્વી, દેવગતિ, દેવાનુપૂર્વી, પંચેન્દ્રિય જાતિ, ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચ શરીર, તથા તેના અંગોપાંગ, વજ્રઋષભ-નારાચ સંઘયણ, સમચતુરસ્ર સંસ્થાન, શુભવર્ણ, શુભ ગંધ, શુભ રસ, શુભ સ્પર્શ, અગુરૂલઘુ, પરાઘાત, શ્વાસો-ચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, શુભ–વિહાયોગતિ, નિર્માણ, ત્રસ-દશક, (ત્રસનામ, બાદર પર્યાપ્ત, સ્થિર, શુભ સૌભાગ્ય, સુસ્વર, આદેય, યશોકીર્તિનામ) દેવાયુ, મનુષ્યાયુ, તિર્યં-ચાયુ અને તીર્થંકર નામકર્મ.

**પ્રશ્ન ૪–મનુષ્યાનુપૂર્વી કોને કહે છે ?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી મનુષ્યની આનુપૂર્વી મળે. જેમ કે આ ભવમાં જે જીવે હવે પછીના ભવમાં જન્મ લેવાને યોગ્ય કર્મ બાંધી લીધું છે. પરંતુ મરણ સમયે તે શરીરને છોડીને વિગ્રહગતિથી બીજી ગતિમાં જવા લાગે છે, ત્યારે મનુષ્યાનુપૂર્વી કર્મ જીવને ખેંચીને મનુષ્યગતિમાં લઈ જાય છે. આનુપૂર્વી નામકર્મ બળદની નાથ સમાન છે. તેવી જ રીતે દેવાનુપૂર્વીનું સ્વરૂપ પણ સમજી લેવું.

**પ્રશ્ન ૫–અંગોપાંગ નામકર્મ કોને કહે છે ?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી અંગ, ઉપાંગ અને અંગો-પાંગ મળે, તેને 'અંગોપાંગ' નામ કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૬–અંગ, ઉપાંગ અને અંગોપાંગ શું છે ?**

**ઉત્તર**–ઘૂંટણ, સાથળ, હાથ, મસ્તક, પીઠ આદિ અંગ છે, આંગળી વગેરે ઉપાંગ છે અને આંગળીઓની પર્વરેખા વગેરે અંગોપાંગ છે. આ અંગોપાંગ તૈજસ અને કાર્મણ શરીરને હોતા નથી.

**પ્રશ્ન ૭–વજ્રઋષભનારાચ સંઘયણ કોને કહે છે ?**

**ઉત્તર**–જે સંઘયણમાં બંને તરફથી મર્કટબંધથી જોડાયેલા બે હાડકા ઉપર ત્રીજો પટ્ટાને આકારે હાડકાનો પાટો હોય અને આ ત્રણે હાડકાને ભેદનારી વજ્ર નામની હાડકાની ખીલી હોય, તેને 'વજ્રઋષભનારાચ' સંઘયણ કહે છે.

**પ્રશ્ન ૮–સમચતુરસ્ર સંસ્થાન કોને કહે છે ?**

**ઉત્તર**–સમનો અર્થ છે = સમાન. ચતુઃ = ચાર અને અસ્ર = ખૂણો. પલાંઠી વાળીને બેસવાથી જે શરીરના ચારે ખૂણા સમાન થાય. શરીરનો સંપૂર્ણ આકાર સુંદર હોય. તેને 'સમચતુરસ્ર' સંઠાણ કહેવાય છે. છ સંઠાણ (સંસ્થાન) માં પ્રથમનું આ સંઠાણ સર્વશ્રેષ્ઠ છે.

**પ્રશ્ન ૯–શુભવર્ણ નામકર્મ કોને કહે છે ?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવના શરીરમાં હંસ આદિની જેમ સફેદ આદિ શુભ વર્ણ હોય, તે 'શુભવર્ણ નામકર્મ' કહેવાય છે. અપેક્ષાથી ત્રણ વર્ણ શુભ છે.— ૧. લાલ ૨. પીળો અને ૩. સફેદ.

પ્રશ્ન ૧૦-સુરભિગંધ નામકર્મ કોને કહે છે?

ઉત્તર-જે કર્મના ઉદયથી જીવના શરીરમાં કમલ, ફૂલ વગેરે જેવી શુભગંધ હોય તેને સુરભિગંધ 'સુરભિગંધ નામકર્મ' કહેવાય છે.

પ્રશ્ન ૧૧-શુભરસ નામકર્મ' કોને કહે છે?

ઉત્તર-જે કર્મના ઉદયથી જીવનાં શરીરમાં કેરી આદિના જેવો મધુર રસ હોય. ખાટો, મીઠો અને તુરો એ ત્રણ શુભ રસ છે.

પ્રશ્ન ૧૨-શુભસ્પર્શ નામકર્મ કોને કહે છે?

ઉત્તર-જે કર્મના ઉદયથી જીવના શરીરમાં સ્નિગ્ધ આદિ શુભ સ્પર્શ હોય. શુભસ્પર્શ ૪ છે-૧. સ્નિગ્ધ, ૨. ઉષ્ણ, ૩. મૃદુ, ૪, લઘુ.

પ્રશ્ન ૧૩-અગુરૂલઘુ નામકર્મ કોને કહે છે?

ઉત્તર-જે કર્મના ઉદયથી જીવનું શરીર ન તો લોઢા જેવું અતિ ભારે હોય કે ન તો અર્કતૂલ (આકતુલીયા) રૂના જેવું હલકું હોય. પરંતુ મધ્યમ કક્ષાનું હોય, તેને 'અગુરૂલઘુ નામકર્મ' કહેવાય છે.

પ્રશ્ન ૧૪-પરાઘાત નામકર્મ કોને કહે છે?

ઉત્તર-જે કર્મના ઉદયથી જીવ અન્ય બળવાનની દૃષ્ટિએ અજેય ગણાય છે. પોતાના પ્રભાવથી બીજાને પ્રભાવિત કરનાર હોય, તેને 'પરાઘાત નામકર્મ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૫ આતપ નામકર્મ કોને કહે છે ?**

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવનું શરીર ઉષ્ણુ ન હોવા છતાં પણુ ઉષ્ણુ પ્રકાશ આપે. સૂર્યના મંડળમાં રહેવાવાળા પૃથ્વીકાયના જીવનું શરીર આ પ્રકારનું જ છે. તેને આતપ નામકર્મનો ઉદય છે. તે સ્વયં ઉષ્ણુ ન હોવા છતાં બીજાને ઉષ્ણુ પ્રકાશ આપે છે.

**પ્રશ્ન ૧૬-ઉદ્યોત નામકર્મ કોને કહે છે ?**

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવનું શરીર શીતલ પ્રકાશ આપે. ચંદ્રમંડળ, જ્યોતિષ ચક્ર, રત્ન પ્રકાશ, પ્રકાશ આપનારી ઔષધિઓ અને લબ્ધિથી વક્રિયરૂપ ધારણ કરનાર શરીર, આ બધામાં ઉદ્યોત નામકર્મનો ઉદય છે.

**પ્રશ્ન ૧૭–શુભ વિહાયોગતિ કોને કહે છે ?**

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવની ચાલ હંસ, હાથી તથા વૃષભની જેમ શોભનીય હોય.

**પ્રશ્ન ૧૮-નિર્માણુ નામકર્મ કોને કહે છે ?**

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવના અંગોપાંગ, નિયત સ્થાન ઉપર જ હોય. જેમ કે ચિત્રકાર, ચિત્રના યથાયોગ્ય સ્થાનોમાં અવયવ બનાવે છે, તે રીતે નિર્માણુ નામકર્મ પણુ શરીરના અવયવોને વ્યવસ્થિત કરે છે.

**પ્રશ્ન ૧૯–ત્રસ–દશક નામકર્મ કોને કહે છે ?**

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવને દશ પ્રકારની વિશેષતા પ્રાપ્ત થાય.

**પ્રશ્ન ૨૦–ત્રસ–દશકની પ્રકૃતિઓ કઇ કઇ છે ?**

**ઉત્તર**–નીચે પ્રમાણે દશ પ્રકૃતિઓ છે.

૧. ત્રસ–જે કર્મના ઉદયથી જીવને ત્રસનું શરીર મળે.

૨. બાદર–,, ,, ,, જીવનું શરીર યા શરીર-સમુદાય છદ્મસ્થની દૃષ્ટિમાં દેખાય તેટલું સ્થૂળ હોય.

૩. પર્યાપ્તિ–જે કર્મના ઉદયથી જીવ પોતાની પર્યાપ્તિથી પૂર્ણ હોય.

૪. પ્રત્યેક–જે કર્મના ઉદયથી એક શરીરનો સ્વામી એક જ જીવ હોય.

૫. સ્થિર–જે કર્મના ઉદયથી જીવના દાંત, હાડકા, અવયવ દૃઢ હોય.

૬. શુભ – જે કર્મના ઉદયથી નાભિથી ઉપરનો ભાગ શુભ હોય.

૭. સૌભાગ્ય–જે કર્મના ઉદયથી જીવ બધાનો પ્રિય હોય.

૮. સુસ્વર – જે કર્મના ઉદયથી જીવનો સ્વર મધુર હોય.

૯. આદેય–જે કર્મના ઉદયથી જીવનું વચન લોકોને આદરણીય લાગે, લોકો જેની આજ્ઞા પાળે.

૧૦. યશ–જે કર્મના ઉદયથી લોકોમાં યશ અને કીર્તિ હોય.

**પ્રશ્ન ૨૧–તીર્થંકર નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવ ૩૪ (ચોત્રીસ) અતિશયોથી યુકત અને સંઘ રૂપી તીર્થની સ્થાપના કરી ધર્મનું પ્રવર્ત્તન કરીને ત્રિલોક પૂજ્ય બને છે, તેને 'તીર્થંકર નામકર્મ' કહેવાય છે.

## ૪–પાપ તત્ત્વ

**પ્રશ્ન ૧–પાપકર્મ કોને કહે છે ?**

**ઉત્તર**–જે આત્માને મલિન કરે, જે બાંધતા સમયે તો સુખકારી લાગે, પરંતુ ભોગવતી વખતે દુઃખકારી હોય. તેને 'પાપકર્મ' કહેવાય છે.

**પ્રશ્ન ૨–પાપ કેટલા પ્રકારથી બંધાય છે ?**

**ઉત્તર**–પાપ અઢાર પ્રકારે બંધાય છે—૧. પ્રાણાતિપાત ૨. મૃષાવાદ, ૩. અદત્તાદાન, ૪. મૈથુન, ૫. પરિગ્રહ, ૬. ક્રોધ, ૭. માન, ૮. માયા, ૯. લોભ, ૧૦. રાગ, ૧૧. દ્વેષ, ૧૨. કલેશ, ૧૩. અભ્યાખ્યાન, ૧૪. પૈશુન્ય, ૧૫. પરપરિવાદ, ૧૬. રતિ–અરતિ, ૧૭. માયા મૃષાવાદ અને ૧૮. મિથ્યાદર્શનશલ્ય.

**પ્રશ્ન ૩–પ્રાણાતિપાત કોને કહે છે ?**

**ઉત્તર**–જીવના પ્રાણોનો વિનાશ કરવો–હિંસા કરવી.

**પ્રશ્ન ૪–મૃષાવાદ કોને કહે છે ?**

**ઉત્તર**–અસત્ય બોલવું તથા કડવું–સત્ય બોલવું. જેથી સાંભળનારને દુઃખ થાય.

**પ્રશ્ન ૫–અદત્તાદાન કોને કહે છે ?**

**ઉત્તર**–ગ્રામ, નગર, વન આદિમાં રહેલ સચિત્ત, અચિત્ત, અલ્પ, ઘણી, અણુ, સ્થૂળ વગેરે વસ્તુ તેના સ્વામીની–માલિકની આજ્ઞા વગર લેવી.

**પ્રશ્ન ૬–મૈથુન કોને કહે છે? અને કેટલા પ્રકારથી હોય છે?**

**ઉત્તર**–સ્ત્રી–પુરૂષનાં સહવાસને 'મૈથુન' કહેવાય છે. દેવ, મનુષ્ય અને તિર્યંચ સંબંધી મૈથુન ત્રણ પ્રકારનું છે.

**પ્રશ્ન ૭–પરિગ્રહ કોને કહે છે?**

**ઉત્તર**–ક્ષેત્ર, ઘર, ધન–ધાન્ય, આભૂષણ, વસ્ત્ર, વાહન, દાસ–દાસી, કુટુંબ–પરિવાર આદિ વસ્તુનો સંચય કરવો તેના ઉપર મમત્વ રાખવું તે 'બાહ્ય' પરિગ્રહ છે અને ક્રોધ, માન, માયા તથા લોભ 'આભ્યંતર' પરિગ્રહ કહેવાય છે.

**પ્રશ્ન ૮–ક્રોધ કોને કહે છે?**

**ઉત્તર**–મોહનીય કર્મના ઉદયથી થવાવાળો કોઈનાં ઉપર રોષ. કૃત્ય–અકૃત્યના વિવેકને દૂર કરનાર, પ્રજ્વલન સ્વરૂપ આત્માના પરિણામને 'ક્રોધ' કહેવાય છે.

**પ્રશ્ન ૯–માન કોને કહે છે?**

**ઉત્તર**–મોહનીય કર્મના ઉદયથી જાતિ આદિ ગુણોમાં અહંકાર બુદ્ધિ રૂપ આત્માના પરિણામને 'માન' કહેવાય છે,

**પ્રશ્ન ૧૦–માયા કોને કહે છે?**

**ઉત્તર**–મોહનીય કર્મના ઉદયથી મન–વચન–કાયાની કુટિલતાથી પરવંચના (બીજાની સાથે ઠગાઈ) કપટરૂપ આત્માના પરિણામને 'માયા' કહેવાય છે.

**પ્રશ્ન ૧૧–લોભ કોને કહે છે?**

ઉત્તર–મોહનીય કર્મના ઉદયથી ધન આદિ વિષયક ઈચ્છા, મૂર્છા, મમત્વભાવ, અને તૃષ્ણારૂપ–આત્માના પરિણામને 'લોભ' કહેવાય છે.

પ્રશ્ન ૧૨–રાગ કોને કહે છે ?

ઉત્તર–માયા અને લોભ જેમાં અપ્રગટરૂપથી વિદ્યમાન હોય, એવા આસક્તિ રૂપ જીવના પરિણામને 'રાગ' કહેવાય છે.

પ્રશ્ન ૧૩–દ્વેષ કોને કહે છે ?

ઉત્તર–ક્રોધ અને માન જેમાં અપ્રગટરૂપથી વિદ્યમાન હોય, એવા અપ્રીતિરૂપ જીવના પરિણામને 'દ્વેષ' કહેવાય છે.

પ્રશ્ન ૧૪–કલહ એટલે શું ?

ઉત્તર–લડાઈ–ઝઘડા કરવા તે કલહ–કલેશ છે.

પ્રશ્ન ૧૫–અભ્યાખ્યાન કોને કહે છે ?

ઉત્તર–પ્રગટરૂપથી અવિદ્યમાન દોષોનો આરોપ લગાવવો (ખોટું કલંક લગાવવું.) તેને 'અભ્યાખ્યાન' કહેવાય છે.

પ્રશ્ન ૧૬–પૈશુન્ય શું છે ?

ઉત્તર–પીઠ પાછળ કોઈના દોષ પ્રગટ કરવા (તે દોષ તેનામાં હોય કે ન હોય) તેને પૈશુન્ય કહેવાય છે.

પ્રશ્ન ૧૭–પરપરિવાદ કોને કહે છે ?

ઉત્તર–બીજાની નિંદા કરવી તે 'પરપરિવાદ' છે.

**પ્રશ્ન ૧૮–રતિ–અરતિ કોને કહે છે ?**

**ઉત્તર**–ઇન્દ્રિયોને અનુકૂળ વિષયોની પ્રાપ્તિમાં મોહનીય કર્મના ઉદયથી ચિત્તમાં જે આનંદરૂપ પરિણામ ઉત્પન્ન થવા તે 'રતિ' કહેવાય છે.

સંયમ, તપ આદિ (પ્રતિકૂળ) વિષયોમાં અરૂચિ, ઉદ્વેગ થવો તે 'અરતિ' છે.

**પ્રશ્ન ૧૯–માયા–મૃષાવાદનો આશય શું છે ?**

**ઉત્તર**–માયા (કપટ) પૂર્વક ખોટું બોલવું. તે 'માયા–મૃષાવાદ' છે. બે દોષોના સંયોગથી તે પાપસ્થાન માનવામાં આવેલ છે.

**પ્રશ્ન ૨૦–મિથ્યાદર્શન–શલ્ય કોને કહે છે ?**

**ઉત્તર**–સુદેવ, સુગુરૂ, સુધર્મ અને તત્ત્વમાં સુશ્રદ્ધા ન હોવી અથવા વિપરીત શ્રદ્ધા હોવી તે મિથ્યાદર્શન છે.

જેવી રીતે શરીરમાં ખૂંચી ગયેલ શલ્ય સદા કષ્ટ આપે છે. એ પ્રકારે મિથ્યાદર્શન પણ આત્માને દુઃખી બનાવી દે છે. તેથી તેને 'શલ્ય' કહેવાય છે.

**પ્રશ્ન ૨૧–ઉપરોક્ત ૧૮ પ્રકારથી બાંધેલ પાપનું ફળ કેવી રીતે ભોગવવું પડે છે ?**

**ઉત્તર**–પાપકર્મની ૮૨ પ્રકૃત્તિઓ છે. ફળ પણ ૮૨ પ્રકારથી ભોગવાય છે. તે ૮૨ પ્રકૃત્તિઓ આ પ્રકારે છે. જ્ઞાનાવરણીયની ૫, દર્શનાવરણીયની ૯, વેદનીયની ૧. મોહનીયની ૨૬, આયુષ્યની ૧, નામકર્મની ૩૪, ગોત્રકર્મની ૧. અને અંતરાય કર્મની ૫. એ બધી મળીને ૮૨ પ્રકૃત્તિઓ પાપની છે. *

—o—

* વિશેષ વિવરણ માટે '૮. બંધતત્ત્વ' પ્રકરણ જુઓ.

# ૫. આશ્રવ તત્ત્વ

**પ્રશ્ન ૧**–આશ્રવ તત્ત્વ કોને કહે છે?

**ઉત્તર**–જીવની શુભાશુભ યોગની પ્રવૃત્તિથી આકર્ષાઈને કર્મ-વર્ગણાનું આવવું, જીવ રૂપી તળાવમાં પુણ્ય-પાપ રૂપી પાણી આવ્યા કરે છે. તે આગમનને 'આશ્રવ' કહેવાય છે.

**પ્રશ્ન ૨**–આશ્રવ કેટલા છે?

**ઉત્તર**–૧. મિથ્યાત્વ, ૨. અવ્રત, ૩. પ્રમાદ, ૪. કષાય અને ૫. યોગ. આ પાંચ આશ્રવ છે.

**પ્રશ્ન ૩**–મિથ્યાત્વ કોને કહે છે?

**ઉત્તર**–મોહનીય કર્મના ઉદયથી તત્ત્વાર્થમાં શ્રદ્ધા ન થવી, યા વિપરીત શ્રદ્ધા થવી તે 'મિથ્યાત્વ' છે.

**પ્રશ્ન ૪**–મિથ્યાત્વના ૨૫ પ્રકાર કયા-કયા છે?

**ઉત્તર**–પચ્ચીશ પ્રકારના મિથ્યાત્વ નીચે પ્રમાણે છે.

**૧. જીવને અજીવ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–જીવતત્ત્વ જ ન માનવું અથવા જડથી જીવની ઉત્પત્તિ માનવી. તથા સ્થાવરકાય અને સંમૂચ્છિંમ આદિમાં જીવ નથી તેમ માનવું. તે પ્રથમ પ્રકારનું મિથ્યાત્વ.

**૨. અજીવને જીવ શ્રદ્ધે તે મિથ્યાત્વ**–જેમાં જીવ નથી તેમાં જીવ માનવો. વિશ્વને ભગવદ્રૂપ માનવું, સૂર્યાદિને મૂર્તિ તથા ચિત્રાદિને ભગવાન માનવા.

**૩. ધર્મને અધર્મ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–સમ્યક્-જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ ધર્મને અધર્મ સમજવો.

**૪. અધર્મને ધર્મ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–હિંસાદિ કાર્યોમાં ધર્મ માનવો, સંવર અને નિર્જરા રહિત લૌકિક કાર્યોમાં ધર્મ માનવો.

**૫. સાધુ ને અસાધુ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–જેની શ્રદ્ધા, પ્રરૂપણા શુદ્ધ છે, જે મહાવ્રતાદિ શ્રમણ ધર્મના પાલન કરનાર છે, એવા સુસાધુને કુસાધુ સમજવા.

**૬. અસાધુ ને સાધુ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–જે પાંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ આદિથી રહિત છે, જેની શ્રદ્ધા, પ્રરૂપણા ખોટી છે, જેનું આચરણ સુસાધુ જેવું નથી. તેને લૌકિક વિશેષતાના કારણે અથવા સાધુવેશ જોઈ ને સુસાધુ સમજવા.

**૭. મોક્ષના માર્ગને સંસારનો માર્ગ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપને યા સંવર, નિર્જરાને અથવા દાન, શીલ, તપ, ભાવને સંસારનો માર્ગ માનવો.

**૮. સંસારના માર્ગને મોક્ષનો માર્ગ શ્રદ્ધે તો મિથ્યાત્વ**–જે પ્રવૃત્તિથી જીવ સંસારમાં પરિભ્રમણ કરતો રહે છે. તે બધા સંસાર–માર્ગ છે. આવા માર્ગને મુક્તિનો માર્ગ માનવો.

**૯. મુક્તાને અમુક્ત શ્રદ્ધે તો મિથ્યાત્વ**–મુક્ત

આત્માને સંસારમાં લેપાયેલો સમજવો, અરિહંત-સિદ્ધને કર્મમુક્ત સુદેવ ન માનવા.

**૧૦. અમુક્તાને મુક્ત શ્રદ્ધે તો મિથ્યાત્વ**-રાગી-દ્વેષીને મુક્ત સમજવા. બીજા પંથના દેવો જે રાગ-દ્વેષથી યુક્ત છે. અજ્ઞાનવશ તેવાઓને મુક્ત સમજવા.

**૧૧. આભિગ્રહિક મિથ્યાત્વ**-તત્ત્વની પરીક્ષા કર્યા વગર જ પક્ષપાતપૂર્વક કોઈ તત્ત્વને પકડી રાખવું અને અન્ય પક્ષનું ખંડન કરવું.

**૧૨. અનાભિગ્રહિક મિથ્યાત્વ**-ગુણ-દોષની પરીક્ષા કર્યા વગર જ બધાં પક્ષોને સમાન સમજવા.

**૧૩. આભિનિવેશિક મિથ્યાત્વ**-પોતાના પક્ષને અસત્ય સમજવા છતાંયે દુરાગ્રહ પૂર્વક તેની સ્થાપના કરવી.

**૧૪. સાંશયિક મિથ્યાત્વ**-દેવ આ સ્વરૂપવાળા છે કે બીજા સ્વરૂપવાળા ? આ રીતે ગુરૂ, ધર્મ, જીવાદિ તત્ત્વોના સ્વરૂપમાં સંદેહ રાખવો.

**૧૫. અનાભોગિક મિથ્યાત્વ**-વિચાર-શૂન્યતા, મોહ-મૂઢતા, આ મિથ્યાત્વ એકેન્દ્રિયાદિ અસંજ્ઞી જીવોને તથા જ્ઞાન-વિકલ જીવોને હોય છે.

**૧૬. લૌકિક મિથ્યાત્વ**-જેમાં વિતરાગતા, સર્વજ્ઞતા તથા હિતોપદેશકતાના ગુણ નથી-એવા રાગી, દ્વેષી, છદ્મસ્થ અને મિથ્યામાર્ગ-પ્રવર્તક-સંસારમાર્ગના પ્રણેતાને દેવ માનવા. સંવરના લક્ષણથી યુક્ત-સમ્યક્

ચારિત્ર રૂપ પાંચ મહાવ્રત તથા સમિતિ, ગુપ્તિથી રહિત, નામધારી સાધુ અથવા ગૃહસ્થીને ગુરૂ માનવા. અધર્મ=જેમાં સમ્યક્ જ્ઞાનાદિનો અભાવ છે તથા જે લૌકિક ક્રિયાકાંડથી યુક્ત છે, તેને ધર્મ માનવો. તીર્થયાત્રા, સ્નાન, યજ્ઞાદિ સાવદ્ય પ્રવૃત્તિમાં ધર્મ માનવો, એ લૌકિક મિથ્યાત્વ છે.

**૧૭. લોકોત્તર મિથ્યાત્વ**–વિષય–કષાયોની પૂર્તિ માટે વીતરાગ દેવની આરાધના કરવામાં આવે, નિર્ગ્રન્થોની સેવા, માંગલિક શ્રવણ, સામાયિક, આયંબિલાદિ તપ, ભૌતિક સ્વાર્થ ભાવનાથી કરવામાં આવે, આ લોકોત્તર મિથ્યાત્વ છે. આનો બીજો અર્થ ગૌશાળક જેવાને દેવ, નિન્હવાદિને ગુરૂ તથા શુભબંધની ક્રિયાને લોકોત્તર ધર્મ માનવો તે પણ લોકોત્તર મિથ્યાત્વ છે.

**૧૮. કુપ્રાવચનિક મિથ્યાત્વ**–નિર્ગ્રન્થ પ્રવચન સિવાય અન્ય કુપ્રાવચનિક–મિથ્યા પ્રવચનના પ્રવર્તક, પ્રચારક અને મિથ્યા પ્રવચનને માનવું.

**૧૯. ન્યૂન મિથ્યાત્વ**–જિનમાર્ગને ન્યૂન શ્રદ્ધે–તત્ત્વના સ્વરૂપમાં ઓછું માનવું. એકાદ તત્ત્વ તથા તેનાં કોઈપણ ભેદમાં અવિશ્વાસી થવું.

**૨૦. અધિક મિથ્યાત્વ**–જિન–પ્રવચનથી અધિક માનવું, મિથ્યાત્વ છે. બીજા કુદેવ, કુગુરૂ, કુધર્મમાં થોડી પણ વિશેષતા સમજવી અથવા દિગંબરત્વ આદિની અધિક પ્રરૂપણા કરવી.

**૨૧. વિપરીત મિથ્યાત્વ**–જિન–માર્ગથી વિપરીત શ્રદ્ધે–જૈન દેવ, ગુરૂ અને ધર્મથી કંઈક પણ વિપરીત શ્રદ્ધા-પ્રરૂપણા કરવી તે વિપરીત મિથ્યાત્વ છે.

**૨૨. અક્રિયા મિથ્યાત્વ**–સમ્યક્ ચારિત્રની ઉત્થાપના કરતા થકા એકાંતવાદી બનીને આત્માને અક્રિય માનવો તથા ચારિત્રવાનને 'ક્રિયા જડ' કહીને તેનો તિરસ્કાર કરવો.

**૨૩. અજ્ઞાન મિથ્યાત્વ**–જ્ઞાનને બંધ અને પાપનું કારણ માનીને અજ્ઞાનને જ શ્રેષ્ઠ માનવું. 'જ્ઞાન વ્યર્થ છે.' "જાણે તે તાણે" ભોળાના ભગવાન છે તેમ કહેવું.

**૨૪. અવિનય મિથ્યાત્વ**–પૂજનીય દેવ, ગુરૂ અને ધર્મનો વિનય ન કરતાં તેનો અવિનય કરવો. તેની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું, તેને અસત્ કહેવું વગેરે....

**૨૫. આશાતના મિથ્યાત્વ**–દેવ, ગુરૂ અને ધર્મની આશાતના કરવી. તેના પ્રત્યે એવો વ્યવહાર કરવો કે જેથી જ્ઞાનાદિ ગુણો અને જ્ઞાનીઓને ધક્કો પહોંચે.

**પ્રશ્ન ૫–મિથ્યાત્વ પ્રતિપાદનનો ઉદ્દેશ શું છે?**

**ઉત્તર**–અરિહંત ભગવાને જે મિથ્યાત્વનું પ્રતિપાદન કર્યું છે, તેનો ઉદ્દેશ એ જ છે કે–ભવ્ય જીવ સુખપૂર્વક મોક્ષમાં જાય. (૧) હિંસાદિ રૂપ કુમાર્ગ, (૨) હિંસા મિશ્રિત કુમાર્ગ તથા (૩) લૌકિક સુખપ્રદ પુણ્યમાર્ગમાં ભટકી ન જાય યા અન્ય તેને ભટકાવી ન દે.

**પ્રશ્ન ૬–અવિરતિનો અર્થ શું છે?**

ઉત્તર–પ્રાણાતિપાત આદિ પાપથી નિવૃત્ત ન થવું–વ્રત પ્રત્યાખ્યાનથી રહિતપણું.

**પ્રશ્ન ૭–પ્રમાદ કોને કહે છે?**

**ઉત્તર**–શુભ કાર્યમાં ઉદ્યમ ન કરવો 'પ્રમાદ' કહેવાય છે. અથવા સમ્યક્‌જ્ઞાન, દર્શન અને સમ્યક્‌ચારિત્ર રૂપ મોક્ષ માર્ગમાં પ્રવૃત્તિ ન કરતાં મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને પાપ પ્રવૃત્તિમાં રચ્યા–પચ્યા રહેવું.

**પ્રશ્ન ૮–કષાય કોને કહે છે?**

**ઉત્તર**–જે શુદ્ધ સ્વરૂપવાળા આત્માને કલુષિત કરે, કષ = કર્મ અથવા સંસાર, આય = પ્રાપ્તિ અથવા વૃદ્ધિ જેનાથી થાય તેને 'કષાય' કહેવાય છે.

**પ્રશ્ન ૯–યોગ કોને કહે છે?**

**ઉત્તર**–મન, વચન, કાયાની શુભાશુભ પ્રવૃત્તિને યોગ કહે છે.

**પ્રશ્ન ૧૦–શુભ યોગ કોને કહે છે?**

**ઉત્તર**–મન, વચન, કાયાને શુભ કાર્યોમાં પ્રવૃત્ત કરવા તેને શુભ યોગ કહેવાય છે. શુભ યોગને વ્યવહારથી સંવર પણ માનવામાં આવે છે.

**પ્રશ્ન ૧૧–અશુભ યોગ કોને કહે છે?**

**ઉત્તર**–મન, વચન અને કાયાને હિંસા, મૃષા આદિ ખરાબ કાર્યોમાં પ્રવૃત્ત કરવા.

**પ્રશ્ન ૧૨–શુભ આશ્રવ કોને કહે છે?**

**ઉત્તર**–શુભ યોગથી શુભ કર્મબંધ થાય છે, તેને પુણ્ય અથવા શુભ આશ્રવ કહેવાય છે.

**પ્રશ્ન ૧૩–અશુભ આશ્રવ કોને કહે છે?**

**ઉત્તર**–અશુભ યોગથી અશુભ કર્મબંધ થાય છે, તેને 'પાપ' અથવા અશુભ આશ્રવ કહેવાય છે.

**પ્રશ્ન ૧૪–આશ્રવ આત્માને હિતકારી છે કે અહિતકારી?**

**ઉત્તર**–આશ્રવ અહિતકારી અને ત્યાગ કરવા યોગ્ય છે.

**પ્રશ્ન ૧૫–આશ્રવના સાધારણપણે કેટલા ભેદ છે?**

**ઉત્તર**–આશ્રવના ૨૦ ભેદ નીચે પ્રમાણે છે: ૧ મિથ્યાત્વનું સેવન કરવું, ૨. અવ્રત–પાપનો ત્યાગ ન કરવો, ૩. પાંચ પ્રકારના પ્રમાદનું સેવન કરવું, ૪. ૨૫ કષાયોનુ સેવન, ૫. અશુભ યોગ પ્રવર્તાવવા, ૬. પ્રાણાતિપાત, ૭. મૃષાવાદ, ૮. અદત્તાદાન, ૯. મૈથુન, ૧૦. પરિગ્રહ, ૧૧. શ્રોતેન્દ્રિયને વશમાં ન રાખવી, ૧૨. ચક્ષુઇન્દ્રિયને વશમાં ન રાખવી, ૧૩. ઘ્રાણેન્દ્રિયને વશમાં ન રાખવી. ૧૪. રસનેન્દ્રિયને વશમાં ન રાખવી, ૧૫. સ્પર્શેન્દ્રિયને વશમાં ન રાખવી, ૧૬. ૧૭. ૧૮. મન, વચન, કાયાને વશમાં ન રાખવા, ૧૯. ભંડ–ઉપકરણ અયતનાથી લેવા–મૂકવા, ૨૦. સોય–કુશાગ્ર માત્ર અયતનાથી લેવા–મૂકવા.

પ્રશ્ન ૧૬–આશ્રવના વિશેષ ભેદ કેટલા છે?

ઉત્તર–અન્ય પ્રકારે આશ્રવના ૪૨ ભેદ પણ થાય છે.—પાંચ ઇન્દ્રિયોના વિષય, ચાર કષાય, ત્રણ અશુભ યોગ, પચ્ચીશ ક્રિયા, પાંચ અવ્રત, તે રીતે ૪૨ ભેદ પણ છે.

પ્રશ્ન ૧૭–૨૫ ક્રિયાઓ કઈ કઈ છે?

ઉત્તર–૧. કાયિકી, ૨. આધિકરણીકી, ૩. પ્રાદ્વેષિકી, ૪. પારિતાપનિકી, ૫. પ્રાણાતિપાતિકી, ૬. આરંભિકી, ૭. પારિગ્રહિકી, ૮. માયા પ્રત્યયિકી, ૯. અપ્રત્યાખ્યાનિકી, ૧૦. મિથ્યાદર્શન પ્રત્યયિકી, ૧૧. દષ્ટિકી, ૧૨. સ્પૃષ્ટિકી, ૧૩. પ્રાતીત્યિકી, ૧૪. સામન્તોપનિપાતિકી, ૧૫. નૈશસ્ત્રિકી, ૧૬. સ્વહસ્તિકી, ૧૭. આજ્ઞાપનિકી, ૧૮. વૈદારણિકી, ૧૯. અણાભોગિકી, ૨૦. અનવકાંક્ષા પ્રત્યયિકી, ૨૧. પ્રાયોગિકી, ૨૨. સામુદાયિકી, ૨૩. પ્રેમપ્રત્યયા, ૨૪. દ્વેષ પ્રત્યયા અને ૨૫. ઈર્યાપથિકી ક્રિયા.

પ્રશ્ન ૧૮–કાયિકી કોને કહે છે?

ઉત્તર–અવિરતિ અથવા પ્રમાદપૂર્વક શરીરના હલન-ચલન આદિથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૧૯–આધિકરણિકી કોને કહે છે?

ઉત્તર–જે સાધનથી જીવ પાપકારી ક્રિયા કરે છે. જેમ કે ચાકુ, છુરી, બંદૂક, તલવાર આદિ ઘાતક શસ્રોને 'અધિકરણ' કહે છે. આવા શસ્રોને બનાવવા અને સંગ્રહ કરવાની પ્રવૃત્તિ 'આધિકરણીકી' કહેવાય છે.

પ્રશ્ન ૨૦–પ્રાદ્વેષિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–જીવ અથવા અજીવ ઉપર દ્વેષ કરવાથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૨૧–પારિતાપનિકી કોને કહે છે ?

ઉત્તર–બીજા જીવોને પીડા પહોંચાડવાથી તથા પોતાના જ હાથથી પોતાનું મસ્તક, છાતી આદિ પીટવાથી જે ક્રિયા લાગે છે, તે

પ્રશ્ન ૨૨–પ્રાણાતિપાતિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–બીજા પ્રાણીઓના પ્રાણનો વિનાશ કરવાથી તથા આત્મઘાત કરવાથી લાગનારી ક્રિયા પ્રાણાતિપાતિકી કહેવાય છે.

પ્રશ્ન ૨૩–આરંભિકી કોને કહે છે ?

ઉત્તર–ખેતી, ઘર આદિના કાર્યમાં હળ, કોદાળી આદિ ચલાવવા જેનાથી જીવોનો નાશ થાય છે.

પ્રશ્ન ૨૪–પારિગ્રહિકી કોને કહે છે ?

ઉત્તર–દાસ–દાસી, પશુ આદિ જીવો તથા ધન, વસ્ત્ર, આભૂષણ, ઘર આદિ અજીવ પદાર્થોનો સંગ્રહ કરવાથી અને તેનાં ઉપર મમત્વ કરવાથી જે ક્રિયા લાગે તે.

પ્રશ્ન ૨૫–માયા–પ્રત્યયિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–છલ કપટ કરીને બીજાને છેતરવાથી તથા કષાયોદયથી જે ક્રિયા લાગે તે.

પ્રશ્ન ૨૬–અપ્રત્યાખ્યાનિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–ત્યાગ–પ્રત્યાખ્યાન નહીં કરવાથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૨૭–મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કોને કહે છે?

ઉત્તર–જિનેશ્વર ભગવાનના વચનોથી વિપરીત શ્રદ્ધા તથા અશ્રદ્ધાને 'મિથ્યાત્વ' કહે છે. તેનાથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૨૮–દૃષ્ટિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–રાગદ્વેષ યુક્ત કોઈ જીવ યા અજીવ પદાર્થને જોવાથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૨૯–સ્પૃષ્ટિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–રાગાદિથી યુક્ત જીવ અને અજીવ વસ્તુનો સ્પર્શ કરવાથી અથવા મલિન ભાવનાથી જે પ્રશ્ન કરવામાં આવે છે તેને સ્પૃષ્ટિકી ક્રિયા કહેવાય છે.

પ્રશ્ન ૩૦–પ્રાતીત્યિકી કોને કહે છે ?

ઉત્તર–જીવ અને અજીવ વસ્તુ, બાહ્ય વસ્તુનાં નિમિત્તથી રાગ–દ્વેષ કરવાથી જે ક્રિયા લાગે તે.

પ્રશ્ન ૩૧–સામન્તોપનિપાતિકી કોને કહે છે?

ઉત્તર–પોતાના વૈભવ અથવા કૃતિ આદિની લોકોથી કરવામાં આવતી પ્રશંસા સાંભળીને પ્રસન્ન થવાથી અથવા ઘી, તેલ આદિનાં પાત્ર ખુલ્લાં રાખવાથી સમ્મૂર્છિમ

જીવ પડીને વિનાશને પ્રાપ્ત થાય છે, તેનાથી જે ક્રિયા લાગે તે.

**પ્રશ્ન ૩૨–નૈશસ્ત્રિકી ક્રિયા કોને કહે છે ?**

**ઉત્તર**–રાજા આદિની આજ્ઞાથી યંત્રો દ્વારા કૂવા, તળાવ આદિથી પાણી કાઢીને બહાર ફેંકવાથી, ફૂવારા ચલાવવાથી, ગોફણ આદિ દ્વારા પત્થર, ધનુષ્યથી બાણ આદિ ફેંકવાથી સ્વાર્થવશ યોગ્ય શિષ્ય યા પુત્રને બહાર કાઢી મુકવાથી, શુદ્ધ એષણીક ભિક્ષા હોવાથી પણ નિષ્કારણ તે પરઠી દેવાથી જે ક્રિયા લાગે તે.

**પ્રશ્ન ૩૩–સ્વહસ્તિકી ક્રિયા કોને કહે છે ?**

**ઉત્તર**–કોઈ જીવને પોતાના હાથમાં લઈને ફેંકવાથી પછાડવાથી, મારવાથી જે ક્રિયા લાગે તે.

**પ્રશ્ન ૩૪–આજ્ઞાપનિકી ક્રિયા કોને કહે છે ?**

**ઉત્તર**–જીવ અથવા અજીવથી સંબંધિત આજ્ઞા દેવાથી અથવા બીજાથી સજીવ–નિર્જીવ વસ્તુ મંગાવવાથી જે ક્રિયા લાગે તે.

**પ્રશ્ન ૩૫–વૈદારણિકી ક્રિયા કોને કહે છે ?**

**ઉત્તર**–જીવ અને અજીવ પદાર્થોને ચીરવા–ફાડવાથી અથવા ખરાબ અને નકલી વસ્તુને અસલી તેમજ સારી બતાવવાથી જે ક્રિયા લાગે તે.

**પ્રશ્ન ૩૬–અનાભોગિકી ક્રિયા કોને કહે છે ?**

**ઉત્તર**–અનુપયોગથી ચીજોને ઉપાડવાથી, રાખવાથી અને અનુપયોગપૂર્વક ચાલવા–ફરવાથી જે ક્રિયા લાગે તે.

પ્રશ્ન ૩૭–અનવકાંક્ષા પ્રત્યયિકી કોને કહે છે ?

ઉત્તર–સ્વ પર હિત–અહિતનો વિચાર ન કરવો તથા આ લોક અને પરલોકની પરવા કર્યા વિના બંને લોક વિરોધી હિંસા, અસત્ય આદિ તથા આર્ત્તધ્યાન, રૌદ્રધ્યાન કરવાથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૩૮–પ્રાયોગિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન કરવું, સાવદ્ય વચન બોલવું તથા પ્રમાદપૂર્વક આવવું–જવું, હાથ–પગ ફેલાવવા, સંકોચવા આદિથી તથા મન, વચન, કાયાના વ્યાપારથી લાગવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૩૯–સામુદાયિકી ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–જે પાપકર્મ દ્વારા સમુદાયરૂપમાં આઠે કર્મોનું બંધન થાય તથા સામુહિક રૂપથી અનેક જીવોને એક સાથે કર્મબંધ થાય.

પ્રશ્ન ૪૦–પ્રેમ પ્રત્યયા કોને કહે છે ?

ઉત્તર–રાગથી લાગવાવાળી અને માયા તથા લોભપૂર્વક વ્યવહાર કરવાથી થવાવાળી ક્રિયા.

પ્રશ્ન ૪૧–દ્વેષ–પ્રત્યયા ક્રિયા કોને કહે છે ?

ઉત્તર–ઇર્ષા–દ્વેષ કરવાથી તથા ક્રોધ અને અભિમાન કરવાથી જે ક્રિયા લાગે તે.

પ્રશ્ન ૪૨–ઈર્યાપથિકી કોને કહે છે ?

ઉત્તર–૧૧, ૧૨ અને ૧૩મા ગુણસ્થાનમાં રહેલાં વીતરાગ ભગવંતને કેવલ યોગના કારણે લાગવાવાળી ક્રિયા.

# ૬. સંવર તત્વ

**પ્રશ્ન ૧–સંવર કોને કહે છે?**

**ઉત્તર**–આશ્રવને અટકાવવો તેને 'સંવર' કહેવાય છે. જીવરૂપી તળાવમાં આશ્રવરૂપી નાળાથી કર્મરૂપી પાણી આવે તેને વ્રત રૂપી પાળ દ્વારા રોકવા 'સંવર' કહેવાય છે.

**પ્રશ્ન ૨–સંવરના મુખ્ય કેટલા ભેદ છે?**

**ઉત્તર**–૧. દ્રવ્યસંવર અને ૨. ભાવસંવર–બે ભેદ છે.

**પ્રશ્ન ૩–દ્રવ્ય-સંવર કોને કહે છે?**

**ઉત્તર**–કર્મપુદ્‌ગલને આવતા અટકાવવા તે દ્રવ્યસંવર.

**પ્રશ્ન ૪–ભાવ-સંવર કોને કહે છે?**

**ઉત્તર**–નવા કર્મોને આવતા રોકવાવાળા આત્માના પરિણામને ભાવસંવર કહેવાય છે.

**પ્રશ્ન ૫–સામાન્યરૂપથી સંવરના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–સંવરના ૨૦ ભેદ નીચે પ્રમાણે છે. ૧. સમકિતને ધારણ કરવું, ૨. વ્રત–પ્રત્યાખ્યાન કરવા, ૩. પ્રમાદ ન કરવો, ૪. કષાય ન કરવો, ૫. શુભયોગ પ્રવર્તાવવો, ૬. પ્રાણાતિપાત વિરમણ, ૭. મૃષાવાદ વિરમણ, ૮. અદત્તાદાન વિરમણ, ૯. મૈથુન વિરમણ, ૧૦. પરિગ્રહ વિરમણ, ૧૧થી ૧૫. પાંચે ઇન્દ્રિયોને વશમાં રાખવી.

૧૬, ૧૭, ૧૮. મન-વચન-કાયાને વશમાં રાખવા. ૧૯. ભંડ–ઉપકરણ યતનાથી લેવા અને મુકવા, ૨૦ સોય-કુશાગ્ર માત્ર યતનાથી લેવા અને મુકવા.

**પ્રશ્ન ૬–સંવરના ૫૭ ભેદ કઈ અપેક્ષાએ છે ?**

**ઉત્તર**–સંવરના ૫૭ ભેદ આ રીતે છે–૫ સમિતિ, ૩ ગુપ્તિનું પાલન કરવું, ૨૨ પરીષહોને જીતવા, ૧૦ યતિ-ધર્મ, ૧૨ ભાવનાનું ચિંતન કરવું અને ૫ ચારિત્રનું પાલન કરવું.

**પ્રશ્ન ૭–સમિતિ કોને કહે છે ?**

**ઉત્તર**–આવશ્યક કાર્યને માટે યતનાપૂર્વક સમ્યક્ પ્રવૃત્તિને 'સમિતિ' કહેવાય છે.

**પ્રશ્ન ૮–સમિતિના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–૧. ઈર્યાસમિતિ, ૨. ભાષા સમિતિ, ૩. એષણા સમિતિ, ૪. આદાન ભંડ માત્ર નિક્ષેપના સમિતિ, ૫. ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ સિંઘાણ જલ્લ પરિસ્થાપનિકા સમિતિ.

**પ્રશ્ન ૯-ઇર્યા સમિતિ કોને કહે છે ?**

**ઉત્તર**–જ્ઞાન, દર્શન અને ચારિત્રના નિમિત્તે આગ-મોક્ત કાળમાં યુગ પરિમાણ ભૂમિને એકાગ્ર ચિત્તથી જોતો થકો યતનાપૂર્વક ગમનાગમન કરવું તે 'ઈર્યાસમિતિ' છે.

**પ્રશ્ન ૧૦–ભાષા સમિતિ કોને કહે છે ?**

ઉત્તર—આવશ્યકતા લાગવાથી સત્ય, હિત, મિત, નિર્દોષ અને અસંદિગ્ધ ભાષા બોલવી તે ભાષા સમિતિ છે.

**પ્રશ્ન ૧૧—એષણા સમિતિ કોને કહે છે ?**

ઉત્તર—ગવેષણા, ગ્રહણ અને પરિભોગેષણા સંબંધી દોષોથી રહિત આહાર—પાણી આદિ ગ્રહણ કરવું તે 'એષણા સમિતિ' છે.

**પ્રશ્ન ૧૨-આદાન—ભંડ—માત્ર નિક્ષેપના સમિતિ કોને કહે છે?**

ઉત્તર—આસન, શય્યા, સંસ્તારક, વસ્ત્ર, પાત્ર આદિ ઉપકરણોને ઉપયોગ પૂર્વક જોઈને, પોંજીને, લેવા અને મૂકવા તે આદાન—ભાંડ—માત્ર નિક્ષેપના સમિતિ છે.

**પ્રશ્ન ૧૩—ઉચ્ચાર – પ્રસ્રવણ – ખેલ – સિંઘાણ – જલ્લ પરિસ્થાપનિકા સમિતિ કોને કહે છે?**

ઉત્તર—સ્થંડિલના દોષોને વર્જીને, પરઠવવાને યોગ્ય લઘુનીત, વડીનીત, થુંક, કફ, નાકનો મેલ આદિ નિર્જીવ સ્થાનમાં યતનાપૂર્વક પરઠવવો તે પરિસ્થાપનિકા સમિતિ છે.

**પ્રશ્ન ૧૪—ગુપ્તિ કોને કહે છે ?**

ઉત્તર—મન, વચન, કાયાની અશુભ પ્રવૃત્તિઓને રોકવી અને શુભ પ્રવૃત્તિ કરવી તેને 'ગુપ્તિ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૫—ગુપ્તિના કેટલા પ્રકાર છે?**

ઉત્તર—૧. મન ગુપ્તિ, ૨. વચન ગુપ્તિ અને ૩. કાય ગુપ્તિ.

**પ્રશ્ન ૧૬–મન ગુપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–આર્ત્તધ્યાન, રૌદ્ર ધ્યાન, સંરંભ, સમારંભ, આરંભ સંબંધી સંકલ્પ ન કરવો, ધર્મધ્યાન સંબંધી ચિંતન કરવું, મધ્યસ્થભાવ રાખવો, શુભ–અશુભ યોગોને રોકીને યોગનિરોધ અવસ્થામાં થવાવાળી અંતરાત્માની અવસ્થા પ્રાપ્ત કરવી તે 'મન ગુપ્તિ' છે.

**પ્રશ્ન ૧૭–વચન ગુપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–વચનના અશુભ વ્યાપાર અર્થાત્ સંરંભ, સમારંભ અને આરંભ સંબંધી વચનનો ત્યાગ કરવો, વિકથા ન કરવી અને મૌન રહેવું તે 'વચન ગુપ્તિ' છે.

**પ્રશ્ન ૧૮–કાય ગુપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–ઊઠવું, બેસવું, ઊભા રહેવું આદિ કાયિક પ્રવૃત્તિ ન કરવી, યત્નાપૂર્વક કાયાની પ્રવૃત્તિ કરવી અને અશુભ પ્રવૃત્તિનો ત્યાગ કરવો તે 'કાયગુપ્તિ' છે.

**પ્રશ્ન ૧૯–બાવીસ પરિષહ કયા કયા છે?**

**ઉત્તર**–૧. ક્ષુધા પરિષહ, ૨. પિપાસા, ૩. શીત, ૪. ઉષ્ણ, ૫. દંશમશક, ૬. અચેલ, ૭. અરતિ, ૮. સ્ત્રી, ૯. ચર્યા, ૧૦. નિષદ્યા, ૧૧. શય્યા, ૧૨. આક્રોશ, ૧૩. વધ, ૧૪. યાચના, ૧૫. અલાભ, ૧૬. રોગ, ૧૭. તૃણ-સ્પર્શ, ૧૮. જલ્લ, ૧૯. સત્કાર–પુરસ્કાર, ૨૦. પ્રજ્ઞા, ૨૧. અજ્ઞાન અને ૨૨. સમ્યક્ત્વ પરિષહ.

**પ્રશ્ન ૨૦–બાવીસ પરિષહોનું વિશેષ સ્વરૂપ શું છે?**

ઉત્તર–૧. **ક્ષુધા પરિષહ**—સાધુની મર્યાદાનુંસાર એષણીય આહાર જ્યાં સુધી ન મળે, ત્યાં સુધી ભૂખને સહન કરવી.

૨. **પિપાસા પરિષહ**–જ્યાં સુધી નિર્દોષ અચિત્ત પાણી ન મળે ત્યાં સુધી પ્યાસ–તૃષાને સહન કરવી.

૩. **શીત પરિષહ**-ગમે તેટલી ઠંડી પડતી હોય તો પણ પોતાની પાસે મર્યાદિત અને પરિમિત વસ્ત્ર હોય તેનાથી જ પોતાનો નિર્વાહ કરવો અને સમભાવપૂર્વક ઠંડીને સહન કરવી.

૪. **ઉષ્ણ પરિષહ**–અત્યંત ગરમી પડતી હોય તો પણ સ્નાનની ઈચ્છા ન કરવી, પવન ન નાખવો અને ગરમીને સમભાવપૂર્વક સહન કરવી.

૫. **દંશમશક પરિષહ**-ડાંસ, મચ્છર, માંકડ આદિનાં કરડવાથી જે વેદના થાય છે તેને સમભાવપૂર્વક સહન કરવી.

૬. **અચેલ પરિષહ**-આગમોક્ત સાધુની મર્યાદાનુસાર જેટલા વસ્ત્ર રાખવાની આજ્ઞા છે તેટલા જ વસ્ત્ર રાખવા, બહુમૂલ્ય વસ્ત્ર રાખવા નહિ. જે કાંઈ વસ્ત્ર હોય તેમાં સંતોષ રાખવો.

૭. **અરતિ પરિષહ**–મનમાં અરતિ અર્થાત્ ઉદાસીનતાથી થનારૂં કષ્ટ. સંયમમાં મન ન લાગે, તેના પ્રતિ અરૂચિ ઉત્પન્ન થાય, તો ધૈર્યપૂર્વક સંયમમાં મન લગાવીને-અરતિને દૂર કરવી.

૮. **સ્ત્રી પરિષહ**—સ્ત્રીઓનાં અંગ, ઉપાંગ, આકૃતિ, હાસ્ય, કટાક્ષ આદિમાં ધ્યાન ન આપવું, વિકાર દૃષ્ટિથી તેના તરફ જોવું નહિ, બ્રહ્મચર્યમાં દઢ રહેવું.

૯. **ચર્યા-પરિષહ**—વિહારનો પરિશ્રમ અને વિહારના કષ્ટો સહન કરવા.

૧૦. **નિષદ્યા પરિષહ**—સ્મશાન, શૂન્યઘર, સિંહની ગુફા આદિમાં ધ્યાન કરવાના સમયે વિવિધ ઉપસર્ગ આવવાથી, કામલોલુપ સ્ત્રીઓનાં અનુકૂળ ઉપસર્ગ થવાથી અને હિંસક પ્રાણીઓના પ્રતિકૂળ ઉપસર્ગ આવવાથી સમભાવપૂર્વક સહન કરવા, પરંતુ નિષિદ્ધ ચેષ્ટા ન કરવી.

૧૧. **શય્યા પરિષહ**—રહેવાનું સ્થાન અને સુવાને માટે ઊંચી-નીચી-કઠોર આદિ કષ્ટપ્રદ ભૂમિનો યોગ મળ્યેથી થનારૂં કષ્ટ અને નિદ્રામાં ડખલ પહોંચતી હોય તો પણ મનમાં ઉદ્વેગ લાવવો નહિ.

૧૨. **આક્રોશ પરિષહ**—કોઈ ગાળ આપે કે કટુ વચન કહે, તેનાથી થનારા કષ્ટને સહન કરે.

૧૩. **વધ પરિષહ**—કોઈ દુષ્ટ મારે, પીટે અથવા પ્રાણ રહિત કરી નાખે તો પણ ક્રોધ ન કરતા સમભાવપૂર્વક સહન કરવું.

૧૪. **યાચના પરિષહ**—સ્વયં ભિક્ષા યાચીને સંયમયાત્રાનો નિર્વાહ કરવો, યાચવાથી કોઈ અપમાન કરે તો ખોટું ન માનવું અને ભિક્ષા યાચવામાં લજ્જાનો અનુભવ ન કરવો.

**૧૫. અલાભ પરિષહ**—આગમોક્ત મર્યાદાનુસાર ગોચરીને માટે જવાથી નિર્દોષ આહાર ન મળે અથવા જે વસ્તુની આવશ્યકતા છે, તે દાતાની પાસે હોવા છતાં પણ દાતા ન આપે, તો પોતાના લાભાંતરાય કર્મનો ઉદય સમજીને સમભાવપૂર્વક સહન કરવું.

**૧૬. રોગ પરિષહ**—રોગ થાય ત્યારે આર્ત્તધ્યાન ન કરે. પોતાના કરેલાં કર્મોનું ફળ સમજીને વેદનાને સમભાવપૂર્વક સહન કરે.

**૧૭. તૃણ-સ્પર્શ પરિષહ**—દર્ભ (ડાભ) આદિ તૃણોની પથારીમાં સાધુને સુવું પડે અને કઠોર તૃણોના સ્પર્શથી વેદના થાય, ખુજલી આવે ત્યારે ઉદ્વિગ્ન ચિત્ત ન કરતા સમભાવ પૂર્વક સહન કરે.

**૧૮. જલ્લ (મેલ) પરિષહ**—શરીર અને વસ્ત્ર પરસેવાથી અને ધૂળથી મલિન થાય તો ખેદિત ન થાય તથા સ્નાનની ઇચ્છા ન કરે.

**૧૯. સત્કાર-પુરસ્કાર પરિષહ**—લોકસમુદાય, રાજા-મહારાજા આદિ દ્વારા આદર-સત્કાર થાય તો પોતાના મનમાં અભિમાન ન કરે અને આદર-સત્કાર ન મળવાથી મનમાં દુઃખી ન થાય.

**૨૦. પ્રજ્ઞા પરિષહ**—બહુશ્રુત, ગીતાર્થ થવાથી ઘણા લોકો પ્રશ્ન પૂછે છે, કોઈ ચર્ચા-વિવાદ કરવા આવે તેનાથી ખિન્ન થઈને જ્ઞાનને દુઃખપ્રદ અને અજ્ઞાનને

સુખદાયક ન માનતા સમભાવથી સહન કરે, પ્રખર વિદ્વત્તા હોવા છતાંયે પણ અભિમાન ન કરવું.

**૨૧. અજ્ઞાન પરિષહ**—ઘણો પરિશ્રમ કરવા છતાં પણ પાઠ યાદ ન થાય અને જ્ઞાન ન ચડે તો ખિન્ન ન થવું, પરંતુ જ્ઞાનાવરણીય કર્મનો ઉદય સમજીને પોતાના ચિત્તને શાંત કરે.

**૨૨. સમ્યક્ત્વ પરિષહ**—અનેક કષ્ટ-ઉપસર્ગ આવવા છતાં પણ જિનેશ્વર ભાષિત ધર્મથી વિચલિત ન થવું, શાસ્ત્રીય સૂક્ષ્મ અર્થ સમજમાં ન આવે તો ઉદાસીન થઈને વિપરીત ભાવ ન લાવે, અન્ય મતિઓના ચમત્કાર, આડંબર જોઇને મોહિત ન થાય.

**પ્રશ્ન ૨૧—શ્રમણ ધર્મના ૧૦ ભેદ કયા કયા છે?**

**ઉત્તર**—શ્રમણ ધર્મના ૧૦ ભેદ આ પ્રકારે છે :—

**૧. ક્ષમા**—ક્રોધ ઉપર વિજય પ્રાપ્ત કરવો, ક્રોધનું કારણ ઉપસ્થિત થવા છતાં પણ શાંતિ રાખવી. તે ક્ષમા-ધર્મ છે.

**૨. માર્દવ**—માનનો ત્યાગ કરવો. જાતિ, કુળ, રૂપ, ઐશ્વર્ય, તપ, જ્ઞાન, લાભ અને બળ. આ આઠમાંથી કોઇનો મદ ન કરવો માર્દવ કહેવાય છે.

**૩. આર્જવ**—કપટ રહિત થવું. માયા, દંભ, ઠગાઈ આદિનો સર્વથા ત્યાગ કરવો તથા સરળ બનવું.

૪. **મુક્તિ**—લોભ ઉપર વિજય પ્રાપ્ત કરવો. પૌદ્ગલિક વસ્તુઓ ઉપર આસક્તિ ન રાખવી.

૫. **તપ—'इच्छा निरोधस्तपः'**–ઇચ્છાને રોકવી અને ૧૨ પ્રકારનું તપ કરવું.

૬. **સંયમ**—મન, વચન, કાયાની પ્રવૃત્તિ ઉપર અંકુશ રાખવો. અશુભ પ્રવૃત્તિ ન થવા દેવી, પાંચે ઇન્દ્રિયોને વશમાં રાખવી, ચાર કષાયોને જીતવા, પ્રાણાતિપાત આદિ પાપોથી નિવૃત્ત થવું. એ ૧૭ પ્રકારનો સંયમ છે.

૭. **સત્ય**—બધા જીવોને માટે સુખકારી, હિત, મિત, સત્ય અને નિર્દોષ વચન બોલવું.

૮. **શૌચ**—કોઈપણ પ્રાણીને કષ્ટ ન થાય–એવો વર્તાવ કરવો; મન, વચન અને કાયાના વ્યવહારને પવિત્ર રાખવા.

૯. **અકિંચનત્વ**—કોઈ વસ્તુ ઉપર મૂર્છા ન રાખવી, પરિગ્રહનો ત્યાગ કરવો.

૧૦. **બ્રહ્મચર્ય**—નવવાડ સહિત પૂર્ણ બ્રહ્મચર્યનું પાલન કરવું.

**પ્રશ્ન ૨૨–બાર ભાવનાઓ કઈ કઈ છે?**

**ઉત્તર**–૧૨ ભાવના આ પ્રકારે છે :

| | |
|---|---|
| ૧. અનિત્ય ભાવના | ૭. આશ્રવ ભાવના |
| ૨. અશરણ ,, | ૮. સંવર ,, |
| ૩. સંસાર ,, | ૯. નિર્જરા ,, |
| ૪. એકત્વ ,, | ૧૦. લોક ,, |
| ૫. અન્યત્વ ,, | ૧૧. બોધિ ,, |
| ૬. અશુચિ ,, | ૧૨. ધર્મ ભાવના. |

**પ્રશ્ન ૨૩–અનિત્ય ભાવના એટલે શું ?**

**ઉત્તર**–સંસાર અનિત્ય છે, બધી વસ્તુઓ પરિવર્તનશીલ અને નશ્વર છે. આ રીતે ધન, યૌવન, કુટુંબ, શરીર આદિ સંસારના બધા પદાર્થ અનિત્ય છે, એવો વિચાર કરવો, 'અનિત્ય' ભાવના છે. આ ભાવના ભરત ચક્રવતીએ ભાવી હતી.

**પ્રશ્ન ૨૪–અશરણ ભાવના એટલે શું ? એ ભાવના કોણે ભાવી હતી ?**

**ઉત્તર**–જન્મ, જરા, મરણ, વ્યાધિ, પ્રિયનો વિયોગ, અપ્રિયનો સંયોગ, દારિદ્રય આદિ દુઃખોમાં પડેલા પ્રાણીને વીતરાગ પ્રરૂપિત ધર્મ સિવાય અન્ય કોઈ રક્ષક નથી. એવું ચિંતન કરવું. આ ભાવના અનાથી મુનિએ ભાવી હતી.

**પ્રશ્ન ૨૫–સંસાર ભાવનાનો શો વિષય છે?**

**ઉત્તર**–સંસારની વિશાળતા અને તેમાં જન્મ–મરણ કરતા થકા અનાદિકાળથી જીવ ચાર ગતિ, ચોવીસ દંડક અને ૮૪ લાખ જીવયોનિમાં દુઃખ ભોગવી રહ્યો છે,

ઇત્યાદિ સંસારની અવસ્થાનો વિચાર કરવો. આ ભાવના ભગવાન મલ્લિનાથે ભાવી હતી.

**પ્રશ્ન ૨૬–એકત્વ ભાવનાનું સ્વરૂપ શું છે?**

**ઉત્તર**–આ આત્મા એકલો ઉત્પન્ન થાય છે અને એકલો જ મરે છે. કર્મોનો કર્તા અને ભોક્તા પણ એકલો આત્મા જ છે. જન્મ–જરા–વ્યાધિ–મૃત્યુ આદિથી ઉત્પન્ન થયેલ દુઃખોને દૂર કરવા કોઈ સ્વજન, પરિવાર વગેરે સમર્થ નથી. એવો નિરંતર વિચાર કરવો. એકત્વ ભાવના નમિરાજર્ષિએ ભાવી હતી.

**પ્રશ્ન ૨૭–અન્યત્વ ભાવના એટલે શું?**

**ઉત્તર**–'હું કોણ છું?' માતા–પિતા આદિ પરિવાર મારાથી ભિન્ન છે. આ શરીર પણ મારાથી ભિન્ન છે. હું આત્મા છું. બધા સંયોગનો વિયોગ થવાનો છે. આ પ્રમાણે ચિંતન કરવું. આ ભાવના મૃગાપુત્રે ભાવી હતી.

**પ્રશ્ન ૨૮–અશુચિ ભાવનાનો વિષય શું છે?**

**ઉત્તર**–આ શરીર રજ અને વીર્ય જેવા ઘૃણિત પદાર્થોના સંયોગથી બનેલ છે. ઉત્તમ, સ્વાદિષ્ટ અને રસવાળા પદાર્થોનો આહાર પણ શરીરમાં જઈને અશુચિમાં પરિણત થાય છે. આ પ્રકારે શરીરની અશુચિતાનો વિચાર કરવો. આ ભાવના સનત્કુમાર ચક્રવર્તીએ ભાવી હતી.

**પ્રશ્ન ૨૯–આશ્રવ ભાવનાનું સ્વરૂપ શું છે?**

ઉત્તર–આશ્રવ દ્વારા આત્મામાં કર્મરૂપી પાણી આવે છે અને આ કર્મથી આત્મા મલિન થાય છે. આ રીતે આશ્રવના સ્વરૂપનું ચિંતન કરતા ઇન્દ્રિયો તથા કષાયોનું શમન કરવું. આશ્રવનું સ્વરૂપ અને પરિણામનું ચિંતન કરવું. આશ્રવભાવના સમુદ્રપાળ મુનિએ ભાવી હતી.

**પ્રશ્ન ૩૦–સંવરભાવના એટલે શું ?**

ઉત્તર–સંવર દ્વારા નવા કર્મોની આવક અટકી જાય છે. અને આત્મા નિર્વિઘ્નરૂપથી મુક્તિ તરફ આગળ વધે છે અને સંવર ક્રિયાઓનું આચરણ કરતા થકા સિદ્ધપદના અધિકારી બને છે. સંવરના સ્વરૂપનું ચિંતન કરવું. આ ભાવના હરિકેશી મુનિએ ભાવી હતી.

**પ્રશ્ન ૩૧-નિર્જરા ભાવનાનું સ્વરૂપ શું છે ?**

ઉત્તર–જે કર્મ આત્માની સાથે ચોંટેલાં છે, તેને નાશ કરવાના ઉપાયો (૧૨ પ્રકારના તપ)નું ચિંતન કરવું. નિર્જરા ભાવના અર્જુન અણગારે ભાવી હતી.

**પ્રશ્ન ૩૨-લોક ભાવનાનું સ્વરૂપ શું છે ?**

ઉત્તર–લોકના સંસ્થાન અને લોકમાં રહેલા દ્રવ્યોના ગુણ–પર્યાય આદિનું ચિંતન કરવું. આ ભાવના શિવરાજ ઋષિએ ભાવી હતી.

**પ્રશ્ન ૩૩–બોધિદુર્લભ ભાવના એટલે શું ?**

ઉત્તર–બોધિનો અર્થ છે–જ્ઞાન. સમ્યગ્જ્ઞાન અને આત્મવિશુદ્ધિ કારક તત્ત્વોનું જ્ઞાન તથા તેના ઉપર શ્રદ્ધા

થવામાં કઠિનતા, મુશ્કેલી, બાધક કારણ આદિનો વિચાર કરવો. આ ભાવના ભગવાન ઋષભદેવના ૯૮ પુત્રોએ ભાવી હતી.

પ્રશ્ન ૩૪– ધર્મભાવનાનું સ્વરૂપ શું છે?

**ઉત્તર**–જિનેશ્વર ભગવાન દ્વારા પ્રરૂપિત શ્રુત–ચારિત્ર તથા શ્રાવક–સાધુ ધર્મનું ચિંતન કરવું. ધર્મ સત્ય છે, પ્રાણીઓને માટે પરમહિતકારી છે, એ પ્રકારે ચિંતન કરવું. ધર્મભાવનાથી આત્મા ધર્મથી ચ્યુત થતો નથી. આ ભાવના ધર્મરૂચિ અણગારે ભાવે હતી.

પ્રશ્ન ૩૫–ચારિત્ર કોને કહે છે?

**ઉત્તર**–ચારિત્ર મોહનીય કર્મના ક્ષય–ઉપશમ અને ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલ સર્વવિરતિનાં પરિણામ સંયમ-અનુષ્ઠાન. જે આઠ કર્મોને ચૂર્ણ કરી નાશ કરી નાખે તેને 'ચારિત્ર' કહેવાય છે.

પ્રશ્ન ૩૬–ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**–૧. સામાયિક ચારિત્ર ૨. છેદોપસ્થાપનીય ચારિત્ર ૩. પરિહાર વિશુદ્ધ ચારિત્ર ૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર ૫. યથાખ્યાત ચારિત્ર. આ રીતે પાંચ ભેદ છે.

પ્રશ્ન ૩૭–સામાયિક ચારિત્રના કેટલા ભેદ છે?

**ઉત્તર**–સામાયિક ચારિત્રના ૨ ભેદ છે. ૧. ઇત્વર-કાલિક સામાયિક અને ૨. યાવત્કથિક સામાયિક.

**પ્રશ્ન ૩૮–ઈત્વરકાલિક સામાયિક કોને કહે છે ?**

**ઉત્તર**–ઈત્વરકાલિક સામાયિકનો અર્થ–અલ્પકાળ અર્થાત્ વડીદીક્ષા વખતે છેદોપસ્થાપનીય ચારિત્ર રૂપ પંચ-મહાવ્રતનું આરોપણ કરવાથી સામાયિક ચારિત્રનો કાલ પુરો થઈ જાય છે. માટે તેને અલ્પકાલિન સામાયિક ચારિત્ર કહેવામાં આવે છે.

ઈત્વર સામાયિક ચારિત્ર જઘન્ય ૭ દિવસ, મધ્યમ ૪ માસ, ઉત્કૃષ્ટ ૬ માસનું હોય છે. આ ચારિત્ર ભરત, ઐરવત ક્ષેત્રના પ્રથમ અને અંતિમ તીર્થંકરોના શાસનમાં આપવામાં આવે છે.

**પ્રશ્ન ૩૯–યાવતકથિક સામાયિક કોને કહે છે ?**

**ઉત્તર**–યાવત્ જીવનની સામાયિકને યાવત્કથિક સામાયિક કહેવાય છે.

**પ્રશ્ન ૪૦–છેદોપસ્થાપનીય ચારિત્ર કોને કહે છે ?**

**ઉત્તર**–પૂર્વ–પર્યાયનો છેદ કરીને જે મહાવ્રત આપવામાં આવે છે, તેને છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે.

**પ્રશ્ન ૪૧–છેદોપસ્થાપનીય ચારિત્રના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–બે ભેદ છે. ૧. નિરતિચાર, ૨. સાતિચાર.

**પ્રશ્ન ૪૨-નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કોને કહે છે ?**

**ઉત્તર**–ઈત્વર–સામાયિકવાળા શિષ્યને અને એક તીર્થંકરના તીર્થથી બીજા તીર્થંકરના તીર્થમાં જવાવાળા

સાધુઓને જે વ્રત આરોપણ કરવામાં આવે છે તે નિરતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર છે. તેને 'વડીદીક્ષા' પણ કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૪૩–વડીદીક્ષા ક્યારે આપવામાં આવે છે?**

**ઉત્તર**–વડીદીક્ષા સાત દિવસે, ચારમહિને અને ઉત્કૃષ્ટ છ મહિને આપવામાં આવે છે.

**પ્રશ્ન ૪૪–સાતિચાર છેદોપસ્થાપનીય કોને કહે છે?**

**ઉત્તર**–મૂળ ગુણોનો ઘાત કરનાર સાધુને ફરીથી જે વ્રતોનું આરોપણ કરવામાં આવે છે તે સાતિચાર છેદોપસ્થાપનીય ચારિત્ર કહેવાય છે.

**પ્રશ્ન ૪૫–પરિહાર વિશુદ્ધ ચારિત્ર કોને કહે છે?**

**ઉત્તર**–જે ચારિત્રમાં પરિહાર તપ વિશેષથી કર્મનિર્જરા રૂપ શુદ્ધિ થાય છે.

**પ્રશ્ન ૪૬–પરિહાર વિશુદ્ધ ચારિત્રના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–પરિહાર વિશુદ્ધ ચારિત્રના બે ભેદ છે.–૧. નિર્વિશ્યમાન અને ૨. નિર્વિષ્ટ કાયિક.

**પ્રશ્ન ૪૭–નિર્વિશ્યમાન પરિહાર વિશુદ્ધ ચારિત્ર કોને કહે છે?**

**ઉત્તર**–તપ કરવાવાળા પારિહારિક સાધુ 'નિર્વિશ્યમાન' કહેવાય છે. અને તેનું ચારિત્ર 'નિર્વિશ્યમાન પરિહાર વિશુદ્ધ ચારિત્ર' કહેવાય છે.

**પ્રશ્ન ૪૮**–નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધ ચારિત્ર કોને કહે છે?

**ઉત્તર**–તપ કરીને વૈયાવચ્ચ કરવાવાળા આનુપારિહારિક સાધુ તથા તપ કરીને ગુરૂ પદે રહેલ સાધુ 'નિર્વિષ્ટકાયિક' કહેવાય છે અને તેનું ચારિત્ર 'નિર્વિષ્ટકાયિક પરિહાર વિશુદ્ધ ચારિત્ર' કહેવાય છે.

**પ્રશ્ન ૪૯–સૂક્ષ્મ સંપરાય ચારિત્ર કોને કહે છે?**

**ઉત્તર–**સંપરાયનો અર્થ કષાય થાય છે. જે ચારિત્રમાં સૂક્ષ્મ–સંપરાય અર્થાત્ સંજ્વલન લોભનો સૂક્ષ્મ અંશ ઉદયમાં રહે છે.

**પ્રશ્ન ૫૦–સૂક્ષ્મ સંપરાય ચારિત્રના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–સૂક્ષ્મ સંપરાય ચારિત્રના બે ભેદ છે–૧. વિશુધ્યમાન અને ૨. સંકિલશ્યમાન.

**પ્રશ્ન ૫૧**-વિશુધ્યમાન કોને કહે છે?

**ઉત્તર**–ક્ષપકશ્રેણી યા ઉપશમશ્રેણીએ ચઢનાર સાધુના પરિણામ ઉત્તરોત્તર શુદ્ધ રહેવાથી તેનું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર 'વિશુધ્યમાન' કહેવાય છે.

**પ્રશ્ન ૫૨–સંકિલશ્યમાન કોને કહે છે?**

**ઉત્તર**–ઉપશમ શ્રેણીથી પડતા સાધુના પરિણામ સંક્લેશ યુક્ત હોય છે. તેથી તેનું સૂક્ષ્મ સંપરાય ચારિત્ર 'સંકિલશ્યમાન' કહેવાય છે.

**પ્રશ્ન ૫૩- યથાખ્યાત ચારિત્ર કોને કહે છે?**

**ઉત્તર**-આ ચારિત્રમાં કષાયનો ઉદય સર્વથા ન હોવાથી અતિચાર-રહિત અને પારમાર્થિક રૂપથી વિશુદ્ધ અને પ્રસિદ્ધ ચારિત્રને યથાખ્યાત ચારિત્ર કહેવાય છે. અથવા અકષાયી સાધુનું યથાર્થ ચારિત્ર 'યથાખ્યાત ચારિત્ર' કહેવાય છે.

**પ્રશ્ન ૫૪-સંવરના મુખ્ય કેટલા ભેદ છે?**

**ઉત્તર**-સંવરના મુખ્ય પાંચ ભેદ છે. ૧. સમકિત, ૨. વિરતિ, ૩. અપ્રમાદ, ૪. અકષાય, ૫. શુભયોગ.

**પ્રશ્ન ૫૫-વિરતિ કોને કહે છે? તેના લાભ શું છે?**

**ઉત્તર**-પ્રાણાતિપાત (જીવહિંસા), મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, રાત્રિ ભોજન આદિ પાપાશ્રવથી વિરત થઈને-ત્યાગ કરીને પ્રત્યાખ્યાન કરવાથી અવિરતિરૂપ આશ્રવ દ્વાર બંધ થાય છે.

**પ્રશ્ન ૫૬-વિરતિના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-૧. દેશવિરતિ અને સર્વ વિરતિ.

**પ્રશ્ન ૫૭-દેશવિરતિ કોને કહે છે?**

**ઉત્તર**-જે પોતાની શક્તિ અનુસાર વ્રત-પ્રત્યાખ્યાન કરે છે અને ઉપયોગ સહિત પાળે છે, તેવા શ્રાવક-શ્રાવિકાઓને 'દેશવિરતિ' કહેવાય છે.

**પ્રશ્ન ૫૮-સર્વવિરતિ કોને કહે છે?**

ઉત્તર–બધા પાપોનો સર્વથા ત્યાગ કરનારા સાધુ–સાધ્વીઓને 'સર્વવિરતિ' કહેવાય છે.

**પ્રશ્ન ૫૯–અપ્રમાદ કોને કહે છે?**

ઉત્તર–પાંચે પ્રમાદને છોડવા તે અપ્રમાદ. તેથી પ્રમાદરૂપ આશ્રવ દ્વાર બંધ થાય છે.

**પ્રશ્ન ૬૦–પાંચ પ્રમાદ કયા કયા છે?**

ઉત્તર–૧ મદ, ૨ વિષય, ૩ કષાય, ૪ નિદ્રા, ૫ વિકથા.

**પ્રશ્ન ૬૧–અકષાય કોને કહે છે?**

ઉત્તર–ક્રોધ, માન, માયા અને લોભરૂપ કષાયનો ત્યાગ કરવો. અકષાયથી કષાય રૂપ આશ્રવ દ્વાર બંધ થઈ જાય છે.

**પ્રશ્ન ૬૨–શુભયોગ કોને કહે છે?**

ઉત્તર–મન, વચન, કાયાનો જીવની સાથે સંબંધ થવો 'યોગ' કહેવાય છે. યોગનું હિંસાદિ પાપમાં પ્રવૃત્ત થવું તે અશુભ યોગ અને સંવરયુક્ત થવું તે શુભયોગ છે.

## સમ્યક્ત્વ

**પ્રશ્ન ૬૩–સમ્યક્ત્વ કોને કહે છે?**

ઉત્તર–સુદેવ, સુગુરૂ અને સુધર્મ તથા જીવાદિ તત્ત્વો ઉપર શ્રદ્ધા રાખવી તે 'સમ્યક્ત્વ' છે.

**પ્રશ્ન ૬૪-સમ્યક્ત્વના કેટલા ભેદ છે ?**

ઉત્તર-૧. વ્યવહાર સમકિત અને ૨. નિશ્ચય સમકિત.

**પ્રશ્ન ૬૫- વ્યવહાર સમકિત કોને કહે છે ?**

ઉત્તર-સુદેવ, સુગુરૂ, સુધર્મ તથા જિનાગમો ઉપર શ્રદ્ધા કરવી 'વ્યવહાર સમકિત' છે.

**પ્રશ્ન ૬૬-નિશ્ચય સમકિત કોને કહે છે ?**

ઉત્તર-દેવ, આત્મા, ગુરૂ, જ્ઞાન, ધર્મ, ચૈતન્ય એમાં નિઃશંક અને અડોલ શ્રદ્ધા હોવી તે-નિશ્ચય સમકિત છે. વસ્તુતઃ નિજ આત્મા જ દેવ, ગુરૂ અને ધર્મ છે.

**પ્રશ્ન ૬૭-સમકિત કેવી રીતે જાણી શકાય ?**

ઉત્તર-સમકિત પાંચ લક્ષણોથી જાણી શકાય છે— ૧. શમ, ૨. સંવેગ, ૩. નિર્વેદ, ૪. અનુકંપા અને ૫. આસ્તિકતા (આસ્થા)

**પ્રશ્ન ૬૮-શમ કોને કહે છે ?**

ઉત્તર-અનંતાનુબંધી કષાયોનું શમન કરવું.

**પ્રશ્ન ૬૯-સંવેગ કોને કહે છે ?**

ઉત્તર-ધર્મમાં રૂચિ અને મોક્ષની અભિલાષા કરવી સંવેગ છે.

**પ્રશ્ન ૭૦-નિર્વેદનું સ્વરૂપ શું છે ?**

ઉત્તર-ભોગ અને સંસારમાં અરૂચિ રાખવી, સંસારને કેદખાનું (જેલ) સમજવું અને વૈરાગ્ય ભાવ રાખવો તે નિર્વેદ છે.

પ્રશ્ન ૭૧–અનુકંપા કોને કહે છે?

ઉત્તર–દુઃખી જીવને જોઈને દયા લાવવી, તેનું દુઃખ દૂર થાય તેવી ભાવના રાખવી.

પ્રશ્ન ૭૨–આસ્થા કોને કહે છે?

ઉત્તર–ધર્મ, પુણ્ય, પાપ, આત્મા, પરલોક, સ્વર્ગ, નરક અને મોક્ષ આદિને માન્ય કરવા.

પ્રશ્ન ૭૩–સમકિતના ૧૦ ભેદ કયા-કયા છે?

ઉત્તર–૧. નિસર્ગરૂચિ, ૨. ઉપદેશ રૂચિ, ૩. આજ્ઞા રૂચિ, ૪. સૂત્ર રૂચિ, ૫. બીજ રૂચિ, ૬. અભિગમ રૂચિ, ૭. વિસ્તાર રૂચિ, ૮. ક્રિયા રૂચિ, ૯. સંક્ષેપ રૂચિ અને ૧૦. ધર્મ રૂચિ.

પ્રશ્ન ૭૪–નિસર્ગ રૂચિ કોને કહે છે?

ઉત્તર–બીજાના ઉપદેશ વિના પોતાની મેળાએ જાતિ-સ્મરણ આદિ જ્ઞાનથી જાણીને સમકિત થાય.

પ્રશ્ન ૭૫–ઉપદેશ રૂચિ કોને કહે છે?

ઉત્તર–ગુરૂ આદિના ઉપદેશથી સમકિત થાય.

પ્રશ્ન ૭૬–આજ્ઞારૂચિ કોને કહે છે?

ઉત્તર–જિનેન્દ્રદેવ અને ગુરૂની આજ્ઞાપાલનથી જે સમકિત થાય.

પ્રશ્ન ૭૭–સૂત્ર રૂચિ કોને કહે છે?

ઉત્તર–સૂત્ર (આગમ) ભણવાથી જે સમકિત થાય.

**પ્રશ્ન ૭૮**–બીજ રૂચિ કોને કહે છે?

**ઉત્તર**–પાણીમાં તેલના ટીપાની જેમ થોડું શીખવાથી પણ બહુરૂપમાં પરિણત થઈને જે સમકિત થાય.

**પ્રશ્ન ૭૯**–અભિગમ રૂચિ કોને કહે છે?

**ઉત્તર**–જે સમ્યક્દર્શન ૧૧ અંગ, ૧૨ ઉપાંગ આદિ શાસ્ત્રોને અર્થસહિત ભણતા–ભણતા થાય.

**પ્રશ્ન ૮૦**–વિસ્તાર રૂચિ કોને કહે છે?

**ઉત્તર**–ધર્માસ્તિકાય આદિ છ દ્રવ્ય, નવતત્ત્વ, સાત નય, નિક્ષેપ, હેય–જ્ઞેય–ઉપાદેય આદિને વિસ્તારપૂર્વક જાણવાથી જે સમકિત થાય.

**પ્રશ્ન ૮૧**–ક્રિયારૂચિ કોને કહે છે?

**ઉત્તર**–જે સમકિત સમિતિ–ગુપ્તિ, પ્રતિલેખના આદિ સાધુ–શ્રાવકની ક્રિયાઓથી ઉત્પન્ન થાય.

**પ્રશ્ન ૮૨**–સંક્ષેપરૂચિ કોને કહે છે?

**ઉત્તર**–જેને કોઈ પ્રકારનો કદાગ્રહ નથી તેમજ જૈનધર્મમાં પ્રવિણ પણ નથી, એવી સ્થિતિમાં જે સંક્ષિપ્ત જ્ઞાનયુક્ત સમકિત થાય.

**પ્રશ્ન ૮૩**–ધર્મરૂચિ કોને કહે છે?

**ઉત્તર**–શ્રુતધર્મ અને ચારિત્રધર્મની આરાધના કરતા જે સમકિત થાય.

**પ્રશ્ન ૮૪–અનાદિકાલીન મિથ્યાદષ્ટિને સમકિત કેવી રીતે પ્રાપ્ત થાય છે?**

**ઉત્તર**–કાલલબ્ધિ પામીને યથાપ્રવૃત્તિકરણ, અપૂર્વ-કરણ અને અનિવૃત્તિકરણ કરવાથી પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન ૮૫-કાલ–લબ્ધિ કોને કહે છે?**

**ઉત્તર**–આત્માનો જે મુક્ત થવાનો સ્વભાવ દબાયેલો છે, જે અનાદિકાળથી અજ્ઞાનરૂપ મહાન અંધકારમાં ભટકી રહેલો છે અને અનાદિ મિથ્યાત્વરૂપ કાલિમાથી ઘેરાયેલ છે, એવા આત્માનો ભવ્યત્વરૂપ સ્વભાવ પ્રગટ થવાનો કાળ નજીક આવવાનો હોય ત્યારે તે આત્મા ઉપરથી મિથ્યાત્વની કાલિમા ઓછી થતાં–થતાં જ્યારે ઉજ્જવલતા આવે છે ત્યારે તે કૃષ્ણપક્ષીમાંથી શુક્લપક્ષી થાય છે, તેને કાલલબ્ધિ કહેવાય છે.

**પ્રશ્ન ૮૬–કૃષ્ણપક્ષીથી શુક્લપક્ષી થવામાં સરળતાથી સમજમાં આવે એવું ઉદાહરણ આપો.**

**ઉત્તર**–જેમ–કોઈ પથ્થર નદીના પ્રવાહમાં વહેતો–ટકરાતો, ટકરાતો ઘણા કાળે ગોળ–મટોળ થઈ જાય છે. એ રીતે આ જીવ સંસારમાં પરિભ્રમણ કરતો થકો અનંત જન્મ–મરણ કરતો કરતો અને અકામ નિર્જરા કરતો–કરતો જેટલા સમય બાદ મિથ્યાત્વ ત્યાગ કરવા યોગ્ય થાય છે, તે કાળને 'કાલલબ્ધિ' કહેવાય છે.

**પ્રશ્ન ૮૭–કરણ કોને કહે છે? કેટલા પ્રકારનાં છે?**

**ઉત્તર**–આત્માના પરિણામ વિશેષને કરણ કહેવાય છે. તે કરણ ત્રણ પ્રકારનાં છે: ૧. યથાપ્રવૃત્તિકરણ, ૨. અપૂર્વકરણ અને ૩. અનિવૃત્તિકરણ.

**પ્રશ્ન ૮૮–યથાપ્રવૃત્તિકરણ કોને કહે છે?**

**ઉત્તર**–આયુકર્મ સિવાય શેષ સાત કર્મોમાં પ્રત્યેકની સ્થિતિને અંતઃ કોટાકોટિ સાગરોપમ પ્રમાણ રાખી બાકીની સ્થિતિનો ક્ષય કરી દેવાવાળા સમકિતને અનુકૂળ આત્માના અધ્યવસાય વિશેષને યથાપ્રવૃત્તિકરણ કહેવાય છે.

અંતઃ કોડા–કોડ સાગરનો આશય–એક કોડાકોડ સાગરમાં પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન સ્થિતિથી છે.

**પ્રશ્ન ૮૯-અપૂર્વકરણ કોને કહે છે?**

**ઉત્તર**–યથાપ્રવૃત્તિકરણથી અધિક વિશુદ્ધ પરિણામથી રાગ–દ્વેષની તીવ્રતમ ગાંઠને તોડવા રૂપ આત્મ પરિણામને અપૂર્વકરણ કહેવાય છે. આ પ્રકારના પરિણામ પૂર્વમાં ક્યારેય પણ થયા ન હતા, આથી તેને અપૂર્વકરણ કહેવામાં આવે છે.

**પ્રશ્ન ૯૦–અનિવૃત્તિકરણ કોને કહે છે?**

**ઉત્તર**–અપૂર્વકરણથી પણ અધિક વિશુદ્ધ આત્મ–પરિણામ, જેનાથી મિથ્યાત્વની ગાંઠ તૂટવાથી સમકિતની પ્રાપ્તિ થાય છે, તેને અનિવૃત્તિકરણ કહેવાય છે. અનિવૃત્તિ-કરણ કરનાર જીવ સમકિતને અવશ્ય પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન ૯૧–સમકિતના ૮ આચાર કયા કયા છે?**

**ઉત્તર**–૧. નિઃશંકિત, ૨. નિઃકાંક્ષિત, ૩. નિર્વિ-ચિકિત્સક, ૪. અમૂઢદૃષ્ટિ, ૫. ઉવબૂંહણ (ઉવબૂહ), ૬. સ્થિરિકરણ, ૭. વત્સલતા અને ૮. પ્રભાવના.

**પ્રશ્ન ૯૨**–નિઃશંકિત કોને કહે છે?

**ઉત્તર**–સૂક્ષ્મ તત્ત્વ સમજમાં ન આવે તો પણ જિન-વચનોમાં સંદેહ ન કરવો, જિનેશ્વર ભગવંતના વચનોમાં પૂર્ણ શ્રદ્ધા કરવી 'નિઃશંકિત' છે.

**પ્રશ્ન ૯૩**–નિઃકાંક્ષિત કોને કહે છે?

**ઉત્તર**–કુતીર્થિઓના તપ, આડંબર, પૂજાદિ જોઈને અન્ય મતની ઈચ્છા ન કરવી, 'નિઃકાંક્ષિત' કહેવાય છે.

**પ્રશ્ન ૯૪**–નિર્વિચિકિત્સક કોને કહે છે?

**ઉત્તર**–ધર્મ-ક્રિયા, સંયમ-તપના ફળમાં સંદેહ ન કરવો, ત્યાગી સાધુ-સાધ્વીઓનાં શરીર, વસ્ત્રાદિ મલિન જોઈને તેનાથી ઘૃણા ન કરવી, તે 'નિર્વિચિકિત્સક' કહેવાય છે.

**પ્રશ્ન ૯૫**–અમૂઢદૃષ્ટિ એટલે શું?

**ઉત્તર**–કુતીર્થિઓના તપ-આડંબર પૂજાદિની પ્રશંસા અને બાલ તપસ્વીનો અતિશય જોઈને પણ જિન-ધર્મ ઉપર અરૂચિ ન લાવવી અને અટલ શ્રદ્ધા રાખવી, તેને 'અમૂઢદૃષ્ટિ' કહેવાય છે.

**પ્રશ્ન ૯૬**–ઉવબૂહ કોને કહે છે?

**ઉત્તર**–જ્ઞાનાદિ ગુણોથી ધર્મ દીપાવવો 'ઉવબૂહ' છે. સમકિતીઓની પ્રશંસા અને વૈયાવૃત્ય કરીને તેને પ્રોત્સાહિત કરવા અને સ્વયં પણ સમકિત આદિને પુષ્ટ કરવા.

**પ્રશ્ન ૯૭**–સ્થિરીકરણ શું છે?

**ઉત્તર**–ધર્મથી ડગતા થકા પ્રાણીઓને જિનશાસનમાં સ્થિર કરવા. તેને સ્થિરીકરણ કહેવાય છે.

**પ્રશ્ન ૯૮–વત્સલતા કોને કહે છે?**

**ઉત્તર**–ચતુર્વિધ સંઘ, સાધર્મિકોની સાથે વત્સલતા (પ્રેમભાવ) રાખવી.

**પ્રશ્ન ૯૯–પ્રભાવના કોને કહે છે?**

**ઉત્તર**–બહુશ્રુતાદિ ૮ બોલોથી જિનશાસનની પ્રભાવના કરે. જિન–માર્ગનો પ્રભાવ ચારે તરફ ફેલાવે.

**પ્રશ્ન ૧૦૦–સમકિતનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–૧. સાસ્વાદન, ૨. ક્ષાયોપશમિક, ૩. ઔપશમિક, ૪. વેદક અને ૫. ક્ષાયિક સમકિત.

**પ્રશ્ન ૧૦૧–સાસ્વાદન કોને કહે છે?**

**ઉત્તર**–ઉપશમ સમકિતથી પડીને મિથ્યાત્વની તરફ જતા, મધ્યની પતનમુખી અવસ્થા. જ્યાં સુધી મિથ્યાત્વ ન પામ્યો હોય, તે સમયના જીવના પરિણામને 'સાસ્વાદન સમકિત' કહેવાય છે. તેમાં સમકિતનું આસ્વાદન માત્ર રહે છે.

**પ્રશ્ન ૧૦૨–ક્ષાયોપશમિક સમકિત કોને કહે છે?**

**ઉત્તર**–મિથ્યાત્વ મોહનીય અને અનંતાનુબંધીના ઉદયપ્રાપ્ત દલિકોના ક્ષય અને અનુદિતના ઉપશમથી અને સમકિતમોહનીયના ઉદયથી આત્મામાં થવાવાળા પરિણામ (શ્રદ્ધા) વિશેષને 'ક્ષાયોપશમિક સમકિત' કહેવાય છે.

પ્રશ્ન ૧૦૩–ઔપશમિક સમકિત કોને કહે છે?

ઉત્તર–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, સમકિત મોહનીય, મિથ્યાત્વ મોહનીય અને મિશ્ર મોહનીય, આ સાત પ્રકૃતિઓના ઉપશમથી થવાવાળા જીવના પરિણામ–વિશેષને 'ઔપશમિક સમકિત' કહેવાય છે.

પ્રશ્ન ૧૦૪–વેદક સમકિત કોને કહે છે?

ક્ષાયોપશમિક સમકિતી જીવ જ્યારે સમકિત મોહનીય સંબંધી અંતિમ પુદ્ગલના રસનો અનુભવ કરે છે, તે સમયે થવાવાળા જીવના પરિણામને અર્થાત્ ક્ષાયિક સમકિતના અંતર રહિત પૂર્વ ક્ષણવર્તી પરિણામ વિશેષને 'વેદક સમકિત' કહેવાય છે.

પ્રશ્ન ૧૦૫–ક્ષાયિક સમકિત કોને કહે છે?

ઉત્તર–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય, આ સાત પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થવાથી જે સમકિત થાય તેને 'ક્ષાયિક સમકિત' કહેવાય છે.

પ્રશ્ન ૧૦૬–જીવના અસાધારણ પારિણામિક ભાવ કેટલાં છે?

ઉત્તર–પારિણામિક ભાવનો અર્થ છે—જીવ સ્વભાવ, સ્વરૂપમાં પરિણત થતા રહેવું. જીવના અસાધારણ પારિણામિક ભાવ ત્રણ છે—૧. જીવત્વ, ૨. ભવ્યત્વ અને ૩. અભવ્યત્વ.

**પ્રશ્ન ૧૦૭–જીવત્વ ગુણ કોને કહે છે?**

ઉત્તર–આ શાશ્વત સ્વાભાવિક ગુણ છે, જે સદા–સર્વદા રહે છે. વૃદ્ધાવસ્થામાં પણ અને સિદ્ધાવસ્થામાં પણ. આ જ જીવત્વ, ગતિ, જાતિ, પ્રાણ આદિરૂપ પરિણામથી પરિણત થાય છે.

**પ્રશ્ન ૧૦૮–ભવ્યત્વ ગુણ કોને કહે છે?**

જે શક્તિથી આત્મા મુક્ત થઇને પરમાત્મ દશાને પામી શકે છે.

**પ્રશ્ન ૧૦૯–અભવ્યત્વ ગુણ કોને કહે છે?**

ઉત્તર–જેને લીધે આત્મા અનાદિ અનંત સંસારમાં ભટકતો રહે.

**પ્રશ્ન ૧૧૦–વિભાવ ગુણ કોને કહે છે?**

ઉત્તર–જે ગુણ બીજા દ્રવ્યના સંબંધથી હોય, સ્વાભાવિક ન હોય, તેને વિભાવ ગુણ કહેવાય છે. જેમકે–રાગ–દ્વેષ આદિ.

**પ્રશ્ન ૧૧૧–ધર્મનો પાયો શું છે?**

ઉત્તર–ધર્મનો પાયો સમ્યક્ત્વ છે.

**પ્રશ્ન ૧૧૨–સમકિત વિના જીવ મોક્ષ પામી શકે કે નહિ?**

ઉત્તર–ના. સમકિત વિના આત્મોત્થાન થઈ શકતું જ નથી અને મોક્ષ પામી શકાતો નથી.

પ્રશ્ન ૧૧૩–સમકિતની ઓળખાણ માટે કેટલા સંકેત છે અને તે કયા કયા છે?

ઉત્તર–૬૭. ચાર શ્રદ્ધાન, ત્રણ લિંગ, દસ વિનય, ત્રણ શુદ્ધિ, પાંચ લક્ષણ, પાંચ દૂષણ, પાંચ ભૂષણ, આઠ પ્રભાવના, છ આગાર, છ યતના, છ સ્થાન અને છ ભાવના ૪+૩+૧૦+૩+૫+૫+૫+૮+૬+૬+૬+૬=૬૭ *.

પ્રશ્ન ૧૧૪–શ્રદ્ધાન કોને કહે છે?

ઉત્તર–જેમ પર્વતાદિમાં ધુંવાડાને જોઇને ત્યાં અગ્નિ હોવાનો વિશ્વાસ થાય છે, તેવી જ રીતે જે કાર્યોથી "આ પુરૂષમાં સમકિત" છે.–એવો વિશ્વાસ થવો, તેને 'સમકિતનું શ્રદ્ધાન કહેવાય છે.

પ્રશ્ન ૧૧૫–સમકિતનું લિંગ કોને કહે છે?

ઉત્તર–જેમ કેરીના બહારના પીળા રંગથી તેમાં રહેલ મધુર રસનું અનુમાન થાય છે, તેવી જ રીતે બહારના ગુણોથી 'આ પુરૂષમાં સમકિત છે.'–એવું અનુમાન થાય, તેને સમકિતનું લિંગ કહેવાય છે.

પ્રશ્ન ૧૧૬–વિનય કોને કહે છે?

ઉત્તર–સમકિત ઉત્પન્ન થવાથી સમકિતી ધર્મદેવ આદિને જે વંદન, ભક્તિ, બહુમાન, ગુણ વર્ણન આદિ કરે છે, તેને સમકિતીનો વિનય કહેવાય છે.

પ્રશ્ન ૧૧૭–સમકિતીની શુદ્ધિ શું છે?

* વિશેષ જાણકારી માટે "સમકિતના ૬૭" બોલનો થોકડો જુઓ.

**ઉત્તર**–જેમ આંખમાં કમળો, મોતીયા વગેરેનું ન હોવું દૃષ્ટિની શુદ્ધિ છે, તેવી રીતે સમકિતની દૃષ્ટિમાં દેવ, ગુરૂ અને ધર્મના સંબંધમાં અશુદ્ધિ ન હોય તે સમકિતીની શુદ્ધિ છે.

**પ્રશ્ન ૧૧૮–લક્ષણ કોને કહે છે ?**

**ઉત્તર**–જેમ ઉષ્ણુતાથી અગ્નિની પીછાણ થાય છે તેવી રીતે જેના અસાધારણ અંતરંગગુણોથી સમકિતની પીછાણ થાય, તેને સમકિતનું લક્ષણ કહેવાય છે.

**પ્રશ્ન ૧૧૯–દૂષણ એટલે શું ?**

**ઉત્તર**–જેમ રજથી રત્ન મલિન થાય છે તેવી રીતે જેનાથી સમકિતરૂપી રત્ન દૂષિત (મલિન) થાય તેને 'સમકિત દૂષણ' (અતિચાર) કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૦–ભૂષણ કોને કહે છે ?**

**ઉત્તર**–જે ગુણ અથવા કાર્યથી સમકિતની શોભા વધે તેને સમકિતનું ભૂષણ કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૧–પ્રભાવના કોને કહે છે ?**

**ઉત્તર**–જે ગુણ, લબ્ધિ અથવા ક્રિયાથી લોકોમાં જૈનધર્મનો પ્રભાવ વધે તેને સમકિતની પ્રભાવના કહેવાય છે. અને સમકિતની પ્રભાવના કરવાવાળાને 'પ્રભાવક' કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૨–આગાર કોને કહે છે ?**

ઉત્તર–સમકિતની યતના (રક્ષા) ને માટે ધારણ કરાતા અભિગ્રહ (નિશ્ચય) માં રાખવામાં આવતી છૂટને 'સમકિતનો આગાર કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૩–યતના કોને કહે છે?**

ઉત્તર–જે સંસર્ગથી બચવાથી સમકિતીના સમ્યક્ત્વની રક્ષા થાય તેને 'સમકિતની યતના' કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૪–સ્થાન કોને કહે છે?**

ઉત્તર–જે સૈદ્ધાંતિક સત્ય માન્યતાના હોવાથી જ સમકિત ટકી રહે, તેને 'સમકિતના સ્થાન' કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૫–ભાવના કોને કહે છે?**

ઉત્તર–જે ભાવનાથી સમકિત પુષ્ટ બને, તેને 'સમકિતની ભાવના' કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૬–સમકિતના કેટલા પ્રકાર છે?**

ઉત્તર–સમકિતના ત્રણ પ્રકાર નીચે મુજબ છે—

૧. કારક—જે ધર્મક્રિયા કરે.

૨. રોચક—ધર્મક્રિયાની રૂચિ રાખે, પરંતુ કરે નહિ.

૩. દીપક—ધર્મક્રિયા કરે નહિ, રૂચિ પણ રાખે નહિ, કેવલ પરોપદેશ કરે.

**પ્રશ્ન ૧૨૭–સાધુ અને શ્રાવકમાં સમકિત ન હોય તો તે કઈ ગણત્રીમાં આવે?**

ઉત્તર–દ્રવ્ય (નામ માત્ર) શ્રાવક યા સાધુ ગણાય છે.

**પ્રશ્ન ૧૨૮–સમ્યક્દૃષ્ટિની વિશેષતા શું છે?**

**ઉત્તર**–સમ્યક્દૃષ્ટિ સાત સ્થાનના આયુષ્યનો નવો બંધ કરતો નથી.

**પ્રશ્ન ૧૨૯–સાત સ્થાન કયા-કયા છે?**

**ઉત્તર**–નારક, તિર્યંચ, સ્ત્રી, નપુંસક, ભવનપતિ, વાણવ્યંતર અને જ્યોતિષી–આ સાત સ્થાનોનો સમ્યક્દૃષ્ટિ બંધ કરતો નથી.

**પ્રશ્ન ૧૩૦–સમકિત પ્રાપ્ત થયા પછી સ્થિર રહે, તો તે જીવ કેટલા ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરી લે છે?**

**ઉત્તર**–જઘન્ય ૩ ભવ, ઉત્કૃષ્ટ ૧૫ ભવ કરી મોક્ષ પ્રાપ્ત કરે છે.

**પ્રશ્ન ૧૩૧–સમકિત આવ્યા પછી, તેનું વમન થઈ જાય તો તે જીવ ક્યારે મોક્ષ પામે છે?**

**ઉત્તર**–જઘન્ય–અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટ અર્ધ–પુદ્ગલ પરાવર્તનમાં પુનઃ સમકિત અને ચારિત્ર પ્રાપ્ત કરી મુક્ત થઈ જાય છે.

**પ્રશ્ન ૧૩૨–અમુક મનુષ્ય સમકિતી છે યા નહિ? તે કેવી રીતે જાણી શકાય?**

**ઉત્તર**–સમકિત આત્માનો ગુણ હોવાથી અરૂપી છે. જેને જ્ઞાની જ જાણી શકે છે. '**तत्त्वार्थ श्रद्धानाम् सम्यग्दर्शनम्** ।' જેમાં સમકિતના પાંચ લક્ષણ જોવામાં આવે છે, તે સમકિતી છે, એમ અનુમાનથી કહી શકાય છે.

**પ્રશ્ન ૧૩૩–સમકિતની પ્રાપ્તિથી જીવને શું લાભ થાય?**

**ઉત્તર**–સમકિતી જીવ સંસાર સમુદ્રથી તરીને મોક્ષના અનંત સુખ પ્રાપ્ત કરવામાં સમર્થ થાય છે. તે ધર્મરૂપ નાવમાં બેસીને સંસારના દુઃખોમાંથી પાર થઈ જાય છે. સમકિત ગુણ જન્મ મરણનો નાશ કરીને મોક્ષના અનંત સુખ પ્રાપ્ત કરવામાં બીજ સમાન છે.

## પરમ આરાધ્ય–દેવ

**પ્રશ્ન ૧૩૪–દેવ કોને કહે છે?**

**ઉત્તર**–જે જીવોએ અર્હન્ત પદ યા સિદ્ધ પદ પ્રાપ્ત કર્યું છે, તે જૈનધર્મમાં પૂજ્ય 'દેવાધિદેવ' છે.

**પ્રશ્ન ૧૩૫–આ દેવોને શરીર હોય છે કે નહિ?**

**ઉત્તર**–દેવ શરીર સહિત અને શરીર રહિત પણ હોય છે.

**પ્રશ્ન ૧૩૬–શરીર સહિત દેવ કોને કહે છે?**

**ઉત્તર**–જેઓએ ઘનઘાતિ ચાર કર્મોનો નાશ કરીને કેવલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે, એવા અરિહંત જ શરીર સહિત દેવ છે.

**પ્રશ્ન ૧૩૭–કેવલજ્ઞાની કેટલા પ્રકારનાં છે?**

ઉત્તર—૧. સામાન્ય કેવલી અને ૨. તીર્થંકર કેવલી.

**પ્રશ્ન ૧૩૮—સામાન્ય કેવલી કોને કહે છે?**

**ઉત્તર**—જે હળુકર્મી મનુષ્ય સદ્‌બોધ પ્રાપ્ત કરીને પરમ પુરૂષાર્થ દ્વારા કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે, તેને 'સામાન્ય કેવલી' કહેવાય છે.

**પ્રશ્ન ૧૩૯—તીર્થંકર કેવલીની ઓળખાણ શું?**

**ઉત્તર**—જગત ઉદ્ધારક આ મહાપુરૂષોનો જન્મ અમુક (નિશ્ચિત) સમયમાં જ થાય છે, અન્ય મનુષ્યોની અપેક્ષા આ મહાપુરૂષોમાં અપૂર્વ સામર્થ્ય, અપૂર્વ તેજ, અપૂર્વ જ્ઞાન, અપૂર્વ શક્તિ અને અપૂર્વ પ્રભાવ હોય છે. તેઓનું શરીર અને વાણી અતિશય યુક્ત હોય છે.

**પ્રશ્ન ૧૪૦—તીર્થંકરોને દીક્ષા કોણ આપે છે?**

**ઉત્તર**—તેઓને ગુરૂની અપેક્ષા રહેતી નથી, તેઓ સ્વયં દીક્ષા ગ્રહણ કરે છે.

**પ્રશ્ન ૧૪૧—દીક્ષા ગ્રહણ કર્યા પછી તેઓ શું કરે છે?**

**ઉત્તર**—પૂર્વકૃત સંચિત કર્મોનો ક્ષય કરવાને માટે તપશ્ચર્યા કરે છે. હંમેશા નિર્જન પ્રદેશમાં રહે છે અને પ્રાયઃ ધ્યાનસ્થ રહે છે. જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રગટ થતું નથી, ત્યાં સુધી કોઈને ઉપદેશ આપતાં નથી.

**પ્રશ્ન ૧૪૨—કેવલજ્ઞાન પ્રગટ થયા પછી સર્વપ્રથમ શું કરે છે?**

**ઉત્તર**–કેવલજ્ઞાન પ્રગટ થયા પછી ધર્મોપદેશ આપે છે અને સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા રૂપ તીર્થની સ્થાપના કરે છે. તે માટે તીર્થંકર કહેવાય છે.

**પ્રશ્ન ૧૪૩–તીર્થંકર મુખ્ય કયા ધર્મનું પ્રતિપાદન કરે છે?**

**ઉત્તર**–(૧) આગાર (ગૃહસ્થ) ધર્મ અને (૨) અણગાર (ત્યાગી) ધર્મનું પ્રતિપાદન કરે છે.

**પ્રશ્ન ૧૪૪–પ્રભુ અશરીરી કયારે થાય છે?**

**ઉત્તર**–વેદનીય, આયુષ્ય, નામ અને ગોત્ર આ ચાર કર્મોનો ક્ષય થાય ત્યારે શરીરથી મુક્ત થઈને મોક્ષ પ્રાપ્ત કરે છે અને અશરીરી બને છે.

**પ્રશ્ન ૧૪૫–અશરીરી કેવલી પ્રભુ કયા નામથી ઓળખાય છે?**

**ઉત્તર**–સિદ્ધ પરમાત્માના નામથી ઓળખાય છે.

**પ્રશ્ન ૧૪૬–સિદ્ધનો આકાર હોય છે કે નહિ?**

**ઉત્તર**–ના. તે નિરંજન, નિરાકાર, અરૂપી અને પરમજ્ઞાનમય હોય છે.

**પ્રશ્ન ૧૪૭–નિરંજન, નિરાકારનો અર્થ શું?**

**ઉત્તર**–નિરંજન અર્થાત્ કર્મરૂપી મેલથી રહિત અને નિરાકાર અર્થાત્ આકાર રહિત.

**પ્રશ્ન ૧૪૮–આપણા દેવ સુદેવ છે કે કુદેવ?**

**ઉત્તર**–આપણા દેવ સુદેવ (અરિહંત) છે.

**પ્રશ્ન ૧૪૯–કુદેવ કોણ છે ?**

**ઉત્તર**–જે દેવ રાગ–દ્વેષથી યુક્ત છે. હિંસાકારી શસ્ત્ર રાખે છે. જેનામાં વિષયવાસના છે. અને જે દેવ એકનું ભલું અને બીજાનું બુરૂં કરવા તૈયાર છે. જે ગાવું–બજાવવું, નાટક આદિમાં મોહિત રહે છે. જે અજ્ઞાન, નિદ્રાદિ દોષયુક્ત છે, જેનું ચિત્ત સ્થિર નથી, તેવા દેવોને 'કુદેવ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૦–કુદેવોને માનવાથી શું થાય ?**

**ઉત્તર**–જે કુદેવોને દેવ માને છે તે મિથ્યાદૃષ્ટિ (ખોટી માન્યતા વાળા) છે.

**પ્રશ્ન ૧૫૧–સુદેવ કોને કહે છે ?**

**ઉત્તર**–જે રાગ–દ્વેષથી રહિત છે. અઢાર દોષ રહિત, બાર ગુણે કરી સહિત છે, ક્ષમા અને દયાના સાગર છે, સર્વજ્ઞ, સર્વદર્શી છે. જેનાં કથન અને કરણીમાં ભેદ નથી. જેની વાણીમાં જીવોનું એકાંત હિત છે. તે જ પરમ આરાધ્ય પરમેશ્વર છે. સુદેવ તો દેવોનાં પણ દેવ છે. ત્રણ લોકના પૂજનીય છે, ભવ રૂપ સાગરથી તારવાવાળા છે તથા કર્મ રૂપ ભાવ શત્રુઓનો નાશ કરવાવાળા હોવાથી 'અરિહંત' છે.

**પ્રશ્ન ૧૫૨–૧૮ દોષ કયા–કયા છે ?**

**ઉત્તર**–૧૮ દોષ આ પ્રમાણે છે.* (૧) દાનાંતરાય, (૨) લાભાંતરાય, (૩) ભોગાંતરાય, (૪) ઉપભોગાંતરાય, (૫) વીર્યાંતરાય, (૬) મિથ્યાત્વ, (૭) અજ્ઞાન, (૮) અવિરતિ, (૯) કામ, (૧૦) હાસ્ય, (૧૧) રતિ, (૧૨) અરતિ, (૧૩) શોક, (૧૪) ભય, (૧૫) જુગુપ્સા, (૧૬) રાગ, (૧૭) દ્વેષ અને (૧૮) નિદ્રા ("સત્તરિસયઠાણું વૃત્તિ" ગાથા ૧૯૨–૧૯૩).

**પ્રશ્ન ૧૫૩–અરિહંત પ્રભુના આ દોષો કયા–કયા કર્મોના ક્ષયથી દુર થાય છે?**

**ઉત્તર**–જ્ઞાનાવરણીય કર્મના ક્ષય થવાથી અજ્ઞાનની સર્વથા નિવૃત્તિ થાય છે. દર્શનાવરણીય કર્મના ક્ષય થવાથી નિદ્રા દોષ દૂર થાય છે. અંતરાય કર્મના ક્ષય થવાથી દાનાંતરાય આદિ પાંચ દોષોની નિવૃત્તિ થાય છે અને મોહનીય કર્મના ક્ષયથી બાકીના ૧૧ દોષોની નિવૃત્તિ થાય છે.

**પ્રશ્ન ૧૫૪–બાર ગુણ કયા–કયા છે?**

**ઉત્તર**–(૧) અશોકવૃક્ષ (૨) સુરપુષ્પવૃષ્ટિ (૩) દિવ્યધ્વનિ (૪) ચામર (૫) સિંહાસન (૬) ભામંડલ (૭) દુન્દુભિ

---

* પ્રકારાન્તરથી અઢાર દોષ આ પ્રમાણે છે (૧) અજ્ઞાન, (૨) ક્રોધ, (૩) મદ, (૪) માન, (૫) લોભ, (૬) માયા, (૭) રતિ, (૮) અરતિ, (૯) નિદ્રા, (૧૦) શોક, (૧૧) અસત્ય, (૧૨) ચોરી, (૧૩) મત્સર, (૧૪) ભય, (૧૫) પ્રાણીવધ (હિંસા), (૧૬) પ્રેમ, (૧૭) ક્રીડા (ભોગ), (૧૮) હાસ્ય. **(પ્રવચન સારોદ્ધાર દ્વાર ૪૧)**

(૮) આતપત્ર (૯) અપાયાપગમ (૧૦) જ્ઞાનાતિશય (૧૧) પૂજાતિશય અને (૧૨) વાણી અતિશય.

### પ્રશ્ન ૧૫૫–અનંતબલવીર્યથી શું અભિપ્રાય છે?

**ઉત્તર**–તેને સમજવાને માટે નિમ્ન પરિમાણ આપવામાં આવે છે—૧૨ યોદ્ધાઓનું બળ=૧ બળદમાં. ૧૦ બળદનું બળ=૧ ઘોડામાં. ૧૨ ઘોડાઓનું બળ=૧ ભેંસમાં. ૫૦૦ ભેંસોનું બળ=૧ હાથીમાં. ૫૦૦ હાથીનું બળ=૧ કેશરી સિંહમાં. ૨૦૮૦ કેશરી સિંહનું બળ=૧ અષ્ટાપદમાં. અષ્ટાપદ = આઠ પગવાળું જંગલી પશુ, ૧૦ લાખ અષ્ટાપદનું બળ=૧ બળદેવમાં, ૧૯ લાખ અષ્ટાપદનું બળ=૧ પ્રતિવાસુદેવમાં. ૨૦ લાખ અષ્ટાપદનું બળ=૧ વાસુદેવમાં. ૨ વાસુદેવનું બળ=૧ ચક્રવર્તીમાં. કરોડ ચક્રવર્તીનું બળ=૧ દેવમાં, કરોડ દેવતાઓનું બળ=૧ ઈન્દ્રમાં. એવા અનંત ઈન્દ્ર મળીને પણ તીર્થંકર પ્રભુની કનિષ્ઠ (ટચલી) આંગળીને પણ નમાવી શકતા નથી.

### પ્રશ્ન ૧૫૬–અરિહંતોનું મૃત્યુ થાય છે?

**ઉત્તર**–અરિહંત–સયોગી કેવલી નામના ૧૩ મા ગુણસ્થાનવર્તી કહેવાય છે. ૧૩ મું ગુણસ્થાન અમર છે. અર્થાત્ ૧૩ મા ગુણસ્થાનમાં મૃત્યુ થતું નથી. ૧૪ મા ગુણસ્થાનના અંતમાં મૃત્યુ થાય છે. તે અંતિમ મૃત્યુ છે. તેથી શરીર અને કર્મ–મલ છૂટી જાય છે અને આત્મા પૂર્ણ પવિત્ર થઈને શાશ્વત જીવન–પરમાત્મદશાને પ્રાપ્ત કરી લે છે.

**પ્રશ્ન ૧૫૭–અરિહંતોનું વિચરણ ક્યાં થાય છે?**

ઉત્તર–અરિહંત જનપદમાં વિચરે છે.

**પ્રશ્ન ૧૫૮–સિદ્ધ ભગવાનના આઠ ગુણ ક્યા-ક્યા છે?**

ઉત્તર–(૧) અનંતજ્ઞાન, (૨) અનંતદર્શન, (૩) અનંત અવ્યાબાધ સુખ, (૪) ક્ષાયિક સમકિત, (૫) અક્ષય સ્થિતિ, (૬) અરૂપીપણું, (૭) અગુરૂ લઘુ અને (૮) અનંત આત્મશક્તિ.

**પ્રશ્ન ૧૫૯–અરિહંત ઉપકારની દૃષ્ટિથી મોટા છે, આત્મિક ગુણોની દૃષ્ટિથી તો સિદ્ધ મોટા છે, તો પછી અરિહંતના ગુણ અધિક શા માટે? અને સિદ્ધના ગુણ ઓછા કેમ?**

ઉત્તર–અરિહંતના જે બાર ગુણ છે, તેમાં પ્રથમના ચાર ગુણ જ આત્મિક ગુણ છે, બાકીના ગુણ તો પૌદ્‌ગલિક (ઉપકાર સંબંધી) છે. જ્યારે સિદ્ધના બધા (આઠ) આત્મિક ગુણ છે. અરિહંતના આત્મિક ગુણોથી સિદ્ધના આત્મિક ગુણ અધિક જ છે, ઓછા નથી.

**પ્રશ્ન ૧૬૦–સુદેવને દેવ કોણ માને છે?**

ઉત્તર–સુદેવને દેવ માને તે સમકિતી છે, સત્ય સમજવાળા છે.

**પ્રશ્ન ૧૬૧–દેવ ગમે તેવા હોય, શ્રદ્ધાથી સ્મરણ કરનારને શું સમકિતી કહેવાય?**

ઉત્તર–ના. જેમ કોઈ કાચ અને હીરાની પરીક્ષા

કરી શકતો નથી તે ઝવેરી કહેવાતો નથી. તે રીતે સુદેવ અને કુદેવને જે સમજી શકતો નથી તેને સમકિતી કહી શકાય નહિ.

**પ્રશ્ન ૧૬૨–કુદેવને પરમેશ્વર માનવામાં શી હાનિ છે?**

**ઉત્તર**–જે કુદેવને સુદેવ સમજીને પૂજે છે, તેને અવશ્ય હાનિ થાય છે. જેમ–કોઈ મૂર્ખ મનુષ્ય ઝેરને અમૃત સમજીને સેવન કરે તો શું તેના પ્રાણ નાશ થશે નહિ? એ રીતે કુદેવને સુદેવ માનવાથી આત્મિક ગુણનો નાશ થાય છે. કારણ કે જેનું તે સ્મરણ કરે છે, તેવો તે થવા ઇચ્છે છે. જે દેવ ક્રૂર હોય, હિંસક હોય, કપટી હોય, કામી, લોભી, અન્યાયી હોય તેનું સ્મરણ કરનારમાં પણ તેવા દોષો કેમ ન આવે? જરૂર આવે જ છે. માટે શાશ્વત સુખના અભિલાષી જીવોએ આવા કુદેવોને માનવા જોઈએ નહિ.

## ગુરૂ

**પ્રશ્ન ૧૬૩–ગુરૂ કોને કહે છે?**

**ઉત્તર**–ગુરૂ બે પ્રકારના છે. લૌકિક ગુરૂ અને લોકોત્તર ગુરૂ.

લૌકિક ગુરૂ તો અનેક પ્રકારના હોય છે, પરંતુ

લોકોત્તર ગુરૂ તો માત્ર જિનેશ્વર દેવની આજ્ઞાના પાલક આચાર્ય, ઉપાધ્યાય અને સાધુઓ લોકોત્તર ગુરૂ કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૪–કુગુરૂ કોને કહે છે ?**

**ઉત્તર**–જે સ્ત્રી, પુરૂષ આદિના પરિગ્રહમાં ફસાયેલા છે, જે ગૃહવાસી છે, આરંભ–પરિગ્રહ યુક્ત છે. જેને ભક્ષ્ય–અભક્ષ્યનો વિચાર નથી, જે વિષય–વિકારોમાં લુબ્ધ છે. મિથ્યા ઉપદેશ આપનારા છે, તે બધા કુગુરૂ કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૫–સારા અને પ્રખર વક્તા ગુરૂ ન થઈ શકે ?**

**ઉત્તર**–જેનું ચારિત્ર નિર્દોષ નથી, તે તો સ્વયં ડૂબે છે, તે બીજાઓને કેવી રીતે તારી શકે ? જે સ્વયં દરિદ્રી છે, તે બીજાને ધનવાન કેવી રીતે બનાવી શકે ? દુર્ગુણોને સેવનારા કુગુરૂ પોતાના દુર્ગુણોને સદ્‌ગુણો મનાવવાની કોશીષ કરે છે. જેમ કોઈ કહે છે કે—સ્ત્રીઓની સાથે પ્રેમ કર્યા વગર પ્રભુની સાથે પ્રેમ થઈ શકતો નથી. કોઇ કહે છે કે—'**अपुत्रस्य गतिर्नास्ति** ।'–પુત્ર વગરનાને સ્વર્ગ મળતું નથી. આવો આવો અસત્યનો ઉપદેશ દઈને અજ્ઞાન, પામર અને ભોળા લોકોને ભરમાવે છે. આવા ગુરૂ સ્વયં ઉલ્ટા રસ્તે જાય છે અને બીજાઓને પણ પોતાની પાછળ પાછળ લઈ જાય છે. એટલા માટે કુગુરૂઓની સંગતથી સદા દૂર રહેવું જોઈએ.

**પ્રશ્ન ૧૬૬–સુગુરૂ કોને કહે છે ?**

**ઉત્તર**–જેઓએ હિંસા, જૂઠ, ચોરી, સ્ત્રીસંગ અને પરિગ્રહને સર્વ પ્રકારથી છોડીને પાંચ મહાવ્રત ધારણ

કરેલા છે; જે ત્રણ કરણ અને ત્રણ યોગથી તેનું પાલન કરે છે. પાંચ ઇન્દ્રિયોને વશીભૂત રાખે છે, ક્રોધાદિના વિજેતા છે. ભિક્ષાચરીથી નિર્દોષ આહારપાણી લાવીને પોતાને જીવનનિર્વાહ કરે છે. જે સમભાવથી યુકત છે, સત્ય ધર્મોપદેશ દેનારા છે, તેને સુગુરૂ કહેવાય છે. આવા સુગુરૂ સ્વયં સંસાર-સાગરથી તરે છે અને બીજાઓને પણ તારે છે.

**પ્રશ્ન ૧૬૭-હિતોપદેશ કરનારા ગુરૂની સેવા કરવાથી શું ફળ પ્રાપ્ત થાય છે?**

**ઉત્તર**-સદ્‌ગુરૂ અપૂર્વ જ્ઞાનદાન આપીને આપણી અનાદિની અજ્ઞાન દશા ટાળવાના નિમિત્તરૂપ બને છે. સદ્‌ગુરૂના સત્સંગથી આપણી ભ્રાંતિ ટળે છે, માન ગળી જાય છે, મિથ્યાત્વને નાશ થાય છે અને અંતમાં આત્મ-કલ્યાણ કરીને પરમ સુખને પ્રાપ્ત કરી શકાય છે.

**પ્રશ્ન ૧૬૮-મોક્ષમાર્ગ ઉપર ચાલનારા મહાત્માઓનાં વ્રત-નિયમાદિ શું છે?**

**ઉત્તર**-અહિંસા આદિ પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિનું પાલન કરવું, બાહ્ય અને આભ્યંતર બંને પ્રકારના પરિગ્રહ અને મોહ તથા ક્રોધાદિ કષાયોથી દૂર રહેવું. ક્ષમાદિ દશ-શ્રમણ ગુણોનું પાલન કરવું, વિષય-કષાયથી વિરકત રહેવું અને આત્મ સાધનામાં લીન રહેવું.

**પ્રશ્ન ૧૬૯-અહિંસા મહાવ્રત કોને કહે છે?**

ઉત્તર–ત્રણકરણ, ત્રણયોગથી હિંસાનો ત્યાગ કરવો.

પ્રશ્ન ૧૭૦–સત્ય મહાવ્રત કોને કહે છે?

ઉત્તર–ત્રણકરણ, ત્રણયોગથી અસત્યનો ત્યાગ કરવો.

પ્રશ્ન ૧૭૧-અદત્તાદાન ત્યાગ મહાવ્રત કોને કહે છે?

ઉત્તર–ત્રણકરણ, ત્રણયોગથી નહિ દીધેલી–અકલ્પનીય વસ્તુનો ત્યાગ કરવો.

પ્રશ્ન ૧૭૨–બ્રહ્મચર્ય મહાવ્રત કોને કહે છે?

ઉત્તર–ત્રણકરણ, ત્રણયોગથી કુશીલનો ત્યાગ કરવો.

પ્રશ્ન ૧૭૩–પરિગ્રહ ત્યાગ મહાવ્રત કોને કહે છે?

ઉત્તર–ત્રણકરણ, ત્રણ યોગથી બાહ્ય અને આભ્યંતર સચિત્ત–અચિત્ત પરિગ્રહનો ત્યાગ કરવો.

પ્રશ્ન ૧૭૪–ત્રણ કરણ કોને કહે છે?

ઉત્તર–(૧) સ્વયં કરવું, (૨) બીજાથી કરાવવું અને (૩) કરનારની અનુમોદના કરવી.

પ્રશ્ન ૧૭૫–યોગ કોને કહે છે?

ઉત્તર–મન, વચન અને કાયાની શુભાશુભ પ્રવૃત્તિને યોગ કહેવાય છે. યોગ ત્રણ છે—મનોયોગ, વચનયોગ અને કાયયોગ.

પ્રશ્ન ૧૭૬–આચાર કોને કહે છે?

ઉત્તર–જ્ઞાનાદિ આચારોનું પાલન કરવું.

**પ્રશ્ન ૧૭૭–આચાર કેટલાં છે?**

**ઉત્તર**–(૧) જ્ઞાનાચાર, (૨) દર્શનાચાર, (૩) ચારિત્રાચાર, (૪) તપાચાર અને (૫) વીર્યાચાર એ પાંચ આચાર છે.

**પ્રશ્ન ૧૭૮-સંરંભ કોને કહે છે?**

**ઉત્તર**–મનમાં પાપ કરવાનો સંકલ્પ કરવો તે સંરંભ છે.

**પ્રશ્ન ૧૭૯–સમારંભ કોને કહે છે?**

**ઉત્તર**–પાપ કરવાની સામગ્રી એકઠી કરવી સમારંભ છે.

**પ્રશ્ન ૧૮૦–આરંભ કોને કહે છે?**

**ઉત્તર**–પ્રાણીવધ રૂપ કાર્ય કરવું તે આરંભ છે.

**પ્રશ્ન ૧૮૧–એષણા કેટલા પ્રકારની છે?**

**ઉત્તર**–એષણા ત્રણ પ્રકારની છે—(૧) ગવેષણા=આહારનાં અન્વેષણમાં વિશુદ્ધિ, (૨) ગ્રહણૈષણા=લેવામાં વિશુદ્ધિ, (૩) પરિભોગૈષણા=આહારનો ઉપભોગ કરતી વખતે વિશુદ્ધિ.

**પ્રશ્ન ૧૮૨-આહારના કેટલા દોષ છે?**

**ઉત્તર**–૪૭ દોષ છે. ૧૬ ઉદ્દગમનાં દોષ (ગૃહસ્થ દ્વારા સાધુને લાગતાં દોષ), ૧૬ ઉત્પાદના દોષ (સાધુથી જ લાગતાં દોષ), ૧૦ એષણાના દોષ (સાધુ અને દાતા

બંને તરફથી લાગતાં દોષ) ૫ માંડલાના દોષ (આહારનો ઉપભોગ કરતી વખતે સાધુથી લાગતા દોષ).

**પ્રશ્ન ૧૮૩–ઉદ્દ્ગમના ૧૬ દોષ ક્યા છે?**

**ઉત્તર**–(૧) આહાકમ્મે. (૨) ઉદ્દેશીય, (૩) પૂઇકમ્મે, (૪) મીસજાએ (૫) ઠવણા, (૬) પાહુડિયાએ, (૭) પાઓઅર, (૮) કીએ, (૯) પામિચ્ચે, (૧૦) પરિયટ્ટએ, (૧૧) અભિહડે, (૧૨) ઉબ્ભિન્ને, (૧૨) માલાહડે, (૧૪) અચ્છિજ્જે, (૧૫) અણિસિટ્ઠે, (૧૬) અજ્ઝોયરએ.

**પ્રશ્ન ૧૮૪–આહાકમ્મે (આધાકર્મ) કોને કહે છે?**

**ઉત્તર**–કોઈપણ ખાસ સાધુના નિમિત્તે બનાવેલ આહારાદિ આધાકર્મી કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૫– ઉદ્દેશીક કોને કહે છે?**

**ઉત્તર**–એક સાધુ માટે બનાવેલો આહાર, બીજા કોઈ સાધુ લે, તો તેમના માટે તે ઉદ્દેશીક બની જાય છે.

**પ્રશ્ન ૧૮૬–પૂઈકમ્મે દોષ શું છે?**

**ઉત્તર**–વિશુદ્ધ આહારમાં આધાકર્માદિનો અંશ માત્ર પણ ભળી જાય, તે આહારને દેવો 'પૂતિકર્મ' દોષ છે.

**પ્રશ્ન ૧૮૭–મીસજાએ (મિશ્ર જાત) કોને કહે છે?**

**ઉત્તર**–સાધુ અને ગૃહસ્થ બંને માટે ભેગો બનાવેલો આહાર તે 'મિશ્રજાત' આહાર કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૮–ઠવણા (સ્થાપના) દોષ શું છે?**

ઉત્તર—સાધુના નિમિત્તે રાખેલા આહારાદિ દેવા તે ઠવણા દોષ છે.

**પ્રશ્ન ૧૮૯—પાહુડિયાએ (પ્રાભૃતિકા) કોને કહે છે?**

**ઉત્તર**—સાધુને આહાર દેવાને માટે મહેમાનોના સમયને, જમણવારને આગળ—પાછળ કરીને તૈયાર કરેલો આહાર દેવો.

**પ્રશ્ન ૧૯૦—પાઓઅર (પ્રાદુષ્કરણ) કોને કહે છે?**

**ઉત્તર**—અંધકારમાં પ્રકાશાદિ કરીને આહાર દેવો.

**પ્રશ્ન ૧૯૧—કીએ (ક્રીત) દોષ કોને કહે છે?**

**ઉત્તર**—સાધુને માટે ખરીદી લાવીને આપેલો આહાર.

**પ્રશ્ન ૧૯૨—પામિચ્ચે (પ્રામૃત્ય) કોને કહે છે?**

**ઉત્તર**—સાધુના નિમિત્તે ઉધાર લઇને આહારાદિ દેવો.

**પ્રશ્ન ૧૯૩—પરિયટ્ટએ (પરાવૃત્ય) કોને કહે છે?**

**ઉત્તર**—સાધુને માટે સરસ—નીરસ વસ્તુની અદલ—બદલ કરીને આહારાદિ દેવો.

**પ્રશ્ન ૧૯૪—અભિહડે (અભ્યાહૃત) કોને કહે છે?**

**ઉત્તર**—કોઈ અન્ય—ગ્રામ અને ઘર આદિથી મુનિને સામે લાવીને આહારાદિ દેવો.

**પ્રશ્ન ૧૯૫—ઉબ્ભિન્ને (ઉદ્‌ભિન્ન) દોષ કોને કહે છે?**

**ઉત્તર**—વાસણ, પાત્ર વગેરે સારી રીતે માટી આદિથી લીંપેલું, પેક કરેલું, સીલ કરેલું તેને ખોલીને આહારાદિ દેવો.

**પ્રશ્ન ૧૯૬–માલાહડે દોષ કોને કહે છે ?**

**ઉત્તર**–નીસરણી વગેરે ઉપર ચઢીને કઠિનતાથી ઉતારી શકાય તેવી વસ્તુ આપવી, તેવી જ રીતે ખૂબ નીચેથી પણ કષ્ટપૂર્વક નીકળી શકે તેવા આહારાદિ દેવા તે 'માલાહડે' દોષ કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૭–અચ્છિજ્જે (અછિદ્ય) દોષ શું છે?**

**ઉત્તર**–નિર્બળથી છીનવીને આહારાદિ દેવો.

**પ્રશ્ન ૧૯૮–અણિસિટ્ઠે કોને કહે છે?**

**ઉત્તર**–ભાગીદારીની વસ્તુ ભાગીદારને પૂછયા વિના તેની ઈચ્છા વગર આપે.

**પ્રશ્ન ૧૯૯–અજ્ઝોયરએ કોને કહે છે ?**

**ઉત્તર**–પોતાના માટે બનાવેલ વસ્તુમાં સાધુને માટે થોડી સામગ્રી વધુ નાખીને બનાવેલ આહાર આપવો.

**પ્રશ્ન ૨૦૦–ઉત્પાદના ૧૬ દોષ કયા–કયા છે?**

**ઉત્તર**–(૧) ધાઈ, (૨) દુઈ, (૩) નિમિત્તે, (૪) આજીવે, (૫) વણીમગે, (૬) તિગિચ્છે, (૭) કોહે, (૮) માણે, (૯) માયે, (૧૦) લોભે, (૧૧) પુવ્વિંપચ્છા સંથવે, (૧૨) વિજ્જા, (૧૩) મંતે, (૧૪) ચુણ્ણે (ચુર્ણ), (૧૫) જોગે, (૧૬) મૂલકમ્મે.

**પ્રશ્ન ૨૦૧–ધાઈ (ધાત્રી) દોષ કોને કહે છે?**

ઉત્તર-ગૃહસ્થના બાળકોને ધાઈમાતાની જેમ રમાડીને આહાર લેવો.

**પ્રશ્ન ૨૦૨-દૂઈ (દૂતી) દોષ કોને કહે છે?**

ઉત્તર-ગૃહસ્થના ગુપ્ત કે પ્રગટ સંદેશ તેના સ્વજન વગેરેને કહીને આહાર લેવો.

**પ્રશ્ન ૨૦૩-નિમિત્તે (નિમિત્ત) દોષ શું છે?**

ઉત્તર-ગૃહસ્થને નિમિત્ત દ્વારા લાભ-અલાભ આદિ બતાવીને આહાર લેવો.

**પ્રશ્ન ૨૦૪-આજીવે (આજીવિકા) દોષ કોને કહે છે?**

ઉત્તર-'આ જાતિ અમારી છે યા કુળ છે.' એવો પરિચય આપીને આહાર લેવો.

**પ્રશ્ન ૨૦૫-વણીમગે (વનીપક) દોષ કોને કહે છે?**

ઉત્તર-ભિખારીની જેમ દીન વચન બોલીને આહાર લેવો.

**પ્રશ્ન ૨૦૬-તિગિચ્છે (ચિકિત્સા) દોષ કોને કહે છે?**

ઉત્તર-વૈદ્યની જેમ જ્વર આદિની ઔષધિ-ઉપચાર બતાવીને આહારાદિ લેવા.

**પ્રશ્ન ૨૦૭-કોહે (ક્રોધ-પિંડ) શું છે?**

ઉત્તર-ગૃહસ્થને ડરાવીને, શાપ આપીને આહારાદિ લેવા.

**પ્રશ્ન ૨૦૮-માણે (માન-પિંડ) દોષ કોને કહે છે?**

ઉત્તર–'હું લબ્ધિવાન છું, તમને સરસ આહાર લાવીને આપીશ'–સાધુઓને એમ કહીને આહાર લઇ આવવો, માન–પિંડ દોષ કહેવાય છે.

પ્રશ્ન ૨૦૯–માયે (માયા–પિંડ) દોષ શું છે?

ઉત્તર–છલ–કપટ કરીને આહાર લેવો.

પ્રશ્ન ૨૧૦–લોહે (લોભ–પિંડ) દોષ શું છે?

ઉત્તર–લોભથી અધિક આહાર લેવો.

પ્રશ્ન ૨૧૧–પુવ્વિંપચ્છાસંથવ (પૂર્વ–પશ્ચાત્ સંસ્તવ) કોને કહે છે?

ઉત્તર–આહાર લીધા પહેલા અથવા આહાર લીધા પછી દાતાની ભાટ–ચારણની જેમ પ્રશંસા કરવી તે 'પુવ્વિં-પચ્છા સંથવ' દોષ કહેવાય છે.

પ્રશ્ન ૨૧૨–વિજ્જા(વિદ્યા–પિંડ) કોને કહે છે?

ઉત્તર–વિદ્યાનો પ્રયોગ કરીને અથવા ચમત્કારિક વિદ્યા શીખવીને આહારાદિ લેવા

પ્રશ્ન ૨૧૩–મંતે (મંત્ર) દોષ કોને કહે છે?

ઉત્તર–મોહન–મારણ મંત્ર સાધીને અથવા ગૃહસ્થીને આપીને આહારાદિ લેવા.

પ્રશ્ન ૨૧૪–ચુણ્ણે (ચૂર્ણયોગ) દોષ કોને કહે છે?

ઉત્તર–અદૃશ્ય થવાની કે મોહિત કરવાનું અંજન આદિ આપીને આહારાદિ લેવા.

પ્રશ્ન ૨૧૫-જોગે (યોગ-પિંડ) કોને કહે છે?

**ઉત્તર**-વશીકરણ આદિની સિદ્ધિ બતાવીને આહારાદિ લેવા.

પ્રશ્ન ૨૧૬-મૂલકમ્મે (મૂલકર્મ) દોષ શું છે?

**ઉત્તર**-ગર્ભસ્તંભન, ગર્ભપાત યા ગર્ભધારણનો ઔષધી બતાવીને અથવા પુત્રાદિ જન્મના દુષણનું નિવારણ કરવા માટે, દુષ્ટ નક્ષત્રોની શાંતિને માટે મૂલ-સ્થાન આદિ બતાવીને આહારાદિ લેવા.

પ્રશ્ન ૨૧૭-એષણાના ૧૦ દોષ કયા-કયા છે?

**ઉત્તર**-એષણાના ૧૦ દોષ આ પ્રમાણે છે.

(૧) **સંકિય** (શંકિત)-ગૃહસ્થ અને સાધુને લેતા-દેતા સદોષ હોવાની શંકા હોવા છતાં તે આહારાદિ લેવા.

(૨) **મક્ખિય** (મ્રક્ષિત)-દાતા, દાનનું પાત્ર અથવા દાન દેવાની વસ્તુ સચિત્ત પૃથ્વી, પાણી, અગ્નિ અને વનસ્પતિથી સંઘટ્ટાયુક્ત હોય તો તે, દાતાથી, દાનના પાત્રથી તે વસ્તુ લેવી.

(૩) **નિક્ખિય** (નિક્ષિપ્ત)-સચિત્ત વસ્તુ ઉપર રાખેલ આહારાદિ લેવા.

(૪) **પિહિય** (પિહિત)-સચિત્ત વસ્તુથી ઢાંકેલા આહારાદિ લેવા.

(૫) **સાહરિય** (સાહૃત)-જે પાત્રમાં દૂષિત વસ્તુ

પડી હોય, તેમાંથી દૂષિત વસ્તુને અલગ કરીને તે વાસણથી દેવું.

(૬) **દાયગ** (દાયક)–ઘંટી ચલાવતા, સાંબેલાદિથી ખાંડતા, ચરખાથી કાંતતા ઈત્યાદિ આરંભના કાર્ય કરતા હોય તેની પાસેથી આહાર લેવો તથા જે દાન દેવાને યોગ્ય ન હોય, તેનાથી આહાર લેવો. જેમકે–આંધળા, લૂલા, લંગડા અન્યની સહાયતા વગર દાન આપે, તેનાથી આહાર લેવો અને ગર્ભવતી સ્ત્રી ઉઠીને–બેસીને આહાર આપે તથા સ્તનપાન કરાવતી માતા બાળકને છોડીને આહાર આપે, તેવા આહારાદિ લેવા.

(૭) **ઉમ્મીસે** (ઉન્મિશ્ર)–સચિત્ત-અચિત્ત–મિશ્રિત વસ્તુ લેવી. જેમ–દાળ વગેરેમાં લીલા પાંદડા, અપરિપક્વ શાક વગેરે.

(૮) **અપરિણય** (અપરિણત)–જેમાં શસ્ત્ર પૂર્ણરૂપથી પરિણત થયેલ ન હોય, પુરૂં અચિત્ત થયેલ ન હોય, તેવા આહારાદિ. જેમકે–તુરતનું ધોવણ આદિ.

(૯) **લિત્ત** (લિપ્ત)–સચિત્ત માટી, પાણી આદિથી તત્કાળ લીંપેલી ભૂમિ ઉપર ચાલીને આહારાદિ આપે તે લેવા અથવા જે વસ્તુનાં લેવાથી હાથ–પાત્ર ખરડાય, જેમકે–દૂધ, દહીં, ઘી આદિ હાથમાં અથવા વાસણમાં રહી જવાથી તેને ધોવા પડે છે, તેનાથી પશ્ચાત્ કર્મ આદિ દોષ લાગે છે.

(૧૦) **છડ્ડિય** (છર્દિત)–ઘૂંટણ ઉપરથી બૂંદ, કણ આદિ નીચે પડતા થકા આપે તથા ચમચી વગેરે તેટલે ઊંચેથી પડે અને આહારાદિ આપે તે લેવા.

**પ્રશ્ન ૨૧૮**–મંડલના પાંચ દોષ કયા કયા છે?

**ઉત્તર**–(૧) **સંયોજના**–વિષય લોલુપતાના કારણે કોઈ દ્રવ્યમાં મનોજ્ઞ રૂપ, ગંધ, રસ (સ્વાદ), સ્પર્શ ઉત્પન્ન કરવાને માટે તેમાં અન્ય દ્રવ્યોને ભેળવીને વાપરવા.

(૨) **અપ્પમાણે** (અપ્રમાણ)–જેટલી ભૂખ હોય, તેનાથી વધારે, પ્રમાણથી ઉપરાંત આહારાદિ ભોગવવા.

(૩) **ઈંગાલે** (અંગાર)–સરસ આહાર ભોગવતી વખતે વસ્તુ યા દાતાની પ્રશંસા કરવી.

(૪) **ધૂમે** (ધૂમ)–નિરસ આહાર કરતી વખતે અપ્રસન્નતાપૂર્વક, દ્વેષપૂર્વક દાતા યા વસ્તુની નિંદા કરતાં આહારાદિ ભોગવવા.

(૫) **અકારણે** (અકારણ)–કારણ વિના આહાર કરવો યા કારણ વિના આહાર છોડવો.

**પ્રશ્ન ૨૧૯**–આહાર કરવાના કારણો કયા કયા છે?

**ઉત્તર**–(૧) **વેયણ** (વેદના)–ક્ષુધા વેદનીયને શાંત કરવાને માટે આહાર કરવો.

(૨) **વૈયાવચ્ચે** (વૈયાવૃત્ય)–આચાર્ય, ઉપાધ્યાય, શૈક્ષ, ગ્લાન, તપસ્વી, સ્થવિર (વૃદ્ધ) આદિની વૈયાવચ્ચ કરવાને માટે.

(૩) ઇરિય (ઇર્યા) ઈર્યા સમિતિ શોધવાને માટે.

(૪) **સંજમ** (સંયમ)–સંયમના નિર્વાહ માટે.

(૫) **પાણુ** (પ્રાણુ)–પ્રાણોની રક્ષાને માટે.

(૬) **ધમ્મચિંતા** (ધર્મચિંતા)–સ્વાધ્યાય, ધ્યાન આદિ કરવાને માટે આહાર કરે.

પ્રશ્ન ૨૨૦–આહાર ત્યાગવાના ૬ કારણ કયા કયા છે?

ઉત્તર–(૧) **આયંકે** ( આતંક )–શરીરમાં રોગાદિ ઉત્પન્ન થવાથી આહારનો ત્યાગ કરે.

(૨) **ઉવસગ્ગે** ( ઉપસર્ગ )–ઉપસર્ગ યા પરિષહ ઉત્પન્ન થવાથી આહાર ત્યાગે.

(૩) **બંભચેરગુત્તી** ( બ્રહ્મચર્યગુપ્તિ )–બ્રહ્મચર્યની રક્ષાને માટે આહાર ત્યાગે.

(૪) **પાણિદયા** ( પ્રાણી દયા )–પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વની રક્ષા માટે આહાર ત્યાગે.

(૫) **તવ** ( તપ )–ઉપવાસાદિ તપ કરવાને માટે આહાર ત્યાગે.

(૬) **શરીર વોચ્છેય** (શરીર વ્યવચ્છેદ)–સંલેખના-સંથારા સહિત સમાધિમરણને માટે આહારનો ત્યાગ કરે.

**પ્રશ્ન ૨૨૧–મુનિનાં મૂલગુણ અને ઉત્તરગુણ કયા–કયા છે?**

ઉત્તર–પાંચ મહાવ્રત મૂલગુણ કહેવાય છે અને દશ પ્રત્યાખ્યાન આદિ ઉત્તર ગુણ છે.

**પ્રશ્ન ૨૨૨–શિક્ષા કેટલા પ્રકારની છે?**

**ઉત્તર**–(૧) આસેવની અને (૨) ગ્રહણી.

**પ્રશ્ન ૨૨૩–આસેવની શિક્ષા કોને કહે છે?**

**ઉત્તર**–પડિલેહણા (પ્રતિલેખના) આદિ ઉત્તરગુણોની ક્રિયાઓનો ઉપદેશ આપવો તે આસેવની શિક્ષા છે.

**પ્રશ્ન ૨૨૪–ગ્રહણી શિક્ષા કોને કહે છે?**

**ઉત્તર**–મહાવ્રતાદિ વિષય સંબંધી ઉપદેશને ગ્રહણી શિક્ષા કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૫–જૈન મુનિઓની રહેણી-કરણી-આચાર-વ્યવહાર કેવા પ્રકારનાં હોય છે?**

**ઉત્તર**–જૈન મુનિ બે પ્રકારનાં હોય છે—(૧) જિન-કલ્પી અને (૨) સ્થવિરકલ્પી.

એમાં જિનકલ્પી ગચ્છમાંથી નીકળીને કેવલ ઉત્સર્ગ (કઠોર) માર્ગમાં જ ચાલે છે અને તે પાંચમા આરામાં હોતા નથી. તે માટે સ્થવિરકલ્પીઓનાં વિષયમાં નીચે લખેલી વાતો સમજવી—(૧) મુખવસ્ત્રિકા બાંધવી (૨) શ્વેત વસ્ત્ર (૩) રજોહરણ ગ્રહણ (૪) લાકડા, માટી, તુંબડા–ત્રણ પ્રકારમાંથી કોઈ એક પ્રકારના પાત્રોનું ગ્રહણ કરવું. (૫) નિર્દોષ ભિક્ષા ગ્રહણ. (૬) નિરવદ્ય મકાનમાં વિશ્રામ. (૭) માસ કલ્પાદિ વિહાર. (૮) વ્રત-નિયમાદિ તથા સમિતિ-ગુપ્તિનું યથાવિધિ પાલન.

**પ્રશ્ન ૨૨૬–મુખ વસ્ત્રિકા કોને કહે છે?**

**ઉત્તર**–આઠ પડના પ્રમાણોપેત દોરા સહિત શ્વેત વસ્ત્રનું એક ધાર્મિક ઉપકરણ વિશેષ, જે દોરાથી કાનમાં લગાવીને વાયુકાયની રક્ષા માટે, ધાર્મિક ચિહ્ન માટે મુખ પર બાંધવામાં આવે છે, તેને મુખ વસ્ત્રિકા (મુહપત્તિ) કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૭–મુહપત્તિ મુખ પર શા માટે બાંધવામાં આવે છે?**

**ઉત્તર**–સંસારમાં નાના–નાના અદૃશ્ય જીવો હંમેશા ફરતા રહે છે. તે જીવો એટલા સૂક્ષ્મ અને કોમળ હોય છે કે, મુખમાંથી નીકળતા ગરમ વાયુથી મરી જાય છે. તેમજ વાયુકાયના જીવોની પણ હિંસા થાય. તે જીવોના રક્ષણ માટે મુહપત્તિ મુખ પર બાંધવામાં આવે છે. અને સભ્યતાની દૃષ્ટિથી પણ મુખ પર વસ્ત્ર રાખવું આવશ્યક છે. જ્યારે કોઈ પુરૂષ કોઈ મોટા પુરૂષની સામે જઈને વાત કરે છે, તો મુખની આડો રૂમાલ રાખીને વાત કરે છે. આથી સિદ્ધ થાય છે કે ધાર્મિક દૃષ્ટિએ તો તે પરમાવશ્યક અને સુપ્રસિદ્ધ છે જ. તેની સાથે નૈતિક વ્યાવહારિક આદિ દૃષ્ટિથી પણ મુખની આડું વસ્ત્ર રાખવું તે આવશ્યક છે. વિજ્ઞાન અને સ્વાસ્થ્યની દૃષ્ટિથી પણ મુખની આડું વસ્ત્ર રાખવું આવશ્યક છે, કારણ એક માણસના મુખની વાયુ, સીધા બીજા માણસના મુખમાં જઈને અનેક રોગનું કારણ બને છે.

**પ્રશ્ન ૨૨૮–મુહપત્તિ રાખવાનું વિધાન શું જૈન-શાસ્ત્રોમાં છે?**

ઉત્તર–હા. જૈન શાસ્ત્રોમાં ઘણા સ્થાનો પર મુખ-વસ્ત્રિકા રાખવાનું વિધાન છે.

**પ્રશ્ન ૨૨૯–મુહપત્તિ મુખ પર બાંધવી શું કલ્પે છે?**

**ઉત્તર**–હા, મુખ પર બાંધ્યા વિના મુખવસ્ત્રિકાનો અર્થ જ ઘટિત થતો નથી. હાથમાં રાખવાથી તો હાથ-વસ્ત્રિકા (હાથપત્તિ) ગણાય છે. જેમ કોઇ કહે કે–"સાધુને ચોલપટ્ટક (નીચે પહેરવાનું વસ્ત્ર) રાખવાનું કહ્યું છે. પરંતુ પહેરવાનું કહ્યું નથી, એટલા માટે અમે તો ચરોટો હાથમાં જ રાખશું. આ કથન યોગ્ય નથી. કારણ કે જે ઉપકરણ જે અંગને માટે કહ્યું છે, તે એ જ અંગ પર ધારણ કરવું ઉચિત છે. શાસ્ત્રમાં કહ્યું છે કે–"લજ્જા, દયા, સંયમ, બ્રહ્મચર્ય" એટલે ચોલપટ્ટક લજ્જા માટે કહેલ છે. જો તેનાથી લજ્જા ન રાખે અને સામો પ્રતિવાદ કરે કે ચોલપટ્ટો પહેરવો નહિ તો આ અનુચિત છે. કારણ કે જેમ ચોલપટ્ટક પહેર્યા વગર લજ્જા રહેતી નથી તેમ મુહપત્તિ બાંધ્યા વિના વાયુકાયના જીવોની સમ્યક્ પ્રકારથી યતના થઇ શકતી નથી. ભગવંતે કહ્યું છે કે–"ઉઘાડે મુખથી બોલનારની ભાષા સાવદ્ય હોય છે અને યત્નાપૂર્વક બોલનારની ભાષા નિરવદ્ય હોય છે.

જેમ કોઈ રાજ્ય કર્મચારી રાજ્યનો જે યુનિફોર્મ (ગણવેશ) મળ્યો હોય તેને ઉપયોગમાં ન લેતાં ઘરમાં રાખી મુકે તો તેને કેવી રીતે ઓળખી શકાય કે તે રાજ્ય-કર્મચારી છે. યુનિફોર્મ વગર એની કોઈ અસર પડતી

નથી અને ઓળખી પણ શકાતો નથી. તે રીતે મુહપત્તિ પણ અહિંસાનું પ્રતીક છે અને જૈનધર્મનું સૂચક છે.

**પ્રશ્ન ૨૩૦–રજોહરણ કોને કહે છે? તે કેવો અને કઈ વસ્તુઓનો બનેલો હોય છે?**

**ઉત્તર**–સચિત્ત ધૂળ તથા કીડી, મકોડા આદિ જીવોની રક્ષાને માટે રજોહરણ રાખવામાં આવે છે. તેના દ્વારા યતનાથી જીવોને દૂર કરવામાં આવે છે અને ભૂમિ શુદ્ધ કરાય છે. રજોહરણ પ્રાયઃ ઉનનો હોય છે. ઉનની ફલીઓ બનાવીને તેને દોરીથી બાંધી વસ્ત્રયુક્ત લાકડી પર બાંધીને રજોહરણ બનાવાય છે. તે શ્વેત હોય છે અને તેનો સ્પર્શ કોમલ હોય છે.

**પ્રશ્ન ૨૩૧–શ્વેતાંબર જૈન સાધુ શું પહેરે, ઓઢે અને પાથરે છે?**

**ઉત્તર**–જૈનમુનિ સંયમ રક્ષાને માટે આવશ્યક શ્વેત વસ્ત્ર પ્રમાણોપેત રાખે છે. પોતાની પાસે રહેલા ચારે તરફ માપીને ૭૨ હાથ (સાધ્વીને ૯૬ હાથ) કપડામાંથી પહેરે, ઓઢે અને પાથરે છે. તે ગૃહસ્થીનાં પહેરવા, ઓઢવા કે પાથરવાના વસ્ત્રો લેતાં નથી. ગાદી–તકીયા વગેરે કામમાં લેતા નથી. જરૂર પડે તો ઘાસ અથવા લાકડાની પાટ વગેરેનો ઉપયોગ કરે છે, પરંતુ ખાટલા, પલંગ વગેરેનો ઉપયોગ કરતા નથી.

**પ્રશ્ન ૨૩૨–શ્વેતાંબર જૈન સાધુ ક્યાં ઉતરે છે?**

**ઉત્તર**–ગૃહસ્થીએ પોતાને માટે બનાવેલ ઘર, દુકાન,

ધર્મશાળા આદિમાં અથવા પોતાની ધર્મસાધના કરવા માટે બનાવેલ ધર્મસ્થાનક (ઉપાશ્રય)માં ઉતરે છે. કયારેક વૃક્ષની નીચે પણ રહી જાય છે. પરંતુ પોતાને માટે બનાવેલ મકાન, મઠ આદિમાં ઉતરતા નથી કે રહેતાં પણ નથી.

**પ્રશ્ન ૨૩૩**–જૈનસાધુ કયાં રહે છે અને કેવી રીતે યાત્રા (ગમનાગમન) કરે છે?

**ઉત્તર**–જૈન સાધુઓનો કોઈ સ્થાયી, નિશ્ચિત નિવાસ નથી. વર્ષાકાળમાં અર્થાત્ અષાડ સુદ ૧૫ થી કાર્તિક સુદ ૧૫ સુધી ચાર માસ સાધુતાને યોગ્ય એવા અનુકૂળ ગ્રામ–નગરમાં રહે છે. શેષ આઠ માસમાં જુદા જુદા સ્થળોમાં વિચરે છે. કોઈ એક ગામમાં નિષ્કારણ અધિક રહેતા નથી. સિદ્ધાંત અનુસાર માસકલ્પાદિ વિહાર કરે છે. સાધુ ૨૯ રાત્રિથી અધિક અને સાધ્વીજીઓ ૫૮ રાત્રિથી અધિક એક સ્થાનમાં રહેતા નથી. સાધુતાને અનુકૂળ સર્વત્ર ક્ષેત્રોમાં વિચરણ કરે છે. તે પગપાળા અને દિવસમાં જ વિહાર કરે છે. કોઈપણ વાહનનો ઉપયોગ કરતા નથી. પગમાં બુટ–ચંપલ વગેરે પહેરતા નથી. અને માથા ઉપર છત્ર પણ રાખતા નથી. પોતાની ઉપધિ (સામાન) સ્વયં વહન કરે છે.

**પ્રશ્ન ૨૩૪**–શ્વેતાંબર જન સાધુ પાણી કેવું પીએ છે?

**ઉત્તર**–જેને ગૃહસ્થોએ પોતાને માટે ગરમ કરેલ છે, યા રાખ આદિથી ધોયેલ વાસણનું પાણી અથવા અન્ય પ્રકારનું પીવાને યોગ્ય ધોવણનું પાણી યા ગરમ પાણી પીએ છે.

કાચું, સજીવ, નળનું પાણી, કૂવા, તળાવ, નદીનું પાણી પીતા નથી.

**પ્રશ્ન ૨૩૫-શ્વેતાંબર જૈનસાધુઓનાં ભોજનની વ્યવસ્થા કેવી રીતે થાય છે?**

**ઉત્તર**-રાંધેલ, નિર્જીવ અન્ન, ભિક્ષા દ્વારા પ્રાપ્ત કરી લે છે, જેને ત્યાં ભોજન બને છે તથા જે ઘરોનું ભોજન આર્યજન અનિંદનીય અને અગર્હણીય સમજે છે, એવા અનેક ઘરોથી થોડું-થોડું-દાતાઓને કષ્ટ ન થાય, બીજી વાર બનાવવું ન પડે એવું, દીનતા રહિત મધુકર-વૃત્તિથી ભોજન પ્રાપ્ત કરે છે. અને પોતાના સ્થાન પર લાવીને બધા સાધુઓ સાથે સંવિભાગ કરીને વાપરે છે. તે પોતાને માટે હિંસાદિથી બનાવેલ, પૈસાદિથી ખરીદેલ, બદલાની ભાવનાથી આપેલ ઇત્યાદિ ૪૨ પ્રકારના દોષ સહિત આહારાદિ લેતાં નથી. તે કાચા ફળ, ફૂલ વગેરે પણ ગ્રહણ કરતા નથી.

**પ્રશ્ન ૨૩૬-જૈન સાધુઓના મુખ્ય આચાર સંક્ષેપમાં સમજાવો.**

**ઉત્તર**-જૈન સાધુ સમસ્ત પ્રાણીઓ જેવા કે-પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ જીવોની પણ રક્ષા કરે છે. વચનથી સત્યભાષી હોય છે. એક તણખલું પણ કોઈને પૂછયા વિના લેતા નથી. સ્ત્રીનો સ્પર્શ પણ થવા દેતા નથી. એક ફૂટી કોડી પણ પોતાની પાસે રાખતા નથી.

કે અન્યની પાસે રખાવતાં નથી. રાત્રિનાં ભોજન કરતાં નથી. ભિક્ષાથી જીવન નિર્વાહ ચલાવે છે.

ગૃહસ્થોએ પોતાને માટે બનાવેલ મકાનમાં ઉતરે છે. મર્યાદિત શ્વેત વસ્ત્ર રાખે છે. લાકડા, તુંબડા કે માટીનાં પાત્ર રાખે છે. ગૃહસ્થના પાત્રમાં ભોજન કરતાં નથી. ગૃહસ્થીનાં ઘરે બેસતા નથી. ધર્માનુકૂલ સ્થાનમાં રહે છે. યાવજ્જીવન સ્નાન કરતા નથી કે દેહવિભૂષા પણ કરતા નથી. સ્વાવલંબી હોય છે. કેશ લુંચન કરે છે અને ખુલ્લાં પગે વિચરણ કરે છે.

## ધર્મ (શ્રાવકધર્મ)

પ્રશ્ન ૨૩૭–સુધર્મ કોને કહે છે ?

**ઉત્તર**–અરિહંત દેવ દ્વારા જીવોના શાશ્વત સુખના ઉદ્દેશ્યથી બતાવેલી અહિંસાપ્રધાન સાધના તે ધર્મ છે, જે આત્માને સંસારની અશુભ ગતિઓથી બચાવીને મોક્ષમાં લઇ જાય છે. એવા વિશુદ્ધ માર્ગને 'સુધર્મ' કહેવાય છે.

પ્રશ્ન ૨૩૮–કુધર્મ કોને કહે છે ?

**ઉત્તર**–જે ધર્મ કુદેવ અને કુગુરૂઓ દ્વારા સ્થાપિત હોય–ચલાવેલો હોય. જે ધર્મના પ્રવર્તક જ સ્વયં અજ્ઞાની હોવાથી ધર્મનું સમ્યક્ સ્વરૂપ જાણતા ન હોય, જે એકાંત-વાદી હોય, જેના ધર્મના સિદ્ધાંતો પરસ્પર વિરોધી હોય, જેમાં પશુ–વધાદિ હિંસાનો ઉપદેશ હોય, જે ધર્મમાં

ત્યાગ, વૈરાગ્ય, બ્રહ્મચર્યાદિ ઉત્તમ તત્ત્વોનો અભાવ હોય, એવા ધર્મને 'કુધર્મ' કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૯–શ્રાવક કોને કહે છે?**

**ઉત્તર**–'શ્રા' અર્થાત્ શ્રદ્ધાપૂર્વક શાસ્ત્ર શ્રવણ કરે. 'વ' એટલે વિવેકથી વ્રતનું પાલન કરે. 'ક' દાનાદિ કરણ શુભ ક્રિયાઓ કરે તે જ શ્રાવક છે.

**सिद्धांत श्रवणं श्रद्धा, विवेके व्रतपालनम् ।**
**दानादि करणं सेवा, हि पतत् श्रावकलक्षणम् ॥**

**પ્રશ્ન ૨૪૦-શ્રાવકના વ્રત કેટલા છે?**

**ઉત્તર**–પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ કુલ ૧૨ વ્રત છે.

**પ્રશ્ન ૨૪૧-વ્રત કોને કહે છે?**

**ઉત્તર**–પ્રત્યાખ્યાન પૂર્વક સાવદ્ય ક્રિયાઓને છોડવી અને નિરવદ્ય ક્રિયામાં પ્રવૃત્તિ કરવી તેને વ્રત કહેવાય છે.

**પ્રશ્ન ૨૪૨–અણુવ્રત કોને કહે છે?**

**ઉત્તર**–જે મહાવ્રતોની અપેક્ષા અણુ અર્થાત્ નાના છે. તે પાંચ છે. જેમકે–(૧) સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ (૨) મૃષાવાદ ત્યાગ (૩) અદત્તગ્રહણ ત્યાગ (૪) સ્વદાર સંતોષ વ્રત અને (૫) પરિગ્રહ પરિમાણ વ્રત.

**પ્રશ્ન ૨૪૩–ગુણવ્રત કોને કહે છે?**

**ઉત્તર**–જે અણુવ્રતોમાં ગુણ અને લાભ વધારે છે.

અણુવ્રતોમાં વિશેષતા ઉત્પન્ન કરનારા તથા પાપથી અધિક-બચાવવાવાળા ગુણવ્રત છે.

ગુણવ્રત ત્રણ છે. (૧) દિશા પરિમાણ વ્રત (૨) ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રત (૩) અનર્થાદંડ ત્યાગ વ્રત. આ ત્રણ ગુણવ્રત આત્મામાં ગુણની વૃદ્ધિ કરે છે.

**પ્રશ્ન ૨૪૪-શિક્ષાવ્રત કોને કહે છે?**

**ઉત્તર**-જે વારંવાર શિક્ષા અર્થાત્ અભ્યાસ કરવા યોગ્ય છે. પાંચ અણુવ્રત અને ત્રણ ગુણવ્રત તો જીવનભર માટે પાલવાયોગ્ય છે. પરંતુ શિક્ષાવ્રત થોડા-થોડા સમય માટે અને ક્યારેક-ક્યારેક કરવામાં આવે છે. ગૃહસ્થોને માટે આનું પાલન આત્મામાં ગુણોનો ભંડાર ભરનારૂં છે. તે ચાર છે (૧) સામાયિક વ્રત (૨) દેશાવગાસિક વ્રત (૩) પૌષધોપવાસવ્રત (૪) અતિથિ સંવિભાગ વ્રત.

**પ્રશ્ન ૨૪૫-શ્રાવકના ગુણ કેટલા છે?**

**ઉત્તર**-શ્રાવકનાં એકવીશ ગુણ આ પ્રમાણે છે.

(૧) **અક્ષુદ્ર**-જે તુચ્છ સ્વભાવના ન હોય, પણ ગંભીર હોય.

(૨) **રૂપવાન્**-મનોહર આકૃતિવાળા, પરિપૂર્ણ અંગોપાંગ યુક્ત હોય.

(૩) **સૌમ્ય પ્રકૃતિ**-જે શાંત સ્વભાવવાળા હોય, ઉગ્ર ન હોય.

(૪) લોકપ્રિય—જગતથી વિરૂદ્ધ આચરણ નહિ કરનારા અને જનતાને વિશ્વાસપાત્ર હોય.

(૫) અક્રૂર—કલેશ રહિત, કોમલ સ્વભાવવાળા હોય.

(૬) ભીરૂ—પાપ અને દુરાચારથી ડરનારા હોય.

(૭) અશઠ—કપટ—છલ—પ્રપંચથી રહિત હોય.

(૮) દાક્ષિણ્ય યુક્ત—પરોપકાર કરવામાં તત્પર. પોતાનું કામ છોડીને પણ બીજાનું કાર્ય કરવામાં તત્પર હોય.

(૯) લજ્જાળુ—જે દુરાચાર કરવામાં શરમાય છે. સદાચારથી વિપરીત વ્યવહાર કરતા તેને લજ્જાનો અનુભવ થાય છે.

(૧૦) દયાળુ—દુઃખીઓને દેખીને જેનું હૃદય આર્દ્ર બની જાય છે. જે દુઃખીઓની સેવા કરવામાં તત્પર હોય.

(૧૧) મધ્યસ્થ—પક્ષપાત રહિત મધ્યસ્થ વૃત્તિવાળા હોય.

(૧૨) સૌમ્ય દૃષ્ટિ—પ્રેમપૂર્ણ દષ્ટિવાળા હોય.

(૧૩) ગુણાનુરાગી—ગુણવાનોને પ્રેમ કરનારા. ગુણવાનો પ્રત્યે આદર—માન રાખનારા ગુણપૂજક.

(૧૪) સત્કથક—ધર્મ અને સદાચારની વાતો કરનારા તથા ધર્મકથા સાંભળવાની રૂચિવાળા અથવા સુપક્ષ યુક્ત—સદા ન્યાયયુક્ત પક્ષને ગ્રહણ કરનારા.

(૧૫) સુદીર્ઘદર્શી—પરિણામનો પહેલેથી સારી રીતે વિચાર કરીને કાર્ય કરનારા.

(૧૬) વિશેષજ્ઞ–હિત અને અહિતને સારી રીતે સમજવાવાળા તથા તત્ત્વજ્ઞાનને પણ સારી રીતે સમજનારા.

(૧૭) વૃદ્ધાનુગત–જ્ઞાનવૃદ્ધ અને અનુભવવૃદ્ધ જનોનાં અનુભવને અનુસરનારા.

(૧૮) વિનીત–વડિલ અને ગુણીજનોનો વિનય કરનારા.

(૧૯) કૃતજ્ઞ–પોતાના પર બીજાએ કરેલ ઉપકારને નહિ ભૂલનારા.

(૨૦) પરહિતાર્થ–બીજાનું હિત કરવામાં તત્પર રહેવાવાળા.

(૨૧) લબ્ધલક્ષ્ય–જેણે પોતાના લક્ષ્યને સારી રીતે સમજીને પ્રાપ્ત કરેલ હોય.

**પ્રશ્ન ૨૪૬–મનોરથ કોને કહે છે?**

**ઉત્તર**–સંસારમાં અનેક પ્રકારની શુભ–અશુભ આકાંક્ષા થયા કરે છે, પરંતુ જે આત્મ–વિકાસને માટે શુભ આકાંક્ષા કરે છે, તેને હિતકારી મનોરથ કહેવાય છે.

**પ્રશ્ન ૨૪૭–મનોરથના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) પરિગ્રહ ત્યાગવાની ભાવના. (૨) મહાવ્રત (સંયમ) ધારણ કરવાનો મનોરથ (૨) મૃત્યુસમયની પહેલા જ સંથારો કરવાની ભાવના.

દોહા :

**આરંભ પરિગ્રહ તજી કરી, પંચ મહાવ્રત ધાર,**
**અંત સમય આલોચના, કરું સંથારો સાર.**

**પ્રશ્ન ૨૪૮–પ્રથમ મનોરથ શું છે?**

**ઉત્તર**–શ્રાવક પ્રતિદિન એવું ચિંતન કરે કે–અહો જિનેશ્વર દેવ! કયારે હું બાહ્ય અને આભ્યંતર પરિગ્રહનો અલ્પ કે અધિક ત્યાગ કરીશ. આ પરિગ્રહ વિષય–કષાયને વધારનાર, દુર્ગતિનો દેનાર, રાગ–દ્વેષનું મૂલ, જ્ઞાન–દર્શન અને ચારિત્રનો નાશ કરનાર, અઢાર પાપને વધારનાર, અનંત સંસારમાં પરિભ્રમણ કરાવનાર છે. નિર્ગ્રન્થો દ્વારા નિંદનીય છે. આવા પરિગ્રહનો ત્યાગ કરીશ તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

**પ્રશ્ન ૨૪૯–મનોરથનો બીજો ભેદ શું છે?**

**ઉત્તર**–શ્રાવકજી પ્રતિદિન એવું ચિંતન કરે કે–અહો! જિનેશ્વર દેવ! કયારે હું ગૃહસ્થનાં આગારધર્મનો ત્યાગ કરી, અણગાર ધર્મમાં દ્રવ્ય–ભાવથી મુંડિત થઈ દશ પ્રકારના યતિધર્મ, સત્તર પ્રકારનો સંયમ અને વીતરાગ પ્રભુની આજ્ઞાનુસાર ચાલનારો બનું. તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

**પ્રશ્ન ૨૫૦–મનોરથના ત્રીજા ભેદનું ચિંતન કેવી રીતે છે?**

**ઉત્તર**–શ્રાવકજી પ્રતિદિન એવું ચિંતન કરે કે–અહો

જિનેશ્વરદેવ ! સર્વ પાપસ્થાનની આલોચનાપૂર્વક નિઃશલ્ય થઇને બધા જીવો સાથે ક્ષમાપના કરીને અઢાર પાપ અને ચારે આહારનો ત્યાગ કરીશ તથા અતિપ્રેમથી પાલન-પોષણ કરેલા આ શરીરના મમત્વને હટાવીને, તેને વોસિરાવીને અંતિમ શ્વાસોચ્છ્વાસ સુધી ત્રણ આરાધના અને ચાર શરણા લેતો થકો આયુષ્ય પૂર્ણ કરીશ અર્થાત્ પંડિત મરણથી મરીશ. તે દિવસ મારો ધન્ય અને પરમ કલ્યાણકારી થશે.

**પ્રશ્ન ૨૫૧-મનોરથનું ચિંતન કરવાથી શો લાભ થાય છે?**

ઉત્તર-ત્રણ મનોરથનું ચિંતન કરતો જીવ કર્મોની મહાનિર્જરા કરે છે. સંસારનો અંત કરે છે, મોક્ષની સન્મુખ થાય છે. અનુક્રમથી બધા દુઃખોથી છૂટીને મોક્ષના અક્ષય સુખને પામે છે.

**પ્રશ્ન ૨૫૨-વિસામા (વિશ્રાંતિ) કેટલાં છે?**

ઉત્તર-શ્રાવકના વિસામા ચાર છે:

(૧) ભાર ઉપાડવાવાળો ભારને એક ખંભાથી બીજા ખંભા પર મૂકે તે, પહેલો વિસામો.

તેમ શ્રાવક શીલવ્રત-ગુણવ્રત, અનર્થાદંડ વિરમણ-પ્રત્યાખ્યાન, પૌષધોપવાસ ગ્રહણ કરે તે પ્રથમ વિસામો.

(૨) બીજો વિસામો-જેમ ભારને ઓટલે કે ચોતરે મુકીને કુદરતી હાજતનું નિવારણ કરવા જાય તે.

તેમ શ્રાવક સામાયિક, દેશાવકાસિક વગેરે કરે તે એટલા વખત સુધી સાવદ્ય ત્યાગ રૂપ બીજો વીસામો.

(૩) ત્રીજો વીસામો—ગામ દૂર હોય, રસ્તામાં ધર્મશાળા અથવા યક્ષના મંદિર વગેરેમાં ભાર મૂકી રાત રહે તે.

તેમ શ્રાવક આઠમ–પાખીના પૌષધ કરે તે રાત રહેવા રૂપ ત્રીજો વિસામો.

(૪) ચોથો વિસામો–જેમ ભારને નિશ્ચિત સ્થાને પહોંચાડી દે તે.

તેમ શ્રાવક આલોચના કરી સંથારો કરે ત્યારે સર્વ પાપથી નિવર્તવા રૂપ ચોથો વિસામો.

# ૭. નિર્જરા તત્ત્વ

**પ્રશ્ન ૧–નિર્જરા કોને કહે છે?**

**ઉત્તર**–આત્મા પર લાગેલા કર્મરૂપી મળને દેશથી દૂર કરવા તે 'નિર્જરા' છે. અથવા જીવરૂપી કપડાં પર લાગેલા મેલને જ્ઞાનરૂપી પાણી, તપ–સંયમ રૂપી સાબુથી ધોઈને દૂર કરવો.

**પ્રશ્ન ૨–નિર્જરાના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–બાહ્ય તપ ૬ પ્રકારનાં અને આભ્યંતર તપ ૬ પ્રકારનાં કુલ મળી ૧૨ ભેદ નિર્જરાનાં છે.

**પ્રશ્ન ૩–બાહ્ય તપના છ ભેદ કયા-કયા છે?**

**ઉત્તર**–(૧) અનશન, (૨) ઉણોદરી, (૩) ભિક્ષાચર્યા, (૪) રસ પરિત્યાગ, (૫) કાયકલેશ અને (૬) વ્યુત્સર્ગ.

**પ્રશ્ન ૪–અનશન કોને કહે છે?**

**ઉત્તર**–અશન, પાન, ખાદિમ, સ્વાદિમ–આ ચારે પ્રકારના આહારનો ત્યાગ કરવો અથવા પાણીને છોડીને ત્રણ પ્રકારના આહારનો ત્યાગ કરવો 'અનશન' કહેવાય છે.

**પ્રશ્ન ૫–અનશનનાં કેટલા ભેદ છે?**

ઉત્તર–અનશનનાં મુખ્ય બે ભેદ છે: (૧) ઇત્વરિક અનશન અને યાવત્કથિક અનશન.

**પ્રશ્ન ૬–ઇત્વરિક અનશન કોને કહે છે?**

ઉત્તર–અલ્પકાળને માટે કરવામાં આવતાં અનશનને ઇત્વરિક અનશન કહેવાય છે. તેનાં ચૌદ ભેદ છે: (૧) ચતુર્થ ભક્ત, (૨) ષટ્ ભક્ત, (૩) અષ્ટમ ભક્ત, (૪) દશમ ભક્ત, (૫) દ્વાદશ ભક્ત, (૬) ચતુર્દશ ભક્ત, (૭) ષોડશ ભક્ત, (૮) અર્ધમાસિક, (૯) માસિક, (૧૦) દ્વિ માસિક, (૧૧) ત્રિમાસિક, (૧૨) ચાતુર્માસિક, (૧૩) પંચ માસિક અને (૧૪) છ માસિક.

**પ્રશ્ન ૭–યાવત્કથિક અનશનનાં કેટલા ભેદ છે?**

ઉત્તર–છ ભેદ છે: (૧) પાદોપગમન, (૨) ભક્ત–પ્રત્યાખ્યાન, (૩) ઈંગિતમરણ આ ત્રણેના નિર્હારિમ અને અનિર્હારિમ એમ છ ભેદ થાય છે.

**પ્રશ્ન ૮–પાદોપગમન કોને કહે છે?**

ઉત્તર–ચારે આહારનો ત્યાગ કરીને પોતાના શરીરના કોઈપણ અંગને કિંચિત્ માત્ર પણ ન હલાવતા, વૃક્ષની ડાળી તૂટીને જમીન પર પડેલી હોય તેની માફક નિશ્ચલ-રૂપથી સંથારો કરવો "પાદોપગમન" કહેવાય છે.

**પ્રશ્ન ૯–ભક્તપ્રત્યાખ્યાન કોને કહે છે?**

ઉત્તર–યાવત્જીવન ત્રણ અથવા ચારે આહારનો ત્યાગ કરીને સંથારો કરવો.

**પ્રશ્ન ૧૦-ઇંગિતમરણ કોને કહે છે?**

**ઉત્તર**-યાવજ્જીવન ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને મર્યાદિત સ્થાનમાં હરવા-ફરવાનો આગાર રાખીને કરવામાં આવતા સંથારાને 'ઇંગિતમરણ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૧-ઉણોદરી કોને કહે છે?**

**ઉત્તર**-ભોજન આદિનું પરિમાણ અને ક્રોધાદિના આવેશને ઓછો કરવો તેને ઉણોદરી કહેવાય છે.

**પ્રશ્ન ૧૨-ઉણોદરીનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**-(૧) દ્રવ્ય ઉણોદરી અને (૨) ભાવ ઉણોદરી.

**પ્રશ્ન ૧૩-દ્રવ્ય ઉણોદરી શું છે?**

**ઉત્તર**-ભંડ ઉપકરણ અને આહાર-પાણીનું શાસ્ત્રમાં જે પરિમાણ બતાવેલ છે, તેને ઓછું કરવું તથા અતિ સરસ અને પૌષ્ટિક આહારનો ત્યાગ કરવો તેને દ્રવ્ય ઉણોદરી કહેવાય છે.

**પ્રશ્ન ૧૪-દ્રવ્ય ઉણોદરીનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**-(૧) ઉપકરણ દ્રવ્ય ઉણોદરી અને (૨) ભક્ત-પાન દ્રવ્ય ઉણોદરી એમ બે ભેદ છે.

**પ્રશ્ન ૧૫-ઉપકરણ દ્રવ્ય ઉણોદરીના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-(૧) એક પાત્ર (૨) એક વસ્ત્ર અને (૩) જીર્ણ ઉપધિ.

**પ્રશ્ન ૧૬-ભક્ત-પાન દ્રવ્ય ઉણોદરીનાં કેટલાં ભેદ છે?**

ઉત્તર–તેના સામાન્યતઃ પાંચ ભેદ છે : (૧) આઠ કવલ (ગ્રાસ) પરિમાણ આહાર કરવો, અલ્પાહાર પોણી ઉણોદરી છે. (૨) ૧૨ કવલ પરિમાણ આહાર કરવો તે ઉપાર્ધ ઉણોદરી છે. (૩) ૧૬ કવલ પરિમાણ આહાર કરવો તે અર્ધ ઉણોદરી છે. (૪) ૨૪ કવલ પરિમાણ આહાર કરવો તે પા ઉણોદરી છે. (૫) ૩૧ કવલ પરિમાણ આહાર કરવો કિંચિત્ ઉણોદરી છે અને પુરા ૩૨ (બત્રીસ) કવલ પરિમાણ આહાર કરવો તે 'પ્રમાણોપેત આહાર' કહેવાય છે.

**પ્રશ્ન ૧૭–ભાવ ઉણોદરી કોને કહે છે?**

ઉત્તર–ક્રોધ, માન, માયા અને લોભને ઓછા કરવા, ઓછું બોલવું, કષાયને વશ થઇને ભાષણ ન કરવું તથા હૃદયમાં રહેલા કષાયને શાંત કરવા 'ભાવ ઉણોદરી' કહેવાય છે.

**પ્રશ્ન ૧૮-ભિક્ષાચર્યા કોને કહે છે અને તેનાં કેટલાં ભેદ છે?**

ઉત્તર–વિવિધ પ્રકારના અભિગ્રહ લઈને ભિક્ષાનો સંકોચ કરતાં થકા વિચરવું તે 'ભિક્ષાચર્યા' તપ છે. તેનાં ૩૦ ભેદ છે. (ઉવવાઈય સૂત્રમાં ભેદોના વિસ્તાર માટે સૂત્ર ૧૯ જુઓ.)

**પ્રશ્ન ૧૯–રસ પરિત્યાગ કોને કહે છે?**

ઉત્તર–વિકારવર્ધક દૂધ, દહીં, ઘી આદિ વિગયો તથા પ્રણીત (ગરિષ્ઠ) ખાન–પાનની વસ્તુઓનો ત્યાગ કરવો. રસના ઇન્દ્રિયનો નિગ્રહ કરવો અને રસલોલુપતાના ત્યાગને 'રસ પરિત્યાગ' કહેવાય છે.

**પ્રશ્ન ૨૦-રસ પરિત્યાગના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–તેના સામાન્યથી નવ ભેદ છે : (૧) **વિગય-ત્યાગ**–ઘી, તેલ, દૂધ, ગોળસાકર આદિ વિકાર વધારવાવાળી વસ્તુઓનો ત્યાગ કરવો. (૨) **પ્રણીત રસ ત્યાગ**–જેમાંથી ઘી વગેરેના ટીપાં પડી રહ્યા હોય, તેવા રસસભર આહારનો ત્યાગ કરવો. (૩) **આયંબિલ**–લુક્ખી રોટલી, ભાત અથવા શેકેલાં ચણા આદિ વાપરવા. (૪) **આયામસિકથ ભોજી**–ઓસામણ આદિની સાથે પડેલા ભાત આદિ લેવા. (૫) **અરસાહાર**–મીઠું, મરચું આદિ મસાલા વિનાનો રસરહિત આહાર લેવો. (૬) **વિરસાહાર**–જેનો રસ ચાલ્યો ગયો છે, એવા જુના ધાન્ય અથવા ભાત આદિનો આહાર કરવો. (૭) **અંતાહાર**–હલકો આહાર–જેને ગરીબ લોકો ખાય છે–એવો આહાર લેવો. (૮) **પ્રાંતાહાર**–ખાધા પછી વધેલો આહાર લઇને વાપરવો. (૯) **રૂક્ષાહાર**–લુખો–સૂકો, જીભને અપ્રિય લાગે તેવો આહાર કરવો.

**પ્રશ્ન ૨૧–કાયક્લેશ તપ શું છે ?**

**ઉત્તર**–શાસ્ત્ર સંમત રીતિથી શરીર દ્વારા કઠોર સાધના કરવી. ઉગ્ર વીરાસનાદિ આસન લગાવવા, લોચ કરવો, શરીરની શોભા–શુશ્રુષાનો ત્યાગ કરવો 'કાયક્લેશ' તપ કહેવાય છે.

**પ્રશ્ન ૨૨–પ્રતિ સંલીનતા કોને કહે છે ? તેનાં મુખ્ય કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–પ્રતિસંલીનતાનો અર્થ છે—ગોપન (નિગ્રહ)

કરવું. તેના મુખ્ય રૂપથી ચાર ભેદ છે: (૧) ઇન્દ્રિય પ્રતિસંલીનતા (૨) કષાય–પ્રતિસંલીનતા (૩) યોગ પ્રતિ-સંલીનતા અને (૪) વિવિક્ત શય્યાસનતા.

**પ્રશ્ન ૨૩–ઇન્દ્રિય પ્રતિસંલીનતા કોને કહે છે? તેના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–ઇન્દ્રિયોને પોતાના વિષયોની તરફ જતી રોકવી અને ઇન્દ્રિયો દ્વારા ગ્રહણ કરેલ વિષયોમાં રાગ–દ્વેષ ના કરવો. તેનાં પાંચ ભેદ છે: (૧) શ્રોતેન્દ્રિય પ્રતિસંલીનતા (૨) ચક્ષુરિન્દ્રિય પ્રતિ સંલીનતા (૩) ઘ્રાણેન્દ્રિય પ્રતિ-સંલીનતા (૪) રસનેન્દ્રિય પ્રતિ સંલીનતા (૫) સ્પર્શનેન્દ્રિય પ્રતિસંલીનતા.

**પ્રશ્ન ૨૪–કષાય પ્રતિસંલીનતા કોને કહે છે?**

**ઉત્તર**–ક્રોધ, માન, માયા અને લોભનો ઉદય થવા ન દેવો તથા ઉદયમાં આવેલા કષાયને નિષ્ફળ બનાવી દેવા.

**પ્રશ્ન ૨૫–યોગ પ્રતિસંલીનતાના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) મન પ્રતિસંલીનતા (૨) વચન પ્રતિ-સંલીનતા અને (૩) કાય–પ્રતિસંલીનતા.

**પ્રશ્ન ૨૬–મન પ્રતિસંલીનતા કોને કહે છે?**

**ઉત્તર**–મનની અકુશલ (બુરી–પાપકારી) પ્રવૃત્તિ રોકવી અને કુશલ (ભલી) પ્રવૃત્તિ કરવી તથા ચિત્તને એકાગ્ર–સ્થિર કરવું.

**પ્રશ્ન ૨૭**–વચન પ્રતિસંલીનતા કોને કહે છે?

**ઉત્તર**–અશુભવચનનો ત્યાગ કરી, શુભ નિર્દોષ વચન બોલવું, પ્રિય વચન બોલવું.

**પ્રશ્ન ૨૮**-કાયયોગ પ્રતિસંલીનતા કોને કહે છે?

**ઉત્તર**–સારી રીતે સમાધિપૂર્વક શાંત થઈને, હાથ-પગ સંકુચિત કરીને કાચબાની જેમ ગુપ્તેન્દ્રિય થઈને સ્થિર થવું.

**પ્રશ્ન ૨૯**–વિવિક્ત શય્યાસનતા કોને કહે છે?

**ઉત્તર**–સ્ત્રી, પશુ અને નપુંસક રહિત એવા ઉદ્યાન, આરામગૃહ, દેવાલય અને સભા આદિ નિર્દોષ સ્થાનમાં પ્રાસુક અને એષણીક શય્યા–સંથારાને ગ્રહણ કરીને રહેવું તે વિવિક્ત શય્યાસનતા કહેવાય છે.

**પ્રશ્ન ૩૦**–આભ્યંતર તપ કોને કહે છે?

**ઉત્તર**–જે તપનો સંબંધ આત્મભાવથી હોય તેને 'આભ્યંતર તપ' કહેવાય છે.

**પ્રશ્ન ૩૧**–પ્રાયશ્ચિત કોને કહે છે?

**ઉત્તર**–જેનાથી મૂલગુણ અને ઉત્તરગુણ સંબંધી અતિચારો (દોષો)ની શુદ્ધિ થાય. અથવા જે અનુષ્ઠાનથી પાપની વિશુદ્ધિ થાય.

**પ્રશ્ન ૩૨**–પ્રાયશ્ચિતનાં કેટલા ભેદ છે?

**ઉત્તર**–પ્રાયશ્ચિતનાં દશ ભેદ આ પ્રમાણે છે.

(૧) **આલોચનાર્હ**–પોતાના દોષને ગુરૂ અથવા રત્નાધિકની સમક્ષ પ્રગટ કરવાથી થનારૂં પ્રાયશ્ચિત–આલોચના કરીને શુદ્ધિ કરવી.

(૨) **પ્રતિક્રમણાર્હ**–પ્રતિક્રમણ (મિથ્યા–દુષ્કૃત–પાપથી પાછું ફરવું)થી થવાવાળું પ્રાયશ્ચિત.

(૩) **તદુભયાર્હ**–આલોચના અને પ્રતિક્રમણ બન્નેથી થનારૂં પ્રાયશ્ચિત.

(૪) **વિવેકાર્હ**–ત્યાગ દ્વારા થવાવાળું પ્રાયશ્ચિત.

(૫) **વ્યુત્સર્ગાર્હ**–કાયોત્સર્ગ દ્વારા થનારૂં પ્રાયશ્ચિત.

(૬) **તપાર્હ**–તપ દ્વારા થનારૂં પ્રાયશ્ચિત.

(૭) **છેદાર્હ**–છેદ (દીક્ષા પર્યાયનો છેદ–ઓછી કરવી) થી થનારૂં પ્રાયશ્ચિત.

(૮) **મૂલાર્હ**–પુનઃ વ્રતોની સ્થાપનાથી થનારૂં પ્રાયશ્ચિત.

(૯) **અનવસ્થાપ્યાર્હ**–પ્રાયશ્ચિતના રૂપમાં આપેલ અમુક પ્રકારના વિશિષ્ટ તપને જ્યાં સુધી ન કરી લ્યે ત્યાં સુધી તેનો સંબંધ વિચ્છેદ રાખવો અને ફરી દીક્ષા આપવી.

(૧૦) **પારંચિતાર્હ**–સંબંધ વિચ્છેદ કરીને તપ વિશેષ કરાવ્યા પછી ગૃહસ્થ સમાન બનાવીને વ્રત–સ્થાપનાથી થનારૂં પ્રાયશ્ચિત.

પ્રશ્ન ૩૩–વિનય કોને કહે છે?

**ઉત્તર**–જેના દ્વારા આત્માને કર્મરૂપી મેલથી દૂર કરવામાં આવે તેને વિનય કહેવાય છે.

**પ્રશ્ન ૩૪–વિનય તપનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) જ્ઞાન વિનય, (૨) દર્શન વિનય, (૩) ચારિત્ર વિનય, (૪) મન વિનય, (૫) વચન વિનય, (૬) કાય વિનય અને (૭) લોકોપચાર વિનય.

**પ્રશ્ન ૩૫–વૈયાવૃત્ય તપ કોને કહે છે?**

**ઉત્તર**–ગુરૂ, તપસ્વી, રોગી, વૃદ્ધ, નવદીક્ષિત સાધુની સેવા કરવી અને સંયમ પાલનમાં સહાયતા આપવી–તે 'વૈયાવૃત્ય' તપ કહેવાય છે.

**પ્રશ્ન ૩૬–વૈયાવૃત્યના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–દશ ભેદ આ પ્રકારે છે–(૧) આચાર્ય, (૨) ઉપાધ્યાય, (૩) સ્થવિર, (૪) તપસ્વી, (૫) ગ્લાન, (૬) શૈક્ષ (નવદીક્ષિત) (૭) કુલ* (૮) ગણ,* (૯) સંઘ (૧૦) સાધર્મિકની વૈયાવૃત્ય કરવી.

**પ્રશ્ન ૩૭–સ્વાધ્યાય શું છે? તેનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–અસ્વાધ્યાય કાળને છોડીને મર્યાદાપૂર્વક

---

* એક આચાર્યના યા એક ગુરૂના શિષ્યોને 'કુલ' કહે છે–ભગ. શ. ૨૫ ઉ. ૭. પ્રશ્ન શ્રુ. ૨ અધ્ય. ૩.

* ગણ=સરખી ક્રિયાવાળા ઘણા સાધુઓનો સમુદાય. કુલ તે ગણનો એક વિભાગ છે.

શાસ્ત્રોનું અધ્યયન-અધ્યાપન આદિ કરવું તે 'સ્વાધ્યાય' તપ છે. સ્વાધ્યાયના પાંચ ભેદ છે—(૧) વાચના, (૨) પૃચ્છના, (૩) પરિવર્ત્તના, (૪) અનુપ્રેક્ષા અને (૫) ધર્મકથા.

**પ્રશ્ન ૩૮-વાચના કોને કહે છે?**

**ઉત્તર**-શિષ્યને સૂત્ર અને અર્થ ભણાવવા તે વાચના છે.

**પ્રશ્ન ૩૯-પૃચ્છના કોને કહે છે?**

**ઉત્તર**-વાચના ગ્રહણ કરીને તેમાં સંદેહ થવા પર પુનઃ પૂછવું અથવા પહેલા શીખેલા સૂત્રાદિ જ્ઞાનને વિશેષ સમજવાને માટે પ્રશ્ન કરવા તે 'પૃચ્છના' છે.

**પ્રશ્ન ૪૦-પરિવર્ત્તના કોને કહે છે?**

**ઉત્તર**-ભણેલું જ્ઞાન ભૂલી ન જવાય, તે હૃદયમાં સ્થિર થઈ જાય તે માટે તેની વારંવાર આવૃત્તિ કરવી 'પરિવર્ત્તના' કહેવાય છે.

**પ્રશ્ન ૪૧-અનુપ્રેક્ષા શું છે?**

**ઉત્તર**-શીખેલા સૂત્રોના અર્થનું વારંવાર મનન કરવું-વિચારણા કરવી 'અનુપ્રેક્ષા' છે.

**પ્રશ્ન ૪૨-ધર્મકથા કોને કહે છે?**

**ઉત્તર**-ઉપરોક્ત ચારે પ્રકારથી શાસ્ત્રોનો અભ્યાસ કરીને શ્રોતાઓને શાસ્ત્રોનું વ્યાખ્યાન સંભળાવવું, ધર્મોપદેશ આપવો.

**પ્રશ્ન ૪૩–ધર્મકથાના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–ધર્મકથાના ૪ ભેદ આ પ્રમાણે છે—

(૧) **આક્ષેપની ધર્મકથા**–સંસાર અને વિષયાદિની તરફ જતા શ્રોતાઓના મોહને હટાવીને ધર્મમાં લગાવવા-વાળી કથા.

(૨) **વિક્ષેપની ધર્મકથા**–શ્રોતાને કુમાર્ગમાંથી હટાવીને સુમાર્ગમાં લઈ જનારી કથા.

(૩) **સંવેગની ધર્મકથા**–શ્રોતાઓને સંસારના રાગથી છોડાવી ધર્મ તરફ પ્રેમ ઉત્પન્ન કરનારી કથા.

(૪) **નિર્વેદની ધર્મકથા**–આલોક ભય, પરલોક-ભય, આદિ અનિષ્ટ પરિણામ બતાવીને સંસારથી વિરક્તિ ઉત્પન્ન કરનારી કથા.

**પ્રશ્ન ૪૪–ધ્યાન કોને કહે છે?**

**ઉત્તર**–એક લક્ષ્ય પર ચિત્તને એકાગ્ર કરવું તે 'ધ્યાન' છે. તેના ચાર ભેદ છે—(૧) આર્ત્તધ્યાન (૨) રૌદ્રધ્યાન (૩) ધર્મધ્યાન અને (૪) શુકલધ્યાન.

**પ્રશ્ન ૪૫–આર્ત્તધ્યાન કોને કહે છે?**

**ઉત્તર**–આર્ત્ત અર્થાત્ દુઃખના નિમિત્તથી યા ભાવી દુઃખની આશંકાથી થનારું ધ્યાન 'આર્ત્તધ્યાન' કહેવાય છે.

**પ્રશ્ન ૪૬–આર્ત્તધ્યાનના કેટલા લિંગ છે?**

**ઉત્તર**–ચાર લિંગ છે—**(૧) આક્રંદન**–ઉંચાસ્વરથી

રડવું, (૨) શોચન–આંખોમાં આંસુ લાવીને દીન ભાવ લાવવો, (૩) પરિવેદના–વારંવાર કિલષ્ટ ભાષણ કરવું, વિલાપ કરવો, (૪) તેપનતા–ટપટપ આંસુ પાડવા. ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ અને વેદનાના નિમિત્તથી આ ચાર ચિન્હ થાય છે.

**પ્રશ્ન ૪૭–આર્ત્તધ્યાનના કેટલા ભેદ થાય છે?**

**ઉત્તર**–(૧) અમનોજ્ઞ સંયોગના વિયોગની ચિંતા (૨) ઈષ્ટ અવિયોગની ચિંતા (૩) રોગ–મુકિત ચિંતા અને (૪) કામભોગ અવિયોગ ચિંતા.

**પ્રશ્ન ૪૮–રૌદ્રધ્યાન શું છે?**

**ઉત્તર**–ક્રોધની પરિણતી અથવા ક્રૂરતાનો ભાવ જેમાં રહેલ હોય. બીજાને મારવું, પીટવું, ઠગવું અને દુઃખી કરવાની ભાવના, જે ચિંતનનાં મૂળમાં હોય, એવા કુવિચાર યુક્ત ધ્યાનને 'રૌદ્રધ્યાન' કહેવાય છે.

**પ્રશ્ન ૪૯–રૌદ્રધ્યાનના કેટલા ભેદ છે?**

**ઉત્તર–ચાર** – (૧) **હિંસાનુબંધી** – હિંસાથી સંબંધિત એકાગ્ર ચિંતન, (૨) **મૃષાનુબંધી**–અસત્યથી સંબંધિત એકાગ્ર ચિંતન, (૩) **સ્તેનાનુબંધી**–ચૌર્યકર્મથી સંબંધિત એકાગ્ર ચિંતન અને (૪) **સંરક્ષણાનુબંધી**–ધનાદિના રક્ષણથી સંબંધિત ભયંકર ચિંતન અથવા કોઈને બંદી (કેદી બનાવવા આદિ રૂપ ખરાબ ચિંતન.)

**પ્રશ્ન ૫૦–રૌદ્રધ્યાનનાં કેટલા લક્ષણ છે?**

ઉત્તર–રૌદ્રધ્યાનનાં ચાર લક્ષણ કહેલા છે—(૧) **ઓસન્ન દોષ**–હિંસા આદિ દોષોમાંથી કોઈ એક દોષમાં અધિક પ્રવૃત્તિ કરવી. તેનાથી જરા પણ અપ્રીતિ ન થવી. (૨) **બહુલ દોષ**–હિંસાદિ ઘણા તથા બધા દોષોમાં પ્રવૃત્તિ. (૩) **અજ્ઞાન દોષ**–અજ્ઞાનથી અથવા મિથ્યા શાસ્ત્રોના પ્રભાવથી અધર્મ સ્વરૂપ હિંસાદિમાં ધર્મબુદ્ધિથી પ્રવૃત્તિ કરવી. (૪) **આમરણાંત દોષ**–મરણ પર્યંત હિંસાદિ ક્રૂર કાર્યોનો પશ્ચાતાપ ન થવો અને હિંસાદિમાં પ્રવૃત્તિ કરતા રહેવી.

**પ્રશ્ન ૫૧–ધર્મધ્યાનનો શો અર્થ છે?**

ઉત્તર–ધર્મના સ્વરૂપના પર્યાલોચનમાં મનને એકાગ્ર કરવું.

**પ્રશ્ન ૫૨ ધર્મધ્યાનનાં કેટલા લક્ષણ છે ?**

ઉત્તર–ધર્મધ્યાનના ચાર લક્ષણ આ પ્રકારે છે—(૧) **આજ્ઞારૂચિ**–વીતરાગની આજ્ઞામાં રૂચિ થવી, શાસ્ત્રોક્ત અર્થ પર શ્રદ્ધા થવી. (૨) **નિસર્ગરૂચિ**–કોઈના ઉપદેશ વિના સ્વભાવથી જ જિનભાષિત તત્ત્વો પર શ્રદ્ધા થવી. (૩) **ઉપદેશરૂચિ**–સાધુ આદિના ઉપદેશથી જિનધર્મમાં રૂચિ થવી. (૪) **સૂત્રરૂચિ**–આગમ પ્રતિપાદિત તત્ત્વો પર શ્રદ્ધા થવી.

**પ્રશ્ન ૫૩–ધર્મધ્યાનરૂપી મહેલ પર ચઢવાને માટે કેટલા અવલંબન છે?**

**ઉત્તર**–ચાર આલંબન કહેલા છે—૧. વાચના, ૨. પૃચ્છના, ૩. પરિવર્ત્તના અને ૪. ધર્મકથા.

**પ્રશ્ન ૫૪–ધર્મધ્યાનની કેટલી અનુપ્રેક્ષાઓ છે?**

**ઉત્તર**–ચાર છે—(૧) અનિત્ય ભાવના, (૨) અશરણ ભાવના, (૩) એકત્વ ભાવના અને (૪) સંસાર ભાવના.

**પ્રશ્ન ૫૫–શુક્લધ્યાન કોને કહે છે?**

**ઉત્તર**–પૂર્વ વિષયક શ્રુતના આધારથી ઘાતિકર્મોનો નાશ કરીને આત્માને વિશેષ રૂપથી સ્વચ્છ બનાવનારૂં પરમધ્યાન અથવા મનની અત્યંત સ્થિરતા અને યોગનો નિરોધ 'શુકલ ધ્યાન' કહેવાય છે.

**પ્રશ્ન ૫૬–શુક્લધ્યાનનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–ચાર ભેદ છે—(૧) પૃથક્ત્વ–વિતર્ક–સવિચારી, (૨) એકત્વ વિતર્ક અવિચારી, (૩) સૂક્ષ્મ ક્રિયા અનિવર્તી અને (૪) સમુચ્છિન્ન ક્રિયા–અપ્રતિપાતી.

**પ્રશ્ન ૫૭–શુક્લધ્યાનના ચાર ચાર લક્ષણ કયા કયા છે?**

**ઉત્તર**–(૧) **અવ્યથા**–દેવાદિના ઉપસર્ગથી ચલિત ન થવું–પીડાની આત્મા પર અસર ન થવી, (૨) **અસમ્મોહ**–ગહન વિષયોમાં અથવા દેવાદિ કૃત છલનામાં સંમોહ ન થવો, (૩) **વિવેક**–આત્માને દેહથી તથા સમસ્ત સાંસારિક સંયોગોથી ભિન્ન માનવો, (૪) **વ્યુત્સર્ગ**–નિઃસંગતાથી દેહ અને ઉપધિનો ત્યાગ કરવો.

**પ્રશ્ન ૫૮–શુક્લધ્યાનના કેટલા આલંબન છે ?**

**ઉત્તર**–શુક્લ ધ્યાનના ચાર આલંબન આ પ્રકારે છે—
(૧) ક્ષમા (અક્રોધ–સહિષ્ણુતા) (૨) મુક્તિ (નિર્લોભતા), (૩) આર્જવ (કપટ ત્યાગ), અને (૪) માર્દવ (માન ત્યાગ).

**પ્રશ્ન ૫૯–શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષાઓ કઈ કઈ છે ?**

**ઉત્તર**–(૧) **અનંતવર્તિતાનુપ્રેક્ષા**–ભવ પરંપરાની અનંતતાની ભાવના કરવી.

(૨) **વિપરિણામાનુપ્રેક્ષા** – વસ્તુઓના વિવિધ પરિણમન પર વિચાર કરવો.

(૩) **અશુભાનુપ્રેક્ષા**–સંસારના અશુભ સ્વરૂપ પર વિચાર કરવો.

(૪) **અપાયાનુપ્રેક્ષા**–આશ્રવો અને કષાયથી જીવોને થવાવાળું દુઃખ તથા સંસારવૃદ્ધિના કારણોનું ચિંતન કરવું.

**પ્રશ્ન ૬૦–વ્યુત્સર્ગનો અર્થ શું છે ?**

**ઉત્તર**–વ્યુત્સર્ગનો અર્થ છે–ત્યાગ. અંતઃકરણથી મમત્વરહિત થઈને આત્મ–સાનિધ્યથી પર વસ્તુનો ત્યાગ કરવો 'વ્યુત્સર્ગ' તપ છે. તેના મુખ્યતઃ બે ભેદ છે— (૧) દ્રવ્ય વ્યુત્સર્ગ અને (૨) ભાવ વ્યુત્સર્ગ.

**પ્રશ્ન ૬૧–દ્રવ્ય વ્યુત્સર્ગ કોને કહે છે ?**

**ઉત્તર**–આત્માથી ભિન્ન દ્રવ્યોનો ત્યાગ દ્રવ્ય વ્યુત્સર્ગ કહેવાય છે. તેના ચાર ભેદ છે–(૧) શરીર વ્યુત્સર્ગ, (૨) ગણ વ્યુત્સર્ગ, (૩) ઉપધિ વ્યુત્સર્ગ અને (૪) ભક્તપાન વ્યુત્સર્ગ.

**પ્રશ્ન ૬૨-શરીર વ્યુત્સર્ગ એટલે શું ?**

**ઉત્તર**–મમત્વ રહિત થઈને શરીરનો અને દેહની મમતાના વર્ધક સાધનોનો ત્યાગ કરવો.

**પ્રશ્ન ૬૩-ગણ વ્યુત્સર્ગ કોને કહે છે ?**

**ઉત્તર**–પોતાના ગણ (ગચ્છ)નો ત્યાગ કરીને જિનકલ્પ સ્વીકાર કરવો. અર્થાત્ નિઃસંગ થઈને આત્મનિર્ભર થઈ જવું.

**પ્રશ્ન ૬૪-ઉપધિ વ્યુત્સર્ગ એટલે શું ?**

**ઉત્તર**–ઉપકરણોથી હળવા થવું–પોતાની આવશ્યકતાઓને અત્યંત ઓછી કરવી. કોઈ કલ્પ વિશેષમાં ઉપધિનો ત્યાગ કરવો.

**પ્રશ્ન ૬૫-ભકતપાન વ્યુત્સર્ગ કોને કહે છે ?**

**ઉત્તર**–આહારપાણીનો અને તેની આસકિતનો ત્યાગ.

**પ્રશ્ન ૬૬-ભાવ વ્યુત્સર્ગના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–ભાવ વ્યુત્સર્ગના ત્રણ ભેદ કહ્યા છે—(૧) **કષાય વ્યુત્સર્ગ**–ક્રોધ, માન, માયા અને લોભનો ત્યાગ કરવો.

(૨) **સંસાર વ્યુત્સર્ગ**–આત્મદશાથી વિપરીત પરિણામનો ત્યાગ, નરક, તિર્યંચ આદિ ગતિના બંધના કારણો મિથ્યાત્વ આદિનો ત્યાગ કરવો.

(૩) **કર્મ વ્યુત્સર્ગ**–જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના બંધના કારણોનો ત્યાગ કરવો.

# ૮. બંધ તત્ત્વ (કર્મ–પ્રકૃતિ)

**પ્રશ્ન ૧**-કોણ કોનાથી બંધાયેલ છે?

**ઉત્તર**–જીવ કર્મોથી બંધાયેલ છે.'

**પ્રશ્ન ૨**-કર્મ કોને કહે છે?

**ઉત્તર**–રાગ–દ્વેષના કારણથી કાર્માણ–વર્ગણાના પુદ્ગલ જીવની સાથે બંધાય છે તેને 'કર્મ' કહેવાય છે.

**પ્રશ્ન ૩**–વર્ગણા કોને કહે છે?

**ઉત્તર**–ઔદારિકાદિ સજાતીય પુદ્ગલના સમૂહ વિશેષને વર્ગણા કહેવાય છે.

**પ્રશ્ન ૪**-કર્મના કેટલા ભેદ છે?

**ઉત્તર**–(૧) દ્રવ્યકર્મ અને (૨) ભાવકર્મ.

**પ્રશ્ન ૫**-દ્રવ્યકર્મ કોને કહે છે?

**ઉત્તર**–કાર્માણ–વર્ગણાને દ્રવ્ય કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૬**-ભાવ કર્મ કોને કહે છે?

**ઉત્તર**–રાગ–દ્વેષ રૂપ પરિણામને ભાવ કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૭**-વર્ગણાના કેટલા ભેદ છે?

**ઉત્તર**–મુખ્ય આઠ ભેદ છે—(૧) ઔદારિક વર્ગણા,

(૨) વૈક્રિય વર્ગણા, (૩) આહારક વર્ગણા, (૪) તૈજસ્ વર્ગણા, (૫) ભાષા વર્ગણા, (૬) શ્વાસોચ્છ્વાસ વર્ગણા, (૭) મનોવર્ગણા અને (૮) કાર્મણ વર્ગણા.

**પ્રશ્ન ૮–ઔદારિક વર્ગણા કોને કહે છે?**

**ઉત્તર**–ઔદારિક શરીર રૂપે પરિણમન થનારા પુદ્ગલને 'ઔદારિક વર્ગણા' કહેવાય છે.

**પ્રશ્ન ૯-વૈક્રિય વર્ગણા કોને કહે છે?**

**ઉત્તર**–વૈક્રિય શરીર રૂપ થનારો પુદ્ગલ સમૂહ.

**પ્રશ્ન ૧૦–આહારક વર્ગણા કોને કહે છે?**

**ઉત્તર**–આહારક શરીર રૂપ જે પરિણમે તેને 'આહારક વર્ગણા' કહેવાય છે. અર્થાત્ ચૌદ પૂર્વધારી મુનિને તત્ત્વ સંબંધી કોઈ શંકાના સમાધાન માટે કેવલી ભગવાન પાસે મોકલવા માટે જે એક હાથનું શુદ્ધ–સ્ફટિક સમાન શરીર બનાવે. તે શરીર રૂપ પરિણમનને યોગ્ય વર્ગણાને 'આહારક વર્ગણા કહેવાય છે.

**પ્રશ્ન ૧૧-તૈજસ્ વર્ગણા કોને કહે છે?**

**ઉત્તર**–ઔદારિક અને વૈક્રિય શરીરને કાંતિ દેવાવાળું અને આહારને પચાવવાવાળું તૈજસ્ શરીર જે વર્ગણાથી બને, તેને 'તૈજસ્ વર્ગણા' કહેવાય છે.

**પ્રશ્ન ૧૨-ભાષા વર્ગણા કોને કહે છે?**

**ઉત્તર**–જે વર્ગણા શબ્દ રૂપ બને તેવા પ્રકારના પુદ્–

ગલ સમૂહ તે ભાષા વર્ગણા. તે જ રીતે શ્વાસોચ્છ્વાસ, મન તથા કર્મને યોગ્ય પુદ્ગલસમૂહને શ્વાસોચ્છ્વાસ વર્ગણા, મનોવર્ગણા અને કાર્મણ વર્ગણા કહેવાય છે.

**પ્રશ્ન ૧૩**–કર્મની પ્રકૃતિઓ કેટલી છે?

**ઉત્તર**–મૂલપ્રકૃતિ અને ઉત્તરપ્રકૃતિનાં ભેદથી બે છે.

**પ્રશ્ન ૧૪**–મૂલ પ્રકૃતિ કોને કહે છે?

**ઉત્તર**–કર્મોના મુખ્ય ભેદોને મૂલપ્રકૃતિ કહેવાય છે.

**પ્રશ્ન ૧૫**–ઉત્તર પ્રકૃતિ કોને કહે છે?

**ઉત્તર**–કર્મોના અવાંતર ભેદોને ઉત્તરપ્રકૃતિ કહેવાય છે.

**પ્રશ્ન ૧૬**–કર્મથી આત્માને શી હાનિ થાય છે?

**ઉત્તર**–આત્મશક્તિ દબાઇ જાય છે. તેમનું પરમાત્મ સ્વરૂપ ઢંકાઈ જાય છે.

**પ્રશ્ન ૧૭**–કર્મ કેટલા અને કયા-કયા છે?

**ઉત્તર**–કર્મ આઠ છે—(૧) જ્ઞાનાવરણીયકર્મ (૨) દર્શનાવરણીય (૩) વેદનીય (૪) મોહનીય (૫) આયુષ્ય (૬) નામ (૭) ગોત્ર અને (૮) અંતરાય.

**પ્રશ્ન ૧૮**–આત્માનો ગુણ શું છે?

**ઉત્તર**–આત્માનો ગુણ ચેતના છે.

**પ્રશ્ન ૧૯**–ચેતનાનાં પર્યાયને શું કહે છે?

**ઉત્તર**–ચેતનાના પર્યાયને ઉપયોગ કહે છે.

**પ્રશ્ન ૨૦** ઉપયોગ કેટલા હોય છે?

ઉત્તર–બે–જ્ઞાન અને દર્શન.

પ્રશ્ન ૨૧-જ્ઞાન કયા પ્રકારનો ઉપયોગ છે?

ઉત્તર–જ્ઞાન સાકાર ઉપયોગ છે.

પ્રશ્ન ૨૨–દર્શન કયા પ્રકારનો ઉપયોગ છે?

ઉત્તર–દર્શન નિરાકાર ઉપયોગ છે.

પ્રશ્ન ૨૩-જ્ઞાન કોને કહે છે?

ઉત્તર–જે ઉપયોગ પદાર્થોના વિશેષધર્મોના જાતિ, ગુણ, ક્રિયા આદિનો ગ્રાહક છે, તેને 'જ્ઞાન' કહેવાય છે.

પ્રશ્ન ૨૪-દર્શન કોને કહે છે?

ઉત્તર–જે ઉપયોગ પદાર્થોના સામાન્ય ધર્મનું અર્થાત્ ભેદ કર્યા વિના માત્ર સત્તાનું ગ્રાહક છે, તેને 'દર્શન' કહેવાય છે.

પ્રશ્ન ૨૫-જ્ઞાનાવરણીય કર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મ આત્માના જ્ઞાનગુણને ઢાંકી દે, તેને 'જ્ઞાનાવરણીય કર્મ' કહેવાય છે.

પ્રશ્ન ૨૬–જ્ઞાનાવરણીયનો સ્વભાવ કેવો છે?

ઉત્તર–તેનો સ્વભાવ જ્ઞાનગુણને આવરણ કરવાનો છે. જેવી રીતે વાદળોથી સૂર્ય ઢંકાઈ જાય છે.

પ્રશ્ન ૨૭ દર્શનાવરણીય કર્મ કોને કહે છે?

ઉત્તર-જે કર્મ આત્માના દર્શન ગુણને આચ્છાદિત (આવરણ) કરે

**પ્રશ્ન ૨૮**–દર્શનાવરણીય કર્મ શું કાર્ય કરે છે?

**ઉત્તર**–આ કર્મ વસ્તુને દેખવામાં આવરણ કરે છે. જેમ દ્વારપાળ દરવાજા પર ઊભો છે. તે આવનાર વ્યક્તિને બહાર રોકી દે છે, પણ અંદર જવા દેતો નથી, તેથી રાજાના દર્શન કરી શકતો નથી.

**પ્રશ્ન ૨૯**–વેદનીય કર્મ કોને કહે છે?

**ઉત્તર**–જે કર્મ આત્માને સુખ–દુઃખનો અનુભવ કરાવે તેને 'વેદનીય કર્મ' કહેવાય છે.

દુઃખરૂપ અનુભવ તે અસાતા વેદનીય છે અને સુખ-રૂપ અનુભવ તે સાતા વેદનીય છે.

**પ્રશ્ન ૩૦**–વેદનીય કર્મનું પરિણામ કેવું છે?

**ઉત્તર**–મધથી ખરડાયેલ (ચોપડેલી) તલવારની ધાર સમાન છે. ચાખવાથી મીઠાશનું સુખ અને જીભ કપાઈ જવાથી દુઃખ. તેમ વેદનીય કર્મ સુખ–દુઃખનો અનુભવ કરાવે છે.

**પ્રશ્ન ૩૧**–મોહનીય કર્મ કોને કહે છે?

**ઉત્તર**–જે કર્મ આત્માને મૂઢ બનાવીને સ્વ–પર તથા હિત–અહિતના વિવેકનો નાશ કરે છે. સદાચરણમાં બાધક બને છે. અને દુરાચરણમાં પ્રેરિત કરે છે. જે રીતે મદિરા (દારૂ) પીનાર વ્યક્તિ તે વખતે નશામાં ભાનરહિત, જ્ઞાન–શૂન્ય બની જાય છે, તે રીતે મોહનીય કર્મ આત્માને વિવેકશૂન્ય બનાવી દે છે.

પ્રશ્ન ૩૨–આયુકર્મ કોને કહે છે?

ઉત્તર–જેના ઉદયથી પ્રાણી કોઈ શરીરમાં અમુક મુદત સુધી જીવિત રહે છે તથા આયુ ક્ષય થવાથી મરે છે. જીવને શરીરમાં બંધાઇને રહેવું, તે આયુ કર્મના કારણે છે.

પ્રશ્ન ૩૩–આયુ કર્મથી જીવને શી હાનિ થાય છે?

ઉત્તર–મોહ, અજ્ઞાન. અસંયમ અને મિથ્યાત્વથી વૃદ્ધિ પામેલા અનાદિ સંસારમાં આયુકર્મના ઉદયથી જીવ મનુષ્ય–પશુ આદિ ગતિમાં રોકાઈ રહે છે. જેવી રીતે અપરાધીને કારાગૃહ (જેલ)માં પુરી દેવામાં આવે તો તે નિર્ધારિત કાળ સુધી છુટી શકતો નથી. એ રીતે આયુકર્મ જે ગતિમાં શરીરરૂપી કારાગારમાં જીવને ફસાવે છે તે તેની મુદત સુધી શરીરમાં કેદ રાખે છે. તે જ પરતંત્રતા છે.

પ્રશ્ન ૩૪–નામ કર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવ નરક–પશુ આદિ ગતિ–જાતિ–શરીર અંગોપાંગ, આકૃતિ–રૂપ–રંગાદિ નાના પર્યાયોનો અનુભવ કરે અને જે જીવના અમૂર્તત્વ ગુણને પ્રગટ થવા ન દે તેને 'નામકર્મ' કહેવાય છે. તે મનુષ્ય, પશુ આદિના સારા–નરસા રૂપ ધારણ કરાવે છે. જેવી રીતે ચિત્રકાર ઊંટ, ઘોડા, ગધેડા, સુંદરી વગેરે જુદા જુદા ચિત્રો બનાવે છે.

પ્રશ્ન ૩૫–ગોત્ર કર્મ કોને કહે છે?

**ઉત્તર**–જે કર્મ આત્માને ઉંચ–નીચ કુળમાં ઉત્પન્ન કરાવે, તેને 'ગોત્ર' કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૩૬**–ગોત્ર કર્મની શી અસર છે?

**ઉત્તર**–જે રીતે કુંભાર નાના–મોટા ઘડા બનાવે છે. તેમાં કોઈ ઘડામાં ઘી અને મધ ભરવામાં આવે તો તે શુભ ઘડો કહેવાય છે. અને કોઈ ઘડામાં દારૂ ભરવામાં આવે તો તે ઘડો અશુભ કહેવાય છે. તેમ જીવ તો બધા સરખા હોવા છતાં ઉંચ ગોત્રથી ઉંચા–સારા કુળમાં જન્મ થાય છે અને નીચ ગોત્રથી હલકા કુળમાં જન્મ થાય છે.

**પ્રશ્ન ૩૭**–અંતરાય કર્મ કોને કહે છે?

**ઉત્તર**–જે કર્મ આત્માની દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય–શક્તિઓનો ઘાત કરે છે, તેને 'અંતરાય કર્મ' કહેવાય છે.

**પ્રશ્ન ૩૮**–અંતરાય કર્મનો સ્વભાવ શું છે?

**ઉત્તર**–દાતા તથા લેનારની વચ્ચે અંતર ઉત્પન્ન કરે તે અંતરાય છે. રાજાની આજ્ઞા થવા પર ભંડારી દાન-પ્રાપ્તિમાં બાધક હોય છે એ રીતે અંતરાય કર્મનો સ્વભાવ દાન–લાભાદિમાં વિઘ્ન ઉત્પન્ન કરે છે.

**પ્રશ્ન ૩૯**–આત્માને અધિક હાનિ કયા કર્મોથી થાય છે?

**ઉત્તર**–ઘાતિકર્મોથી અધિક હાનિ થાય છે.

પ્રશ્ન ૪૦–ઘાતિ–કર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મ ઉદયમાં આવતા આત્માના જ્ઞાનાદિક ગુણોનો ઘાત કરે તેને ઘાતિકર્મ કહેવાય છે. તે ચાર છે–૧. જ્ઞાનાવરણીય, ૨. દર્શનાવરણીય, ૩. મોહનીય અને ૪. અંતરાય.

પ્રશ્ન ૪૧–અઘાતિ કર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મ ઉદયમાં આવતાં આત્માના મૂળ ગુણોનો ઘાત ન કરે તેને 'અઘાતિ કર્મ' કહેવાય છે, તે પણ ચાર છે—(૧) આયુષ્ય કર્મ (૨) નામકર્મ (૩) ગોત્રકર્મ અને (૪) વેદનીય કર્મ.

પ્રશ્ન ૪૨–ઘાતિકર્મોથી જીવને શી હાનિ થાય છે?

ઉત્તર–કેવલજ્ઞાન, કેવલદર્શન, અનંતવીર્ય, ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષાયિક ચારિત્ર તથા ક્ષાયિક દાનાદિ આ ક્ષાયિક ભાવોનો અને મતિ, શ્રુત, અવધિ, મનઃ પર્યવજ્ઞાનાદિ ક્ષાયોપશમિક ભાવોનો નાશ–આવરણ ઘાતિ કર્મ કરે છે. જીવના આ બધા ગુણોને પ્રગટ ન થવા દેવાથી આ કર્મો 'ઘાતિકર્મ' કહેવાય છે.

પ્રશ્ન ૪૩–આઠ કર્મોમાં અંતરાય કર્મ પણ ઘાતિ છે, તો પછી તેને અઘાતિની પાછળ કેમ કહેવામાં આવ્યું?

ઉત્તર–જો કે અંતરાય કર્મ ઘાતિ છે, તો પણ જીવના સંપૂર્ણ ગુણનો નાશ કરવામાં અસમર્થ છે. અને નામ–ગોત્ર–વેદનીય આ ત્રણ કર્મોના નિમિત્તથી તે પોતાનું

કામ કરે છે. આ માટે તેને અઘાતિની પાછળ કહેવામાં આવેલ છે.

**પ્રશ્ન ૪૪–વેદનીય કર્મ અઘાતિ છે, તો પણ તેને ઘનઘાતિની વચ્ચે કેમ મૂકવામાં આવ્યું ?**

**ઉત્તર**–વેદનીય કર્મ તો માત્ર સુખ–દુઃખનો ઉદય કરાવે છે. પરંતુ સુખમાં રતિ (અનુરાગ) અને દુઃખમાં અરતિ (ખેદ)નો અનુભવ મોહથી થાય છે. આથી વેદનીયનો મોહનીયથી સંબંધ છે.

**પ્રશ્ન ૪૫–આયુકર્મને પહેલા કહીને પછી નામ કર્મ શા માટે કહ્યુ ?**

**ઉત્તર**–કારણ કે આયુ કર્મની સાથે નામકર્મના ચાર કાર્ય ગતિ, શરીર, આકૃતિ અને રૂપ આદિનો સંબંધ છે.

**પ્રશ્ન ૪૬–નામ કર્મને ગોત્ર કર્મની પહેલાં કેમ મૂકવામાં આવ્યું ?**

**ઉત્તર**–ગતિ, જાતિ, શરીર આદિ પર ઉંચતા અને નીચતા આધારિત છે. તેના વિના ઉંચ–નીચનો વ્યવહાર કેવી રીતે થાય ?

**પ્રશ્ન ૪૭–જ્ઞાનાવરણીય કર્મનાં કેટલા પ્રકાર છે ?**

**ઉત્તર**–(૧) મતિ જ્ઞાનાવરણીય, (૨) શ્રુત જ્ઞાનાવરણીય, (૩) અવધિજ્ઞાનાવરણીય (૪) મનઃ પર્યવ જ્ઞાનાવરણીય અને (૫) કેવલ જ્ઞાનાવરણીય.

**પ્રશ્ન ૪૮–મતિ જ્ઞાનાવરણીય કોને કહે છે ?**

ઉત્તર–જે ઇન્દ્રિય અને મનથી ઉત્પન્ન થવાવાળા મતિજ્ઞાનનું આવરણ કરે તેને મતિજ્ઞાનાવરણીય કહેવાય છે.

પ્રશ્ન ૪૯ શ્રુત જ્ઞાનાવરણીય કોને કહે છે ?

ઉત્તર–જે શ્રુતજ્ઞાન–ભણવા–સાંભળવાથી થવાવાળા જ્ઞાનનું આવરણ કરે તે.

પ્રશ્ન ૫૦–અવધિજ્ઞાનાવરણીય કોને કહે છે ?

ઉત્તર–જે અવધિજ્ઞાન–પૌદ્‌ગલિક વસ્તુના પ્રત્યક્ષ જ્ઞાનનું આવરણ કરે.

પ્રશ્ન ૫૧–મનઃ પર્યવજ્ઞાનાવરણીય શું છે ?

ઉત્તર–જે મનઃપર્યવજ્ઞાન–મનોગત ભાવોને જાણનારા જ્ઞાનનું આવરણ કરે.

પ્રશ્ન ૫૨–કેવલજ્ઞાનાવરણીય કોને કહે છે ?

ઉત્તર–જે કેવલજ્ઞાન (સર્વજ્ઞતા)નું આવરણ કરે.

પ્રશ્ન ૫૩-દર્શનાવરણીય કર્મનાં કેટલા ભેદ છે ?

ઉત્તર–દર્શનાવરણીય કર્મના નવ ભેદ છે. (૧) ચક્ષુ-દર્શનાવરણીય (૨) અચક્ષુદર્શનાવરણીય (૩) અવધિ દર્શનાવરણીય (૪) કેવલ દર્શનાવરણીય (૫) નિદ્રા (૬) નિદ્રા–નિદ્રા (૭) પ્રચલા (૮) પ્રચલા–પ્રચલા અને (૯) સ્ત્યાનગૃદ્ધિ.

પ્રશ્ન ૫૪-ચક્ષુદર્શનાવરણીય કોને કહે છે ?

ઉત્તર–ચક્ષુઇન્દ્રિયથી મતિજ્ઞાનની પહેલા જે સામાન્ય

અવબોધ રૂપ જ્ઞાન થાય છે. અર્થાત્ આંખેથી જે સામાન્ય પદાર્થનું દર્શન થાય છે. તેને જે આચ્છાદિત કરે તે ચક્ષુ-દર્શનાવરણીય કહેવાય છે.

પ્રશ્ન ૫૫-ચક્ષુદર્શનાવરણીય એટલે શું ?

ઉત્તર-ચક્ષુ (આંખ) ને છોડીને બાકીની ઇન્દ્રિયોથી થતું મતિજ્ઞાનની પૂર્વમાં સામાન્ય જ્ઞાન, જેનાથી આવરિત થાય તે અચક્ષુદર્શનાવરણીય કર્મ કહેવાય છે.

પ્રશ્ન ૫૬-અવધિદર્શનાવરણીય કોને કહે છે ?

ઉત્તર-જેનાં કારણે અવધિદર્શન ન થાય.

પ્રશ્ન ૫૭-કેવલદર્શનાવરણીય કોને કહે છે ?

ઉત્તર-જે કેવલદર્શન ન થવા દે તે.

પ્રશ્ન ૫૮-નિદ્રા કોને કહે છે ?

ઉત્તર-સુખેથી સુવે અને સુખેથી જાગે તેવી નિદ્રા અથવા જે નિદ્રામાંથી સહેલાઈથી જાગી જવાય.

પ્રશ્ન ૫૯-નિદ્રા-નિદ્રા કોને કહે છે?

ઉત્તર-અવાજ દેવાથી નિદ્રા ઉડી જાય, મહેનતથી જાગે તે.

પ્રશ્ન ૬૦-પ્રચલા કોને કહે છે ?

ઉત્તર-બેઠા-બેઠા અથવા ઊભા-ઊભા ઊંઘે તે.

પ્રશ્ન ૬૧-પ્રચલા-પ્રચલા કોને કહે છે ?

ઉત્તર-ઘોડા આદિની જેમ ચાલતા-ફરતા ઊંઘે તે.

પ્રશ્ન ૬૨–સ્ત્યનગૃદ્ધિ નિદ્રા કોને કહે છે?

ઉત્તર–દિવસમાં વિચારેલા સાધારણ–અસાધારણ કાર્યને રાત્રે ઉંઘમાં જ કરી લ્યે.

પ્રશ્ન ૬૩–વેદનીય કર્મના કેટલા ભેદ છે?

ઉત્તર–(૧) સાતા વેદનીય અને (૨) અસાતા વેદનીય.

પ્રશ્ન ૬૪–સાતા વેદનીય કોને કહે છે?

ઉત્તર–જેનાથી સુખનું વેદન થાય તે.

પ્રશ્ન ૬૫–અસાતા વેદનીય કોને કહે છે?

ઉત્તર–જેના કારણે દુઃખનો અનુભવ થાય.

પ્રશ્ન ૬૬–મોહનીય કર્મનાં કેટલા ભેદ છે?

ઉત્તર–મુખ્ય બે ભેદ છે—(૧) દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય.

પ્રશ્ન ૬૭–દર્શન મોહનીય કોને કહે છે?

ઉત્તર–યથાર્થ શ્રદ્ધાને જે વિકૃત કરે તે.

પ્રશ્ન ૬૮–ચારિત્ર મોહનીય કોને કહે છે?

ઉત્તર–જેના દ્વારા આત્માનાં ચારિત્ર ગુણોનો ઘાત થાય છે અને આત્મલક્ષીચારિત્ર ગુણમાં બાધક હોય તેને 'ચારિત્ર મોહ' કહેવાય છે.

પ્રશ્ન ૬૯–દર્શન મોહનીયનાં કેટલા ભેદ છે?

ઉત્તર–(૧) મિથ્યાત્વ મોહનીય (૨) મિશ્ર મોહનીય અને (૩) સમ્યક્ત્વ મોહનીય.

**પ્રશ્ન ૭૦–મિથ્યાત્વ મોહનીય કોને કહે છે ?**

**ઉત્તર**–તત્ત્વમાં અરૂચિ અને અતત્ત્વમાં રૂચિ. જેમ વિષથી વ્યાપ્ત જીવને સાકર આદિ મીઠા પદાર્થો પણ કડવા લાગે છે અને કડવા મીઠા લાગે છે. તે રીતે જે કર્મના ઉદયથી જિન–પ્રણીત તત્ત્વમાં રૂચિ ન હોય, તેને 'મિથ્યાત્વ મોહનીય' કહેવાય છે.

**પ્રશ્ન ૭૧–મિશ્ર મોહનીય કોને કહે છે ?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવને મિશ્ર રૂચિ હોય અર્થાત્ જેવી રીતે દહીં અને સાકરના મળવાથી ન પુરો દહીંનો સ્વાદ આવે કે ન પુરો સાકરનો સ્વાદ આવે. તેવી જ રીતે ન પૂરી તત્ત્વરૂચિ હોય અને ન પૂરી અતત્ત્વરૂચિ હોય તેને મિશ્ર મોહનીય કહેવાય છે.

**પ્રશ્ન ૭૨–સમ્યક્ત્વ–મોહનીય કોને કહે છે?**

**ઉત્તર**–જેનાથી શાશ્વત, અખંડ, અડગ, શુદ્ધ શ્રદ્ધા થવામાં રૂકાવટ થાય. જેવી રીતે ખાંડેલા કોદ્રવ ધાન્યના ફોતરામાં પૂર્ણ માદક શક્તિ હોતી નથી. પરંતુ સૂક્ષ્મ માદકતા રહે છે. તેવી રીતે કર્મના દ્વારા સમકિત ગુણનો પૂર્ણ ઘાત ન થાય, પરંતુ તેમાં ચલદોષ, ચલ અને અગાઢ દોષ ઉત્પન્ન થવાની સંભાવના હોય.

**પ્રશ્ન ૭૩–ચલ દોષ કોને કહે છે ?**

**ઉત્તર**–સર્વ તીર્થંકરોમાં સમાન અનંત શક્તિ છે. તો પણ "શ્રી શાંતિનાથજી શાંતિ કરવામાં અને શ્રી પાર્શ્વ-

નાથજી પરચા પૂરવામાં સમર્થ છે.” આ પ્રકારે અનેક વિષયોમાં સમ્યગ્દૃષ્ટિ જે દોષ વડે ચલાયમાન થાય તેને ‘ચલદોષ’ કહેવાય છે.

પ્રશ્ન ૭૪–મલ દોષ કોને કહે છે?

ઉત્તર–જેમ નિર્મળ સુવર્ણ પણ મેલના કારણે મલિન થાય છે. તેમજ જે દોષના કારણે સમ્યગ્દૃષ્ટિને છદ્મસ્થપણાના તરંગથી શંકાદિ મલિનતા આવે તેને ‘મલદોષ’ કહેવાય છે.

પ્રશ્ન ૭૫–આગાઢ દોષ કોને કહે છે?

ઉત્તર–જેમ વૃદ્ધ પુરૂષના હાથની લાકડી કંપે છે તેમજ સમ્યગ્દૃષ્ટિને “આ મારો શિષ્ય છે. આ એમનો શિષ્ય છે.” ઇત્યાદિ ભ્રમ જે દોષના કારણે થાય તેને “અગાઢ દોષ” કહેવાય છે.

પ્રશ્ન ૭૬–ચારિત્ર મોહનીયનાં કેટલા ભેદ છે?

ઉત્તર–(૧) કષાય મોહનીય અને (૨) નોકષાય મોહનીય.

પ્રશ્ન ૭૭–કષાય કોને કહે છે?

ઉત્તર–જે આત્માના ગુણોનો નાશ કરે અર્થાત્ જે જન્મ–મરણરૂપી સંસારને વધારે તેને ‘કષાય’ કહેવાય છે.

પ્રશ્ન ૭૮–નોકષાય કોને કહે છે?

ઉત્તર–કષાય સહચારી એટલે કષાયને ઉત્તેજીત કરનાસ આદિને ‘નોકષાય’ કહેવાય છે.

પ્રશ્ન ૭૯–કષાયના કેટલા ભેદ છે?

ઉત્તર–કષાયના સોળ ભેદ આ પ્રકારે છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧-૪ | અનંતાનુબંધી | ક્રોધ, | માન, | માયા, | લોભ. |
| ૫–૮ | અપ્રત્યાખ્યાની | ,, | ,, | ,, | ,, |
| ૯–૧૨ | પ્રત્યાખ્યાનાવરણીય | ,, | ,, | ,, | ,, |
| ૧૩–૧૬ | સંજ્વલન | ,, | ,, | ,, | ,, |

પ્રશ્ન ૮૦–અનંતાનુબંધી ચોક કોને કહે છે?

ઉત્તર–જે જીવને અનંતકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કરાવે તેને 'અનંતાનુબંધી ચોક' કહેવાય છે. તેના ઉદયથી સમ્યક્ત્વ ગુણ દબાયેલ રહે છે.

પ્રશ્ન ૮૧–અનંતાનુબંધી કષાયની સ્થિતિ કેટલી છે?

ઉત્તર–આ કષાયની સ્થિતિ જીવન–પર્યંતની છે. તેના ઉદયથી પ્રાયઃ નરકગતિને યોગ્ય કર્મનો બંધ થાય છે.

પ્રશ્ન ૮૨–અનંતાનુબંધી ક્રોધ, માન, માયા અને લોભની કઈ-કઈ ઉપમાઓ છે?

ઉત્તર–(૧) **અનંતાનુબંધી ક્રોધ**–જે પ્રકારે પર્વતમાં પડેલી તિરાડ ફરીથી ભેગી થતી નથી. તે પ્રકારે જે ક્રોધ કોઈપણ ઉપાયથી શાંત થતો નથી તે અનંતાનુબંધી ક્રોધ છે.

(૨) **અનંતાનુબંધી માન**–પથ્થરનાં સ્તંભ સમાન.

(૩) **અનંતાનુબંધી માયા**–વાંસના મૂળીયા સમાન.

(૪) અનંતાનુબંધી લોભ–કિરમચીના રંગ સમાન.

પ્રશ્ન ૮૩–અપ્રત્યાખ્યાની ચોક કોને કહે છે?

ઉત્તર–જેના ઉદયથી જીવમાં ચારિત્ર–ત્યાગ, પ્રત્યાખ્યાનનો ગુણ પ્રગટ થતો નથી. જે થોડી પણ વિરક્તિ ઉત્પન્ન થવા ન દે.

પ્રશ્ન ૮૪–અપ્રત્યાખ્યાની ચોકની સ્થિતિ કેટલી છે?

ઉત્તર–તેની સ્થિતિ એક વર્ષની છે. તેના ઉદયમાં પ્રાયઃ તિર્યંચ ગતિને યોગ્ય કર્મનો બંધ થાય છે.

પ્રશ્ન ૮૫–અપ્રત્યાખ્યાની ચોકને કોની–કોની ઉપમા આપી છે?

ઉત્તર–(૧) અપ્રત્યાખ્યાની ક્રોધ–તળાવ સૂકાઈ જવાથી તેમાં પડેલી તિરાડ સમાન. જે ફરીથી વરસાદ થવા પર ફરી એકરૂપ (ભળી જાય) થઈ જાય છે, તેવી રીતે જે ક્રોધ ઉપદેશ આદિ વિશેષ પરિશ્રમથી શાંત થઈ જાય છે.

(૨) પ્રત્યાખ્યાની માન–હાડકાના સ્તંભ સમાન, ઘણા પરિશ્રમે અને પ્રબળ ઉપાયથી છૂટવાવાળું અભિમાન.

(૩) અપ્રત્યાખ્યાની માયા–ઘેટાના સીંગડા સમાન. જે માયા ઘણી કઠિનતાથી દૂર થાય.

(૪) અપ્રત્યાખ્યાની લોભ–વસ્ત્ર પર લાગેલાં કીચડ સમાન, જે ઘણા પરિશ્રમથી અનેક પ્રયત્ન કરવા પર છૂટે છે.

**પ્રશ્ન ૮૬–પ્રત્યાખ્યાનાવરણ ચોક કોને કહે છે?**

**ઉત્તર**–જે કષાયના ઉદયથી આત્માનો સર્વવિરતિ–ચારિત્રગુણ પ્રગટ થતો નથી,

**પ્રશ્ન ૮૭–પ્રત્યાખ્યાનાવરણ ચોકની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–તેની સ્થિતિ ચાર માસની છે.

**પ્રશ્ન ૮૮–પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ, માન, માયા, લોભની કઈ–કઈ ઉપમાઓ છે?**

**ઉત્તર**–(૧) **પ્રત્યાખ્યાનાવરણ ક્રોધ**–રેતીમાં ખેંચેલી લીટી સમાન. જે પવન ચાલવાથી ભૂસાઈ જાય છે. તે રીતે ક્રોધ સાધારણ ઉપાયથી શાંત થઈ જાય છે.

(૨) **પ્રત્યાખ્યાનાવરણ માન**–લાકડાના સ્તંભ સમાન. તેલ આદિના પ્રયોગથી સ્તંભ નમી જાય છે તે રીતે માન પણ થોડાક ઉપાયોથી છૂટી જાય.

(૩) **પ્રત્યાખ્યાનાવરણ માયા**–ગૌમૂત્રિકા સૂકાઇ જવાથી નાશ પામે છે. તેવી રીતે માયા સાધારણ પ્રયત્નથી દૂર થઈ જાય છે.

(૪) **પ્રત્યાખ્યાનાવરણ લોભ**–કાજલની સમાન. સરળતાથી છૂટવાવાળો લોભ.

**પ્રશ્ન ૮૯–સંજવલન ચોક કોને કહે છે?**

**ઉત્તર**–જે ચોકના ઉદયથી આત્માનું યથાખ્યાત ચારિત્ર પ્રગટ થતું નથી અને સરાગી મટી વીતરાગ બનાતું નથી.

પ્રશ્ન ૯૦–સંજ્વલન ચોકની સ્થિતિ કેટલી છે?

ઉત્તર–સંજ્વલન ક્રોધની સ્થિતિ ૨ માસ, માનની સ્થિતિ ૧ માસ, માયાની ૧૫ દિવસ અને લોભની અંતર્મુહૂર્તની છે.

પ્રશ્ન ૯૧–સંજ્વલન ક્રોધ, માન, માયા અને લોભની કઇ કઈ ઉપમાઓ છે?

ઉત્તર–(૧) **સંજ્વલન ક્રોધ**–પાણીમાં ખેંચેલી લીટી સમાન. તરત જ શાંત થઈ જાય તેવો ક્રોધ.

(૨) **સંજ્વલન માન**–નેતરના સ્તંભ સમાન. સહેલાઇથી નમી જાય તેવું માન.

(૩) **સંજ્વલન માયા**–વાંસની છોઈ સમાન. પ્રયત્ન વિના જ સીધી થઈ જાય તેમ શીઘ્ર છૂટી જાય તેવી માયા.

(૪) **સંજ્વલન લોભ**–હળદરના રંગ સમાન–તડકે મૂકો ત્યાં ઉડી જાય. તેમ જલ્દીથી છૂટી જાય તેવો લોભ.

પ્રશ્ન ૯૨–નોકષાયના કેટલા ભેદ છે?

ઉત્તર–નોકષાય મોહનીયનાં નવ ભેદ છે:

| | | |
|---|---|---|
| (૧) હાસ્ય, | (૪) ભય, | (૭) સ્ત્રીવેદ, |
| (૨) રતિ, | (૫) શોક, | (૮) પુરૂષવેદ, |
| (૩) અરતિ, | (૬) જુગુપ્સા, | (૯) નપુંસક વેદ. |

પ્રશ્ન ૯૩–હાસ્ય નોકષાય કોને કહે છે?

ઉત્તર–જેનાં ઉદયથી હસવું આવે.

**પ્રશ્ન ૯૪**-રતિ કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી વિષયોમાં આસક્તિ થાય.

**પ્રશ્ન ૯૫**-ભય કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી ભય-ડર લાગે.

**પ્રશ્ન ૯૬**-અરતિ કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી ધર્મસાધનામાં અરૂચિ થાય, અથવા જેના ઉદયથી, કારણથી અથવા વિના કારણ જીવને વસ્તુમાં અરતિ થાય.

**પ્રશ્ન ૯૭**-શોક નોકષાય એટલે શું?

**ઉત્તર**-જેનાં ઉદયથી શોક-ઉદાસીનતા ઉત્પન્ન થાય.

**પ્રશ્ન ૯૮**-જુગુપ્સા કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી ઘૃણા ઉત્પન્ન થાય.

**પ્રશ્ન ૯૯**-સ્ત્રીવેદ કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી સ્ત્રીને પુરૂષ સાથે રમણ કરવાની ઇચ્છા થાય.

**પ્રશ્ન ૧૦૦**-પુરૂષવેદ કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી પુરૂષને સ્ત્રી સાથે રમણ કરવાની ઇચ્છા થાય.

**પ્રશ્ન ૧૦૧**-નપુંસક વેદ કોને કહે છે?

**ઉત્તર**-જેના ઉદયથી સ્ત્રી અને પુરૂષ બન્નેની સાથે રમણ કરવાની ઇચ્છા થાય.

પ્રશ્ન ૧૦૨–દ્રવ્યવેદ કોને કહે છે?

ઉત્તર–નામ કર્મના ઉદયથી પ્રગટ થયેલા બાહ્યચિન્હ (લિંગ વિશેષ)ને 'દ્રવ્યવેદ' કહેવાય છે.

પ્રશ્ન ૧૦૩–ભાવ વેદ કોને કહે છે?

ઉત્તર–મૈથુનની ઇચ્છાને 'ભાવવેદ' કહેવાય છે.

પ્રશ્ન ૧૦૪–પુરૂષ આદિની કામવાસના કેવા કેવા પ્રકારની હોય છે?

ઉત્તર–પુરૂષની કામાગ્નિ ઘાસના પૂળાની અગ્નિની સમાન શીઘ્ર શાંત થવા વાળી.

સ્ત્રીની કામાગ્નિ છાણાની અગ્નિ સમાન. સામાન્ય વિલંબથી શાંત થવાવાળી અને

નપુંસકની કામાગ્નિ નગરદાહની અગ્નિની સમાન ઘણા સમય સુધી ટકી રહેવાવાળી.

પ્રશ્ન ૧૦૫–આયુ કર્મના કેટલા ભેદ છે?

ઉત્તર–આયુ કર્મના ચાર ભેદ છે: (૧) નરકાયુ, (૨) તિર્યંચાયુ, (૩) મનુષ્યાયુ અને (૪) દેવાયુ.

પ્રશ્ન ૧૦૬–નામ કર્મની પ્રકૃતિઓ કેટલી છે?

ઉત્તર–નામ કર્મની ૯૩ પ્રકૃતિઓ છે: ૪ ગતિ, ૫ જાતિ, ૫ શરીર, ૩ અંગોપાંગ (ઔદારિક, વૈક્રિય, આહારક), ૫ બંધન (ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ

અને કાર્મણ બંધન), *૫ સંઘાતન નામકર્મ (ઔદારિક આદિ પાંચ), ૬ સંઘયણ, ૬ સંસ્થાન, ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ, ૮ સ્પર્શ, ૪ આનુપૂર્વી (દેવાનુપૂર્વી, મનુષ્યાનુપૂર્વી, તિર્યંચાનુપૂર્વી અને નરકાનુપૂર્વી), ૨ વિહાયોગતિ (શુભ અને અશુભ), ૧ પરાઘાત, ૧ શ્વાસોચ્છ્વાસ, ૧ આતપ, ૧ ઉદ્યોત, ૧ અગુરૂલઘુ, ૧ તીર્થંકર નામકર્મ ૧ નિર્માણ, ૧ ઉપઘાત, ૧૦ ત્રસ દશક (ત્રસ, બાદર, પર્યાપ્ત, પ્રત્યેક, સ્થિર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશઃકીર્તિ), ૧૦ સ્થાવર-દશક (સ્થાવર, સૂક્ષ્મ, અપર્યાપ્ત, સાધારણ, અસ્થિર, અશુભ, દુર્ભગ, દુસ્વર, અનાદેય, અયશોકીર્તિ.)

**પ્રશ્ન ૧૦૭–ગતિ નામ કર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જેના ઉદયથી આત્મા મનુષ્ય આદિ ગતિઓને પ્રાપ્ત કરે તેને 'ગતિ નામ કર્મ' કહેવાય છે.

---

* એક શરીરના પુદ્ગલોની સાથે બીજા શરીરના પુદ્ગલોના બંધની અપેક્ષાએ બંધન નામ કર્મના ૧૫ ભેદ છે—(૧) ઔદારિક-ઔદારિક બંધન. (૨) ઔદારિક તૈજસ બંધન (૩) ઔદારિક કાર્મણ બંધન (૪) વૈક્રિય-વૈક્રિય બંધન (૫) વૈક્રિય તૈજસ બંધન (૬) વૈક્રિય કાર્મણ બંધન (૭) આહારક–આહારક બંધન (૮) આહારક તૈજસ બંધન (૯) આહારક કાર્મણ બંધન (૧૦) ઔદારિક તૈજસ-કાર્મણ બંધન (૧૧) વૈક્રિય તૈજસ–કાર્મણ બંધન (૧૨) આહારક તૈજસ-કાર્મણ બંધન (૧૩) તૈજસ–તૈજસ બંધન (૧૪) તૈજસ–કાર્મણ બંધન (૧૫) કાર્મણ–કાર્મણ બંધન.

બંધ નામ કર્મના આ ૧૫ ભેદ ગણવાથી નામ કર્મની ૧૦૩ પ્રકૃતિઓ પણ થાય છે.

પ્રશ્ન ૧૦૮–જાતિ નામકર્મ કોને કહે છે?

ઉત્તર–જેના ઉદયથી આત્મા એકેન્દ્રિય, બેઇન્દ્રિય યાવત્ પંચેન્દ્રિય જાતિને પ્રાપ્ત કરે.

પ્રશ્ન ૧૦૯–શરીર નામ કોને કહે છે?

ઉત્તર–જે કર્મના ઉદયથી શરીર બને.

પ્રશ્ન ૧૧૦–અંગોપાંગ નામકર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મના ઉદયથી અંગ (હાથ, પગ, મસ્તક આદિ) ઉપાંગ (આંગળી, નાક, કાન વગેરે) બને.

પ્રશ્ન ૧૧૧–બંધન નામકર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મના ઉદયથી ઔદારિક આદિ શરીરોના દલિક પરસ્પર બંધાય–જોડાય.

પ્રશ્ન ૧૧૨–સંઘાતન નામકર્મ કોને કહે છે?

ઉત્તર–જે કર્મના ઉદયથી ઔદારિક આદિ શરીરોના પુદ્ગલો વ્યવસ્થિત રીતે મળે–છિદ્ર રહિત એકાકાર હોય.

પ્રશ્ન ૧૧૩–સંહનન નામકર્મ કોને કહે છે?

ઉત્તર–શરીરના હાડકાના બંધન (મજબૂતાઈ) ને સંહનન કહેવાય છે. તે છ છે.

પ્રશ્ન ૧૧૪–વજ્રઋષભનારાચ સંઘયણ એટલે શું?

ઉત્તર–મર્કટબંધથી બાંધેલ બે હાડકા, તેના ઉપર હાડકાનું વેષ્ટન એટલે ફરતો પાટો અને ત્રણેને ભેદીને રહેલી

હાડકાની ખીલી જે સંઘયણમાં હોય. જે અત્યંત મજબૂત રીતે બંધાયેલ હોય તે વજ્રઋષભનારાચ સંઘયણ.

**પ્રશ્ન ૧૧૫–ઋષભનારાચ સંઘયણ કોને કહે છે?**

**ઉત્તર**–હાડકા ઉપર મર્કટબંધ, હાડકાનો પાટો તેના ઉપર માત્ર ખીલી ન હોય તે.

**પ્રશ્ન ૧૧૬–નારાચ સંઘયણ કોને કહે છે?**

**ઉત્તર**–કેવલ મર્કટબંધ હાડકા રહેલ હોય તેના પર વેષ્ટન કે ખીલી ન હોય.

**પ્રશ્ન ૧૧૭–અર્ધનારાચ સંઘયણ કોને કહે છે?**

**ઉત્તર**–એક તરફ મર્કટબંધ અને એક તરફ માત્ર હાડકાની ખીલી હોય.

**પ્રશ્ન ૧૧૮–કીલિકા સંઘયણ કોને કહે છે?**

**ઉત્તર**–જેમાં હાડકાના સાંધા માત્ર ખીલીઓથી જોડાયેલ હોય.

**પ્રશ્ન ૧૧૯–સેવાર્તક (છેવટ્ઠું) સંઘયણ કોને કહે છે?**

**ઉત્તર**–માત્ર હાડકાં જ પરસ્પર જોડાયેલ હોય. ખીલી, વેષ્ટન કાંઈ જ ન હોય.

**પ્રશ્ન ૧૨૦–સંસ્થાન (સંઠાણ) કોને કહે છે?**

**ઉત્તર**–શરીરનાં આકારને સંસ્થાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૨૧–સમચતુરસ્ર સંસ્થાન કોને કહે છે?**

ઉત્તર–પલાંઠી વાળી બેઠેલ વ્યક્તિનું ચારે તરફથી સરખું માપ થાય.

**પ્રશ્ન ૧૨૨–ન્યગ્રોધપરિમંડલ સંસ્થાન એટલે શું?**

ઉત્તર–શરીરની રચના વટવૃક્ષ જેવી અર્થાત્ નાભિથી ઉપરના અવયવ વિસ્તૃત અને નીચેના અવયવ નાના હોય.

**પ્રશ્ન ૧૨૩–સાદિ સંસ્થાન કોને કહે છે?**

ઉત્તર–નાભિથી નીચેના અવયવ પૂર્ણ અને ઉપરના નાના નાના હોય.

**પ્રશ્ન ૧૨૪–વામન સંસ્થાન કોને કહે છે?**

ઉત્તર–શરીર વામન (ઠીંગણું) હોય. છાતી, પીઠ વગેરે પૂર્ણ હોય, પણ હાથ, પગ આદિ નાના હોય.

**પ્રશ્ન ૧૨૫–કુબ્જ સંસ્થાન કોને કહે છે?**

ઉત્તર–જે શરીર કુબડું હોય, છાતી–પીઠ વગેરે અવયવો વાંકા હોય, પરંતુ હાથ–પગ ઠીક હોય.

**પ્રશ્ન ૧૨૬–હુંડક સંસ્થાન કોને કહે છે?**

ઉત્તર–શરીરના બધા અવયવો બેઢંગા હોય.

**પ્રશ્ન ૧૨૭–વર્ણ નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–શરીરનો શ્વેત–કાળો વગેરે રંગ.

**પ્રશ્ન ૧૨૮–ગંધ નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–શરીરની સારી–નરસી ગંધ.

**પ્રશ્ન ૧૨૯-રસ નામ કર્મ કોને કહે છે?**

**ઉત્તર**–શરીરનો રસ.

**પ્રશ્ન ૧૩૦-સ્પર્શ નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–શરીરનો કોમલ, રૂક્ષાદિ સ્પર્શ.

**પ્રશ્ન ૧૩૧-આનુપૂર્વી નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવ વિગ્રહ ગતિમાં પોતાના ઉત્પત્તિ સ્થાને પહોંચે.

**પ્રશ્ન ૧૩૨-વિગ્રહગતિ કોને કહે છે?**

**ઉત્તર**–વક્રતાપૂર્વક વળાંકવાળી ગતિ.

**પ્રશ્ન ૧૩૩-વિહાયોગતિ કોને કહે છે?**

**ઉત્તર**–જીવની ચાલ હાથી–બળદ વગેરેની જેમ શુભ હોય અથવા ગધેડા, ઊંટ આદિની સમાન અશુભ હોય.

**પ્રશ્ન ૧૩૪-પરાઘાત નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવ મોટા–મોટા બલવાનોની દૃષ્ટિમાં પણ અજેય લાગે, પોતાથી અન્યને પ્રભાવિત કરે.

**પ્રશ્ન ૧૩૫-શ્વાસોચ્છ્વાસ નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–બહારની હવાને શરીરમાં નાક દ્વારા લેવી અને અંદરની હવાને બહાર કાઢવી તે શ્વાસોચ્છ્વાસ.

**પ્રશ્ન ૧૩૬-આતપ નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–જેનું શરીર આતપ રૂપ પ્રકાશ કરનાર હોય. જેમ સૂર્યમંડલના પૃથ્વીકાયનું શરીર.

પ્રશ્ન ૧૩૭–ઉદ્યોત નામકર્મ કોને કહે છે ?

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવનું શરીર શીત પ્રકાશ ફેલાવે, જેમ ચંદ્રમંડલ–નક્ષત્રાદિના વિમાનના પૃથ્વીકાયનું શરીર.

પ્રશ્ન ૧૩૮–અગુરૂલઘુ નામકર્મ કોને કહે છે ?

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવનું શરીર લોઢા જેવું ભારે ન હોય અને આકતુલીયાના 'રૂ' જેવું અત્યંત હળવું પણ ન હોય.

પ્રશ્ન ૧૩૯–તીર્થંકર નામકર્મ કોને કહે છે ?

ઉત્તર–જે સર્વોત્તમ પુણ્ય પ્રકૃતિના ઉદયથી તીર્થંકર પદની પ્રાપ્તિ થાય. ત્રણ લોકના પૂજનીક થાય.

પ્રશ્ન ૧૪૦–નિર્માણ નામકર્મ કોને કહે છે ?

ઉત્તર–શરીરના અંગ અને ઉપાંગ પોતાના સ્થાને વ્યવસ્થિત બની રહે.

પ્રશ્ન ૧૪૧– ઉપઘાત નામકર્મ કોને કહે છે ?

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવ પોતાના જ અવયવો (છઠ્ઠી આંગળી, ચોર દાંત, પટજીભ)થી દુઃખી–હેરાન થાય.

પ્રશ્ન ૧૪૨–ત્રસ નામકર્મ કોને કહે છે ?

ઉત્તર–જે નામકર્મના ઉદયથી બેઇન્દ્રિય આદિ ત્રસકાયપણાની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન ૧૪૩–બાદર નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–બાદર (સ્થૂલ) કાયની પ્રાપ્તિ થાય.

**પ્રશ્ન ૧૪૪–પર્યાપ્ત નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–જે કર્મના ઉદયથી જીવ પોતાની પર્યાપ્તિઓથી પૂર્ણ–યુક્ત હોય.

**પ્રશ્ન ૧૪૫–પ્રત્યેક નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–એક શરીરનો સ્વામી એક જીવ હોય.

**પ્રશ્ન ૧૪૬–સ્થિર નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–દાંત, હાડકા વગેરે શરીરના અવયવો (પોતપોતાના સ્થાન પર) સ્થિર હોય.

**પ્રશ્ન ૧૪૭–શુભ નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–શરીરના અવયવો શુભ–સુંદર હોય.

**પ્રશ્ન ૧૪૮–સુભગ નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–સૌભાગ્ય નામથી બીજા જીવોને તેના ઉપર કારણ વિના પણ પ્રીતિ થાય.

**પ્રશ્ન ૧૪૯–સુસ્વર નામકર્મ કોને કહે છે?**

ઉત્તર–ગળાનો કંઠ મધુર–સારો હોય.

**પ્રશ્ન ૧૫૦–આદેય નામકર્મ કોને કહે છે?**

ઉત્તર—જે કર્મના ઉદયથી જીવનું વચન સર્વમાન્ય થાય.

પ્રશ્ન ૧૫૧—યશઃ કીર્તિ નામકર્મ કોને કહે છે?

ઉત્તર—જે કર્મના ઉદયથી સંસારમાં યશ અને કીર્તિ ફેલાય. એક દિશામાં ફેલાય તે કીર્તિ અને ચારેય દિશામાં ફેલાય તે યશ.

પ્રશ્ન ૧૫૨—સ્થાવર નામકર્મ કોને કહે છે?

ઉત્તર—જે જીવ સ્થાવર નામકર્મના ઉદયથી ઠંડી-ગરમી આદિ દુઃખોથી પોતાનો બચાવ કરી ન શકે. પૃથ્વી, પાણી, તેઉ, વાયુ અને વનસ્પતિ એ સ્થાવરકાય છે.

પ્રશ્ન ૧૫૩—સૂક્ષ્મ નામકર્મ કોને કહે છે?

ઉત્તર—જે જીવોનું શરીર અત્યંત સૂક્ષ્મ હોય, જેને ચર્મચક્ષુથી જોઈ ન શકાય, જે કોઈને રોકે નહિ અને જે કોઈથી રોકાય નહિ.

પ્રશ્ન ૧૫૪—અપર્યાપ્તિ નામકર્મ કોને કહે છે?

ઉત્તર—જીવ પોતાને યોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન કરી શકે. તેનાં બે ભેદ છે—(૧) લબ્ધિ અપર્યાપ્તિ અને (૨) કરણ અપર્યાપ્તિ.

પ્રશ્ન ૧૫૫—લબ્ધિ અપર્યાપ્તિ કોને કહે છે?

ઉત્તર—જે કર્મના ઉદયથી જીવ પોતાની પર્યાપ્તિ પૂર્ણ કર્યા વિના જ મરે.

**પ્રશ્ન ૧૫૬–કરણ અપર્યાપ્તિ કોને કહે છે?**

**ઉત્તર**–જેના ઉદયથી પોતાને યોગ્ય જેટલી પર્યાપ્તિ છે, તે હજુ પૂર્ણ કરી નથી, પરંતુ અવશ્ય પૂર્ણ કરનાર હોય.

**પ્રશ્ન ૧૫૭–સાધારણ નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જેના એક શરીરમાં અનંત જીવ હોય.

**પ્રશ્ન ૧૫૮–અસ્થિર નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–કાન, જીભ આદિ અવયવો અસ્થિર હોવા.

**પ્રશ્ન ૧૫૯–અશુભ નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–શરીરનાં પગ આદિ અવયવો અશુભ હોય.

**પ્રશ્ન ૧૬૦–દુર્ભગ નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી બીજા જીવ શત્રુતા–વેર ભાવ કરે, દ્વેષ કરે, અપમાનિત કરે.

**પ્રશ્ન ૧૬૧–દુસ્વર નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જીવનો સ્વર કર્કશ, કઠોર આદિ અપ્રિય હોય.

**પ્રશ્ન ૧૬૨–અનાદેય નામકર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવના સારા અને શુભ સત્યવચન પણ ગ્રાહ્ય ન હોય.

**પ્રશ્ન ૧૬૩–અયશઃકીર્તિ નામકર્મ એટલે શું?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી દુનિયામાં અપયશ યા અપકીર્તિ થાય.

**પ્રશ્ન ૧૬૪–ગોત્ર કર્મના કેટલા ભેદ છે?**

ઉત્તર–(૧) ઉચ્ચ ગોત્ર અને (૨) નીચ ગોત્ર.

**પ્રશ્ન ૧૬૫–ઉચ્ચ ગોત્ર કોને કહે છે?**

ઉત્તર–સારા અને ઉચ્ચ આચાર–વિચારવાળા કુળમાં ઉત્પન્ન થાય તેને ઉચ્ચગોત્ર કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૬–નીચ ગોત્ર કોને કહે છે?**

ઉત્તર–નીચકુળમાં–હલકા આચાર–વિચારવાળા કુળમાં ઉત્પન્ન થવું.

**પ્રશ્ન ૧૬૭–અંતરાય કર્મના કેટલા ભેદ છે?**

ઉત્તર–(૧) દાનાંતરાય (૨) લાભાંતરાય (૩) ભોગાંતરાય (૪) ઉપભોગાંતરાય અને (૫) વીર્યાંતરાય.

**પ્રશ્ન ૧૬૮–દાનાંતરાય કોને કહે છે?**

ઉત્તર–દાનની સામગ્રી તૈયાર હોય, સામે ગુણવાન પાત્ર હોય, દાતા દાનના ફળને પણ જાણે છે. છતાં પણ જે કર્મના ઉદયથી જીવને દાન કરવાનો ઉત્સાહ થતો નથી તે દાનાંતરાય કર્મ છે.

**પ્રશ્ન ૧૬૯–લાભાંતરાય કોને કહે છે?**

ઉત્તર–યોગ્ય સામગ્રી હોવા છતાં જે કર્મના ઉદયથી ઇચ્છિત વસ્તુની પ્રાપ્તિ થતી નથી. તે લાભાંતરાય કર્મ છે. જેમકે–દાતા ઉદાર છે. દાનની સામગ્રી વિદ્યમાન છે. લેવાવાળાની પણ લેવાની ભાવના છે, છતાં લાભ મળતો નથી. તેને લાભાંતરાય કર્મ સમજવું.

**પ્રશ્ન ૧૭૦-ભોગાંતરાય કર્મ કોને કહે છે?**

**ઉત્તર**-ત્યાગ-પ્રત્યાખ્યાન ન હોવા છતાં જે કર્મના ઉદયથી જીવ વિદ્યમાન સ્વાધીન ભોગસામગ્રીને કૃપણતાને વશ અથવા કોઈ રોગ આદિ બાધાને કારણે ભોગવી ન શકે તે ભોગાંતરાય કર્મ છે.

**પ્રશ્ન ૧૭૧-ઉપભોગાંતરાય કર્મ કોને કહે છે?**

**ઉત્તર**-જે કર્મના ઉદયથી જીવને ત્યાગ-પ્રત્યાખ્યાન ન હોવા છતાં ઉપભોગની ઇચ્છા હોવા છતાં વિદ્યમાન સ્વાધીન ઉપભોગની સામગ્રીને કોઈ રોગાદિને કારણે અથવા તો કૃપણતા આદિથી ભોગવી ન શકે તેને ઉપભોગાંતરાય કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૧૭૨-વીર્યાંતરાય કર્મ કોને કહે છે?**

**ઉત્તર**-શરીર નિરોગી હોય, તરૂણ અવસ્થા હોય, બલવાન હોય તો પણ જે કર્મના ઉદયથી જીવ પ્રાણશક્તિ રહિત હોય તથા સત્ત્વહીનની જેમ પ્રવૃત્તિ કરે છે. તે વીર્યાંતરાય કર્મ છે. તેનાં ત્રણ ભેદ છે. (૧) બાલવીર્યાંતરાય (૨) પંડિત વીર્યાંતરાય અને (૩) બાલ-પંડિત વીર્યાંતરાય.

**પ્રશ્ન ૧૭૩-બાલ વીર્યાંતરાય કોને કહે છે?**

**ઉત્તર**-સમર્થ હોવા છતાં અને ઇચ્છતો હોવા છતાં પણ જેના ઉદયથી જીવ ઇચ્છિત કાર્ય કરી શકે નહિ તેને બાલવીર્યાંતરાય કહેવાય છે.

**પ્રશ્ન ૧૭૪-પંડિત વીર્યાંતરાય કોને કહે છે?**

ઉત્તર—સમ્યક્દૃષ્ટિ સાધુ મોક્ષની ઈચ્છા રાખતો થકો પણ જે કર્મના ઉદયથી મોક્ષ પ્રાપ્તિ યોગ્ય સાધના ન કરી શકે તે પંડિત વીર્યાંતરાય છે.

**પ્રશ્ન ૧૭૫—બાલ-પંડિત વીર્યાંતરાય કોને કહે છે?**

ઉત્તર—દેશવિરતિ રૂપ ચારિત્રને ઇચ્છતો થકો પણ જે કર્મના ઉદયથી જીવ શ્રાવકના વ્રતોનું પાલન ન કરી શકે. તે બાલ-પંડિત વીર્યાંતરાય છે.

**પ્રશ્ન ૧૭૬—ભોગ કોને કહે છે?**

ઉત્તર—જે વસ્તુ એકવાર ભોગવી શકાય તેને 'ભોગ' કહેવાય છે. જેમ—ફળ-ભોજન વગેરે.

**પ્રશ્ન ૧૭૭—ઉપભોગ કોને કહે છે?**

ઉત્તર—જે વસ્તુ વારંવાર ભોગવવાના કામમાં આવી શકે તેને 'ઉપભોગ' કહેવાય છે. જેમકે—ઘર, વસ્ત્ર આદિ.

**પ્રશ્ન ૧૭૮—સર્વઘાતિ કર્મ કોને કહે છે?**

ઉત્તર—જે કર્મ આત્માના ગુણોનો સંપૂર્ણ રીતે ઘાત કરે તેને 'સર્વઘાતિ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૭૯—દેશઘાતિ કોને કહે છે?**

ઉત્તર—જે કર્મ આત્માના ગુણોનો એક દેશથી ઘાત કરે.

**પ્રશ્ન ૧૮૦—સર્વઘાતિ કર્મની પ્રકૃતિઓ કેટલી છે?**

ઉત્તર—એકવીશ (૨૧) પ્રકૃતિઓ છે.

(૧) કેવલ જ્ઞાનાવરણીય (૨) કેવલ દર્શનાવરણીય (૩થી ૭) પાંચ નિદ્રા (૮થી ૧૧) અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ. (૧૨થી ૧૫) અપ્રત્યાખ્યાની ક્રોધ, માન, માયા, લોભ (૧૬થી ૧૯) પ્રત્યાખ્યાનાવરણીય ક્રોધ, માન, માયા, લોભ (૨૦) મિથ્યાત્વ મોહનીય અને (૨૧) મિશ્ર મોહનીય.

**પ્રશ્ન ૧૮૧–દેશઘાતિ કર્મ–પ્રકૃતિઓ કેટલી છે?**

**ઉત્તર**–દેશઘાતિ કર્મ–પ્રકૃતિઓ છવીસ છે.

(૧) મતિ જ્ઞાનાવરણીય (૨) શ્રુત જ્ઞાનાવરણીય (૩) અવધિજ્ઞાનાવરણીય (૪) મનઃ પર્યવજ્ઞાનાવરણીય (૫) ચક્ષુ-દર્શનાવરણીય (૬) અચક્ષુદર્શનાવરણીય (૭) અવધિદર્શનાવરણીય (૮થી ૧૧) સંજ્વલન ચોક (૧૨થી ૨૦) નવ નોકષાય (૨૧) સમક્તિ મોહનીય અને (૨૨થી ૨૬) પાંચ અંતરાય.

**પ્રશ્ન ૧૮૨–જીવવિપાકી કર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મનું ફળ શરીરાદિમાં ન હોય, સીધું જીવમાં જ હોય તેને જીવવિપાકી કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૩–જીવવિપાકી કર્મની કેટલી પ્રકૃતિઓ છે?**

**ઉત્તર**–અઠયોતેર (૭૮) પ્રકૃતિઓ છે. જેમકે–(૧–૫) જ્ઞાનાવરણીયાદિ પાંચ (૬થી ૧૪) દર્શનાવરણીયાદિ નવ (૧૫થી ૪૨) મોહનીયની અઠાવીસ (૪૩થી ૪૭) અંતરાયાદિ પાંચ (૪૮–૪૯) ગોત્રની બે (૫૦–૫૧) વેદનીયની

બે (૫૨) તીર્થંકર નામકર્મ (૫૩) ઉચ્છ્વાસ નામકર્મ (૫૪) બાદર (૫૫) સૂક્ષ્મ (૫૬) પર્યાપ્ત (૫૭) અપર્યાપ્ત (૫૮) સુસ્વર (૫૯) દુઃસ્વર (૬૦) આદેય (૬૧) અનાદેય (૬૨) યશઃ કીર્તિ (૬૩) અયશઃ કીર્તિ (૬૪) ત્રસ (૬૫) સ્થાવર (૬૬) પ્રશસ્ત વિહાયોગતિ (૬૭) અપ્રશસ્ત વિહાયોગતિ (૬૮) સુભગ (૬૯) દુર્ભગ (૭૦થી ૭૩) ચાર ગતિ (૭૪થી ૭૮) પાંચ જાતિ.

**પ્રશ્ન ૧૮૪–પુદ્‌ગલ વિપાકી કર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જેનું ફલ પુદ્‌ગલ દ્વારા જીવને હોય.

**પ્રશ્ન ૧૮૫–પુદ્‌ગલ વિપાકી કર્મના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–પુદ્‌ગલ વિપાકી કર્મના બાસઠ (૬૨) ભેદ છે.

સર્વપ્રકૃતિ ૧૪૮માંથી નરકાદિ આયુ ૪, નરકાદિ આનુપૂર્વી ૪ અને જીવવિપાકી કર્મપ્રકૃતિ ૭૮ એમ કુલ ૮૬ પ્રકૃતિઓ બાદ કરવાથી બાકી રહેલી ૬૨ પ્રકૃતિઓ પુદ્‌ગલવિપાકી છે.

**પ્રશ્ન ૧૮૬–ભવ વિપાકી કર્મપ્રકૃતિ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવ પ્રાપ્ત ભવમાં રોકાય, તેને ભવવિપાકી કર્મપ્રકૃતિ કહેવાય છે. તેના ચાર ભેદ છે—(૧) નરકાયુ (૨) તિર્યંચાયુ (૩) મનુષ્યાયુ અને (૪) દેવાયુ.

**પ્રશ્ન ૧૮૭–ક્ષેત્રવિપાકી કર્મ કોને કહે છે?**

**ઉત્તર**–જે કર્મના ઉદયથી જીવ મરણસ્થાનેથી ઉત્પત્તિનાં સ્થાને પહોંચે, તેને ક્ષેત્રવિપાકી કર્મ કહેવાય છે.

**પ્રશ્ન ૧૮૮–ક્ષેત્રવિપાકી કર્મના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) નરકાનુપૂર્વી (૨) તિર્યંચાનુપૂર્વી (૩) મનુષ્યાનુપૂર્વી અને (૪) દેવાનુપૂર્વી.

**પ્રશ્ન ૧૮૯–પુણ્ય પ્રકૃતિના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–પુણ્ય પ્રકૃતિના બેતાલીસ (૪૨) ભેદ છે.

**પ્રશ્ન ૧૯૦–પાપ પ્રકૃતિનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–પાપ પ્રકૃતિનાં ૮૨ ભેદ છે.

**પ્રશ્ન ૧૯૧–અબાધાકાળ કોને કહે છે?**

**ઉત્તર**–કર્મ બંધ થવાના પ્રથમ સમયથી લઈને જ્યાં સુધી તે કર્મનો ઉદય યા ઉદીરણા થતી નથી ત્યાં સુધીનો કાલ 'અબાધાકાળ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૨–કર્મ સ્થિતિ કોને કહે છે?**

**ઉત્તર**–જેટલા કાલ સુધી જીવની સાથે કર્મ લાગેલા રહે તેને સ્થિતિ કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૩-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–ત્રણે કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ ૩૦ ક્રોડા–ક્રોડ સાગરોપમની છે.

**પ્રશ્ન ૧૯૪–સાતાવેદનીયની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–સાતાવેદનીયની જઘન્ય સ્થિતિ ઇર્યાપથિકી

ક્રિયાની અપેક્ષા ૨ સમયની અને સંપરાયની અપેક્ષા ૧૨ મુહૂર્ત્તની, ઉત્કૃષ્ટ ૧૫ ક્રોડાક્રોડ સાગરોપમની છે.

**પ્રશ્ન ૧૯૫–અસાતાવેદનીયની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–અસાતા વેદનીયની જઘન્યસ્થિતિ એક સાગરના સાત ભાગમાંથી ત્રણ ભાગ (૩/૭) અને પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ઉણી ઉત્કૃષ્ટ સ્થિતિ ૩૦ ક્રોડા ક્રોડ સાગરોપમની છે.

**પ્રશ્ન ૧૯૬–મોહનીય કર્મની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–મોહનીય કર્મની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ ૭૦ ક્રોડા ક્રોડ સાગરોપમની છે.

**પ્રશ્ન ૧૯૭–નારકી અને દેવોના આયુષ્યકર્મની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–નારકી, દેવોના આયુની સ્થિતિ જઘન્ય દશ હજાર વર્ષ; ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમની છે.

**પ્રશ્ન ૧૯૮–મનુષ્ય અને તિર્યંચના આયુકર્મની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–જઘન્ય અંતર્મુહૂર્ત્ત; ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમની

**પ્રશ્ન ૧૯૯–નામ અને ગોત્રકર્મની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–નામકર્મ અને ગોત્ર કર્મની જઘન્ય સ્થિતિ આઠ મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ ૨૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે.

**પ્રશ્ન ૨૦૦–આઠે કર્મોનો અબાધાકાલ કેટલો છે?**

ઉત્તર–આયુ કર્મને છોડીને શેષ સાત કર્મોનો અબાધાકાળ જઘન્ય અંતર્મુહુર્ત્ત અને ઉત્કૃષ્ટ પોતપોતાની સ્થિતિના દશ ક્રોડાક્રોડ સાગરોપમ = ૧ હજાર વર્ષ થાય છે. દા. ત. મોહનીયની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડ સાગરોપમની છે. તો તેનો અબાધાકાલ જઘન્ય–અંતર્મુહુર્ત્ત ઉત્કૃષ્ટ ૭ હજાર વર્ષનો થશે.

**પ્રશ્ન ૨૦૧–સમુદ્દઘાત કોને કહે છે?**

ઉત્તર–વેદનાદિની સાથે તદ્રૂપ થઈને કાલાંતરમાં અનુભવ કરવા યોગ્ય કર્મના અંશોને ઉદીરણા દ્વારા પહેલેથી જ ઉદયમાં લાવીને પ્રબળતાથી ઘાત કરવો (નિર્જરા કરવી) તે સમુદઘાત છે. અથવા મૂળ શરીરને છોડ્યા વિના જીવના પ્રદેશોનું બહાર નીકળવું તેને 'સમુદઘાત' કહેવાય છે.

**પ્રશ્ન ૨૦૨–સમુદઘાત કેટલા પ્રકારના છે?**

ઉત્તર–સમુદઘાત ૭ છે. (૧) વેદના (૨) કષાય (૩) મારણાંતિક (૪) વૈક્રિય (૫) તૈજસ (૬) આહારક અને (૭) કેવલ સમુદઘાત.

**પ્રશ્ન ૨૦૩–વેદના સમુદ્દઘાત કોને કહે છે?**

ઉત્તર–વેદનાને લીધે થવાવાળો સમુદઘાત તે વેદના સમુદઘાત કહેવાય છે. તે અસાતા વેદનીય કર્મોને આશ્રિત હોય છે. તાત્પર્ય એ છે કે–વેદનાથી પીડિત જીવ અનંતાનંત્ કર્મ સ્કંધોથી વ્યાપ્ત પોતાના પ્રદેશોને શરીરથી બહાર

કાઢે છે. અને તેનાથી મુખ–ઉદર આદિ છિદ્રો અને કાન તથા સ્કંધાદિ અંતરાલોને પૂર્ણ કરીને લંબાઈ–પહોળાઈમાં શરીર પરિમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે.–તે અંતર્મુહૂર્ત્તમાં ઘણા અસાત–વેદનીય કર્મ પુદ્ગલોની નિર્જરા કરે છે.

**પ્રશ્ન ૨૦૪–કષાય સમુદ્ઘાત કોને કહે છે?**

**ઉત્તર**–ક્રોધાદિ કષાયોના કારણે થવાવાળો સમુદ્ઘાત તે કષાય સમુદ્ઘાત કહેવાય છે. તે કષાય મોહનીયને આશ્રિત હોય છે અર્થાત્ તીવ્ર કષાયના ઉદયથી વ્યાકુળ જીવ પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢીને તેનાથી મુખ–*ઉદર આદિના છિદ્રો* અને કાન તથા સ્કંધાદિ અંતરાલોને પૂર્ણ કરીને લંબાઈ–પહોળાઈમાં શરીર પ્રમાણ ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને અંતર્મુહૂર્ત્ત સુધી રહે છે. અને ઘણા કષાય-કર્મપુદ્ગલોની નિર્જરા કરે છે.

**પ્રશ્ન ૨૦૫–મારણાંતિક સમુદ્ઘાત કોને કહે છે?**

**ઉત્તર**–મરણકાળમાં થવાવાળા સમુદ્ઘાતને મારણાંતિક સમુદ્ઘાત કહેવાય છે. તે અંતર્મુહૂર્ત્ત શેષ આયુ કર્મને આશ્રિત છે. અર્થાત્ કોઇ જીવ આયુ કર્મ અંતર્મુહૂર્ત્ત શેષ રહેવા પર પોતાના આત્મપ્રદેશોને બહાર કાઢીને મુખ વગેરે છિદ્રોને પુરીને જાડાઇ–પહોળાઈમાં શરીર પરિમાણ અને લંબાઇમાં ઓછામાં ઓછા પોતાના શરીરથી આંગુલના અસંખ્યાત ભાગ પરિમાણ અને અધિકમાં અધિક

એક દિશામાં અસંખ્યાત યોજન ક્ષેત્રને વ્યાપ્ત કરે છે અને ઘણા આયુકર્મના પુદ્ગલોની નિર્જરા કરે છે.

**પ્રશ્ન ૨૦૬–વૈક્રિય સમુદ્ઘાત કોને કહે છે?**

**ઉત્તર**–વૈક્રિય શરીર બનાવતા જે સમુદ્ઘાત થાય છે. તેને વૈક્રિય સમુદ્ઘાત કહેવાય છે. અને તે વૈક્રિય શરીર નામકર્મને આશ્રિત હોય છે. અર્થાત્ વૈક્રિય લબ્ધિ-વાળા જીવ વૈક્રિય કરતી વખતે પોતાના પ્રદેશોને પોતાના શરીરથી બહાર કાઢીને જાડાઈ–પહોળાઇમાં શરીર પરિમાણ અને લંબાઇમાં અસંખ્યાત યોજન પરિમાણ દંડ કરે છે અને પૂર્વે બાંધેલ વૈક્રિય શરીર નામકર્મના પુદ્ગલોની નિર્જરા કરે છે.

**પ્રશ્ન ૨૦૭–તૈજસ સમુદ્ઘાત કોને કહે છે?**

**ઉત્તર**–તેજોલેશ્યા કાઢવાના સમયમાં રહેવાવાળા તૈજસ શરીર નામ કર્મને આશ્રિત છે. અર્થાત્ તેજોલેશ્યાની સ્વાભાવિક લબ્ધિવાળા કોઈ સાધુ આદિ સાત–આઠ પગલાં પાછળ હટીને પહોળાઇ–જાડાઈમાં શરીરપ્રમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પરિમાણ જીવપ્રદેશોના દંડને શરીરથી બહાર કાઢીને ક્રોધના વિષયભૂત જીવાદિને બાળી નાખે છે. અને ઘણા તૈજસ શરીર નામકર્મના પુદ્ગલોની નિર્જરા કરે છે.

**પ્રશ્ન ૨૦૮–આહારક સમુદ્ઘાત કોને કહે છે?**

**ઉત્તર**–આહારક શરીરનો આરંભ કરતી વખતે

થવાવાળો સમુદ્દઘાત આહારક સમુદ્દઘાત કહેવાય છે. તે આહારક નામકર્મને આશ્રિત છે. અર્થાત્ આહારકલબ્ધિવાળા સાધુ આહારક શરીરને બનાવવા માટે પહોળાઈ–જાડાઈમાં શરીર પરિમાણ અને લંબાઈમાં સંખ્યાત યોજન પરિમાણ પ્રદેશોના દંડને શરીરથી બહાર કાઢીને યથા સ્થૂલ પૂર્વબદ્ધ આહારક નામકર્મના ઘણા પુદ્ગલોની નિર્જરા કરે છે. આ છ સમુદ્દઘાત છદ્મસ્થ જીવોને હોય છે. તેનો કાળ અંતર્મુહુર્ત્તનો છે.

**પ્રશ્ન ૨૦૯–કેવલી સમુદ્દઘાત કોને કહે છે?**

ઉત્તર–અંતર્મુહૂર્ત્તમાં મોક્ષ પ્રાપ્ત કરવાવાળા કેવલીના સમુદ્દઘાતને કેવલી–સમુદ્દઘાત કહેવાય છે. તે વેદનીય, નામ અને ગોત્ર કર્મને વિષય કરે છે.

અંતર્મુહૂર્ત્તમાં મોક્ષ પ્રાપ્ત કરવાવાળા કોઈ કેવલી-ચાર અઘાતિ કર્મોમાંથી આયુ કર્મની સ્થિતિ ઓછી અને વેદનીય–નામ–ગોત્રની સ્થિતિ અધિક રહે છે. તેને સમ કરવા માટે સમુદ્દઘાત કરે છે.

કેવલી સમુદ્દઘાતમાં આઠ સમય લાગે છે. પ્રથમ સમયમાં કેવલી આત્મપ્રદેશોનો દંડ કરે છે. તે પહોળાઈમાં સ્વશરીર પરિમાણ અને લંબાઈમાં ઉપરથી નીચે લોકાંત પર્યંત વિસ્તૃત હોય છે. બીજા સમયમાં તે દંડને પૂર્વ અને પશ્ચિમ ફેલાવીને કપાટ કરે છે. ત્રીજા સમયમાં દક્ષિણ અને ઉત્તરમાં લોકાંત પર્યંત આત્મપ્રદેશોને ફેલાવીને મંથાન

(રવૈયો) કરે છે. એ રીતે કરવાથી લોકનો અધિકાંશ ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થઈ જાય છે. પરંતુ મંથાનની જેમ અંતરાલ પ્રદેશ ખાલી રહે છે. ચોથા સમયમાં અંતરાલને પૂર્ણ કરે અને સમસ્ત લોકાકાશને આત્મપ્રદેશોથી વ્યાપ્ત કરી દે છે. કારણ કે લોકાકાશનાં પ્રદેશો અને જીવના પ્રદેશો બંને સંખ્યામાં બરાબર છે. પાંચમા સમયમાં અંતરાલને સંકોચતો. છઠામાં મંથાનને સંકોચતો, સાતમામાં કપાટને અને આઠમા સમયમાં દંડને સંકોચીને આત્મપ્રદેશો પુનઃ મૂળ શરીરસ્થ થઇ જાય છે.

**પ્રશ્ન ૨૧૦–આવર્જીકરણ કોને કહે છે?**

**ઉત્તર**–અંતર્મુહૂર્ત્ત પછી મોક્ષ જનારા જીવને થાય છે. જે બાકી બચેલા કર્મને ઉદયાવલિકામાં પ્રક્ષેપણ કરવાની પ્રક્રિયા તેને આવર્જીકરણ કહેવાય છે. તે આવર્જીકરણ મોક્ષગામી જીવને અવશ્ય કરવું પડે છે.

**પ્રશ્ન ૨૧૧–માર્ગણા કોને કહે છે?**

**ઉત્તર**–જે ધર્મોને લઇને જીવ સંબંધ વિશ્લેષણ કરવામાં આવે, જીવોનું જ્ઞાન કરવામાં આવે, તે વિશેષ ધર્મો (ભેદો–વિષયો)ને માર્ગણા કહેવાય છે

**પ્રશ્ન ૨૧૨–માર્ગણાના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–માર્ગણાના ૧૪ ભેદ છે. (૧) ગતિ (૨) ઇન્દ્રિય (૩) કાય (૪) યોગ (૫) વેદ (૬) કષાય (૭) જ્ઞાન

(૮) સંયમ (૯) દર્શન (૧૦) લેશ્યા (૧૧) ભવ્યત્વ (૧૨) સમ્યક્ત્વ (૧૩) સંજ્ઞીત્વ અને (૧૪) આહાર.

**પ્રશ્ન ૨૧૩–ભવ્યત્વ માર્ગણાના કેટલા પ્રકાર છે?**

**ઉત્તર**–તેના બે ભેદ છે, (૧) ભવ્યત્વ અને (૨) અભવ્યત્વ.

**પ્રશ્ન ૨૧૪–ભવ્ય કોને કહે છે?**

**ઉત્તર**–જેમાં સંસારી અવસ્થા છોડીને સિદ્ધ થવાનો સ્વભાવ હોય,–"હું ભવ્ય છું કે અભવ્ય" તેનો નિર્ણય કરવાની જેની અંતરંગ ઇચ્છા હોય તેને ભવ્ય જીવ કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૫–અભવ્ય કોને કહે છે?**

**ઉત્તર**–જે સંસારી અવસ્થાને છોડીને ક્યારેય સિદ્ધ થઈ શકતો નથી. જેનું મિથ્યાત્વ ક્યારેય છૂટી શકતું નથી. 'હું ભવ્ય છું કે અભવ્ય?' તેનો નિર્ણય કરવાની જેની અંતરંગ ઇચ્છા ન હોય તે અભવ્ય છે.

**પ્રશ્ન ૨૧૬–ભવ્યજીવ કેટલા પ્રકારના છે?**

**ઉત્તર**–ભવ્યજીવ ત્રણ પ્રકારના છે.

(૧) આસન્ન ભવ્ય–(જલ્દી મોક્ષ જવાવાળા).

(૨) મધ્યમ ભવ્ય–(થોડા ભવોમાં મોક્ષ જવાવાળા).

(૩) દુર્ભવ્ય–(ઘણાં કાળે મોક્ષ જવાવાળા).

**પ્રશ્ન ૨૧૭-સંજ્ઞી કોને કહે છે?**

**ઉત્તર**-જે જીવમાં હિતાહિત જાણવાનું, મનન કરવાનું સાધન દ્રવ્ય મન હોય તે 'સંજ્ઞી' છે અને દ્રવ્ય મન ન હોય તે 'અસંજ્ઞી' કહેવાય છે.

**પ્રશ્ન ૨૧૮-ભાવ મન કોને કહે છે? અને તે કોને હોય છે?**

**ઉત્તર**-સુખ દુઃખનો અનુભવ કરનાર, અને રાગદ્વેષ કરવા રૂપ મન પ્રત્યેક જીવને હોય છે. જેના દ્વારા ભાવ-લેશ્યાના શુભાશુભ ભાવ થાય છે.

**પ્રશ્ન ૨૧૯-આહાર વર્ગણાના બે ભેદ કયા કયા છે?**

**ઉત્તર**-જે આહાર ગ્રહણ કરે તે 'આહારક' અને જે આહાર ગ્રહણ ન કરે તેને 'અનાહારક' કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૦-આહારના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-આહાર ત્રણ પ્રકારના છે—(૧) ઓજ આહાર (૨) લોમ આહાર અને (૩) કવલ આહાર.

**પ્રશ્ન ૨૨૧-ઓજ આહાર કોને કહે છે?**

**ઉત્તર**-ઉત્પત્તિક્ષેત્રમાં પહોંચીને અપર્યાપ્ત અવસ્થામાં તૈજસ અને કાર્મણ શરીર દ્વારા જીવ જે આહારને ગ્રહણ કરે છે, તેને 'ઓજ' આહાર કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૨-લોમ આહાર કોને કહે છે?**

**ઉત્તર**-ત્વચા અને રોમથી ગ્રહણ કરાતો આહાર.

પ્રશ્ન ૨૨૩-કવલ આહાર કોને કહે છે?

ઉત્તર-મુખ દ્વારા ગ્રહણ કરેલ અન્ન, પાણી આદિ ચાર પ્રકારનો આહાર 'કવલાહાર' કહેવાય છે.

પ્રશ્ન ૨૨૪-જીવ આહારક અને અનાહારક ક્યારે હોય છે?

ઉત્તર-જીવ એક શરીરને છોડીને બીજા શરીરમાં જાય છે, તે સમયે જો બે સમય લાગે છે; તો એક સમય અનાહારક, જો ત્રણ સમય લાગે તો બે સમય અનાહારક, ચાર સમય લાગે તો ત્રણ સમય અનાહારક, તેનાથી વધારે સમય બીજે સ્થાને પહોંચતા લાગતા જ નથી. અને કેવલીને જ્યારે કેવલ સમુદઘાત થાય છે ત્યારે તેમાં આઠ સમય લાગે છે. તેમાંથી ૩, ૪, ૫ એમ ત્રણ સમય 'અનાહારક' હોય છે. ચૌદમા ગુણસ્થાનમાં જીવ અનાહારક જ છે. અનાહારકનો સમય ઘણો ઓછો છે. આંખો બંધ કરીને ખોલીએ એટલા વખતમાં તો અસંખ્ય સમય થઈ જાય છે. એમાંથી ત્રણ સમય સંસારી જીવ અનાહારક રહે છે. સિદ્ધ પરમાત્મા તો અનાહારક જ હોય છે. ચૌદમા ગુણસ્થાનમાં અનાહારક હોય છે. તે પછી અનાહારક જ રહે છે.

પ્રશ્ન ૨૨૫-જીવના અસાધારણ ભાવ કેટલા છે?

ઉત્તર-(૧) ઔદયિક (૨) ઔપશમિક (૩) ક્ષાયિક (૪) ક્ષાયોપશમિક અને (૫) પારિણામિક.

**પ્રશ્ન ૨૨૬-ઔદયિક ભાવ કોને કહે છે?**

**ઉત્તર**-કોઈપણ કર્મના ઉદયથી થવાવાળા ભાવને 'ઔદયિક' કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૭-ઔદયિક ભાવના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-એકવીશ ભેદ છે—ગતિ ૪, કષાય ૪, વેદ ૩, લેશ્યા ૬, મિથ્યાદર્શનશલ્ય ૧૮, અજ્ઞાન ૧૯, અસંયત ૨૦, અસિદ્ધત્વ ૨૧.

**પ્રશ્ન ૨૨૮-ઔપશમિક ભાવ કોને કહે છે?**

**ઉત્તર**-મોહનીય કર્મના ઉપશમથી થવાવાળા ભાવ ઔપશમિક કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૯-ઔપશમિક ભાવના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-બે ભેદ છે: (૧) ઉપશમ સમકિત અને (૨) ઔપશમિક ચારિત્ર.

**પ્રશ્ન ૨૩૦-ક્ષાયિક ભાવ કોને કહે છે?**

**ઉત્તર**-કોઈપણ કર્મના ક્ષયથી થવાવાળો ભાવ ક્ષાયિક ભાવ છે.

**પ્રશ્ન ૨૩૧-ક્ષાયિક ભાવના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-નવ ભેદ છે- (૧) કેવલ જ્ઞાન (૨) કેવલ દર્શન (૩) ક્ષાયિક સમકિત (૪) ક્ષાયિક ચારિત્ર (૫) દાન (૬) લાભ (૭) ભોગ (૮) ઉપભોગ અને (૯) વીર્ય.

**પ્રશ્ન ૨૩૨-ક્ષાયોપશમિક ભાવ કોને કહે છે?**

ઉત્તર–ચારઘાતિ કર્મના ક્ષયોપશમથી થવાવાળો ભાવ ક્ષાયોપશમિક ભાવ કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૩–ક્ષાયોપશમિક ભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર–અઢાર ભેદ છે– (૧) મતિજ્ઞાન (૨) શ્રુત-જ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃપર્યવજ્ઞાન (૫) મતિઅજ્ઞાન (૬) શ્રુત અજ્ઞાન (૭) વિભંગજ્ઞાન (૮) ચક્ષુદર્શન (૯) અચક્ષુ દર્શન (૧૯) અવધિ દર્શન (૧૧) દાન (૧૨) લાભ (૧૩) ભોગ (૧૪) ઉપભોગ (૧૫) વીર્ય (૧૬) સમકિત (૧૭) ચારિત્ર અને (૧૮) દેશ સંયમ. (શ્રાવકપણું)

**પ્રશ્ન ૨૩૪–પારિણામિક ભાવ કોને કહે છે?**

ઉત્તર–જે ભાવે કર્મના ક્ષયાદિકની અપેક્ષા રાખ્યા વિના કેવલ જીવનો સ્વભાવ માત્ર હોય, તેને પારિણામિક ભાવ કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૫–પારિમાણિક ભાવના કેટલા ભેદ છે?**

ઉત્તર–ત્રણ ભેદ છે–(૧) જીવત્વ (૨) ભવ્યત્વ અને (૩) અભવ્યત્વ.

**પ્રશ્ન ૨૩૬–ઉદય કોને કહે છે?**

ઉત્તર–બાંધેલા કર્મોનો અબાધાકાલ પુરો થતાં ફલાભિમુખ થઈ ફલ ભોગવવું તેને 'ઉદય' કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૭–ઉદીરણા કોને કહે છે?**

ઉત્તર–તપશ્ચર્યા, વેદના આદિથી જે કર્મ સત્તામાં

પડેલ છે, તેની સ્થિતિ પૂર્ણ થયા પહેલા જ ઉદયમાં લાવી ભોગવવા તેને ઉદીરણા કહેવાય છે. અર્થાત્ વહેલા ઉદયમાં લાવવા.

**પ્રશ્ન ૨૩૮–સત્તા કોને કહે છે?**

**ઉત્તર**–જીવની સાથે જે કર્મ પ્રકૃતિઓ કર્મપણે બંધાઈને રહેલી છે. હજુ ફળ આપવા ઉદયમાં આવેલ નથી, તેને 'સત્તા' કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૯– ક્ષય કોને કહે છે?**

**ઉત્તર**–કર્મની સર્વથા નિવૃત્તિ થઇ જવી. અર્થાત્ કર્મ ભોગવાઇને ખરી જવું. આત્માના પ્રદેશોથી તે કર્મનો સંયોગ છૂટી જવો, તેને 'ક્ષય' કહેવાય છે.

જેમ કે–અગ્નિ સંપૂર્ણપણે બુઝાઇ જાય અથવા સોનામાંથી મેલ સર્વથા દૂર થઈ જાય.

**પ્રશ્ન ૨૪૦–ઉપશમ કોને કહે છે?**

**ઉત્તર**–કર્મના ઉદયને સર્વથા રોકી દેવો તેને 'ઉપશમ' કહેવાય છે. જેમ અગ્નિને રાખથી ઢાંકી દેવી અથવા ડહોળા પાણીમાં ફટકડી ફેરવીને તેનો ડોળ નીચે બેસાડી દેવો. તેને ઉપશમ કહેવાય છે.

**પ્રશ્ન ૨૪૧–ક્ષયોપશમ કોને કહે છે?**

**ઉત્તર**–ઉદયમાં આવેલા કર્મ સ્પર્દ્ધક (કર્મ વર્ગણાઓ-નો સમૂહ) નો ક્ષય થવો અને ઉદયમાં ન આવેલાનો

ઉપશમ = તીવ્ર રસ સ્પર્દ્ધકની સર્વઘાતિની વિપાક શકિતને રોકવી, (પ્રદેશોદય સુધી મર્યાદિત રાખવી) દેશઘાતિના રૂપમાં પરિણમન થવું. એટલે તીવ્ર ફળ દેવાની શકિતને મંદ રૂપમાં પરિણમન થવું તેને 'ક્ષયોપશમ' કહેવાય છે. જેમ ફટકડી આદિ દ્રવ્યોના સંયોગથી મેલનું પાણીમાં બેસી જવું અને થોડું પાણીમાં રહેવું.

**પ્રશ્ન ૨૪૨–આત્માના પ્રદેશ કેટલા છે? અને તે શરીરમાં કયાં છે?**

**ઉત્તર**–આત્માના અસંખ્યાત પ્રદેશ છે. અને તે આખા શરીરમાં વ્યાપ્ત છે.

**પ્રશ્ન ૨૪૩–આત્મામાં કર્મ કઈ રીતે આવીને ચોંટી જાય છે?**

**ઉત્તર**–શરીરમાં તેલ લગાવીને કોઈ ધૂળમાં આળોટે ત્યારે ધૂળ જેમ તેના શરીર પર ચોંટી જાય છે, તે રીતે મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગથી જીવનાં પ્રદેશોમાં એક પ્રકારનો પરિસ્પંદ (હિલચાલ) થાય છે, ત્યારે જે આકાશમાં આત્માના પ્રદેશો છે, તે આકાશ-પ્રદેશો પર રહેલાં અનંતાનંત કર્મ યોગ્ય પુદ્ગલ જીવના પ્રત્યેક પ્રદેશની સાથે બંધાઈ જાય છે. આ રીતે જીવ અને કર્મનો પરસ્પર સંબંધ છે.

**પ્રશ્ન ૨૪૪–આત્મા અને કર્મ પરસ્પર કઈ રીતે મળેલાં છે?**

**ઉત્તર**–દૂધમાં પાણી, કપડામાં મેલ અને લોઢામાં અગ્નિની માફક પરસ્પર એકમેક છે.

**પ્રશ્ન ૨૪૫–આ સંબંધ કયારથી છે ?**

**ઉત્તર**–કર્મ અને જીવનો સંબંધ અનાદિકાળથી ચાલ્યો આવે છે. પ્રત્યેક સમય જુના કર્મ પોતાનું ફળ દઈને આત્માથી છૂટા થાય છે. અને નવિન કર્મ પ્રતિ-સમય બંધાતા રહે છે.

**પ્રશ્ન ૨૪૬–કર્મ અને જીવના સંબંધની આદિ માનીએ તો શો વાંધો આવે ?**

**ઉત્તર**–કર્મ અને જીવના સંબંધની આદિ માનવાથી તો મુક્તજીવોને પણ ફરીથી કર્મબંધ થવાનું માનવું પડે.

**પ્રશ્ન ૨૪૭–કર્મ અને જીવને કેટલા પ્રકારનો સંબંધ છે?**

**ઉત્તર**–કર્મ અને જીવને અનાદિ–અનંત, અનાદિ સાંત અને સાદિ–સાંત એ ત્રણ પ્રકારનો સંબંધ છે.

(૧) જેનો કયારેય મોક્ષ ન થાય તેવા અભવી આત્માઓને કર્મની સાથે અનાદિ અનંત સંબંધ છે.

(૨) અનાદિ સાંત–જેની આદિ તો નથી, પરંતુ અંત છે.–ભવ્ય જીવની અપેક્ષાએ તેઓ કર્મથી અનાદિ બંધાયેલ છે. પણ મુકત થઇ શકશે.

(૩) સાદિ સાંત–જેની આદિ પણ છે અને અંત પણ છે. આત્મા જે પર્યાયને પામીને તેનાથી છૂટી જાય, અર્થાત્ જે કર્મ બંધાય અને ઉદયમાં આવીને ભોગવાઈ

જાય તેને સાદિસાંત કહેવાય. તથા એક આયુકર્મનો ક્ષય અને અન્ય આયુનો બંધ થવો. તેમજ જે જીવને જે કર્મ-પ્રકૃતિ ક્ષય થઈ જાય, તેનો ફરી બંધ કરીને પુનઃ ક્ષય કરવો, તેને પણ સાદિ સાંત કહેવાય. તે મુખ્ય મોહનીય કર્મમાં થાય છે.

**પ્રશ્ન ૨૪૮-આત્મા કર્મથી જુદો કેવી રીતે થાય છે?**

**ઉત્તર**- જે સમયે વિવેક ઉજ્જવલ થાય છે, આત્મા અને જડની ભિન્નતાનું જ્ઞાન થાય છે. તપ અને જ્ઞાનની અગ્નિથી કર્મનો મેલ બળીને સુવર્ણની માફક આત્મા શુદ્ધ અને નિર્લેપ થઈ જાય છે, તે જ આત્મા ઈશ્વર, પરમાત્મા અને પરબ્રહ્મ છે, જેને આપણે સિદ્ધ પરમાત્મા કહીએ છીએ.

**પ્રશ્ન ૨૪૯-બંધના કેટલા ભેદ છે?**

**ઉત્તર**- બે ભેદ છે-(૧) દ્રવ્ય બંધ (૨) ભાવબંધ. ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, રતિ અને અરતિ, ભય, શોક, જુગુપ્સા, વિષયવિકાર, મિથ્યાત્વ અને અજ્ઞાનનાં વિચારને 'ભાવબંધ' કહેવાય છે. અને ક્રોધાદિ વિચારોથી કર્મપુદ્ગલ આત્મા સાથે એકરૂપ થાય છે, તેને 'દ્રવ્યબંધ' કહેવાય છે. એટલે કે ભાવબંધથી દ્રવ્યબંધ થાય છે.

**પ્રશ્ન ૨૫૦-આઠ કર્મોનો બંધ કેટલા પ્રકારનો છે?**

**ઉત્તર**-બંધના ૪ પ્રકાર છે-

(૧) પ્રકૃતિબંધ (૨) સ્થિતિબંધ (૩) અનુભાગ બંધ અને (૪) પ્રદેશબંધ

**પ્રશ્ન ૨૫૧–પ્રકૃતિ બંધ કોને કહે છે?**

**ઉત્તર**–જીવ દ્વારા ગ્રહણ કરેલ કર્મપુદ્ગલમાં ભિન્ન-ભિન્ન સ્વભાવ થવો.

**પ્રશ્ન ૨૫૨–સ્થિતિબંધ કોને કહે છે?**

**ઉત્તર**–જીવદ્વારા ગ્રહણ કરેલ કર્મપુદ્ગલમાં અમુક કાળ સુધી જીવની સાથે રહેવાની કાળમર્યાદા.

**પ્રશ્ન ૨૫૩–અનુભાગ બંધ કોને કહે છે?**

**ઉત્તર**–જીવ દ્વારા ગ્રહણ કરેલ કર્મપુદ્ગલોમાં ફળ દેવાની, ન્યૂનાધિક શકિત, તેને અનુભાગ બંધ અથવા અનુભવ બંધ યા રસબંધ પણ કહેવાય છે.

**પ્રશ્ન ૨૫૪–પ્રદેશ બંધ કોને કહે છે?**

**ઉત્તર**–જીવની સાથે ન્યૂનાધિક પરમાણુવાળા કર્મસ્કંધોનો સંબંધ થવો તે પ્રદેશબંધ છે.

**પ્રશ્ન ૨૫૫–બંધના ચાર સ્વરૂપ ઉદાહરણ આપી સમજાવો.**

**ઉત્તર**–જેમ કોઇ સુંઠ, પીપરીમૂલ આદિથી બનાવેલ (મોદક) ગોળી, કોઈ વાયુનાશક હોય છે, કોઈ પિત્તનાશક તો કોઇ કફનાશક હોય છે, એ રીતે આત્માથી ગ્રહણ કરેલા કર્મપુદ્ગલોમાંથી કોઇમાં જ્ઞાનગુણને આચ્છાદિત કરવાની શકિત હોય છે. કોઇમાં દર્શન ગુણને રોકવાની,

કોઈમાં આત્માના આનંદ ગુણને રોકવાની, તો કોઈમાં આત્માના અનંત શકિત ગુણનો ઘાત કરવાની શકિત હોય છે. આ રીતે ભિન્ન-ભિન્ન કર્મ-પુદ્ગલોમાં ભિન્નપ્રકારની પ્રકૃતિઓનો બંધ થવો તે 'પ્રકૃતિબંધ' કહેવાય છે. કોઇ ગોળી એક સપ્તાહ, કોઈ ગોળી-એક પક્ષ, કોઈ એક મહિના સુધી તેનો પ્રભાવ બતાવી શકે છે. ત્યારબાદ તે વિકૃત થઈ જાય છે. તે ગોળીની કાળ મર્યાદાની સમાન કર્મોની પણ કાળમર્યાદા હોય છે, તેને 'સ્થિતિબંધ' કહેવાય છે. સ્થિતિ પૂર્ણ થવા પર તે આત્માથી પૃથક થઈ જાય છે. કોઇ ગોળી રસમાં અધિક મધુર હોય છે, તો કોઈ ઓછી મધુર હોય છે. કોઈ રસમાં અધિક કટુ હોય છે તો કોઇ ઓછી કટુ હોય છે. તે રીતે કર્મ પુદ્ગલોમાં શુભાશુભ રસ ઓછી-વધતી માત્રામાં હોય છે. કર્મોમાં તીવ્ર-તીવ્રતર -તીવ્રતમ-અતિ તીવ્ર, મંદ-મંદતર-મંદતમ-અતિમંદ શુભા-શુભ રસોનો બંધ થવો તે 'રસબંધ' છે.

કોઇ ગોળી પ્રમાણમાં નાની હોય છે, તો કોઈ મોટી હોય છે. એ રીતે ભિન્ન-ભિન્ન કર્મપુદ્ગલોમાં ન્યૂનાધિક પરમાણુનું હોવું 'પ્રદેશબંધ' કહેવાય છે.

**પ્રશ્ન ૨૫૬-ચાર બંધ બાંધવાના કયા કારણો છે?**

**ઉત્તર**-પ્રકૃતિ અને પ્રદેશ બંધ થવાનું કારણ મન, વચન, કાયાના યોગ છે. સ્થિતિબંધ અને અનુભાગબંધનું કારણ કષાયો ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ છે,

બધા કર્મોમાં મોહનીય કર્મ પ્રધાન છે. આઠ કર્મોમાં રાજા છે. અને જ્યાં સુધી મોહનીય કર્મનો ઉદય છે, ત્યાં સુધી કર્મનો બંધ થાય છે. જ્યારે દર્શન મોહનીયનો નાશ થાય છે, ત્યારે જ જીવ મોક્ષની તરફ અગ્રેસર થાય છે. જ્યારે ચારિત્ર મોહનો ક્ષય થાય છે, ત્યારે જ અનંતસુખ (મોક્ષ)ની પ્રાપ્તિ થાય છે. જેમ વૃક્ષનું મૂળ નાશ પામવાથી વૃક્ષનો વિનાશ થઈ જાય છે, તેમ મોહનીય કર્મનો નાશ થવાથી સર્વકર્મોનો નાશ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૫૭–જીવ કયા પ્રકારના પરમાણુઓના સ્કંધને ગ્રહણ કરે છે?**

**ઉત્તર**–સંખ્યાત, અસંખ્યાત અથવા અનંત પરમાણુઓથી બનેલા સ્કંધને જીવ ગ્રહણ કરતો નથી, પરંતુ અનંતાનંત પરમાણુથી બનેલા સ્કંધને ગ્રહણ કરે છે.

# ૯. મોક્ષતત્ત્વ

**પ્રશ્ન ૧–જન્મ, જરા, મૃત્યુ અને રોગાદિક દુઃખ આપણે પામીએ છીએ, તેનું કારણ શું ?**

**ઉત્તર**–પોતાના જ કરેલાં પાપ કર્મોના ઉદયથી જીવ દુઃખ ભોગવે છે.

**પ્રશ્ન ૨–બધા દુઃખથી મુક્ત કઈ રીતે થઈ શકાય?**

**ઉત્તર**–જ્યાં સુધી દુઃખોના મૂળ–કારણ રૂપ કર્મો છે, ત્યાં સુધી દુઃખ તો છે જ. પરંતુ કોઈપણ ઉપાયથી કર્મબંધનથી આપણે છુટીએ તો દુઃખથી મુક્ત થઈ શકાય.

**પ્રશ્ન ૩–મોક્ષ કોને કહે છે?**

**ઉત્તર**–"**सकलकर्मांश वियोगो मोक्षः।**" આત્માના સંપૂર્ણ પ્રદેશોથી બધા કર્મોનો ક્ષય થઇને અનંત આત્મિક ગુણ પ્રગટ થઈ જવા તેને 'મોક્ષ' કહેવાય છે.

**પ્રશ્ન ૪–મોક્ષના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–બે ભેદ છે– (૧) દ્રવ્યમોક્ષ અને (૨) ભાવમોક્ષ (૧) રાગ–દ્વેષ રહિત આત્માનો શુદ્ધ ઉપયોગ ભાવમોક્ષ છે અને (૨) કર્મદલિકોથી મુક્ત થવું તે દ્રવ્યમોક્ષ છે. સમકિત ગુણ પ્રગટ થવા પર મિથ્યાત્વથી ભાવમુક્તિ થાય છે અને અનંતાનુબંધી તથા દર્શનમોહનીય કર્મદલિકોથી મુક્તિ તે દ્રવ્ય મુકિત છે.

**પ્રશ્ન ૫-મોક્ષ પ્રાપ્તિ કયા કારણોથી થાય છે?**

**ઉત્તર**-(૧) સમ્યગ્ જ્ઞાન (૨) સમ્યગ્ દર્શન (૩) સમ્યક્ ચારિત્ર અને (૪) સમ્યક્ તપથી મોક્ષ પ્રાપ્તિ થાય છે.

**પ્રશ્ન ૬-સમ્યગ્જ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**-વિશુદ્ધ અને સાચા દેવ, ગુરૂ અને ધર્મ તથા મિથ્યા દેવ, ગુરૂ અને ધર્મનું જ્ઞાન પ્રાપ્ત થવું. જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, નિર્જરા-બંધ અને મોક્ષ આ નવતત્ત્વોને સમ્યક્ પ્રકારથી જાણવા, અરિહંત દ્વારા બતાવેલા સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્તપ રૂપ 'મોક્ષમાર્ગ' ને યથાર્થ જાણવો. તે સમ્યગ્ જ્ઞાન છે. તેનું જ્ઞાન નિર્ગ્રંથ-ગુરૂથી અને આચારાંગાદિ સૂત્રોથી થઇ શકે છે.

**પ્રશ્ન ૭-સમ્યગ્દર્શન કોને કહે છે?**

**ઉત્તર**-અરિહંત દેવ જ સાચા દેવ છે. અરિહંત દ્વારા બતાવેલ મોક્ષમાર્ગ પર ચાલનારા જૈન સાધુ જ સાચા ગુરૂ છે. તથા અરિહંત દ્વારા પ્રરૂપિત જૈનધર્મ જ સાચો ધર્મ છે. અને જિનાગમ જ સાચા શાસ્ત્ર છે, એવી શ્રદ્ધા થવી તે 'સમ્યક્ દર્શન' છે.

**પ્રશ્ન ૮-સમ્યક્ચારિત્ર કોને કહે છે?**

**ઉત્તર**-સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શન પૂર્વક હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આદિ પાપોથી સર્વથા

વિરત થઈને પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ અને સમાચારી રૂપ સાધુધર્મનું સમ્યક્ પાલન કરવું સમ્યક્ ચારિત્ર છે. જો *એટલી શક્તિ ન હોય તો હિંસાદિ* પાપોથી પોતાની શક્તિ અનુસાર દેશતઃ વિરત થઈને પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત રૂપ શ્રાવક-ધર્મનું પાલન કરવું, તે સમ્યક્ દેશચારિત્ર છે.

**પ્રશ્ન ૯–સમ્યક્તપ કોને કહે છે?**

**ઉત્તર**–સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ દર્શન પૂર્વક અનશન આદિ છ પ્રકારના બાહ્ય તપ અને પ્રાયશ્ચિત આદિ છ પ્રકારના આભ્યંતર તપ કરતા થકા આત્મા પર લાગેલ કર્મમેલને દૂર કરવો 'સમ્યક્તપ' છે.

**પ્રશ્ન ૧૦–પ્રતિદિન સમ્યગ્દર્શનની આરાધના કેવી રીતે કરવી જોઈએ?**

**ઉત્તર**–પ્રાતઃકાલે ઉઠતા જ સૌથી પહેલા નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરી પરમેષ્ઠી દેવ, ગુરૂ, ધર્મ પ્રતિ શ્રદ્ધા–કૃતજ્ઞતા તથા પ્રાર્થનાત્મક ભાવપૂર્વક નમસ્કાર કરવા. ભરત–ક્ષેત્રના આ અવસર્પિણીકાળના પરમપૂજ્ય ઋષભદેવ ભગવાનથી મહાવીરસ્વામી પર્યંત ૨૪ તીર્થંકર તથા મહાવિ-દેહ ક્ષેત્રમાં વિચરવાવાળા સીમંધર–સ્વામી આદિ વિહરમાન તીર્થંકરોનું સ્મરણ કરવું, પરોપકારીનું વારંવાર સ્મરણ કરવાને માટે તેના નામની માળા આદિ ફેરવીને જપ કરવો. ચતુર્વિધ સંઘનું સ્મરણ કરવું. યોગ્યતાનુસાર–સમ્યક્શ્રુત શાસ્ત્રાદિનો અભ્યાસ કરવો. સમ્યક્–જ્ઞાન આદિ ચતુર્વિધ

ધર્મ અને જીવ આદિ નવ તત્ત્વો પર શ્રદ્ધા પુષ્ટ કરવી. યથાસમય સાધુ-સાધ્વીઓનાં દર્શન કરવા અને માંગલિક સાંભળવું. માતા-પિતા આદિ વૃદ્ધ પૂજ્યજન-જે ધર્મમાં નિમિત્ત થયેલા છે, તેને પ્રણામ કરવા. સાધર્મિક પરસ્પર મળે ત્યારે 'જયજિનેન્દ્ર' કહીને તેનું સ્વાગત કરવું વગેરે.....

**પ્રશ્ન ૧૧-પ્રતિદિન સમ્યગ્જ્ઞાનની આરાધના કેવી રીતે કરવી જોઈએ ?**

**ઉત્તર**-સંત આદિ જેઓ ધર્મકથા અને વ્યાખ્યાન ફરમાવે છે, તેમને સાંભળવું, તેમની સાથે ધાર્મિક પ્રશ્નોત્તર કરવા. કાંઈ નવું જ્ઞાન શીખવું, સમજવું, કંઠસ્થ કરવું, આગમાદિ ધર્મગ્રંથોનું વાંચન કરવું, શીખેલું જ્ઞાન વારંવાર ફેરવવું, ચિંતન કરવું, જો યોગ્યતા હોય તો બીજાને પણ જ્ઞાન શીખડાવવું. આ રીતે સમ્યક્જ્ઞાનની આરાધના કરવી જોઇએ.

**પ્રશ્ન ૧૨-પ્રતિદિન સમ્યક્ચારિત્રની આરાધના કેવી રીતે કરવી ?**

**ઉત્તર**-નિરપરાધ ત્રસજીવોની હિંસા ન કરવી. મરતા પ્રાણીની રક્ષા અને દુઃખી જીવોની અનુકંપા કરવી. હિત-મિત-પથ્ય સત્યવાણી બોલવી. પારકા ધનને માટી, પથ્થર સમાન સમજવું. અન્ય સ્ત્રીઓને માતા-બેન સમાન માનવી. જે પોતાની પાસે હોય, ન્યાયથી મળતું હોય તેમાં સંતોષ રાખવો. દિશાની મર્યાદા કરવી. ખાવા-પીવામાં, વ્યાપાર-વ્યવસાયમાં મર્યાદા-કરવી. રાત્રિભોજન, વિકારી ભોજન

ન કરવું. અનર્થ અને વ્યર્થ પાપોથી બચવું. પ્રતિદિન સામાયિક કરવી. ચૌદ નિયમનું ચિંતન કરવું અને સાધુ-સાધ્વીજીઓને નિર્દોષ દાન દેવું.

**પ્રશ્ન ૧૩–પ્રતિદિન સમ્યક્તપની આરાધના કેવી રીતે કરવી જોઈએ?**

**ઉત્તર**–સૂર્યોદય પછી જ્યાં સુધી નમસ્કાર મહામંત્રનો જાપ ન થાય, સામાયિક ન થાય યા સંતદર્શન ન થાય ત્યાં સુધી અન્ન–પાણી ન લેવા. જ્યાં સુધી ભૂખ ન લાગે ત્યાં સુધી ભોજન ન કરવું. ભૂખ લાગે ત્યારે પણ ભૂખથી ઓછું ભોજન કરવું. દેહમાં તથા ઇન્દ્રિયોમાં વિકાર વધે તેવા તથા રોગ ઉત્પન્ન થાય તેવા અતિ ગરિષ્ઠ, અતિ ખાટા, મીઠા, તીખા, મસાલેદાર ભોજન ન કરવા. મનમાં પવિત્ર વિચાર તથા કાયામાં આળસ રહિત રહેવું. નિત્ય પ્રાતઃ કાલે તથા સાયંકાલે પોતાના પાપોનું સ્મરણ કરીને તેના સંબંધમાં પશ્ચાતાપ કરવો. સાધુ–સાધ્વીઓ તથા ધર્મબંધુઓનો વિનય–વૈયા–વૃત્ય કરવા. ઇત્યાદિ પ્રકારથી સમ્યક્તપની આરાધના કરવી જોઇએ.

**પ્રશ્ન ૧૪–ચાર ગતિમાંથી કઇ ગતિમાં જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે?**

**ઉત્તર**–મનુષ્ય ગતિમાંથી જ જીવ મોક્ષ પ્રાપ્ત કરી શકે છે.

**પ્રશ્ન ૧૫–ચરમ શરીરી મનુષ્ય જ્યારે સર્વકર્મોથી મુકત થઈ જાય છે ત્યારે કયાં જાય છે?**

**ઉત્તર**–મુક્તિધામ–સિદ્ધશીલાથી પણ ઉપર લોકાગ્રે તે જીવ પહોંચી જાય છે. જેમ કોઈ તુંબડા પર માટી, રેતી આદિ પદાર્થોના આઠ લેપ લાગેલા હોય તો તે તુંબડું પાણીની અંદર ડુબેલું રહે છે. પરંતુ જો લેપ દૂર કરવામાં આવે તો શીઘ્ર તે તુંબડું પાણીની ઉપર આવી જાય છે. એ રીતે આઠકર્મોથી લિપ્ત થઇને સંસાર સમુદ્રમાં ડુબેલા જીવ જ્યારે કર્મોથી મુક્ત થઈ જાય છે. ત્યારે સ્વાભાવિક રીતિથી લોકના અગ્રભાગે પહોંચી જાય છે.

**પ્રશ્ન ૧૬–મોક્ષ પામેલ આત્મા ક્યાં બિરાજમાન છે?**

**ઉત્તર**–સર્વાર્થસિદ્ધ વિમાનની ધ્વજાથી ૧૨ યોજન ઉંચે ઉર્ધ્વલોકનો અંત થાય છે. અને ત્યાંથી અલોક શરૂ થાય છે. અલોકમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનો અભાવ હોવાથી જીવ અને પુદ્‌ગલ દ્રવ્યની ગતિ અથવા સ્થિતિ થઈ શકતી નથી. જેથી સિદ્ધ ભગવાન લોકના છેલ્લા ચરમાંત સુધી પહોંચીને ત્યાં સ્થિર થાય છે.

**પ્રશ્ન ૧૭–સિદ્ધ ભગવાન અને અલોકની વચ્ચે કેટલું અંતર છે?**

**ઉત્તર**–જેવી રીતે તડકા અને છાંયા વચ્ચે અંતર હોતું નથી. તેવી જ રીતે સિદ્ધ ભગવાન અને અલોકની વચ્ચે અંતર હોતું નથી.

**પ્રશ્ન ૧૮–સિદ્ધ ભગવાન જે ક્ષેત્રમાં બિરાજમાન હોય છે, તે ક્ષેત્રને શું કહે છે?**

ઉત્તર–સિદ્ધક્ષેત્ર–સિદ્ધ શીલા, ઇષત્પ્રાગ્ભારા નામની પૃથ્વી આદિ ૧૨ નામ છે. સિધ્ધ ભગવાન તેનાથી પણ ઉપર બિરાજમાન હોય છે.

પ્રશ્ન ૧૯-સિદ્ધક્ષેત્ર કેવું છે?

**ઉત્તર**–આ પૃથ્વી ૪૫ લાખ યોજનની લાંબીપહોળી અને એક કરોડ બેતાલીશ લાખ ત્રીસ હજાર બસોને ઓગણપચાશ (૧, ૪૨, ૩૦, ૨૪૯) યોજનથી પણ વધારે પરિધિવાળી છે. તે ઇષત્પ્રાગ્ભારા પૃથ્વી બહુમધ્ય દેશભાગમાં આઠ યોજન જેટલા ક્ષેત્રમાં આઠ યોજન જાડી છે. એના પછી થોડી થોડી ઓછી થતાં સૌથી અંતિમ છેડા પર માખીની પાંખથી પણ પાતળી છે. તેના છેડાની જાડાઇ આંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી છે.

**પ્રશ્ન ૨૦–સિદ્ધ ભગવાન ક્યાં સ્થિત થાય છે?**

**ઉત્તર**–ઈષિત્પ્રાગ્ભારા પૃથ્વીનાં તળિયાથી ઉત્સેધાંગુલથી એક યોજન ઉપર લોકાંત છે. તે યોજનનો જે ઉપરનો ગાઉ છે, તે ગાઉનો છેલ્લો છઠ્ઠો ભાગ છે, ત્યાં સિદ્ધ ભગવાન જન્મ–જરા અને મરણ પ્રધાન વિવિધ યોનિઓની વેદના અને સંસારમાં પરિભ્રમણથી થતાં વારંવાર ઉત્પત્તિ, ગર્ભાવાસનાં પ્રપંચથી રહિત બનીને શાશ્વત અનાગત કાલમાં સાદિ અનંત સ્થિત રહે છે.

**પ્રશ્ન ૨૧–એટલા જ ક્ષેત્રમાં સિદ્ધને રહેવાનું શું કારણ છે?**

ઉત્તર-મનુષ્ય ક્ષેત્ર (અઢીદ્વીપ) ૪૫ લાખ યોજનનું છે. અઢીદ્વીપમાંથી કોઇ એવી જગ્યા નથી કે જ્યાંથી સિદ્ધ ન થયાં હોય, જે જગ્યાએ મોક્ષગામી જીવ શરીરથી મુક્ત થાય છે, તેની સીધી લીટીમાં એક સમય માત્રમાં તે જીવ સીધો ઉપર ચઢીને લોકના અગ્રભાગમાં પહોંચીને સ્થિત થાય છે.

**પ્રશ્ન ૨૨-આટલા નાના ક્ષેત્રમાં અનંત સિદ્ધ કેવી રીતે સમાઈ શકે છે?**

ઉત્તર-જ્યાં એક સિદ્ધ હોય ત્યાં અનંત સિદ્ધ રહી શકે છે. કારણ કે આત્મા અરૂપી હોવાથી તેમાં કોઈ બાધા થતી નથી. જેવી રીતે એક ઓરડામાં એક દીપકનો પ્રકાશ પણ સમાઇ શકે છે. અને સો (૧૦૦) દીપકનો પ્રકાશ પણ સમાઇ શકે છે, તેવી રીતે આત્મા અરૂપી અથવા જ્ઞાન સ્વરૂપી હોવાથી એક જ સ્થાનમાં અનંત સિદ્ધો રહી શકે છે.

**પ્રશ્ન ૨૩-સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના કેટલી છે?**

ઉત્તર-સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગુલની છે.

**પ્રશ્ન ૨૪-સિદ્ધોની મધ્યમ અવગાહના કેટલી છે?**

ઉત્તર-૪ હાથ અને ૧૬ આંગુલ તે મધ્યમ અવગાહના છે.

**પ્રશ્ન ૨૫-સિદ્ધોની જઘન્ય અવગાહના કેટલી છે?**

ઉત્તર-જઘન્ય ૧ હાથ અને આઠ આંગુલ અધિક છે.

પ્રશ્ન ૨૬-સિદ્ધોને શરીર નથી તો અવગાહના કેવી રીતે હોય?

ઉત્તર-સિદ્ધોને શરીર નથી. પરંતુ ચરમ-શરીરનાં આત્મપ્રદેશોનો ઘન ⅔ ભાગ જેટલો હોય છે. અને વધારેમાં વધારે ૫૦૦ ધનુષ્યની અવગાહનાવાળા મનુષ્ય મોક્ષ પ્રાપ્ત કરી શકે છે એટલે તેની ૨/૩ ભાગ જેટલી ઉત્કૃષ્ટ અવગાહના છે. અને તે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગુલ પ્રમાણ હોય છે.

પ્રશ્ન ૨૭-સિદ્ધ થવાવાળો જીવ કયા સંઘયણથી સિદ્ધ થાય છે?

ઉત્તર-વજ્રઋષભનારાચ સંઘયણથી સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૨૮-સિદ્ધ થતાં જીવો કયા સંસ્થાનથી સિદ્ધ થાય છે?

ઉત્તર-છ સંસ્થાનમાંથી કોઈપણ સંસ્થાન (આકાર)માં જીવ સિદ્ધ થાય છે.

પ્રશ્ન ૨૯-સિદ્ધ થનાર જીવ કેટલી ઊંચાઈવાળો સિદ્ધ થાય છે?

ઉત્તર-જઘન્ય ૭ હાથ અને ઉત્કૃષ્ટ ૫૦૦ ધનુષ્યની ઊંચાઈવાળો જીવ સિદ્ધ થાય છે. તીર્થંકરોની ૭ હાથ, સામાન્ય કેવલીની અપેક્ષાએ જઘન્ય અવગાહના બે હાથની હોય છે.

પ્રશ્ન ૩૦-સિદ્ધ થતો જીવ કેટલા આયુષ્યમાં સિદ્ધ થાય છે?

**ઉત્તર**–જઘન્ય ૮ વર્ષથી અધિક આયુષ્યમાં અને ઉત્કૃષ્ટ ક્રોડ પૂર્વના આયુષ્યમાં સિદ્ધ થાય છે. અર્થાત્–૮ વર્ષના આયુષ્યથી ક્રોડ પૂર્વ સુધીનાં આયુષ્યવાળા સિદ્ધ થઈ શકે છે. તેનાથી ઓછા કે વધારે આયુષ્યવાળા મનુષ્ય સિદ્ધ થઈ શકતા નથી.

**પ્રશ્ન ૩૧**–ચૌદ **માર્ગણાઓમાંથી** કઈ–કઈ માર્ગણાઓથી જીવ મોક્ષ પામે છે ?

**ઉત્તર**–નીચે મુજબ ૧૦ માર્ગણાઓથી યુક્ત જીવ મોક્ષ પામી શકે છે—(૧) મનુષ્યગતિ (૨) પંચેન્દ્રિય જાતિ (૩) ત્રસકાય (૪) ભવસિદ્ધિક (૫) સંજ્ઞી (૬) ક્ષાયિક સમકિત (૭) યથાખ્યાત ચારિત્ર (૮) અનાહારક (૯) કેવલજ્ઞાન (૧૦) કેવલદર્શન, શેષ ૪ માર્ગણાઓમાંથી (કષાય, વેદ, યોગ અને લેશ્યા) યુક્ત જીવ મોક્ષ મેળવી શકતો નથી.

**પ્રશ્ન ૩૨**–સિદ્ધોને કેટલું સુખ હોય છે ?

**ઉત્તર**–એક સિદ્ધના સુખને ત્રણે કાળથી ગુણતાં જે સુખનો આંક આવે, તેને અનંતવર્ગ વડે ભાગવાથી જે સુખનો આંક પ્રાપ્ત થાય છે, તે સુખનો આંક સંપૂર્ણ આકાશમાં પણ સમાઇ શકતો નથી.

જેમકે કોઇ મલેચ્છ (=જંગલી મનુષ્ય) ઘણી જાતના નગરના ગુણોને જાણવા છતાં પણ ત્યાં નગર તુલ્ય કોઇ પદાર્થ ન હોવાથી નગરના ગુણોને કહેવામાં સમર્થ બની શકતો નથી. તેવી જ રીતે સિદ્ધોનું સુખ અનુપમ છે. તેની સરખામણી કોઈ પદાર્થ સાથે થઈ શકતી નથી.

**પ્રશ્ન ૩૩–સિદ્ધ ભગવાનને કેટલા ઉપયોગ છે?**

**ઉત્તર**–કેવલજ્ઞાન અને કેવલદર્શન એમ બે ઉપયોગ છે.

**પ્રશ્ન ૩૪–એક સમયમાં કેટલા સિદ્ધ થાય છે?**

**ઉત્તર**–એક સમયમાં જઘન્ય ૧–૨–૩ અને ઉત્કૃષ્ટ ૧૦૮ સિદ્ધ થાય છે.

## સમ્યગ્જ્ઞાન

**પ્રશ્ન ૩૫– જ્ઞાનનાં કેટલા ભેદ છે ?**

**ઉત્તર**–(૧) મતિજ્ઞાન (૨) શ્રુતજ્ઞાન (૩) અવધિજ્ઞાન (૪) મનઃ પર્યવજ્ઞાન અને (૫) કેવલજ્ઞાન.

**પ્રશ્ન ૩૬–પાંચ જ્ઞાનના સંક્ષિપ્ત ભેદ કેટલા છે?**

**ઉત્તર**–(૧) પ્રત્યક્ષ અને (૨) પરોક્ષ.

**પ્રશ્ન ૩૭–પ્રત્યક્ષ કોને કહે છે?**

**ઉત્તર**–કોઇપણ બીજા નિમિત્તની સહાયતા વિના સ્વતઃ પોતાની શક્તિથી જાણે તેને પ્રત્યક્ષ કહેવાય છે. તેનાં બે ભેદ છે—(૧) ઇન્દ્રિય પ્રત્યક્ષ અને (૨) અનિન્દ્રિય પ્રત્યક્ષ.

**પ્રશ્ન ૩૮–ઇન્દ્રિય પ્રત્યક્ષ કોને કહે છે?**

**ઉત્તર**–અન્યની સહાયતા વિના સ્વ ઇન્દ્રિયથી જાણવું તે 'ઇન્દ્રિય પ્રત્યક્ષ' છે.

**પ્રશ્ન ૩૯–અનિન્દ્રિય પ્રત્યક્ષ કોને કહે છે?**

**ઉત્તર**-ઇન્દ્રિયોની સહાયતા વિના પોતાના આત્માથી જાણવું તે 'અનિન્દ્રિય પ્રત્યક્ષ' છે.

**પ્રશ્ન ૪૦**-પરોક્ષ કોને કહે છે ?

**ઉત્તર**-જે પોતાને જાણવા-દેખવામાં ન આવે અને બીજાની સહાયતાથી જાણી શકે.

**પ્રશ્ન ૪૧**-પરોક્ષ જ્ઞાનના કેટલા ભેદ છે ?

**ઉત્તર**-(૧) મતિજ્ઞાન અને (૨) શ્રુતજ્ઞાન.

**પ્રશ્ન ૪૨-મતિજ્ઞાનનું બીજું નામ શું છે ?**

**ઉત્તર**-આભિનિબોધિક જ્ઞાન.

**પ્રશ્ન ૪૩**-આભિનિબોધિક જ્ઞાનનો અર્થ શું છે ?

**ઉત્તર**-ઇન્દ્રિય અને મનના નિમિત્તથી નિયત રૂપથી અરૂપી દ્રવ્યોને જાણવા તે 'આભિનિબોધિક' જ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન ૪૪-મતિજ્ઞાનના કેટલા ભેદ છે ?**

**ઉત્તર**-(૧) શ્રુત-નિશ્રિત અને (૨) અશ્રુત-નિશ્રિત મતિજ્ઞાન.

**પ્રશ્ન ૪૫**-શ્રુત-નિશ્રિત મતિજ્ઞાનના કેટલા ભેદ છે ?

**ઉત્તર**-(૧) અવગ્રહ (૨) ઈહા (૩) અવાય અને (૪) ધારણા એ ચાર ભેદ છે.

**પ્રશ્ન ૪૬-અવગ્રહ એટલે શું ?**

**ઉત્તર**-ગ્રહણ કરવું, સંબંધ થવો અને જાણવું.

**પ્રશ્ન ૪૭–અવગ્રહના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) વ્યંજનાવગ્રહ અને (૨) અર્થાવગ્રહ.

**પ્રશ્ન ૪૮–વ્યંજનાવગ્રહ કોને કહે છે?**

**ઉત્તર**–શ્રોત્ર આદિ ઉપકરણ દ્રવ્ય–ઇન્દ્રિયોની સાથે શબ્દાદિ પુદ્‌ગલોનું વ્યંજન–સંબંધ થવો.

**પ્રશ્ન ૪૯–વ્યંજનાવગ્રહના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–શ્રોત્રેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૨) ઘ્રાણેન્દ્રિય વ્યંજનાવગ્રહ (૩) રસનેન્દ્રિય વ્યંજનાવગ્રહ અને (૪) સ્પર્શનેન્દ્રિય વ્યંજનાવગ્રહ.

**પ્રશ્ન ૫૦–અર્થાવગ્રહ કોને કહે છે?**

**ઉત્તર**–શ્રોત્ર આદિ ઉપકરણ દ્રવ્ય ઇન્દ્રિયોનાં નિમિત્તથી શ્રોત્ર આદિ ભાવ ઇન્દ્રિયો દ્વારા શબ્દાદિ પદાર્થોને અવ્યક્ત રૂપથી જાણવા–અર્થાવગ્રહ છે.

**પ્રશ્ન ૫૧–અર્થાવગ્રહના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–(૧) શ્રોત્રેન્દ્રિય અર્થાવગ્રહ (૨) ચક્ષુરિન્દ્રિય અર્થાવગ્રહ (૩) ઘ્રાણેન્દ્રિય અર્થાવગ્રહ (૪) રસનેન્દ્રિય અર્થાવગ્રહ (૫) સ્પર્શનેન્દ્રિય અર્થાવગ્રહ અને (૬) અનિન્દ્રિય અર્થાવગ્રહ.

**પ્રશ્ન ૫૨–ઈહા કોને કહે છે?**

**ઉત્તર**–અવગ્રહ દ્વારા અવ્યક્તરૂપથી જાણેલા પદાર્થની વિશેષ–યથાર્થ વિચારણા કરવી તે ઈહા છે. જેમકે અંધકારમાં

સર્પ સમાન દોરડાનો સ્પર્શ થવા પર આ દોરડું હોવું જોઇએ, સર્પ નહિ, એવી યથાર્થ સમ્યક્ વિચારણા થવી. તેના પણ છ ભેદ છે. પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠું અનિન્દ્રિય (મન) ઈહા.

**પ્રશ્ન ૫૩–અવાય શું છે?**

**ઉત્તર**–ઈહા દ્વારા યથાર્થ સમ્યક્ વિચાર કરેલા પદાર્થોનો નિર્ણય કરવો 'અવાય' છે.

**પ્રશ્ન ૫૪–ધારણા કોને કહે છે?**

**ઉત્તર**–અવાય દ્વારા નિર્ણય કરેલા પદાર્થને જ્ઞાનમાં ધારણ કરવા–સ્મૃતિમાં રાખવા 'ધારણા' છે.

**પ્રશ્ન ૫૫–શ્રુત નિશ્રિતના કુલ કેટલા ભેદ થયા?**

**ઉત્તર**–અર્થાવગ્રહના ૬, વ્યંજનાવગ્રહના ૪, ઈહા, અવાય અને ધારણા–પ્રત્યેકના ૬–૬ = કુલ ૨૮ ભેદ થયા.

**પ્રશ્ન ૫૬–અશ્રુત નિશ્રિત આભિનિબોધિક જ્ઞાન શું છે?**

**ઉત્તર**–જે મતિજ્ઞાન ઉપર પહેલા શીખેલા શ્રુતજ્ઞાનનો પ્રભાવ ન હોય, તે મતિજ્ઞાનને 'અશ્રુતનિશ્રિત' મતિજ્ઞાન કહે છે. તેનું બીજું નામ 'બુદ્ધિ' છે.

**પ્રશ્ન ૫૭–અશ્રુત નિશ્રિત મતિજ્ઞાનના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–ચાર પ્રકારની બુદ્ધિ – (૧) ઔત્પાતિકી (૨) વૈનયિકી (૩) કાર્મિકી અને (૪) પારિણામિકી.

**પ્રશ્ન ૫૮**-ઔત્પાતિકી બુદ્ધિ કોને કહે છે?

**ઉત્તર**-જે બુદ્ધિ અન્ય કોઈ પણ કારણ વિના સ્વતઃ ક્ષયોપશમ માત્રથી ઉત્પન્ન થાય છે, તેને 'ઔત્પાતિકી' બુદ્ધિ કહેવાય છે.

**પ્રશ્ન ૫૯**-વૈનયિકી બુદ્ધિ કોને કહે છે?

**ઉત્તર**-વંદનીય પુરૂષોની પ્રતિ વિનય-વૈયાવૃત્ય આરાધના આદિથી જે બુદ્ધિ ઉત્પન્ન થાય છે, તેને 'વૈનયિકી બુદ્ધિ' કહેવાય છે.

**પ્રશ્ન ૬૦**-કાર્મિકી બુદ્ધિ કોને કહે છે?

**ઉત્તર**-જે બુદ્ધિ કામ કરવાથી (અભ્યાસ કરતા થકા) ઉત્પન્ન થાય છે, તેને 'કાર્મિકી બુદ્ધિ' કહેવાય છે.

**પ્રશ્ન ૬૧**-પારિણામિકી બુદ્ધિ કોને કહે છે?

**ઉત્તર**-જે બુદ્ધિ પરિણામોથી ઉત્પન્ન થાય છે, તેને 'પારિણામિકી બુદ્ધિ' કહેવાય છે.

જેમ જેમ વય અને અનુભવની વૃદ્ધિ થાય છે, તેમ તેમ પારિણામિકી બુદ્ધિ વધતી જાય છે.

**પ્રશ્ન ૬૨**-જાતિસ્મરણ જ્ઞાન કોને કહે છે?

**ઉત્તર**-જેનાથી પૂર્વભવનું સ્મરણ થઈ જાય તે જ્ઞાન 'જાતિસ્મરણ જ્ઞાન' કહેવાય છે.

**પ્રશ્ન ૬૩**-જાતિસ્મરણજ્ઞાન કયા જ્ઞાનનો ભેદ છે?

**ઉત્તર**–મતિજ્ઞાનનો ભેદ છે.

**પ્રશ્ન ૬૪–શ્રુતજ્ઞાનનો અર્થ શું છે?**

**ઉત્તર**–શબ્દજ્ઞાન અથવા શાસ્ત્રજ્ઞાન.

**પ્રશ્ન ૬૫–શ્રુતજ્ઞાન મતિજ્ઞાન સિવાય કોઈને થઈ શકે છે?**

**ઉત્તર**–ના. મતિજ્ઞાન હોય તેને જ શ્રુતજ્ઞાન હોય છે અને શ્રુતજ્ઞાન હોય તેને જ મતિજ્ઞાન. શ્રુત વિના મતિ-જ્ઞાન ન હોય અને મતિજ્ઞાન વિના શ્રુતજ્ઞાન ન હોય. બન્ને સહચારી છે.

**પ્રશ્ન ૬૬–શ્રુતજ્ઞાનના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–ચૌદ ભેદ છે—(૧) અક્ષર શ્રુત (૨) અનક્ષર શ્રુત (૩) સંજ્ઞી શ્રુત (૪) અસંજ્ઞી શ્રુત (૫) સમ્યક્શ્રુત (૬) મિથ્યાશ્રુત (૭) સાદિશ્રુત (૮) અનાદિશ્રુત (૯) સપર્ય-વસિત શ્રુત (૧૦) અપર્યવસિત શ્રુત (૧૧) ગમિક શ્રુત (૧૨) અગમિક શ્રુત (૧૩) અંગ પ્રવિષ્ટ શ્રુત અને (૧૪) અંગ બાહ્ય શ્રુત.

**પ્રશ્ન ૬૭–અક્ષર શ્રુત કોને કહે છે?**

**ઉત્તર**–જે 'અ' 'ક' આદિ વર્ણાત્મક શ્રુત છે. તેને અક્ષરશ્રુત કહેવાય છે. તેનાં ત્રણ ભેદ છે. (૧) સંજ્ઞાક્ષર (૨) વ્યંજનાક્ષર અને (૩) લબ્ધિ અક્ષર.

**પ્રશ્ન ૬૮–સંજ્ઞાક્ષર કોને કહે છે!**

ઉત્તર–અક્ષરોની આકૃતિને અર્થાત્ લિપિને 'સંજ્ઞાક્ષર' કહેવાય છે.

**પ્રશ્ન ૬૯–વ્યંજનાક્ષર કોને કહે છે?**

ઉત્તર–શ્રોતાને અર્થનું જ્ઞાન થઈ શકે તે રીતે અક્ષરોના સ્પષ્ટ ઉચ્ચારણને અર્થાત્ ભાષાને 'વ્યંજનાક્ષર' કહેવાય છે.

**પ્રશ્ન ૭૦–લબ્ધિ અક્ષર શ્રુત શું છે?**

ઉત્તર–અક્ષર લબ્ધિવાળા જીવને લબ્ધિ અક્ષર ઉત્પન્ન થાય છે. ભાવશ્રુતને 'લબ્ધિ અક્ષર' કહેવાય છે.

**પ્રશ્ન ૭૧–અનક્ષર શ્રુત કોને કહે છે?**

ઉત્તર–જે 'અ' 'ક' આદિ વર્ણ–રહિત શ્રુત છે તેને 'અનક્ષરશ્રુત' કહેવાય છે. અનક્ષર શ્રુતના અનેક ભેદ છે— ૧ શ્વાસ લેવો, ૨ શ્વાસ છોડવો, ૩ થૂંકવું, ૪ ખાંસવું, ૫ છીંકવું વગેરે 'અનક્ષર શ્રુત' કહેવાય છે.

**પ્રશ્ન ૭૨–સંજ્ઞી શ્રુત કોને કહે છે?**

ઉત્તર–જે જીવ સંજ્ઞા સહિત છે. તેના શ્રુતને 'સંજ્ઞી શ્રુત' કહેવાય છે.

**પ્રશ્ન ૭૩–અસંજ્ઞીશ્રુત કોને કહે છે?**

ઉત્તર–જે જીવ સંજ્ઞારહિત છે, તેના શ્રુતને 'અસંજ્ઞી-શ્રુત' કહેવાય છે.

**પ્રશ્ન ૭૪–સમ્યક્ શ્રુત એટલે શું?**

**ઉત્તર**–કેવલજ્ઞાન, કેવલદર્શનના ધારક સર્વજ્ઞ–સર્વ-દર્શી, ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જ્ઞાતા, દેવ, દાનવ અને માનવથી વંદિત, કીર્તિત તથા પૂજિત અરિહંત પ્રભુથી પ્રણીત આ ગણિપિટક–જ્ઞાનનો કોષ દ્વાદશાંગી સમ્યક્શ્રુત છે.

**પ્રશ્ન ૭૫-મિથ્યાશ્રુત કોને કહે છે?**

**ઉત્તર**–કુત્સિત જ્ઞાનીઓ અને મિથ્યાદૃષ્ટિઓ દ્વારા પોતાની સ્વચ્છંદ–આધારહીન બુદ્ધિ દ્વારા વિકલ્પિત પ્રવચન અને આગમ 'મિથ્યાશ્રુત' કહેવાય છે.

**પ્રશ્ન ૭૬-સાદિ અને સપર્યવસિત શ્રુત શું છે?**

**ઉત્તર**–જે શ્રુત આદિ સહિત છે, તે સાદિ શ્રુત અને જે અંત સહિત છે તે સપર્યવસિત શ્રુત છે. દ્રવ્યથી એક પુરૂષ, ક્ષેત્રથી પાંચ ભરત, પાંચ ઐરવત, કાલથી ઉત્સર્પિણી–અવસર્પિણીની અપેક્ષા સમ્યક્શ્રુત સાદિ સપર્યવસિત છે.

**પ્રશ્ન ૭૭-અનાદિ અપર્યવસિત શ્રુત કોને કહે છે?**

ઉત્તર–જે શ્રુત આદિ રહિત છે, તે અનાદિશ્રુત અને જે શ્રુત અંતરહિત છે તે અપર્યવસિત શ્રુત અર્થાત્ જેની આદિ અને અંત નથી, એવું શ્રુત અનાદિ અપર્યવસિત શ્રુત કહેવાય છે. દ્રવ્યથી અનેક પુરૂષોની અપેક્ષા, ક્ષેત્રથી–મહાવિદેહ ક્ષેત્રની અપેક્ષા, કાલથી–અનુત્સર્પિણી–અનવ-સર્પિણીની અપેક્ષા સમ્યક્ શ્રુત 'અનાદિ અપર્યવસિત' કહેવાય છે.

**પ્રશ્ન ૭૮-ગમિક શ્રુત કોને કહે છે?**

ઉત્તર-જે શ્રુતના આદિ, મધ્ય અને અંતમાં કાંઈક વિશેષતાવાળા પહેલાની સમાન-સરખા સૂત્ર પાઠ વારંવાર આવે તે શ્રુતને 'ગમિકશ્રુત' કહેવાય છે. દૃષ્ટિવાદ ગમિક શ્રુત છે.

**પ્રશ્ન ૭૯-અગમિક શ્રુત કોને કહે છે ?**

ઉત્તર-જે શ્રુતમાં ઘણા ભિન્નતાવાળા અસમાન સૂત્ર-પાઠ આવે છે, તે શ્રુતને 'અગમિક' કહેવાય છે. કાલિક સૂત્ર અગમિક છે.

**પ્રશ્ન ૮૦-અંગ પ્રવિષ્ટ શ્રુત શું છે ?**

ઉત્તર-જે શાસ્ત્ર અંગભૂત હોય, અથવા જે શ્રુત વિભાગનું બધું શ્રુત ગણધર રચિત જ હોય, તે અંગ-પ્રવિષ્ટ છે.

**પ્રશ્ન ૮૧-અંગ પ્રવિષ્ટ શ્રુતના કેટલા ભેદ છે ?**

ઉત્તર-બાર ભેદ છે-(૧) આચારંગ (૨) સૂત્રકૃતાંગ (૩) સ્થાનાંગ (૪) સમવાયાંગ (૫) વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતી) (૬) જ્ઞાતાધર્મ કથા (૭) ઉપાસક દશાંગ (૮) અંતકૃત દશાંગ (૯) અનુત્તરોપપાતિક (૧૦) પ્રશ્ન વ્યાકરણ (૧૧) વિપાક સૂત્ર અને (૧૨) દૃષ્ટિવાદ.

**પ્રશ્ન ૮૨-અંગબાહ્ય શ્રુત કોને કહે છે ?**

ઉત્તર-જે શ્રુત વિભાગનો કોઈ શ્રુત વિભાગ ગણધર રચિત પણ હોય અને કોઈ શ્રુત સંકલન આદિની દૃષ્ટિથી

પૂર્વધર શ્રુત–સ્થવિર રચિત પણ હોય તેને ‘ અંગબાહ્ય ’ કહેવાય છે.

**પ્રશ્ન ૮૩–અંગબાહ્યના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–બે ભેદ છે–(૧) આવશ્યક અને (૨) આવશ્યક વ્યતિરિક્ત.

**પ્રશ્ન ૮૪–આવશ્યક કોને કહે છે?**

**ઉત્તર**–જે ક્રિયાનુષ્ઠાન સાધુ–સાધ્વી, શ્રાવક–શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘને સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી પ્રતિદિન અને પ્રતિરાત્રિ ઉભયકાલ કરવું આવશ્યક છે તેને ‘ આવશ્યક ’ કહેવાય છે, અને તેના પ્રતિપાદક સૂત્રને ‘આવશ્યક સૂત્ર’ કહે છે.

**પ્રશ્ન ૮૫–આવશ્યકના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–છ ભેદ છે—(૧) સામાયિક (૨) ચતુર્વિંશતિ સ્તવ (૩) વંદના (૪) પ્રતિક્રમણ (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન.

**પ્રશ્ન ૮૬–આવશ્યક વ્યતિરિક્ત એટલે શું?**

**ઉત્તર**–આવશ્યકથી ભિન્ન જેટલા સમ્યક્શ્રુત છે, તે બધા આવશ્યક વ્યતિરિક્ત છે.

**પ્રશ્ન ૮૭–આવશ્યક વ્યતિરિક્તના કેટલા ભેદ છે?**

**ઉત્તર**–બે ભેદ છે–(૧) કાલિક અને (૨) ઉત્કાલિક.

**પ્રશ્ન ૮૮–કાલિક સૂત્ર કોને કહે છે?**

ઉત્તર–અમુક કાલમાં જ ભણવા યોગ્ય જે સૂત્ર દિવસ અને રાત્રિના પ્રથમ અને ચોથા પ્રહરમાં જ ભણી શકાય તેને કાલિક સૂત્ર કહેવાય છે. જેમ–ઉત્તરાધ્યયન, દશાશ્રુત સ્કંધ, બૃહત્કલ્પ, વ્યવહાર, નિશીથ વગેરે.

**પ્રશ્ન ૮૯–ઉત્કાલિક સૂત્ર કોને કહે છે?**

ઉત્તર–કાલ ઉપરાંત પણ ભણવા યોગ્ય જે સૂત્ર દિવસ અને રાત્રિના બીજા અને ત્રીજા પ્રહરમાં પણ ભણી શકાય તેને ઉત્કાલિક સૂત્ર કહેવાય છે.

જેવી રીતે દશવૈકાલિક, જીવાભિગમ, પ્રજ્ઞાપના, નંદીજી વગેરે...

**પ્રશ્ન ૯૦–અનિન્દ્રિય પ્રત્યક્ષના કેટલા ભેદ છે?**

ઉત્તર–ત્રણ ભેદ છે—(૧) અવધિજ્ઞાન (૨) મનઃપર્યવજ્ઞાન અને (૩) કેવલજ્ઞાન.

**પ્રશ્ન ૯૧–અવધિજ્ઞાન કોને કહે છે?**

ઉત્તર–દ્રવ્યઇન્દ્રિય અને દ્રવ્ય મનના નિમિત્ત વિના કેવલ આત્માથી જ રૂપી પુદ્ગલ દ્રવ્યને જાણવું તે અવધિજ્ઞાન છે.

**પ્રશ્ન ૯૨–અવધિજ્ઞાનના કેટલા ભેદ છે?**

ઉત્તર–બે ભેદ છે—(૧) ભવપ્રત્યય અને (૨) ક્ષાયોપશમિક.

**પ્રશ્ન ૯૩–ભવપ્રત્યય અવધિજ્ઞાન એટલે શું?**

**ઉત્તર**–જન્મની સાથે જ થવાવાળું અવધિજ્ઞાન. તે અવધિજ્ઞાન જન્મથી જ દેવ અને નારકીને હોય છે.

**પ્રશ્ન ૯૪–ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**–જે અવધિજ્ઞાન અવધિજ્ઞાનાવરણીય કર્મ–દલિકોના ક્ષયોપશમને કારણે ઉત્પન્ન થાય છે, તેને ક્ષાયોપશમિક અવધિજ્ઞાન કહેવાય છે. તે મનુષ્ય અને તિર્યંચને હોય છે.

**પ્રશ્ન ૯૫-ક્ષાયોપશમિક અવધિજ્ઞાનનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–છ ભેદ છે—(૧) આનુગામિક (૨) અનાનુગામિક (૩) હીયમાન (૪) વર્દ્ધમાન (૫) પ્રતિપાતિ અને (૬) અપ્રતિપાતિ.

**પ્રશ્ન ૯૬–આનુગામિક અવધિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**-આનુગામિકનો અર્થ–સાથે જવાવાળું જ્ઞાન. જે અવધિજ્ઞાન તેની ઉત્પત્તિ ક્ષેત્રને છોડીને બીજી જગ્યાએ પણ તે આત્માની સાથે જાય અને જવા છતાં પણ કાયમ રહે તે આનુગામિક અવધિજ્ઞાન છે. જેમ આંખો પોતાના સ્વામીની સાથે જ જાય છે. તેમ આનુગામિક અવધિજ્ઞાન પોતાના સ્વામીની સાથે જ જાય છે.

**પ્રશ્ન ૯૭–આનુગામિક અવધિજ્ઞાનનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–બે ભેદ છે—(૧) અંતગત અને (૨) મધ્યગત.

પ્રશ્ન ૯૮–અંતગત અવધિજ્ઞાન કોને કહે છે?

ઉત્તર–જે અવધિજ્ઞાનથી કોઈ એક દિશાના રૂપી પદાર્થ જાણી શકાય તેને 'અંતગત' અવધિજ્ઞાન કહેવાય છે.

પ્રશ્ન ૯૯-મધ્યગત અવધિજ્ઞાન કોને કહે છે?

ઉત્તર–જે અવધિજ્ઞાનથી અવધિજ્ઞાની છએ દિશાઓના રૂપી પુદ્ગલને જાણે તેને 'મધ્યગત' અવધિજ્ઞાન કહેવાય છે.

પ્રશ્ન ૧૦૦–અનાનુગામિક અવધિજ્ઞાન એટલે શું?

ઉત્તર–અનાનુગામિકનો અર્થ–સાથે નહિ ચાલવાવાળું જે અવધિજ્ઞાન તેના ઉત્પત્તિ સ્થાનને છોડીને અન્ય ક્ષેત્રમાં જતા થકા પોતાના સ્વામીની સાથે ન જાય, તેને અનાનુગામિક અવધિજ્ઞાન કહેવાય છે.

પ્રશ્ન ૧૦૧–વર્દ્ધમાન અવધિજ્ઞાન કોને કહે છે?

ઉત્તર–જે અવધિજ્ઞાન પૂર્વ અવસ્થાની અપેક્ષા વર્તમાન અવસ્થામાં પરિણામોની વિશુદ્ધિને કારણે ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે તેને વર્ધમાન અવધિજ્ઞાન કહેવાય છે. જેમ અધિક–અધિક ઇંધન નાખવાથી અને વાયુના નિમિત્તથી આગ વધે છે, તેવી જ રીતે વર્ધમાન અવધિજ્ઞાન ઉત્પત્તિ-કાલમાં અલ્પવિષયક હોવા છતાં પણ પરિણામની શુદ્ધિ વધવાની સાથે સાથે ઉત્તરોત્તર વૃદ્ધિ પામે છે.

પ્રશ્ન ૧૦૨–હીયમાન અવધિજ્ઞાન કોને કહે છે?

ઉત્તર–હીયમાનનો અર્થ–ઘટી રહેલ અવધિજ્ઞાન. જે અવધિજ્ઞાન પૂર્વ અવસ્થાની અપેક્ષાએ વર્તમાન અવસ્થામાં

અશુભ વિચારોના કારણે ઉત્તરોત્તર ઘટતું રહે, તેને હીયમાન અવધિજ્ઞાન કહેવાય છે. જેમ ઈંધન અને વાયુની અલ્પતા (અભાવ)થી અગ્નિની જ્વાલા ક્રમશઃ ઘટતી જાય છે, તેમ જે અવધિજ્ઞાન ઉત્પત્તિના સમયે અધિક વિસ્તૃત હોવા છતાં પણ પરિણામની શુદ્ધિ ઓછી થવાથી ક્રમશઃ ઘટતું જાય છે, તેને 'હીયમાન' અવધિજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૦૩–પ્રતિપાતિ અવધિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**–પ્રતિપાતિનો અર્થ–પતન પામનારૂં અવધિજ્ઞાન. અર્થાત્ જે અવધિજ્ઞાન થોડો કાળ રહીને સર્વથા નાશ થઈ જાય, તેને પ્રતિપાતિ અવધિજ્ઞાન કહેવાય છે. જેમ તેલના અભાવમાં અથવા વાયુના ઝપાટાથી દીપક સર્વથા બુઝાઈ જાય છે, તેમ ઉત્પન્ન થયા પછી શીઘ્ર લુપ્ત થઈ જાય તે પ્રતિપાતિ અવધિજ્ઞાન છે.

**પ્રશ્ન ૧૦૪–અપ્રતિપાતિ અવધિજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**–જે અવધિજ્ઞાન ઉત્પન્ન થયા પછી કેવલજ્ઞાનની ઉત્પત્તિના પહેલા એક ક્ષણ સુધી વિદ્યમાન રહે તેને 'અપ્રતિપાતિ' અવધિજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૦૫–અવધિજ્ઞાની દ્રવ્યથી કેટલું દેખે છે?**

**ઉત્તર**–દ્રવ્યથી અવધિજ્ઞાની–જઘન્યથી અનંત રૂપી દ્રવ્યોને જાણે–દેખે છે અને ઉત્કૃષ્ટથી બધા રૂપી દ્રવ્યોને જાણે છે અને દેખે છે.

**પ્રશ્ન ૧૦૬–ક્ષેત્રથી અવધિજ્ઞાની કેટલું દેખે છે?**

**ઉત્તર**–જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટથી સર્વ લોક અને અલોકમાં લોકપ્રમાણ અસંખ્યાત ખંડ જેટલું ક્ષેત્ર જાણે છે અને દેખે છે.

**પ્રશ્ન ૧૦૭–કાલથી અવધિજ્ઞાની કેટલું જાણી શકે છે?**

**ઉત્તર**–કાલથી જઘન્ય આવલિકાનો અસંખ્યાતમો ભાગ અને ઉત્કૃષ્ટ અતીત, અનાગત, અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણીનાં કાલચક્રને જાણે છે અને દેખે છે.

**પ્રશ્ન ૧૦૮–ભાવથી અવધિજ્ઞાની કેટલું જાણે છે?**

**ઉત્તર**–જઘન્ય, ઉત્કૃષ્ટ અનંત ભાવ (પર્યાય) જાણી શકે છે.

**પ્રશ્ન ૧૦૯–યથાર્થજ્ઞાન કોને કહે છે?**

**ઉત્તર**–સમ્યક્જ્ઞાનને યથાર્થજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૧૦–વિપરીત જ્ઞાનનું શું નામ છે?**

**ઉત્તર**–મિથ્યાજ્ઞાન.

**પ્રશ્ન ૧૧૧–સમ્યક્જ્ઞાની જીવની દૃષ્ટિ કઈ હોય છે?**

**ઉત્તર**–એક સમ્યક્દૃષ્ટિ જ હોય છે.

**પ્રશ્ન ૧૧૨–મિથ્યાજ્ઞાનવાળાની દૃષ્ટિ કઈ હોય છે?**

**ઉત્તર**–મિથ્યાદૃષ્ટિ હોય છે.

**પ્રશ્ન ૧૧૩–મિથ્યાદૃષ્ટિના મતિજ્ઞાનને અને શ્રુતજ્ઞાનને શું કહે છે?**

**ઉત્તર**–મતિઅજ્ઞાન અને શ્રુત અજ્ઞાન.

**પ્રશ્ન ૧૧૪**–મિથ્યાદૃષ્ટિને અવધિજ્ઞાન ઉત્પન્ન થાય તો તેને શું કહે છે?

**ઉત્તર**–મિથ્યાદૃષ્ટિના અવધિજ્ઞાનને 'વિભંગજ્ઞાન' કહેવાય છે.

**પ્રશ્ન ૧૧૫**–મનઃ પર્યવજ્ઞાન કોને કહે છે?

**ઉત્તર**–જે જ્ઞાન દ્વારા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોની મનની પર્યાયો જાણી શકાય, તેને મનઃપર્યવજ્ઞાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૧૬**–મનઃ પર્યવજ્ઞાન કોને થાય છે?

**ઉત્તર**–મનઃપર્યવજ્ઞાન અપ્રમત્ત, આત્મ ઋદ્ધિ સંપન્ન, સમ્યગ્દૃષ્ટિ વિશુદ્ધ ચારિત્રવાળા સાધુ મુનિરાજોને થાય છે.

**પ્રશ્ન ૧૧૭**– મનઃ પર્યવજ્ઞાનના કેટલા ભેદ છે?

**ઉત્તર**–બે ભેદ છે–(૧) ઋજુમતિ (૨) વિપુલમતિ

**પ્રશ્ન ૧૧૮**–ઋજુમતિ અને વિપુલમતિનો શું અર્થ છે?

**ઉત્તર**–જે વિષયને વિપુલમતિ કરતાં સામાન્ય રૂપથી જાણે છે તે ઋજુમતિ મનઃપર્યવજ્ઞાન છે. અને જે વિશેષ રૂપથી જાણે છે, તે વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન છે.

**પ્રશ્ન ૧૧૯**–ઋજુમતિ અને વિપુલમતિ મનઃ પર્યવજ્ઞાનમાં શું અંતર છે?

**ઉત્તર**–ઋજુમતિની અપેક્ષા વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન વિશુદ્ધતર હોય છે. કારણ કે ઋજુમતિની અપેક્ષા સૂક્ષ્મતર અને અધિક વિશેષધર્મને સ્પષ્ટપણે જાણી શકે છે. તેના

સિવાય ઋજુમતિ ઉત્પન્ન થયા પછી કદાચિત્ ચાલ્યું પણ જાય છે, પરંતુ વિપુલમતિ ચાલ્યું જતું નથી. પુરા ભવ સુધી સાથે જ રહે છે.

**પ્રશ્ન ૧૨૦–દ્રવ્યથી ઋજુમતિ અને વિપુલમતિ કેટલું જાણે છે અને દેખે છે?**

**ઉત્તર**–દ્રવ્યથી ઋજુમતિ અનંતપ્રદેશી અનંત-સ્કંધને જાણે છે–દેખે છે. અને તેને જ વિપુલમતિ અધિક વિશુદ્ધ-તાથી અને વિપુલતાથી જાણે છે અને દેખે છે.

**પ્રશ્ન ૧૨૧–ક્ષેત્રથી ઋજુમતિ અને વિપુલમતિ કેટલું જાણે છે અને દેખે છે?**

**ઉત્તર**–જઘન્ય આંગુલનો અસંખ્યાતમો ભાગ, ઉત્કૃષ્ટથી નીચે રત્નપ્રભા પૃથ્વીના ઉપરના અધસ્તન ક્ષુદ્રપ્રતર સુધી જાણે-દેખે છે. ઉપર જ્યોતિષીઓના ઉપરના તળીયા સુધી જાણે-દેખે છે. ત્રિચ્છા–મનુષ્ય ક્ષેત્ર સુધી જાણે–દેખે છે તે જ ક્ષેત્રને વિપુલમતિ અઢી આંગુલ અધિકતર અને વિપુલતર જાણે છે અને દેખે છે.

**પ્રશ્ન ૧૨૨–કાલથી ઋજુમતિ, વિપુલમતિ કેટલું જાણે–દેખે છે?**

**ઉત્તર**–કાલથી ઋજુમતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ પલ્યો-પમનો અસંખ્યાતમો ભાગ અતીત અને અનાગત જાણે–દેખે છે. તે કાલને વિપુલમતિ અધિકતાથી, વિપુલતાથી, વિશુદ્ધતાથી તથા ઘણી સારી રીતે જાણે છે અને દેખે છે.

**પ્રશ્ન ૧૨૩–ભાવથી ઋજુમતિ-વિપુલમતિ કેટલું જાણે-દેખે છે?**

**ઉત્તર**–ભાવથી ઋજુમતિ અનંત ભાવોને જાણે-દેખે છે. સર્વભાવોના અનંતમા ભાગને જાણે-દેખે છે. તેને જ વિપુલમતિ અધિકતર, વિપુલતર, વિશુદ્ધતર અને ઘણી સારી રીતે જાણે છે.

**પ્રશ્ન ૧૨૪–અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં શું અંતર છે?**

**ઉત્તર**–(૧) મનઃ પર્યવજ્ઞાન અવધિજ્ઞાનની અપેક્ષા પોતાના વિષયને ઘણા સ્પષ્ટ રૂપથી જાણે છે, એટલા માટે તે તેનાથી વિશુદ્ધતર છે. (૨) અવધિજ્ઞાનનું ક્ષેત્ર અંગુલના અસંખ્યાતમા ભાગથી લઈને આખોલોક છે. અને મનઃ પર્યવજ્ઞાનનું ક્ષેત્ર તો માનુષોત્તર પર્વત સુધીનું જ છે. (૩) અવધિજ્ઞાનના સ્વામી ચારે ગતિવાલા થઈ શકે છે; પરંતુ મનઃ પર્યવજ્ઞાનનાં સ્વામી ફક્ત સંયતિ મનુષ્ય જ થઇ શકે છે. (૪) અવધિજ્ઞાનનો વિષય કેટલાક પર્યાયો સહિત રૂપી દ્રવ્ય છે. પરંતુ મનઃ પર્યાયનો વિષય તો ફક્ત તેનો અનંતમો ભાગ છે. અને તે મનની પર્યાયને જ ગ્રહણ કરે છે. (૫) અવધિજ્ઞાન ભવ પ્રત્યય પણ હોય છે અને ગુણ પ્રત્યય પણ હોય છે, પરંતુ મનઃ પર્યવજ્ઞાન ગુણ પ્રત્યય જ હોય છે. (૬) અવધિજ્ઞાન તો અજ્ઞાનરૂપ પણ હોઈ શકે છે, પરંતુ મનઃ પર્યવજ્ઞાન જ્ઞાન રૂપ જ હોય છે.

**પ્રશ્ન ૧૨૫–છદ્મસ્થને ઉત્કૃષ્ટ કેટલા જ્ઞાન હોઈ શકે?**

ઉત્તર–ચાર (૧) મતિ (૨) શ્રુત (૩) અવધિ અને (૪) મન: પર્યવજ્ઞાન.

પ્રશ્ન ૧૨૬–સર્વ શ્રેષ્ઠ જ્ઞાન કયું છે?

ઉત્તર–કેવલજ્ઞાન.

પ્રશ્ન ૧૨૭–કેવલજ્ઞાન કોને કહે છે?

ઉત્તર–શુદ્ધ, સંપૂર્ણ, પ્રત્યક્ષ, અસાધારણ, અનંત, અસ્ખલિત, અપર્યવસિત જ્ઞાન તે કેવલજ્ઞાન છે.

પ્રશ્ન ૧૨૮–કેવલજ્ઞાન ઉત્પન્ન થવાથી શું દેખાય છે?

ઉત્તર–દ્રવ્યથી રૂપી–અરૂપી સકલ દ્રવ્ય, ક્ષેત્રથી લોક–અલોક પ્રમાણ સર્વક્ષેત્ર. કાલથી અનંત ભૂત, ભવિષ્ય અને વર્તમાન કાળ રૂપ સર્વકાળ અને ભાવથી સર્વગુણ પર્યાય હસ્તામલકવત્ જાણે છે અને દેખે છે.

પ્રશ્ન ૧૨૯–કેવલજ્ઞાન કયા ભાવથી ઉત્પન્ન થાય છે?

ઉત્તર–કેવલજ્ઞાન ક્ષાયિકભાવથી ઉત્પન્ન થાય છે.

પ્રશ્ન ૧૩૦–કેવલજ્ઞાન સિવાય અન્ય ચાર જ્ઞાન કયા ભાવથી આવે છે?

ઉત્તર–ક્ષાયોપશમિક ભાવથી આવે છે.

# પ્રમાણ, નય, નિક્ષેપ અને સપ્તભંગી

પ્રશ્ન ૧૩૧–પ્રમાણ કોને કહે છે?

ઉત્તર–સ્વ અને પરનો નિશ્ચય કરાવનાર સાચા

જ્ઞાનને 'પ્રમાણ' કહેવાય છે. અથવા જે જ્ઞાન વસ્તુના અનેક અંશને જાણે તે 'પ્રમાણજ્ઞાન' છે.

**પ્રશ્ન ૧૩૨**-શું જ્ઞાન જ પ્રમાણ હોય છે?

**ઉત્તર**-હા, જ્ઞાન સિવાય બીજા ઇન્દ્રિય, મન કે ઇન્દ્રિય અને વિષયનો સંયોગ તે પ્રમાણ નથી.

**પ્રશ્ન ૧૩૩**-જ્ઞાન સ્વપ્રકાશ્ય છે કે પરપ્રકાશ્ય છે?

**ઉત્તર**-જ્ઞાન સ્વપ્રકાશ્ય છે, કારણ કે જ્ઞાન પોતે પોતાને સ્વયં જ જાણે છે. જેમ-દીપક.

**પ્રશ્ન ૧૩૪**-પ્રમાણના કેટલા ભેદ છે?

**ઉત્તર**-ચાર ભેદ છે-(૧) પ્રત્યક્ષ (૨) અનુમાન (૩) આગમ અને (૪) ઉપમાન.

**પ્રશ્ન ૧૩૫**-પ્રત્યક્ષ કોને કહે છે?

**ઉત્તર**-જે પદાર્થ સ્પષ્ટતાથી (આકારાદિ વિશિષ્ટતાથી) જાણે. તેનાં બે ભેદ છે-(૧) સાંવ્યવહારિક અને (૨) પારમાર્થિક પ્રત્યક્ષ.

**પ્રશ્ન ૧૩૬**-સાંવ્યવહારિક પ્રત્યક્ષ કોને કહે છે?

**ઉત્તર**-જે ઇન્દ્રિય અને મનની સહાયતાથી વસ્તુને જાણે તેને 'સાંવ્યવહારિક પ્રત્યક્ષ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૩૭**-ઇન્દ્રિય અને મન પ્રાપ્યકારી છે કે અપ્રાપ્યકારી છે?

**ઉત્તર**-ચક્ષુ અને મન, આ બંને અપ્રાપ્યકારી છે

—વસ્તુની સાથે સંયોગ થયા વિના જ જ્ઞાન કરાવે છે. કારણ કે તેનામાં તેવી જ યોગ્યતા છે. સ્પર્શન, રસન, ઘ્રાણ અને શ્રોત્ર, આ ચાર ઇન્દ્રિયો પ્રાપ્તકારી છે=વિષયની સાથે સંયોગ થવાથી જ જ્ઞાન કરાવે છે. કારણ કે તેનામાં તેવી જ યોગ્યતા છે.

**પ્રશ્ન ૧૩૮-જ્ઞાન પ્રાપ્યકારી છે કે અપ્રાપ્યકારી?**

**ઉત્તર**-જ્ઞાન અપ્રાપ્યકારી છે, કારણ કે તે પોતાના સ્થાનમાં રહીને જ પદાર્થોને જાણી લે છે.

**પ્રશ્ન ૧૩૯-પારમાર્થિક પ્રત્યક્ષ કોને કહે છે?**

**ઉત્તર**-જે જ્ઞાન કોઇપણ ઈન્દ્રિય આદિની સહાયતા વગર આત્મા માત્રથી જ પદાર્થને સ્પષ્ટપણે જાણે તેને 'પારમાર્થિક પ્રત્યક્ષ' કહેવાય છે.

**પ્રશ્ન ૧૪૦-પારમાર્થિક પ્રત્યક્ષના કેટલા ભેદ છે?**

**ઉત્તર**-બે ભેદ છે-(૧) વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ અને (૨) સકલ પારમાર્થિક પ્રત્યક્ષ.

**પ્રશ્ન ૧૪૧-વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ કોને કહે છે?**

જે જ્ઞાન કોઈપણ ઇન્દ્રિય આદિની સહાયતા વગર આત્મા માત્રથી જ રૂપી પદાર્થને સ્પષ્ટપણે જાણે, તેને વિકલ પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. તેના બે ભેદ છે. અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન.

**પ્રશ્ન ૧૪૨-સકલ પારમાર્થિક પ્રત્યક્ષ કોને કહે છે?**

ઉત્તર—જે જ્ઞાન કોઈપણ ઇન્દ્રિય આદિની સહાયતા વગર આત્મા માત્રથી જ સર્વ ક્ષેત્રકાળવર્તી સર્વ દ્રવ્ય, ગુણ, પર્યાયને સ્પષ્ટપણે જાણે તેને સકલ પારમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. અને તે એક માત્ર 'કેવલજ્ઞાન' છે.

**પ્રશ્ન ૧૪૩—અનુમાન કોને કહે છે?**

ઉત્તર—પ્રત્યક્ષ સાધનથી અપ્રત્યક્ષ સાધ્યના જ્ઞાનને અનુમાન કહેવાય છે. જેમ—ધુમાડો દેખીને થતું અગ્નિનું જ્ઞાન.

**પ્રશ્ન ૧૪૪—સાધ્ય કોને કહે છે?**

ઉત્તર—સાધન વડે સિદ્ધ કરાય તેને સાધ્ય કહેવાય છે. તે સાધ્ય પ્રતિવાદીને ઇષ્ટ ન હોય, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી બાધિત ન હોય અને વાદીને ઇષ્ટ હોય છે.

**પ્રશ્ન ૧૪૫—સાધન કોને કહે છે?**

ઉત્તર—જેના દ્વારા સાધ્ય સિદ્ધ કરવામાં આવે તેને સાધન કહેવાય છે,

**પ્રશ્ન ૧૪૬—અનુમાનના કેટલા ભેદ છે?**

ઉત્તર—બે ભેદ છે— (૧) સ્વાર્થાનુમાન અને (૨) પરાર્થાનુમાન.

**પ્રશ્ન ૧૪૭—સ્વાર્થાનુમાન કોને કહે છે?**

ઉત્તર—સ્વયં સાધન દ્વારા જ સાધનનું જ્ઞાન કરવું તેને "સ્વાર્થાનુમાન" કહેવાય છે.

**પ્રશ્ન ૧૪૮—પરાર્થાનુમાન કોને કહે છે?**

ઉત્તર–બીજાને સાધનથી સાધ્યનું જ્ઞાન કરાવવા માટે જે વચન બોલવામાં આવે છે તેને "પરાર્થાનુમાન" કહેવાય છે. (તે શબ્દ રૂપ હોવાથી અને જ્ઞાનનું કારણ હોવાથી ઉપચારથી જ્ઞાનરૂપ છે.)

**પ્રશ્ન ૧૪૯–આગમ પ્રમાણ કોને કહે છે?**

ઉત્તર–આપ્ત પુરૂષો–નિર્દોષ અને પરમ માન્ય મહર્ષિઓનાં વચનથી ઉત્પન્ન થતાં જ્ઞાનને આગમ પ્રમાણ કહેવાય છે અને તેનાં વચનને પણ ઉપચારથી "આગમ–પ્રમાણ" કહેવાય છે,

**પ્રશ્ન ૧૫૦–આપ્ત કોને કહે છે?**

ઉત્તર–જેનું વચન પ્રમાણથી બાધિત ન હોય. જે વસ્તુ જેવી હોય તેવી જ જાણે અને જેવી જાણે તેવી જ કહે તેને "આપ્ત" કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૧–આગમના કેટલા ભેદ છે?**

ઉત્તર–(૧) સુત્રાગમ (૨) અર્થાગમ અને (૩) તદુભયાગમ.

**પ્રશ્ન ૧૫૨–ઉપમાન પ્રમાણ કોને કહે છે?**

ઉત્તર–જેના દ્વારા સદૃશતાથી ઉપમેય પદાર્થોનું જ્ઞાન થાય છે, તેને ઉપમાન પ્રમાણ કહેવાય છે, જેમ કે–ગવયગાયની સમાન હોય છે. અથવા કોઈ પ્રસિદ્ધ અને જ્ઞાત વસ્તુની અપ્રસિદ્ધ તથા અજ્ઞાત વસ્તુની ઉપમા આપવી.

**પ્રશ્ન ૧૫૩–ઉપમાન પ્રમાણના કેટલા ભેદ છે?**

ઉત્તર–તેનાં ચાર ભેદ છે.

**(૧) સત્‌ને સત્‌ની ઉપમા**– વિદ્યમાન વસ્તુને વિદ્યમાન વસ્તુની ઉપમા આપવી. જેવી રીતે વિદ્યમાન તીર્થંકરના વક્ષસ્થલ (છાતી)ને દરવાજાની ઉપમા આપવામાં આવે છે.

**(૨) સત્‌ને અસત્‌ની** ઉપમા–વિદ્યમાન પદાર્થને અવિદ્યમાન પદાર્થની ઉપમા આપવી. જેમકે વિદ્યમાન નારકી દેવ આદિના આયુષ્ય પલ્યોપમ, સાગરોપમ પરિમાણ છે, તેને અવિદ્યમાન યોજન પરિમાણ કૂવાની ઉપમા આપવામાં આવી છે.

**(૩) અસત્‌ને સત્‌ની ઉપમા**-જે અવસ્થા નષ્ટ થઇ ચૂકી છે, તેને વિદ્યમાન સત્ વસ્તુની ઉપમા આપવી. જેમ કે– વસંતઋતુના નીચે પડી ગયેલા જૂના સુકા પાંદડા નવા ઉગતા કુંપલને કહે છે– ભાઇ ! અમે પણ એક વખત તમારી જેમ કોમળ, કાંતિવાળા અને ચીકણા હતા. અમારી આજે જે દશા છે, તમારી પણ એક દિવસ તેવી જ દશા થશે. આ પાંદડાઓનો પરસ્પરમાં કાલ્પનિક વાર્તાલાપ તે અસત્‌ને સત્‌ની ઉપમા છે.

**(૪) અસત્‌ને અસત્‌ની ઉપમા** : અવિદ્યમાન વસ્તુને અવિદ્યમાન વસ્તુની ઉપમા. જેમ–ગધેડાના શીંગડા આકાશના ફૂલ જેવા છે.

**પ્રશ્ન ૧૫૪-પ્રમાણનું ફળ શું છે?**

ઉત્તર–અજ્ઞાનનું દૂર થવું.

**પ્રશ્ન ૧૫૫–નય કોને કહે છે?**

ઉત્તર–પ્રમાણથી જાણેલ અનંત ધર્માત્મક વસ્તુના એક ધર્મને જાણવાવાળા જ્ઞાનને 'નય' કહેવાય છે. અથવા કોઈ વિષયનું સાપેક્ષ નિરૂપણ તેને 'નય' કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૬–નયના કેટલા ભેદ છે?**

ઉત્તર–બે ભેદ છે (૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક.

**પ્રશ્ન ૧૫૭–દ્રવ્યાર્થિક નય કોને કહે છે?**

ઉત્તર–જે દ્રવ્યાર્થ = વિશેષને ગૌણ કરીને સામાન્યને ગ્રહણ કરે છે, તેને "દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૮–પર્યાયાર્થિક નય કોને કહે છે?**

ઉત્તર–જે પર્યાયાર્થ = સામાન્યને ગૌણ કરી વિશેષને ગ્રહણ કરે તેને "પર્યાયાર્થિક નય" કહેવાય છે.

**પ્રશ્ન ૧૫૯–દ્રવ્ય–અર્થિક નયના કેટલા ભેદ છે?**

ઉત્તર–ત્રણ ભેદ છે–(૧) નૈગમ (૨) સંગ્રહ અને (૩) વ્યવહાર.

**પ્રશ્ન ૧૬૦–પર્યાયાર્થિક નયના કેટલા ભેદ છે?**

ઉત્તર–ચાર ભેદ છે–(૧) ઋજુસૂત્ર (૨) શબ્દ (૩) સમભિરૂઢ અને (૪) એવંભૂત.

**પ્રશ્ન ૧૬૧–નૈગમ નય કોને કહે છે?**

જેનો એક ગમ = અભિપ્રાય નથી એટલે કે જે અંશ, આરોપ અને વિકલ્પથી વસ્તુને જાણે તથા જે વિચાર લૌકિક રૂઢિ અને લૌકિક સંસ્કારનું અનુસરણ કરે તેને નૈગમ નય કહેવાય છે. જેમ કે–નિગોદીયા જીવને સિદ્ધ કહેવો, ચૌદમા ગુણસ્થાન વાળાને સંસારી કહેવો. તે એક અંશને ગ્રહણ કરીને શેષની ઉપેક્ષા કરે છે. લાકડીના ઘોડાને ઘોડો કહેવો તે આરોપ છે. જેમ રથને માટે લાકડા કાપવા વનમાં જતાં સુથારને કોઇ પૂછે, કયાં જાવ છો? તો તે કહે કે રથ લેવા જાઉં છું, તે વિકલ્પ છે.

**પ્રશ્ન ૧૬૨–સંગ્રહ નય કોને કહે છે?**

**ઉત્તર**–પોતાની જાતિનો વિરોધ ન કરીને અનેક વિષયોને જો એકપણાથી ગ્રહણ કરે તેને સંગ્રહનય કહેવાય છે. જેમ–જીવ કહેવાથી બધા જીવોનું ગ્રહણ થઈ જાય છે.

**પ્રશ્ન ૧૬૩–વ્યવહાર નય કોને કહે છે?**

**ઉત્તર**–સંગ્રહનયથી ગ્રહણ કરેલા પદાર્થોને વિધિપૂર્વક જુદા જુદા કરે તેને વ્યવહાર નય કહેવાય છે. જેમ કે –જીવના ત્રસ અને સ્થાવર આદિ ભેદ કરવા. ઉપરોક્ત ત્રણેય નયોની મુખ્યરૂપથી સામાન્ય દૃષ્ટિ રહે છે. તે માટે તેને "દ્રવ્યાર્થિક નય" કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૪–ઋજુસૂત્ર નય કોને કહે છે?**

**ઉત્તર–ઋજુ યાને સરલ અર્થાત્ જે વિચાર ભૂતભવિષ્ય-**

કાળની ઉપેક્ષા કરીને વર્તમાન પર્યાય અને તે પણ પોતાની જ પર્યાય માત્રને ગ્રહણ કરે તેને "ઋજુસૂત્ર નય" કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૫–શબ્દ નય કોને કહે છે?**

**ઉત્તર**–લિંગ, કારક, વચન, કાલ અને ઉપસર્ગ વગેરેના ભેદથી વસ્તુને ભિન્નપણે ગ્રહણ કરે તેને શબ્દનય કહેવાય છે. જેમકે 'દાર, ભાર્યા, કલત્ર' એ ત્રણેય શબ્દ ભિન્ન–ભિન્ન લિંગના એક જ સ્ત્રી પદાર્થના વાચક છે. પરંતુ તે નય સ્ત્રી પદાર્થને લિંગના ભેદથી ભિન્ન–ભિન્ન માને છે. તે રીતે સુમેરૂ હતો; સુમેરૂ છે અને સુમેરૂ હશે, ઉપરોક્ત ઉદાહરણમાં શબ્દનય, ભૂત, વર્તમાન અને ભવિષ્ય-કાલના ભેદથી સુમેરૂ પર્વતમાં ત્રણ ભેદ માને છે.

**પ્રશ્ન ૧૬૬–સમભિરૂઢ નય કોને કહે છે?**

**ઉત્તર**–જે પર્યાયવાચક શબ્દોના વ્યુત્પત્તિના ભેદથી અર્થને ભિન્ન ભિન્ન રૂપથી ગ્રહણ કરે. જેમકે–ઈન્દ્ર, શક્ર પુરંદર, તે બધાનો એક અર્થ હોવા છતાં પણ તે નય વ્યુત્પત્તિ અર્થના ભેદથી ભિન્ન ભિન્ન રૂપે ગ્રહણ કરે છે. શબ્દનય ઈન્દ્ર, શક્ર, પુરંદર આ ત્રણ શબ્દોના એક જ વાચ્ય માને છે. પરંતુ સમભિરૂઢ નયના મતથી આ ત્રણે-યની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન છે. તેથી ભિન્ન માને છે. ઈન્દન = ઐશ્વર્ય ભોગવતા હોવાથી ઈન્દ્રને ઇન્દ્ર કહે, શકન = સમર્થ હોવાથી તે શક્ર અને પુરદારણ = નગરોનો નાશ કરવામાં શક્તિમાન હોવાથી પુરન્દર કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૭–એવંભૂત નય કોને કહે છે?**

**ઉત્તર**–જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ હોય તે ક્રિયારૂપમાં પરિણત થયેલા પદાર્થને જ જે તે શબ્દથી ગ્રહણ કરે તેને એવંભૂત નય કહેવાય છે. એવંભૂત નયમાં ઉપયોગ સહિત ક્રિયાની પ્રધાનતા છે. આ નયના મતથી વસ્તુ ત્યારે તે નામથી કહેવાય જ્યારે તેના સંપૂર્ણ ગુણ તેનામાં હોય અને યથાવત્ ક્રિયા કરે. એવંભૂતનય ઇન્દન ક્રિયાનો અનુભવ કરતા હોય યાને ઐશ્વર્ય ભોગવતા હોય તે વખતે જ તેને ઇન્દ્ર શબ્દથી બોલાવે. શકન ક્રિયામાં પરિણત હોય ત્યારે જ શક્રને શક્ર કહે અને પુરદારણ ક્રિયામાં પરિણત હોય ત્યારે જ પુરન્દરને પુરન્દર શબ્દથી સ્વીકારે છે, અન્યથા–બીજી ક્રિયા કરતા હોય તો તે શબ્દનો પ્રયોગ ન કરે. આ નય પૂર્વના બધા નયોથી અત્યંત સૂક્ષ્મ છે.

ઋજુસૂત્ર આદિ ચારે નયો વર્તમાન પર્યાયથી પ્રારંભીને ઉત્તરોત્તર સંક્ષિપ્ત વિષય વાળા છે. તે માટે તે "પર્યાયાર્થિક નય" કહેવાય છે.

**પ્રશ્ન ૧૬૮–નયવાદ એટલે શું?**

**ઉત્તર**–વિચારોની મીમાંસા. પરસ્પર વિરૂદ્ધ દેખાતા વિચારોના મૂળ કારણોને શોધીને તે બધામાં સમન્વય કરવાવાળું શાસ્ત્ર તે નયવાદ છે.

**પ્રશ્ન ૧૬૯–નિક્ષેપ કોને કહે છે?**

**ઉત્તર**–પ્રતિપાદ્ય વસ્તુના સ્વરૂપને સમજવાને માટે

નામ, સ્થાપના, દ્રવ્ય આદિ ભેદોથી સ્થાપન કરવું તેને "નિક્ષેપ" કહેવાય છે.

**પ્રશ્ન ૧૭૦–નિક્ષેપ કેટલા છે?**

**ઉત્તર**–ચાર છે. (૧) નામ નિક્ષેપ (૨) સ્થાપના-નિક્ષેપ (૩) દ્રવ્ય નિક્ષેપ અને (૪) ભાવ નિક્ષેપ.

**પ્રશ્ન ૧૭૧–નામ નિક્ષેપ કોને કહે છે?**

**ઉત્તર**–જીવ અથવા અજીવનું જે નામ હોય, તે '**નામ નિક્ષેપ**' કહેવાય છે. તે વસ્તુ નામના ગુણ સહિત હોય કે રહિત હોય. જેમ લાકડાના ટુકડામાં જીવ શબ્દનો સંકેત કરવામાં આવે તો તેમાં જીવનું લક્ષણ–ઉપયોગ ન હોવાથી તે '**નામ**' જીવ છે. તે જ રીતે એક વ્યક્તિનું '**સેવક**' નામ રાખવામાં આવ્યું, તેનામાં ભલે સેવક જેવા ગુણો ન પણ હોય, તો પણ તે નામથી '**સેવક** છે તેમજ યથાર્થ વસ્તુનું નામ તે પણ "નામનિક્ષેપ" છે.

**પ્રશ્ન ૧૭૨–સ્થાપના નિક્ષેપ કોને કહે છે? તેનાં કેટલા ભેદ છે?**

**ઉત્તર**–કોઈ મૂળ વસ્તુની પ્રતિકૃતિ, મૂર્તિ અથવા ચિત્રમાં આરોપ કરવો, તે સ્થાપના નિક્ષેપ છે. તેના બે ભેદ છે–(૧) સદ્‌ભાવ સ્થાપના અને (૨) અસદ્‌ભાવ સ્થાપના.

**પ્રશ્ન ૧૭૩–સદ્‌ભાવ સ્થાપના એટલે શું?**

**ઉત્તર**–કોઇ મૂળ વસ્તુની મૂર્તિ બનાવવામાં આવે, અસલ વસ્તુની આકૃતિ બનાવવામાં આવે, અથવા કાગળ-

પાષાણુ યા લાકડાના પાટીયા પર ચિત્ર દોરવામાં આવે, તો તે સદ્ભાવ સ્થાપના છે. જેમ જંબુદ્વીપ આદિનો નકશો, દસ્તાવેજ પર ૧,૧૦,૧૦૦ આદિ અંકિત કરવા, સિક્કા ઉપર 'એક રૂપિયા' આદિ અંકિત કરવા. કોઈ નિર્જીવ મૂર્તિ બનાવવી તે "સદ્ભાવ સ્થાપના" છે.

**પ્રશ્ન ૧૭૪–અસદ્ભાવ સ્થાપના કોને કહે છે?**

**ઉત્તર**–મૂળ વસ્તુની આકૃતિ વિના જ કોઈ કાષ્ટનો ટુકડો, પથ્થર, ઈંટ આદિ કોઈપણ વસ્તુમાં મૂળ વસ્તુનો આરોપ કરવો. જેમ–શેતરંજના પાસામાં હાથી, ઘોડા આદિનો આકાર ન હોવા છતાં હાથી, ઘોડા વગેરે કહેવા તે "અસદ્ભાવ સ્થાપના" છે.

**પ્રશ્ન ૧૭૫–દ્રવ્ય નિક્ષેપ કોને કહે છે?**

**ઉત્તર**–ભૂતકાળની થયેલી યા ભવિષ્યકાળમાં થનારી અવસ્થાનો વર્તમાનમાં વ્યવહાર કરવો. જેમકે–રાજકુમારને રાજા કહેવો. ડોકટરનો અભ્યાસ કરી રહ્યો હોય તેને ડોકટર કહેવો. અથવા શિક્ષક પદથી નિવૃત્ત થયેલાને શિક્ષક કહેવો તે "દ્રવ્યનિક્ષેપ" છે.

**પ્રશ્ન ૧૭૬–ભાવ નિક્ષેપ કોને કહે છે?**

**ઉત્તર**–વર્તમાનમાં તે ગુણ પર્યાય સંયુકત વસ્તુને ભાવનિક્ષેપ કહેવાય છે. જેમ રાજ્ય કરનાર પુરૂષને રાજા કહેવો.

પ્રશ્ન ૧૭૭-સપ્તભંગી કોને કહે છે?

ઉત્તર-તે સાત ભંગ આ પ્રમાણે છે: (૧) સ્યાદ્-નાસ્તિ (૩) સ્યાદ્અસ્તિ નાસ્તિ (૪) સ્યાદ્ અવકતવ્ય (૫) સ્યાદ્ અસ્તિ અવકતવ્ય (૬) સ્યાદ્ નાસ્તિ અવકતવ્ય અને (૭) સ્યાદ્ અસ્તિ નાસ્તિ અવકતવ્ય.

પ્રશ્ન ૧૭૮-સ્યાદ્ અસ્તિ (પ્રથમભંગ)નું તાત્પર્ય શું છે?

ઉત્તર-'કથંચિત્ છે' કોઈપણ વસ્તુ પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ વિદ્યમાન છે. આ 'સ્યાદ્ અસ્તિ' નામનો પ્રથમ ભંગ છે. જેમ કે જીવ દ્રવ્ય પોતાના ગુણ અને પર્યાયોની અપેક્ષાએ વિદ્યમાન છે. તેવી રીતે સર્વ દ્રવ્યોમાં પોત-પોતાનાં ધર્મોની અપેક્ષાથી સત્ત્વ કહેવું તે પ્રથમ ભંગનું તાત્પર્ય છે.

પ્રશ્ન ૧૭૯-સ્યાદ્ નાસ્તિ કોને કહે છે?

ઉત્તર-'કથંચિત્ નથી.' પર-દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ વસ્તુ નથી. તે રીતે નિષેધ બતાવનાર ભંગ તે 'સ્યાદ્ નાસ્તિ' નામનો બીજો ભંગ છે. જેમ જીવ દ્રવ્યમાં અન્ય દ્રવ્યોનાં ધર્મ નથી. તેથી જીવ તે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નથી. તે બીજો ભંગ છે.

પ્રશ્ન ૧૮૦-સ્યાદ્ અસ્તિ-નાસ્તિ કોને કહે છે?

ઉત્તર-'કથંચિત્ છે અને નથી.' એકજ સમયમાં એક

જ વસ્તુમાં પોતાના દ્રવ્યાદિની અપેક્ષાએ અસ્તિત્વ છે. અને પરદ્રવ્યાદિની અપેક્ષાથી નાસ્તિત્વ છે. તે સ્યાદ્ અસ્તિ–નાસ્તિ નામનો ત્રીજો ભંગ છે.

**પ્રશ્ન ૧૮૧–સ્યાદ્ અવકતવ્ય કોને કહે છે?**

**ઉત્તર**–'કથંચિત્ કહી શકાતું નથી.' ત્રીજા ભંગ અનુસાર એક જ સમયમાં એક વસ્તુમાં 'અસ્તિ–નાસ્તિ' બંને ધર્મો હોવા છતાં એકી સાથે કહી શકાતા નથી. તેથી સ્યાદ્ અવકતવ્ય નામનો ચોથો ભંગ છે.

**પ્રશ્ન ૧૮૨–સ્યાદ્ અસ્તિ અવકતવ્ય કોને કહે છે?**

**ઉત્તર**–'કથંચિત્ છે અને અવકતવ્ય છે, વસ્તુ પોતાના દ્રવ્યાદિથી અસ્તિરૂપ છે, પણ તે જ સમયે અન્ય દ્રવ્યાદિની અપેક્ષાએ અસત્ હોવા છતાં એકી સાથે તે કહી શકાતા નથી. માટે અવકતવ્ય પણ છે. તેથી 'અસ્તિઅવકતવ્ય' નામનો પાંચમો ભંગ છે.

**પ્રશ્ન ૧૮૩–સ્યાદ્ નાસ્તિ અવકતવ્ય કોને કહે છે?**

**ઉત્તર**–'કથંચિત્ નથી અને અવકતવ્ય છે.' વસ્તુ પર દ્રવ્યાદિની અપેક્ષા નાસ્તિરૂપ છે, છતાં તે સમયે અન્ય ધર્મો તેમાં હોવા છતાં કહી શકાતા નથી. તેથી અવકતવ્ય છે. માટે 'સ્યાદ્ નાસ્તિ અવકતવ્ય' નામનો છઠ્ઠો ભંગ છે.

**પ્રશ્ન ૧૮૪–'સ્યાદ્ અસ્તિ–નાસ્તિ અવકતવ્ય' કોને કહે છે?**

ઉત્તર–'કથંચિત્ છે, કથંચિત્ નથી અને કથંચિત્ અવકતવ્ય છે.' વસ્તુ સ્વ દ્રવ્યાદિની અપેક્ષાએ છે, પર દ્રવ્યાદિની અપેક્ષાએ નથી. અને તે ધર્મો એકી સાથે કહી શકાતા નથી. તેથી અપેક્ષાએ અવકતવ્ય છે. તે 'સ્યાત્ અસ્તિ, નાસ્તિ, અવકતવ્ય' નામક સાતમો ભંગ છે.

**પ્રશ્ન ૧૮૫-પ્રમાણ વાકય કોને કહે છે?**

**ઉત્તર**–સપ્તભંગીને 'પ્રમાણ વાકય' કહે છે. અર્થાત્ અનંત ધર્માત્મક વસ્તુને પ્રધાનપણે કહેનાર વાકયને પ્રમાણ વાકય કહેવાય છે. અને તેને જ "સકલાદેશ" કહે છે.

**પ્રશ્ન ૧૮૬–નય વાકય કોને કહે છે?**

**ઉત્તર**–અનંત ધર્માત્મક વસ્તુના ઇતર અંશોને ગૌણ કરીને એક અંશની પ્રધાનતાથી કહેવાવાળા વાકયને નય-વાકય કહેવાય છે. અને તેને "વિકલાદેશ" કહે છે.

**પ્રશ્ન ૧૮૭–નિશ્ચય કોને કહે છે?**

**ઉત્તર**–વસ્તુના શુદ્ધ, મૂલ અને વાસ્તવિક સ્વરૂપને નિશ્ચય કહે છે. અર્થાત્ વસ્તુનો નિજ સ્વભાવ જે સદા રહે છે, તે નિશ્ચય છે. જેમ કે–નિશ્ચયમાં કોયલના શરીરમાં પાંચ વર્ણ છે. કારણ કે પાંચ વર્ણવાળા પુદ્ગલથી બનેલ છે. નિશ્ચયથી આત્મા સિદ્ધ સ્વરૂપ છે. નિશ્ચયમાં જ્ઞાન પ્રધાન રહે છે.

**પ્રશ્ન ૧૮૮–વ્યવહાર કોને કહે છે?**

**ઉત્તર**–વસ્તુના લોકસંમત સ્વરૂપને વ્યવહાર કહેવાય છે. જેમ–કોયલ કાળી છે. આત્મા મનુષ્ય–તિર્યંચ રૂપ છે. વ્યવહારમાં ક્રિયાની પ્રધાનતા રહે છે. **'નિશ્ચય અને વ્યવહાર એકબીજાના પૂરક છે.'**

**પ્રશ્ન ૧૮૯–ઉપાદાન કારણ કોને કહે છે?**

**ઉત્તર**–જે કારણ સ્વયં કાર્યરૂપમાં પરિણત થાય છે, તેને ઉપાદાન કારણ કહેવાય છે. જેમ કે માટી એ ઘડાનું ઉપાદાન કારણ છે. અથવા દૂધ, દહીંનું ઉપાદાન કારણ છે.

**પ્રશ્ન ૧૯૦–નિમિત્તકારણ કોને કહે છે?**

**ઉત્તર**–જે કારણ કાર્ય થવામાં સહાયક હોય અને કાર્ય થઈ ગયેથી અલગ થઈ જાય, તેને નિમિત્તકારણ કહેવાય છે.

જેમ–ચાકડો, દંડ, કુંભાર વગેરે ઘડો બનાવવામાં નિમિત્ત કારણ છે.

## ગુણસ્થાન સ્વરૂપ

**પ્રશ્ન ૧૯૧–ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–જીવના ગુણવિકાસને અનુસાર આત્માની પદવૃદ્ધિને અથવા મોહ અને યોગના નિમિત્તથી થવાવાળી

સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્ર, આદિ આત્માના ગુણોની શુદ્ધિ અને અશુદ્ધિની ન્યૂનાધિક અવસ્થાને 'ગુણસ્થાન' કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૨–ગુણસ્થાનનો આશય સદૃષ્ટાંત સમજાવો.**

**ઉત્તર**–જેમ કોઈ દૂર સ્થાન પર જવું હોય તો રસ્તાના સ્થાનોમાં અથવા સ્ટેશનો પર થઈને જવું પડે છે, તથા કોઈ મંઝિલ પર જવું હોય, તો સીડીનાં પગથીયા પર થઈને જવાય છે, તે રીતે જીવને મુક્તિરૂપ અચલસ્થાન ઉપર પહોંચવામાં જે જે સ્થાન પાર કરવા પડે છે, તેને ગુણસ્થાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૩–ગુણસ્થાન કેટલા અને કયા કયા છે ?**

**ઉત્તર**–ગુણસ્થાન ૧૪ છે. તેનાં નામ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| (૧) મિથ્યાત્વ ગુણસ્થાન | (૮) નિવૃત્તિ બાદર ગુણસ્થાન |
| (૨) સાસ્વાદન ,, | (૯) અનિવૃત્તિ બાદર ,, |
| (૩) મિશ્ર ,, | (૧૦) સૂક્ષ્મ સંપરાય ,, |
| (૪) અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન | (૧૧) ઉપશાંત મોહ ગુણસ્થાન |
| (૫) દેશવિરત શ્રાવક ગુણસ્થાન | (૧૨) ક્ષીણ મોહ ,, ,, |
| (૬) પ્રમત્ત સંયત્ત ગુણસ્થાન | (૧૩) સયોગી કેવલી ,, |
| (૭) અપ્રમત્ત–સંયત ગુણસ્થાન. | (૧૪) અયોગી કેવલી ,, |

**પ્રશ્ન ૧૯૪**-મિથ્યાત્વ ગુણસ્થાન કોને કહે છે ?

**ઉત્તર**-મિથ્યાત્વ-મોહનીયના ઉદયથી અદેવ યા કુદેવમાં દેવ, કુગુરૂમાં ગુરૂ, કુતત્ત્વમાં તત્ત્વ, કુધર્મમાં સદ્ધર્મના શ્રદ્ધાન રૂપ આત્માના પરિણામને "મિથ્યાત્વ ગુણસ્થાન" કહેવાય છે. આ ગુણસ્થાનમાં રહેલા જીવની સ્થિતિ ઊંડા કાદવમાં ફસાયેલા મનુષ્ય જેવી છે. તેમાંથી નીકળનાર જ ઉત્થાન કરી શકે છે.

**પ્રશ્ન ૧૯૫**-મિથ્યાત્વમાં એવો કયો ગુણ છે, કે જેથી મિથ્યાત્વને પણ ગુણસ્થાન કહે છે ?

**ઉત્તર**-મિથ્યાત્વમાં પણ આત્મસત્તામાં રહેલા અને કર્મના આવરણથી ઢંકાયેલા જ્ઞાનાદિ ગુણ છે અને એકેન્દ્રિયમાં પણ અક્ષરના અનંતમા ભાગ જેટલું જ્ઞાન અજ્ઞાનરૂપે પ્રગટ-ખુલ્લું છે, અને સંજ્ઞી પંચેન્દ્રિય મિથ્યાત્વીમાં કોઈ કોઇ જીવોને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન આ ત્રણ અજ્ઞાનનો ક્ષયોપશમ હોઇ શકે છે. પછી ભલે દૃષ્ટિ વિપરીત હોવાથી તેને "અજ્ઞાન" કહેવાય. તો પણ ત્યાં જ્ઞાન ગુણ એટલો ખુલ્લો તો હોય છે, માટે આ મિથ્યાત્વને પણ ગુણસ્થાન કહેવાય છે.

**પ્રશ્ન ૧૯૬**-પ્રથમ ગુણસ્થાન વાળામાં પણ સત્ય રહેલું છે, તેઓ પણ ગાયને ગાય, ઘોડાને ઘોડા, સોના-ચાંદી આદિને જેમ છે તેમ સત્યરૂપે માને છે, તો પછી તેને મિથ્યાત્વ-અસત્ય શા માટે માનવામાં આવે છે ?

**ઉત્તર**-ફક્ત મનુષ્ય, પશુ આદિ પદાર્થોને બરાબર

જાણી લેવાથી કોઇ સમ્યક્દૃષ્ટિ થઈ શકતો નથી. જેના દર્શનમોહનીય કર્મનો ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમ થયેલ છે અને જે આત્મોત્થાન કરનાર સત્યધર્મ તથા તત્ત્વમાં શ્રદ્ધા રાખતો હોય, તે જ સમ્યગ્દૃષ્ટિ હોય છે. તેના અભાવમાં ભૌતિક વિજ્ઞાનવેત્તા અને વિદ્વાન પણ સમ્યક્દૃષ્ટિ થઈ શકતા નથી. સુધર્મમાં પૂર્ણ શ્રદ્ધા હોય, તે જ સમ્યક્-દૃષ્ટિ થઈ શકે છે.

**પ્રશ્ન ૧૯૭–સાસ્વાદન ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–ઔપશમિક સમકિતમાં રહેલો જીવ અનંતાનુબંધી ચોકડીનો ઉદય થવા પર સમકિત રૂપી પર્વતથી પડયો, પરંતુ જ્યાં સુધી મિથ્યાત્વરૂપી ભૂમિ પર પહોંચતો નથી, ત્યાં સુધી જીવના ઉત્કૃષ્ટ ૬ આવલિકા રૂપ સ્થિતિ સુધીના પરિણામોને "સાસ્વાદન" ગુણસ્થાન કહેવાય છે. સમકિતથી ચ્યૂત થયા પછી અને મિથ્યાત્વની ભૂમિ ઉપર પહોંચ્યાની પહેલા, વચ્ચેનો અંતરકાલ, જેમાં સમકિતથી ચ્યૂત થવા છતાં હજુ આસ્વાદ રહે છે, તેને સાસ્વાદન કહેવાય છે. આ ગુણસ્થાનમાં મિથ્યાત્વ મોહનીય મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય, આ ત્રણમાંથી એકેયનો ઉદય હોતો નથી.

**પ્રશ્ન ૧૯૮–એકવાર જેણે સમ્યક્ત્વ પામીને વમી નાખ્યું છે તેનું શું ફળ છે?**

**ઉત્તર**–એક વાર થોડા સમયને માટે પણ જે સમકિત

પામી ગયો અને પછી વમી નાખ્યું તે કૃષ્ણપક્ષીથી શુકલપક્ષી થયો. જેમ કોઈ વ્યક્તિ ઉપર ઘણું દેણું હોય, અને તે દેણું દેતા દેતા નજીવું ઘણું જ અલ્પ દેણું બાકી રહે છે, તેમ સમકિત પામીને વમન કરેલ જીવ ભવિષ્યમાં ઉત્કૃષ્ટ કાંઈક ઓછા અર્ધપુદ્ગલ પરાવર્તન કાળમાં અવશ્ય મોક્ષ પામે છે.

**પ્રશ્ન ૧૯૯–મિશ્ર ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–મિશ્ર મોહનીયના ઉદયથી સમકિત અને મિથ્યાત્વમાં તટસ્થ આત્મ પરિણામ. જેમ–દહીંમાં સાકર ભેળવવાથી એકલો દહીંનો સ્વાદ ન આવે અને સાકરનો પણ નહિ, તે રીતે સર્વજ્ઞ–પ્રણીત અને અસર્વજ્ઞ પ્રણીત તત્ત્વ અને ધર્મમાં રૂચિ અને અરૂચિ પણ નહિ. તેને 'મિશ્ર ગુણસ્થાન' કહેવાય છે.

**પ્રશ્ન ૨૦૦–મિશ્ર ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–મિશ્ર ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્તની છે. આ ગુણસ્થાનમાં અંતર્મુહૂર્ત રહીને કાં તો જીવ ઉપર ચડે છે, અને કાં તો નીચે પડીને મિથ્યાત્વમાં જાય છે. આ ગુણસ્થાનમાં આયુષ્યનો બંધ થતો નથી. તેમજ મૃત્યુ પણ થતું નથી.

**પ્રશ્ન ૨૦૧–અવિરત સમ્યગ્દષ્ટિ ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–જે જિનેન્દ્રકથિત વચનો પર શ્રદ્ધાન્ કરે છે,

પરંતુ કોઈ પ્રકારના વ્રત ધારણ કરતો નથી. એ પ્રકારની અવસ્થાને અવિરત સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાન કહેવાય છે. અવિરત સમ્યગ્દૃષ્ટિ જીવ જો કે સાંસારિક વિષય ભોગને હેય સમજે છે અને દેશ–વિરતિને ઉપાદેય સમજે છે, પરંતુ અપ્રત્યાખ્યાની કષાયના ઉદયથી તે દેશવિરતિ કે સર્વવિરતિના પ્રત્યાખ્યાન કરતો નથી. જેમ–કોઇ સંપત્તિશાળી, ન્યાયશીલ, ઉત્તમકુળમાં ઉત્પન્ન થયેલ પુરૂષ જૂગાર આદિ દુર્વ્યસનના અપરાધથી પકડાઈને જેલમાં જાય છે અને ત્યાં જેલના કર્મચારીઓ દ્વારા અનેક પ્રકારના કષ્ટ–દુઃખને પામીને તે પોતાના કાર્યને ખરાબ સમજે અને જેલથી બહાર નીકળવા ઇચ્છે છે પણ રક્ષકોના કારણે તે બહાર નીકળી શકતો નથી. તેમ અપ્રત્યાખ્યાનીના ઉદયથી જીવ વ્રત–પ્રત્યાખ્યાન કરી શકતો નથી.

**પ્રશ્ન ૨૦૨–અવિરત–સમ્યગ્દૃષ્ટિ ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે ?**

**ઉત્તર**–તેની સ્થિતિ જઘન્ય અંતર્મુહૂર્ત્તની અને ઉત્કૃષ્ટ તેત્રીશ સાગર ઝાઝેરી છે.

**પ્રશ્ન ૨૦૩–કેટલી પ્રકૃતિઓનો ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ થવાથી ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે ?**

**ઉત્તર**–અનંતાનુબંધી ચોક, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીય અને સમકિત મોહનીય. આ સાત પ્રકૃતિઓનો ક્ષયોપશમાદિ થાય છે. ત્યારે ચોથું ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. આ પ્રકૃતિઓના નવ ભંગ થાય છે.

(૧) **પ્રથમ ભંગ**–અનંતાનુબંધી ચોકનો ક્ષય અને મિથ્યાત્વ મોહનીય આદિ ત્રણનો ઉપશમ કરે.

(૨) **બીજો ભંગ**–અનંતાનુબંધી ચોક અને મિથ્યાત્વ–મોહનીયનો ક્ષય કરે, અને મિશ્ર મોહનીય તથા સમક્તિ–મોહનીયનો ઉપશમ કરે.

(૩) **ત્રીજો ભંગ**–અનંતાનુબંધી ચોક, મિથ્યાત્વ–મોહનીય, મિશ્ર–મોહનીયનો ક્ષય કરે અને સમકિત–મોહનીયનો ઉપશમ કરે.

ઉપરોકત ત્રણ ભંગ ક્ષયોપશમ સમકિતના ગણવામાં આવે છે.

(૪) **ચોથો ભંગ**–અનંતાનુબંધી ચોકનો ક્ષય કરે, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર–મોહનીયનો ઉપશમ કરે અને સમકિત–મોહનીયનું વેદન કરે.

(૫) **પાંચમો ભંગ**–અનંતાનુબંધી ચોક અને મિથ્યાત્વ **મોહનીયનો ક્ષય કરે, મિશ્ર–મોહનીયનો** ઉપશમ કરે અને સમકિત મોહનીયનું વેદન કરે. **આ બન્ને ભંગને 'ક્ષયોપશમ વેદક સમકિત' કહે છે.**

(૬) **છઠ્ઠો ભંગ**–અનંતાનુબંધી ચોક, મિથ્યાત્વ–મોહનીય અને મિશ્ર મોહનીયનો ક્ષય કરે અને સમકિત મોહનીયનું વેદન કરે. **આ ભંગને 'ક્ષાયિક વેદક સમકિત કહે છે.**

(૭) **સાતમો ભંગ**–અનંતાનુબંધી ચોક, મિથ્યાત્વ મોહનીય, મિશ્ર મોહનીયનો ઉપશમ કરે અને સમકિત મોહનીયનું વેદન કરે,

**આ ભંગને 'ઉપશમ વેદક સમકિત કહે છે.'**

(૮) **આઠમો ભંગ**–ઉપરોક્ત સાત પ્રકૃતિઓનો ઉપશમ કરે તેને "ઉપશમ સમકિત" કહે છે.

(૯) **નવમો ભંગ**–ઉપરોક્ત સાત પ્રકૃતિઓનો ક્ષય કરે તેને "ક્ષાયિક સમક્તિ" કહે છે.

**પ્રશ્ન ૨૦૪–ક્ષયોપશમ–સમકિતની સ્થિતિ અને અંતર કેટલું છે?**

**ઉત્તર**–ક્ષયોપશમ સમકિત ચારેય ગતિઓમાં પ્રાપ્ત થઈ શકે છે અને હોય છે. તેની સ્થિતિ જઘન્ય અંત-મુર્હૂર્ત્ત, ઉત્કૃષ્ટ ૬૬ સાગર ઝાઝેરી છે.

તેનું અંતર દેશે ઉણું અર્ધ પુદ્‌ગલ પરાવર્તનનું છે.

**પ્રશ્ન ૨૦૫–એક જીવને એક ભવમાં ક્ષયોપશમ સમકિત કેટલી વાર આવે?**

**ઉત્તર**–ક્ષયોપશમ સમકિત એક જીવને એક ભવમાં જઘન્ય–એકવાર ઉત્કૃષ્ટ–પ્રત્યેક હજારવાર આવે છે. અનેક ભવાશ્રિત જઘન્ય–બેવાર, ઉત્કૃષ્ટ અસંખ્યાતવાર આવે છે.

**પ્રશ્ન ૨૦૬-ઉપશમ સમકિતની સ્થિતિ અને અંતર કેટલું છે?**

**ઉત્તર**–ઉપશમ સમકિત ચારેય ગતિમાં પ્રાપ્ત થાય છે અને હોય છે. તેની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તની છે.

તેનું અંતર જઘન્ય–અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ–દેશે ઉણું અર્ધપુદ્‌ગલ પરાવર્તનનું છે.

**પ્રશ્ન ૨૦૭–ઉપશમ સમકિત જીવને કેટલી વાર આવે છે?**

**ઉત્તર**–ઉપશમ સમકિત એક જીવને એક ભવમાં જઘન્ય–એકવાર ઉત્કૃષ્ટ–બે વાર આવે છે.

અનેક ભવાશ્રિત જઘન્ય–બે વાર, ઉત્કૃષ્ટ–પાંચ વાર આવે છે.

**પ્રશ્ન ૨૦૮-ક્ષાયિક સમકિત જીવને ક્યારે આવે છે? તેની સ્થિતિ અને અંતર કેટલું છે?**

**ઉત્તર**–ક્ષાયિક સમકિત મનુષ્ય ગતિમાં જ પ્રાપ્ત થઈ શકે છે. અને ચારેય ગતિમાં હોય છે. તેનું અંતર નથી. સ્થિતિની આદિ છે, પણ અંત નથી. એકવાર આવ્યા પછી જતું નથી.

**પ્રશ્ન ૨૦૯–ચોથા ગુણસ્થાન વાળા જીવને શું લાભ થાય છે?**

**ઉત્તર**–તે મનુષ્ય અને તિર્યંચ જીવ નરક, તિર્યંચ, ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી એ પાંચનું આયુષ્ય

બાંધતો નથી તથા સ્ત્રીવેદ, નપુંસકવેદને બાંધતો નથી. તે એક માત્ર વૈમાનિક દેવનું આયુષ્ય અને પુરૂષવેદ બાંધે છે.

દેવ અને નારકીને સમકિત હોય તો તે મનુષ્યનું આયુષ્ય જ બાંધે છે.

**પ્રશ્ન ૨૧૦–દેશ–વિરતિ ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–અનંતાનુબંધી ચોકનો તથા મિથ્યાત્વ મોહનીય ત્રિકનો ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ કરે અને અપ્રત્યાખ્યાની ચોકનો ક્ષયોપશમ કરે, તેને "દેશવિરતિ ગુણસ્થાન" કહેવાય છે. તે સર્વવિરતિને ગ્રહણ કરી શકતો નથી. પોતાની શક્તિ અનુસાર કોઈ એક વ્રતનું પાલન કરે છે. કોઈ બે વ્રતનું પાલન કરે છે, તો કોઈ શ્રાવકના પુરા બારવ્રતનું પાલન કરે છે. કોઇ એવા ઉત્કૃષ્ટ શ્રાવક પણ હોય છે, જે અગીયાર પડિમાને વહન કરતા થકા સાવદ્ય–કાર્યોમાં અનુમતિ પણ આપતા નથી અને શ્રમણ-ભૂત (સાધુ જેવી) શ્રાવક–પર્યાયનું પાલન કરે છે.

**પ્રશ્ન ૨૧૧–પાંચમા ગુણસ્થાને કેટલી પ્રકૃતિઓનો ક્ષયોપશમ હોય છે?**

**ઉત્તર**–પાંચમા ગુણસ્થાનમાં પૂર્વોકત સાતનો ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ અને અપ્રત્યાખ્યાની ચોકનો ક્ષયોપશમ હોય છે.

**પ્રશ્ન ૨૧૨–પાંચમા ગુણસ્થાનવાળો જીવ કેટલા ભવમાં મોક્ષે જાય છે?**

**ઉત્તર**–પાંચમા ગુણસ્થાનવાળા જીવ જઘન્ય–ત્રીજા ભવે, ઉત્કૃષ્ટ પંદર ભવમાં સાધુપણાનું પાલન કરીને મોક્ષે જાય છે.

**પ્રશ્ન ૨૧૩–પાંચમા ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–પાંચમા ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય–અંતર્મુહૂર્ત્ત ઉત્કૃષ્ટ–દેશે ઉણી ક્રોડપૂર્વની છે.

**પ્રશ્ન ૨૧૪–શ્રાવકપણું એક ભવમાં કેટલી વાર આવે?**

**ઉત્તર**–શ્રાવકપણું એક ભવમાં વધારેમાં વધારે પ્રત્યેક (૨ થી ૯) હજાર વાર આવે છે.

**પ્રશ્ન ૨૧૫–પ્રમત્ત સંયત્ત ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–અનંતાનુબંધી ચોક તથા મિથ્યાત્વ ત્રિકનો ક્ષય–ઉપશમ કે ક્ષયોપશમ, અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાનાવરણ ચોક, એ આઠ પ્રકૃતિનો ક્ષયોપશમ અને સંજ્વલન ચોકનો ઉદય હોય તેને "પ્રમત્તસંયત" ગુણસ્થાન કહેવાય છે. પરંતુ પ્રમાદ હોવાને કારણે 'પ્રમત્તસંયત' છે.

**પ્રશ્ન ૨૧૬–છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–જઘન્ય–એક સમય ઉત્કૃષ્ટ–દેશે ઉણી ક્રોડપૂર્વની છે.

**પ્રશ્ન ૨૧૭–પ્રમત્ત સંયત ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ક્ષયોપશમ હોય છે?**

**ઉત્તર**–છઠ્ઠા ગુણસ્થાનમાં પૂર્વોક્ત ૧૧ અને પ્રત્યા-

ખ્યાનાવરણીયની ચાર એમ કુલ ૧૧ + ૪ = ૧૫ પ્રકૃતિઓનો ક્ષયોપશમ હોય છે.

**પ્રશ્ન ૨૧૮–પ્રમત્ત સંયત ગુણસ્થાનવાળા કેટલા ભવ કરે ?**

ઉત્તર–છઠ્ઠા ગુણસ્થાનવર્તી જઘન્ય તે જ ભવમાં અને ઉત્કૃષ્ટ ૧૫ ભવમાં મોક્ષે જાય છે.

**પ્રશ્ન ૨૧૯–અપ્રમત્ત–સંયત કોને કહે છે ?**

ઉત્તર–સંજ્વલન અને નોકષાયના મંદોદયથી પ્રમાદને છોડીને સ્વાધ્યાયાદિમાં લીન અને એકરસ એવા મુનિ 'અપ્રમત્તસંયત્ત' કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૦–સાતમા ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે ?**

ઉત્તર–સાતમા ગુણસ્થાનની સ્થિતિ મરણ અપેક્ષા ૧ સમય અન્યથા જઘન્ય–ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તની છે.

**પ્રશ્ન ૨૨૧–સાતમા ગુણસ્થાનવાળો જીવ ક્યારે મોક્ષે જાય છે ?**

ઉત્તર–જઘન્ય–તે જ ભવમાં, મધ્યમ–ત્રીજા ભવમાં અને ઉત્કૃષ્ટ ૧૫ ભવમાં મોક્ષ પામે છે.

**પ્રશ્ન ૨૨૨–છઠ્ઠા–સાતમા ગુણસ્થાનમાં કોણ હોય છે ?**

ઉત્તર–છઠ્ઠા–સાતમા ગુણસ્થાનમાં પંચ મહાવ્રતધારી સાધુ–સાધ્વીઓ હોય છે.

**પ્રશ્ન ૨૨૩–સાધુપણું એક ભવમાં પરિણામ આશ્રી કેટલી વાર આવે છે?**

**ઉત્તર**–સાધુપણું એક ભવમાં પરિણામ આશ્રી ઉત્કૃષ્ટ નવસો વાર આવે છે.

**પ્રશ્ન ૨૨૪–નિવૃત્તિ બાદરનો અર્થ શું છે?**

**ઉત્તર**–નિવૃત્તિબાદરનો અર્થ એ છે કે દર્શનમોહથી સર્વથા નિવૃત્ત. અર્થાત્ મિથ્યાત્વનો પ્રદેશોદય પણ ન હોય. સાતમા ગુણસ્થાન સુધી તો ક્ષયોપશમ ભાવ હોવાથી દર્શનમોહનીયના ઉદયની ભજના છે.

નિવૃત્તિબાદરનો બીજો અર્થ આ પ્રમાણે પણ જોવા મળે છે. જ્યાં બાદર કષાયો સ્થૂળરૂપથી નિવૃત્ત થયા છે.

વળી નિવૃત્તિ એટલે ભિન્નતા. આ ગુણ સ્થાનમાં પ્રવેશેલા જીવોના પ્રતિસમયના અધ્યવસાયમાં તારતમ્યતા-ભિન્નતા હોય છે. તેથી પણ 'નિવૃત્તિ બાદર' ગુણસ્થાન કહેવાય છે.

**પ્રશ્ન ૨૨૫-નિવૃત્તિ બાદરમાં કેટલી પ્રકૃતિઓનો ક્ષય અથવા ઉપશમ હોય છે?**

**ઉત્તર**–નિવૃત્તિ બાદર ગુણસ્થાનમાં ઉપરોક્ત પંદર (૧૫) પ્રકૃતિઓનો ઉપશમ અથવા ક્ષય હોય છે. અહીંથી બે શ્રેણીનો પ્રારંભ થાય છે. (૧) ઉપશમ શ્રેણી અને (૨) ક્ષપક શ્રેણી, ઉપશમ શ્રેણીવાળો પૂર્વોક્ત પંદર પ્રકૃતિઓનો ઉપશમ કરે છે. અને અંતમાં છ હાસ્યાદિ (હાસ્ય, રતિ,

અરતિ, ભય, શોક, જુગુપ્સા) પ્રકૃતિઓનો પણ ઉપશમ કરે છે.

ક્ષપક શ્રેણીવાળો પૂર્વોક્ત પંદર પ્રકૃતિઓ તથા અંતમાં છ હાસ્યાદિ પ્રકૃતિઓનો ક્ષય કરે છે.

આ ગુણસ્થાનની સ્થિતિ મરણ અપેક્ષા એક સમય અન્યથા જઘન્ય-ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તની છે.

**પ્રશ્ન ૨૨૬-આઠમા ગુણસ્થાનવર્તી જીવ કેટલા ભવ કરીને મોક્ષે જાય છે?**

**ઉત્તર**-જો ક્ષપક શ્રેણી હોય તો તેજ ભવમાં મોક્ષે જાય છે અને ઉપશમ શ્રેણી હોય તો ૯મા, ૧૦મા તથા ૧૧મા ગુણસ્થાન સુધી ઉપર જઈને પાછો ફરે છે. અને પ્રથમ ગુણસ્થાન સુધી પણ કોઈ જીવ પહોંચી જાય છે. તે ઉત્કૃષ્ટ-અર્ધ પુદ્ગલ પરાવર્તનમાં તો અવશ્ય મોક્ષે જાય છે.

**પ્રશ્ન ૨૨૭-અનિવૃત્તિ બાદર ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**-સંજ્વલન ક્રોધ, માન, માયા-આ ત્રણનો સૂક્ષ્મ ઉદય પણ જ્યાં રહેતો નથી. તેમજ ત્રણ વેદનો ક્ષય કે ઉપશમ કરે છે, તેને નવમું અનિવૃત્તિબાદર ગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાનમાં સમ સમયવર્તી બધા જીવોના પરિણામ સમાન જ હોય છે. કારણ કે ત્યાંના જીવોની સમાન શુદ્ધિ છે, આથી તેના પરિણામ પણ એક જ વર્ગના હોય છે.

(૧) અનિવૃત્તિ = પરિણામોની અભિન્નતા. આ રીતે અર્થ થાય છે.

(૨) અનિવૃત્તિ બાદર એટલે કે જ્યાં હજુ બાદર ચારિત્ર મોહ સર્વથા નિવૃત્ત થયેલ નથી.

આઠમા નિવૃત્તિ બાદર ગુણસ્થાનમાં સ્થૂળ રૂપથી બાદર કષાયની નિવૃત્તિ થવાની પ્રધાનતા છે અને નવમા અનિવૃત્તિ બાદર ગુણસ્થાનમાં જેટલા બાદર કષાયો અવશિષ્ટ = બાકી રહ્યા, તેની અપેક્ષાએ છે.

**પ્રશ્ન ૨૨૮–નવમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ક્ષય અથવા ઉપશમ હોય છે?**

**ઉત્તર**–નવમા ગુણસ્થાનમાં ઉપરોકત એકવીસ અને ક્રમશઃ સંજ્વલન ક્રોધ, માન, માયા, સ્ત્રીવેદ, પુરૂષવેદ, નપુંસકવેદ, એમ કુલ ૨૭ પ્રકૃતિઓનો ક્ષય અથવા ઉપશમ હોય છે.

**પ્રશ્ન ૨૨૯–સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–અહિંયા સૂક્ષ્મકષાય (લોભ)નો ઉદય હોવાથી તેને "સૂક્ષ્મસંપરાય" ગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાનમાં ઉપશમક અને ક્ષપક બન્ને પ્રકારના જીવ હોય છે.

ઉપશમક જીવ સૂક્ષ્મલોભનો ઉપશમ અને ક્ષપકજીવ સૂક્ષ્મલોભનો ક્ષય આ ગુણસ્થાનના અંતે કરે છે.

**પ્રશ્ન ૨૩૦–દશમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ક્ષય અથવા ઉપશમ હોય છે?**

**ઉત્તર**–પૂર્વોક્ત ૨૭ સિવાય અંતમાં સૂક્ષ્મલોભ, એ રીતે કુલ ૨૮ પ્રકૃતિઓનો ક્ષય યા ઉપશમ હોય છે. મોહનીય કર્મની કુલ ૨૮ પ્રકૃતિઓ છે.

**પ્રશ્ન ૨૩૧–ઉપશાંત મોહ ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–જે ગુણસ્થાનમાં સૂક્ષ્મલોભનો પણ ઉપશમ થઇ જાય. અર્થાત્ મોહનીયની ૨૮ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે. તેને "ઉપશાંત મોહ" ગુણસ્થાન કહેવાય છે. આ ગુણસ્થાનમાં ફકત ઉપશમ શ્રેણીવાળા જ જીવ જાય છે. ઉપશાંત અર્થાત્ જેનો મોહ સર્વથા દબાઈ ગયો છે. જેમ પાણીમાં મેલ નીચે બેસી જાય, અને ઉપર પાણી નિર્મળ દેખાય છે, તેમ અહીં મોહનીય કર્મનો ઉપશમ થવાથી અધ્યવસાય નિર્મળ થઈ જાય છે.

**પ્રશ્ન ૨૩૨–અગીયારમા ગુણસ્થાનનું પરિણામ શું છે?**

**ઉત્તર**–આ ગુણસ્થાનમાં જો કાળ કરે તો અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય અને જો સ્થિતિ પૂરી થઈ જાય તો નીચે ઉતરી જાય. દશમાથી નીચે ઉતરતા–ઉતરતા પ્રથમ ગુણસ્થાન સુધી પણ જઇ શકે છે.

**પ્રશ્ન ૨૩૩–નવમા, દશમા, અગીયારમા ગુણસ્થાનની સ્થિતિ કેટલી છે?**

**ઉત્તર**–ત્રણે ગુણસ્થાનની સ્થિતિ મરણ અપેક્ષા એક સમય, અન્યથા જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત્તની છે.

**પ્રશ્ન ૨૩૪–અગીયારમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ઉપશમ હોય છે ?**

**ઉત્તર**–જે જીવ અનંતાનુબંધી ચોક અને દર્શનત્રિકનો ક્ષય કરીને ક્ષાયિક સમકિત પામ્યો અને પછી ચારિત્ર મોહનીયનો ઉપશમ કરીને અગીયારમા ગુણસ્થાનનો સ્પર્શ કરે છે, તે જીવને એકવીસ પ્રકૃતિઓનો ઉપશમ અને સાતનો ક્ષય હોય છે. અને જે જીવ દર્શન સપ્તકનો ઉપશમ કરે છે, તેને ૨૮ પ્રકૃતિઓનો ઉપશમ હોય છે.

**પ્રશ્ન ૨૩૫–ક્ષીણ મોહ ગુણસ્થાન કોને કહે છે ?**

**ઉત્તર**–આ ગુણસ્થાનમાં મોહનીયની ૨૮ પ્રકૃતિઓનો ક્ષય થવાથી "ક્ષીણમોહ" ગુણસ્થાન કહેવાય છે. આત્મા મોહથી રહિત થવાથી વીતરાગ થાય છે.

**પ્રશ્ન ૨૩૬–બારમા ગુણસ્થાનમાં કેટલી પ્રકૃતિઓનો ક્ષય થાય છે ?**

**ઉત્તર**–પૂર્વોક્ત મોહનીયની ૨૮ પ્રકૃતિઓ અને અંતમાં જ્ઞાનાવરણીયની પાંચ, દર્શનાવરણીયની ચાર અને અંતરાયની પાંચ કુલ = ૧૪ પ્રકૃતિઓનો ક્ષય થાય છે. બારમા ગુણસ્થાનની સ્થિતિ જઘન્ય અને ઉત્કૃષ્ટ અંતર્મુહુર્ત્તની છે.

**પ્રશ્ન ૨૩૭–સયોગી કેવલી ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–જેઓએ બારમા ગુણસ્થાનના અંતસમયમાં બાકી રહેલા ત્રણ ઘનઘાતિ કર્મોનો ક્ષય કરીને તેરમા ગુણસ્થાનના પ્રથમ સમયે લોકાલોક પ્રકાશક અનંત કેવલ જ્ઞાન, કેવલદર્શન પ્રાપ્ત કરેલ છે. અને જે યોગસહિત છે. તે અરિહંત ભગવાનનું "સયોગી કેવલી" ગુણસ્થાન કહેવાય છે.

**પ્રશ્ન ૨૩૮–જીવ તેરમા ગુણસ્થાનમાં કેટલા સમય સુધી રહે છે?**

**ઉત્તર**–જઘન્ય–અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટ દેશે ઉણા ક્રોડપૂર્વ સુધી રહે છે.

**પ્રશ્ન ૨૩૯–તેરમા ગુણસ્થાનમાં કયા ગુણોની પ્રાપ્તિ થાય છે?**

**ઉત્તર**–તેરમા ગુણસ્થાનમાં નીચે પ્રમાણે ગુણોની પ્રાપ્તિ થાય છે

| | |
|---|---|
| (૧) અનંત દાનલબ્ધિ | (૬) અનંત જ્ઞાનલબ્ધિ |
| (૨) અનંત લાભલબ્ધિ | (૭) અનંત દર્શનલબ્ધિ |
| (૩) અનંત ભોગલબ્ધિ | (૮) ક્ષાયિક સમકિત |
| (૪) અનંત ઉપભોગલબ્ધિ | (૯) યથાખ્યાત ચારિત્ર |
| (૫) અનંત વીર્યલબ્ધિ | (૧૦) પરમ શુકલ લેશ્યા |

**પ્રશ્ન ૨૪૦–અયોગીકેવલી ગુણસ્થાન કોને કહે છે?**

**ઉત્તર**–જે કેવલી ભગવાન મન–વચન–કાયાના યોગોને નિરોધ કરીને શૈલેશીપણાને ( પર્વતની જેમ નિશ્ચલતા ) પામીને અ–ઈ–ઉ–ઋ–લૃ, આ પાંચ લઘુ અક્ષરના ઉચ્ચારણ સમયમાં ચાર અઘાતિકર્મોનો પણ નાશ કરે છે. તે ચૌદમા ગુણસ્થાનને 'અયોગી કેવલી ગુણસ્થાન' કહેવાય છે.

**પ્રશ્ન ૨૪૧–ચૌદમા ગુણસ્થાનથી મુક્ત થઈને જીવ કયાં જાય છે?**

**ઉત્તર**–લોકના અગ્રભાગમાં સિદ્ધ ક્ષેત્રમાં બિરાજમાન થઈને અનંત આત્મસુખનો અનુભવ કરતા થકા સાદિ અનંત કાલ સુધી અક્ષય સ્થિતિ પામે છે.

તે સિદ્ધ ગતિમાં જન્મ નથી, મરણ નથી, જરા નથી, રોગ નથી, શોક નથી, દુઃખ નથી, દરિદ્રતા નથી, મોહ નથી, માયા નથી, કર્મ નથી, કાયા નથી, ભૂખ નથી, તરસ નથી, અનંત અનંત આત્મિક સુખના ભોકતા બનીને સિદ્ધો રહે છે.

**પ્રશ્ન ૨૪૨–કયા કયા ગુણસ્થાનમાં કયા કયા કર્મોનો બંધ થાય છે?**

**ઉત્તર**–૧, ૨, ૪, ૫, ૬ અને ૭ મા ગુણસ્થાનમાં ૭ અથવા ૮ કર્મોનો બંધ થાય છે. (આયુષ્ય કર્મનો બંધ તો જીવનમાં એક જ વાર થાય છે. તેથી તે આયુ કર્મ બંધાતું હોય ત્યારે આઠ અને ન બંધાતું હોય ત્યારે સાત કર્મ બંધાય છે.)

૩, ૮ અને ૯ મા ગુણસ્થાનમાં આયુષ્ય કર્મને છોડીને શેષ સાત કર્મનો બંધ થાય છે. દશમા ગુણસ્થાનમાં ૬ કર્મોનો (મોહનીય અને આયુ છોડીને) બંધ થાય છે.

૧૧ મા, ૧૨ મા અને ૧૩ મા ગુણસ્થાનમાં એક સાતાવેદનીયનો જ બંધ થાય છે.

૧૪ મા ગુણસ્થાનમાં બંધ થતો જ નથી.

**પ્રશ્ન ૨૪૩–કયા કયા ગુણસ્થાનમાં કયા કયા કર્મોનો ઉદય હોય છે?**

**ઉત્તર**–પહેલાથી દશમા ગુણસ્થાન સુધી આઠે કર્મોનો ઉદય હોય છે.

અગીયારમા, બારમા ગુણસ્થાનમાં મોહનીયને છોડીને સાત કર્મોનો અને તેરમા, ચૌદમા ગુણસ્થાનમાં ચાર અઘાતિ-કર્મોનો ઉદય હોય છે.

**પ્રશ્ન ૨૪૪–કયા કયા ગુણસ્થાનમાં કયા કયા કર્મની ઉદીરણા થાય છે?**

**ઉત્તર**–૧, ૨, ૪, ૫, અને ૬ ગુણસ્થાનમાં સાત અથવા આઠ કર્મોની (જ્યારે આયુની ઉદીરણા થાય ત્યારે આઠની, નહિ તો સાતની, કારણ કે જ્યારે વર્તમાનભવનું આયુ આવલિકા માત્ર શેષ રહે છે, ત્યારે આયુની ઉદીરણા થતી નથી.) ત્રીજામાં સાત કર્મોની ઉદીરણા કરે, સાતમા, આઠમા, નવમામાં આયુ અને વેદનીયને છોડીને છ કર્મોની, દશમામાં આયુ–વેદનીય છોડીને છ કર્મોની અથવા આયુ–

વેદનીય અને મોહનીય છોડી પાંચકર્મોની ઉદીરણા.અગીયારમા માં ઉપરોક્ત ( આયુ, વેદનીય અને મોહનીય સિવાય ) પાંચની, બારમામાં પાંચની અથવા નામ–ગોત્ર બેની ઉદીરણા કરે. તેરમામાં બે કર્મની અથવા ઉદીરણા ન કરે. ચૌદમા ગુણસ્થાનમાં કોઇ પણ કર્મની ઉદીરણા થતી નથી. તે કર્મની જ ઉદીરણા થાય છે જે ઉદયમાન હોય. જે ઉદયમાન નથી તેની ઉદીરણા થતી પણ નથી. ઉદયમાનમાંથી પણ જેની સ્થિતિ આવલિકાથી અધિક હોય તેની ઉદીરણા કરે. જે કર્મ આવલિકા માત્ર કાળમાં ઉદય આવનારૂં છે, તે કર્મની ઉદીરણા થતી નથી.

**પ્રશ્ન ૨૪૫–કયા કયા ગુણસ્થાનમાં કયા કયા કર્મોની નિર્જરા થાય છે?**

**ઉત્તર**–૧ થી ૧૦ ગુણસ્થાન સુધી આઠે કર્મોની નિર્જરા થાય છે.

૧૧–૧૨મા ગુણસ્થાનમાં મોહનીય છોડી સાત કર્મોની.

૧૩–૧૪મા ગુણસ્થાનમાં ચાર કર્મોની નિર્જરા થાય છે.

**પ્રશ્ન ૨૪૬–કયા ગુણસ્થાનમાં કયા કયા કર્મોની સત્તા છે?**

**ઉત્તર**–૧થી ૧૧મા ગુણસ્થાન સુધી આઠે કર્મની, બારમામાં સાતની, તેરમા અને ચૌદમા ગુણસ્થાનમાં ચાર કર્મોની સત્તા હોય છે.

પ્રશ્ન ૨૪૭–માત્ર પહેલું ગુણસ્થાન કયાં કયા હોય છે?

ઉત્તર–એકેન્દ્રિય, અભવ્ય, પરમાધામી અને કિલ્વિષિક દેવો, સંમૂર્ચ્છિમ અને અંતરદ્વીપનાં મનુષ્ય, પર્યાપ્ત વિકલેન્દ્રિય અને અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય અને સાતમી નરકના અપર્યાપ્તમાં એક માત્ર પ્રથમનું મિથ્યાત્વ ગુણસ્થાન જ હોય છે.

પ્રશ્ન ૨૪૮–ક્રમશઃ બે ગુણસ્થાન કોને હોય છે?

ઉત્તર–અસંજ્ઞી અપર્યાપ્ત અને વિકલેન્દ્રિયના અપર્યાપ્તમાં.

પ્રશ્ન ૨૪૯–ક્રમશઃ ત્રણ ગુણસ્થાન કોનામાં હોય છે?

ઉત્તર–બે અશુભ ધ્યાનોમાં હોય છે.

પ્રશ્ન ૨૫૦–ક્રમશઃ ચાર ગુણસ્થાન કોનામાં હોય છે?

ઉત્તર–અવ્રતીમાં હોય છે.

પ્રશ્ન ૨૫૧–ક્રમશઃ પાંચ ગુણસ્થાન કોનામાં હોય છે?

ઉત્તર–સંજ્ઞી તિર્યંચમાં હોય છે.

પ્રશ્ન ૨૫૨–ક્રમશઃ છ ગુણસ્થાન કોનામાં?

ઉત્તર–પ્રમાદીમાં કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યાઓમાં.

પ્રશ્ન ૨૫૩–ક્રમશઃ સાત ગુણસ્થાન કોનામાં?

ઉત્તર–તેજોલેશ્યા અને પદ્મલેશ્યામાં

**પ્રશ્ન ૨૫૪–ક્રમશઃ આઠ ગુણસ્થાન કોનામાં હોય?**

**ઉત્તર**–છ હાસ્યાદિમાં (હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા)

**પ્રશ્ન ૨૫૫-ક્રમશઃ નવ ગુણસ્થાન કોનામાં હોય?**

**ઉત્તર**–સવેદીમાં (સ્ત્રી, પુરૂષ, નપુંસકમાં)

**પ્રશ્ન ૨૫૬–ક્રમશઃ દશ ગુણસ્થાન કોનામાં હોય?**

**ઉત્તર**–સકષાયીમાં હોય છે.

**પ્રશ્ન ૨૫૭–ક્રમશઃ અગીયાર ગુણસ્થાન કોનામાં હોય?**

**ઉત્તર**–પડીવાઈ જીવોમાં હોય છે.

**પ્રશ્ન ૨૫૮–ક્રમશઃ બાર ગુણસ્થાન કોનામાં હોય?**

**ઉત્તર**–છદ્મસ્થ જીવો (જેનામાં કેવલજ્ઞાન ન હોય) અને સંજ્ઞીમાં હોય.

**પ્રશ્ન ૨૫૯–ક્રમશઃ તેર ગુણસ્થાન કોનામાં હોય?**

**ઉત્તર**–સયોગીમાં.

**પ્રશ્ન ૨૬૦–ક્રમશઃ ચૌદ ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**–મનુષ્ય અને ભવ્યમાં.

**પ્રશ્ન ૨૬૧–એક ગુણસ્થાન કોને હોય?**

**ઉત્તર**–એકેન્દ્રિય, અભવ્ય, સાતમી નરકના અપર્યાપ્ત, પરમાધામી, કિલ્વિષિક દેવો, સંમૂચ્છિંમ અને અંતરદ્વીપ

મનુષ્યમાં (પહેલું), શ્રાવકમાં (પાંચમું), અયોગીમાં (ચૌદમું) અને અનુત્તર વિમાનમાં (ચોથું).

**પ્રશ્ન ૨૬૨-બે ગુણસ્થાન કોને કોને હોય છે?**

**ઉત્તર**-વિભંગ જ્ઞાનમાં (૧-૩), અપર્યાપ્ત વિકલેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં અને છદ્મસ્થ વીતરાગમાં (૧૧-૧૨), કેવલીમાં (૧૩-૧૪) અને અકર્મભૂમિમાં (૧-૪)

**પ્રશ્ન ૨૬૩-ત્રણ ગુણસ્થાન કોને કોને હોય છે?**

**ઉત્તર**-દેવતાના અપર્યાપ્ત અને વાટે વહેતામાં (૧-૨-૪), અમર ગુણસ્થાન (૩-૧૨-૧૩) અને અપડિવાઈમાં (૧૨-૧૩-૧૪).

**પ્રશ્ન ૨૬૪-ચાર ગુણસ્થાન કોનામાં હોય છે?**

ઉત્તર-અસંયતિમાં; નારકી અને દેવતામાં (૧થી ૪), વીતરાગ અને યથાખ્યાત ચારિત્રમાં (૧૧થી ૧૪ સુધી), સામાયિક અને છેદોપસ્થાપનીયમાં (૬થી ૯) અને ક્ષયોપશમ સમકિતમાં (૪થી ૭).

**પ્રશ્ન ૨૬૫-પાંચ ગુણસ્થાન કોનામાં હોય?**

ઉત્તર-અભાષક અને અનાહારકમાં (૧-૨-૪-૧૩-૧૪ શાશ્વત ગુણસ્થાન (૧-૪-૫-૬-૧૩) તીર્થંકર દ્વારા અસ્પૃશ્યક (૧-૨-૩-૫-૧૧) તીર્થંકર ગોત્ર બાંધવાના (૪ થી ૮ સુધી).

**પ્રશ્ન ૨૬૬-છ ગુણસ્થાન કોનામાં હોય છે?**

**ઉત્તર**-કૃષ્ણાદિ ત્રણ અશુભ લેશ્યાઓમાં, પ્રમાદીમાં (૧ થી ૬ સુધી) અને અવેદીમાં (૯ થી ૧૪).

**પ્રશ્ન ૨૬૭-સાત ગુણસ્થાન કોનામાં હોય છે?**

**ઉત્તર**-શુકલધ્યાનમાં (૮થી ૧૪ સુધી), તેજો અને પદ્મલેશ્યામાં (૧થી ૭ સુધી).

**પ્રશ્ન ૨૬૮-આઠ ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**-અપ્રમાદીમાં (૭થી ૧૪ સુધી).

**પ્રશ્ન ૨૬૯-નવ ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**-સાધુમાં (૬થી ૧૪ સુધી).

**પ્રશ્ન ૨૭૦-દશ ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**-વ્રતીમાં (૫થી ૧૪).

**પ્રશ્ન ૨૭૧-અગીયાર ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**-ક્ષાયિક સમકિતમાં (૪થી ૧૪).

**પ્રશ્ન ૨૭૨-બાર ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**-સંજ્ઞીમાં (૧થી ૧૨), સમ્યગ્દૃષ્ટિમાં (૧-૩ છોડીને)

**પ્રશ્ન ૨૭૩-તેર ગુણસ્થાન કોનામાં?**

**ઉત્તર**-એકાંત ભવીમાં (૨થી ૧૪), આહારકમાં (૧થી ૧૩) અને શુકલ લેશ્યામાં (૧થી ૧૩).

પ્રશ્ન ૨૭૪-ચૌદ ગુણસ્થાન કોનામાં?

ઉત્તર-ભવીમાં (૧થી ૧૪ પુરા), સમુચ્ચય જીવમાં.

પ્રશ્ન ૨૭૫-પ્રથમ અને અંતિમના છોડીને ૧૨ ગુણસ્થાન કોનામાં?

ઉત્તર-સયોગી એકાંત ભવીમાં.

પ્રશ્ન ૨૭૬-પ્રથમના બે અને અંતિમના બે છોડીને ૧૦ ગુણસ્થાન કોનામાં?

ઉત્તર-એકાંત સંજ્ઞીમાં.

પ્રશ્ન ૨૭૭-પ્રથમના ત્રણ અને અંતિમના ત્રણ છોડીને આઠ ગુણસ્થાન કોનામાં હોય છે?

ઉત્તર- ઉપશમ સમકિતમાં.

પ્રશ્ન ૨૭૮-પ્રથમના ચાર અને અંતિમના ચાર છોડીને છ ગુણસ્થાન કોનામાં હોય છે?

ઉત્તર-સકષાયી વ્રતીમાં.

પ્રશ્ન ૨૭૯-પ્રથમના પાંચ અને અંતિમના પાંચ છોડીને ચાર ગુણસ્થાન કોનામાં હોય છે?

ઉત્તર-સવેદી સંયતિમાં.

પ્રશ્ન ૨૮૦–પ્રથમના ૭ અને અંતિમના ૭ છોડીને બે ગુણસ્થાન કોનામાં હોય ?

ઉત્તર–અપ્રમાદી–૭ હાસ્યાદિકમાં.

સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ

卐

# જૈન તત્ત્વ–પૃચ્છા સંપૂર્ણ

